Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન દ્વારા શિક્ષણ

जीवन द्वारा शिक्षण

શિવાભાઈ ગોકળભાઈ પટેલ

शिवाभाई गोकलभाई पटेल

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

66 ગ
23

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundation

ઉત્તર કાલ ક્રિયાકાંડ — ક્રિયાકાંડ બીજાખંડ ૧૮૯

Gurukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या 66 ग/23
पञ्जिका-संख्या 28068

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्थाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ૦ ગિદવાણી સ્મારકમાળા પુ૦ ૧૦

જીવન દ્વારા શિક્ષણ

શિવાભાઈ ગોકળભાઈ પટેલ

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ – ૯

મુદ્રક :
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ, પ્રત ૨,૨૦૦

પ્રાપ્તિસ્થાન :
નવજીવન કાર્યાલય, અમદાવાદ

દોઢ રૂપિયો

ફેબ્રુઆરી, ૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક 66 ગ/23
આવક 24664
તિથિ 24.11.03
ગુરુકુલ ગ્રન્થાલય કાંગડી.

પૂ. ગાંધીજીના આશીર્વાદ

વલ્લભ વિદ્યાલયના
બાળકોને
જેનામનું તમારું વિદ્યાલય
છે એમાંનાં તમ
શોભાવજો.
તિથલ નાકુંગાર
વલસાડ
23-4-39

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારશ્રી વલ્લભભાઈના આશીર્વાદ

આપણે તો એ કોમની સેવા કરીને એમને ઊંચે લઈ જવી છે. પછાત કોમોને આગળ લાવીને જ આપણે સ્વરાજ્યની યોગ્યતા મેળવી શકીશું. મને ખાતરી છે કે આપણી સેવા શુદ્ધ ભાવની હશે તો આખરે તેની અસર એ કોમો ઉપર થયા વિના રહેવાની નથી.

તા. ૩૦–૪–'૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

બોચાસણ વલ્લભ વિદ્યાલયના આચાર્ય શ્રી. શિવાભાઈ પટેલે તૈયાર કરેલી આ ચોપડી સ્વ૦ ગિદવાણીજીની સ્મારકમાળામાં પ્રસિદ્ધ થાય છે. શ્રી. શિવાભાઈ ગિદવાણીજીના એક વિદ્યાર્થી છે; ઉપરાંત પુસ્તકનો વિષય પણ તેમને પ્રિય એવો પછાતવર્ગની સેવા અને કેળવણી છે. શિવાભાઈએ આ પુસ્તક કેવા સંજોગમાં અને શી ભાવનાથી લખ્યું છે તે તેમણે લેખકના નિવેદનમાં જણાવ્યું છે. પુસ્તક ૧૯૪૪માં લખાયું હતું. પણ અત્યારે છપાય છે. તેથી તે એને ફરી જોઈ ગયા છે અને ઘટતા સુધારાવધારા કરી લીધા છે. શ્રી. વિઠ્ઠલદાસ કોઠારીએ તે બધું જોઈ જઈ છેવટની હાથપ્રત તૈયાર કરી છે.

પુસ્તકનો વિષય બોચાસણ વિદ્યાલયના શિક્ષણ–પ્રયોગનો ઇતિહાસ છે. વિદ્યાલયે પોતાની એક વિશિષ્ટ શિક્ષણપદ્ધતિ ખીલવી છે એમ કહી શકાય. છાત્રાલયપદ્ધતિ કે આશ્રમપદ્ધતિ તેને કહી શકાય. ચોપડીનું નામ એ પરથી 'જીવન દ્વારા શિક્ષણ' એવું આપ્યું છે. એ નામથી વર્ધા શિક્ષણપદ્ધતિના અનુબંધનું રહસ્ય પણ સૂચવ્યું છે. આ પ્રયોગ–કથામાં વાચકને એ વિષે પણ વિચારપ્રદ સામગ્રી મળશે. ઉપરાંત, આ પ્રયોગમાં ગામડાંની કેળવણીને સંગીન રીતે રચવાનો પ્રયત્ન પણ રહેલો છે. એનાં વીસ વરસનો આ હેવાલ એ રીતે પણ બોધક થશે. કેળવણીના આ કેન્દ્રની આસપાસ સમગ્ર સેવાનું વાતાવરણ રચવાનો પણ ઇરાદો સેવાયેલો જોવા મળશે. અને એ કેળવણી તથા સેવા પછાત કોમને મુખ્ય ખ્યાલમાં રાખી તેમને માટે યોજાઈ છે. એમ આ સંસ્થાનો ઇતિહાસ અનેક બિંદુથી રસપ્રદ નીવડશે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે જ્યારે રાષ્ટ્રની પાયાની કેળવણીનું નવનિર્માણ થાય છે ત્યારે તેનું સ્વરૂપ વિચારવામાં તથા ઘડવામાં મદદરૂપ થશે, એવું માનું છું. શ્રી. જુગતરામભાઈ દવેએ 'ગ્રામમુખી શિક્ષક' મથાળા તળે એનો આમુખ લખી આપી આ પ્રયોગનું મૂલ્ય શું છે તે બતાવ્યું છે. શિક્ષકો, અધ્યાપનમંદિરો, તથા કેળવણીમાં રસ લેતા સાને ઉપયોગી છે એમ માની આ ઇતિહાસ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

૨૫-૧૨-'૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પૂ. ગાંધીજીના આશીર્વાદ ૩
સરદારશ્રી વલ્લભભાઈના આશીર્વાદ ૫
પ્રકાશકનું નિવેદન ૭
લેખકનું નિવેદન ૯
ગ્રામમુખી શિક્ષક – શ્રી. જુગતરામ દવે ૧૪
૧. પ્રારંભ ૩
૨. પહેલો પાઠ ૭
(૧) માહતર (૨) ગાડી આવી
૩. જીવન મારફત શિક્ષણ ૮
(૧) અમારે વ્યાયામ જોવો છે. (૨) છોકરાને મોકલજોને ! (૩) રવિવાર અને રજાઓ ખરી ? (૪) પ્રાર્થના ફરજિયાત છે ? (૫) પરીક્ષાઓ ખરી કે ? (૬) ઉદ્યોગમાં રેંટિયો જ કેમ ? (૭) ઉદ્યોગમાં શિક્ષણ છે ખરું ?
૪. છાત્રાલય ૨૬
(૧) રાચરચીલું (૨) શિષ્યવૃત્તિનું ધોરણ (૩) વિદ્યાર્થીઓનો પોષાક ૪) સ્વતંત્રતાના ખોટા ખ્યાલો (૫) વિદ્યાર્થીઓની સાચી ઓળખાણ (૬) દીકરો શિક્ષક અને બાપ વિદ્યાર્થી
૫. પાકશાળા ૪૨
(૧) રસોઈ કરવામાં શિક્ષણ છે ? (૨) ફક્ત એક તોલો ઘી ? (૩) ઘિલોડાંનું શાક તેલમાં જ તળાય ! (૪) ખોરાક (૫) ગાયનાં દૂધ–ઘી
૬. સ્વચ્છતા ૫૪
(૧) ખસ (૨) બિલાડીએ બગાડ્યું (૩) ઍનિમા વિષેનો ભ્રમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. શિક્ષા કે શિક્ષણ ૫૯

(૧) શિક્ષા જરૂરી છે ? (૨) ગોળની ચોરી (૩) બીડી પીવરાવી ! (૪) પાયખાનાંમાં ચિતરામણ (૫) વિશ્વાસમાંથી વિશ્વાસ જન્મે છે (૬) ચોખા ખવડાવ્યા ! (૭ બહારનો ચોર (૮) મારામારી (૯) અમે રસોઈ કરવા નથી આવ્યા !

૮. ઉત્સવ–પ્રદર્શનો ૭૫

(૧) નાટક–સંવાદો (૨) પ્રદર્શન (૩) રમતગમત

૯. કોનું વિદ્યાલય ? ૮૧

(૧) બારૈયા અને પાટીદાર (૨) બારૈયા વિદ્યાલય કે રાષ્ટ્રીય વિદ્યાલય ?

૧૦. અસ્પૃશ્યતા નિવારણનો આગ્રહ ૮૫

(૧) હરિજન વિદ્યાર્થી અંગે કસોટી (૨) હરિજન વિદ્યાર્થીઓ આવ્યા (૩) ડોલ–દોરડું ગુમ

૧૧. સામાજિક રિવાજો ૯૪

(૧) છાશ નહીં જોઈએ (૨) માસ્તર, નિશાળિયાં જમાડવાં છે (૩) બાધાના લાડુ (૪) વિદ્યાલયમાં લગ્ન (૫) ફૂતરો પળાય કે નહિ ? (૬) કહ્યા વિના મંદિરમાં

૧૨. જનસેવા દ્વારા શિક્ષણ ૧૦૭

(૧) જવાહરલાલજી આવે છે (૨) રેલસંકટમાં રાહતનું કામ (૩) હરિપુરા મહાસભામાં (૪) લોકસંપર્ક (૫) વિદ્યાર્થીઓને ઘેર (૬) ગરીબાઈ છતાં ખાનદાની

૧૩. વિદ્યાર્થીઓનો વિકાસ ૧૨૨

(૧) વ્રતની કસોટી (૨) ભાઈનાં લગ્ન (૩) મર્યાદિત સંખ્યા (૪) પત્ની હરિજન શાળામાં (૫) પ્રાયશ્ચિત્ત

૧૪. ખાદીકામ ૧૩૩

૧૫. વિદ્યાર્થીઓ કાર્યક્ષેત્રમાં ૧૩૬

૧૬. સને ૧૯૪૨ પછી ૧૪૩

૧૭. વિદ્યાલયનાં સ્વજનો ૧૪૬

(૧) ગંગાબહેન (૨) પંડિતજી (૩) બબલભાઈ (૪) રવિશંકર મહારાજ

પરિશિષ્ટ ૧૫૫

વિદ્યાલયની માહિતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકનું નિવેદન

પૂ. ગાંધીજીએ આપણા જીવનનાં અનેક અંગોમાં ક્રાન્તિ કરાવી છે. તેમ આપણા ચાલુ શિક્ષણમાં પણ એમણે ક્રાન્તિકારક ફેરફારો સૂચવ્યા છે. છેલ્લાં ૩૦-૩૫ વર્ષમાં એમણે એ વિષે અનેક પ્રયોગ પણ કર્યા. છેક છેલ્લે છેલ્લે એમણે આપણને વર્ધાયોજના જેવી એક અમૂલ્ય ભેટ પણ આપી.

એમની પ્રેરણાથી જ આ જમાનામાં આપણે રચનાત્મક કાર્યોમાં પડ્યા છીએ. મારે ભાગે રચનાત્મક કાર્યમાં શિક્ષણ આવ્યું. પણ તેમાં મારા જેવો શું સમજે? તેમાંય જે સંસ્થા સાથે સરદારશ્રીનું નામ જોડાયું હોય, તેનું સંચાલન કરવાનું મારા જેવા પાસે આવે ત્યારે તો એ સંસ્થાના શા હાલ થાય? પણ સદ્‌ભાગ્યે સંસ્થા કયાંય ખરાબે ચઢી ગઈ લાગતી નથી. કેમકે હું તો શિક્ષણમાં નવો નિશાળિયો હતો. પણ તેને દોરવણી આપનાર સમર્થ શિક્ષણ-શાસ્ત્રી શ્રી. નરહરિભાઈ રહ્યા છે. સંસ્થાનો ઘાટ કેવો ઘડવાનો છે તેની મને કલ્પના ન હતી, પણ તેમને તો હતી જ.

હું વિદ્યાલયમાં દાખલ થયો તે પહેલાં ગૂજરાત મહાવિદ્યાલયમાં તેમની પાસે થોડો સમય ગુજરાતીનો વિષય ભણવાનું મળ્યું હતું. પણ એ વખતે એમનો અંગત પરિચય થયો ન હતો. પણ વિદ્યાલયમાં હું સાચા અર્થમાં તેમનો વિદ્યાર્થી બન્યો.

મને યાદ છે તે પ્રમાણે શરૂઆતમાં તે વિદ્યાલયમાં આવ્યા ત્યારે પ્રથમ મકાનો બાંધવાની ચર્ચા થયેલી. અમે નવા નવા હતા. એટલે દર વર્ષે ૩૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાના અને ત્રણ વર્ગો રાખવાના. એ હિસાબે ત્રણ વર્ષ સુધી ૩૦–૩૦ વિદ્યાર્થીઓ નવા લેવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે એમ ગણી અમે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે છાત્રાલય, નિશાળ, શિક્ષકો વગેરે માટે મકાનો બાંધવા માટે બારેક હજાર રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું હતું, ત્યારે તેમણે સ્પષ્ટ વિરોધ કર્યો. એ અમને કાર્યકર્તાઓને શાનું ગમે? પણ પછી થોડા જ વખતમાં તેમનો વિરોધ કેટલો ડહાપણપૂર્વકનો હતો એ સમજાયું: પછી તો અમે નિકટ પરિચયમાં આવતા ગયા. જ્યારે જ્યારે હું મૂંઝાતો ત્યારે હું તેમની પાસે દોડી જતો, અને તે મને ધીરજથી તેનો ઉકેલ બતાવતા. વિદ્યાલયમાં ચોરી થઈ હોય કે કાર્યકર્તા સાથે અથડામણ થઈ હોય, અભ્યાસક્રમનો પ્રશ્ન હોય કે હરિજન પ્રશ્ન હોય — બધામાં તેમની દોરવણી મળે જ.

શરૂઆતમાં હું એવી મૂંઝવણના લાંબા પત્રો લખતો ત્યારે તેમણે દરેક વખતે કંટાળ્યા વિના કંઈક ને કંઈક ઉકેલ બતાવ્યો હતો. હું કેટલીક વખત તેમની પાસે ઉરાંગઉટાંગ કલ્પનાઓ લઈને જઉં ત્યારે તેઓ એ કલ્પનાઓને સુધારતા હોય અને ખોટી હોય તો રદ પણ કરતા. પણ મને કદી સમાધાન કર્યા વિના પાછો ન જવા દેતા. તેમના દરેક વર્તનમાં અનુભવે મને શુદ્ધ પ્રેમ જ જણાયો છે.

અંગત રીતે તેમણે મને પોતાનો ગણી નભાવ્યો છે. તેથી જ તે મારી વાત સ્વીકારશે કે નહિ, તેનો વિચાર કર્યા વિના તેમની પાસે વિના સંકોચે મારી મૂંઝવણો રજૂ કરી શકયો છું.

એટલે આજે વિદ્યાલયનું જે સ્વરૂપ છે, તે તેમની સલાહ સૂચના અને દોરવણીનું પરિણામ છે.

વળી આ સંસ્થાને શરૂઆતથી જ પૂ. ગાંધીજી, સરદાર સાહેબ અને કાકાસાહેબ જેવાના આશીર્વાદ મળ્યા છે.

શ્રી. દરબાર સાહેબથી માંડીને જિલ્લાના મોટા નાના બધા કાર્યકર્તાઓએ જ્યારે અમે મદદની માગણી કરી અથવા અમારે મદદની જરૂર છે એમ જાણ્યું ત્યારે પૂરતી મદદ આપી છે. વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાક્તરોએ મફત દવા કરીને, મકાન બાંધવાની આવડતવાળાએ કરકસરથી મકાન બંધાવી આપીને — એમ દરેકે પ્રેમથી પોતાની આવડત અને શક્તિનો લાભ આપ્યો છે. શ્રી. ગંગાબહેન જેવાં સ્વજનો ભલે વિદ્યાલયના દફતરમાં ન ગણાતાં હોય, પણ તે તો સંસ્થાનાં જ ગણાય.

આ બધાંનો વિદ્યાલય પ્રત્યે જે પ્રેમ છે અને તેઓ પછાત કોમોની ઉન્નતિમાં જે રસ ધરાવે છે; તેથી અમારા જેવાને હંમેશાં પ્રોત્સાહન મળતું રહ્યું છે, અને અમારું કામ વિકાસ પામ્યું છે.

આ સ્થાને એક અંગત હકીકત રજૂ કરવાની લાલચ હું રોકી શકતો નથી. આ સંસ્થામાં હું કામ કરવા આવી શક્યો તેનું કારણ એક એ પણ છે કે મને નાનપણથી જ અભ્યાસમાં તેમ જ મારાં સેવાકાર્યોમાં મારા કુટુંબનો પૂર્ણ સહકાર મળ્યો. મારાં માતુશ્રીના અવસાન બાદ છેલ્લાં પંદર વર્ષથી મારાં ભાઈભાભીએ તે સહકારમાં ઊણપ ન આવે એવા પ્રયત્નો ચાલુ રાખ્યા અને મારી અનેક કૌટુમ્બિક મૂંઝવણોમાંથી મને એમણે નિશ્ચિંત બનાવ્યો. આવું ન થયું હોત તો હું આ સંસ્થામાં જોડાઈ શક્યો હોત કે કેમ એ એક પ્રશ્ન જ રહેત.

સાથે સાથે આ શિક્ષણના પ્રસંગો લખવાનું કેમ બન્યું એ જણાવવું આ સ્થળે યોગ્ય થશે એમ લાગે છે.

મને લખતાં આવડતું નથી અને તેથી જ લખવાનું હોય ત્યારે કંટાળું છું. પણ સન ૧૯૪૨માં જેલમાં મેં વિદ્યાલયના અનુભવોની ટૂંકી નોંધ એક નોટમાં કરી હતી. તે હું છૂટ્યો ત્યારે ટ્રેનમાં થેલી ખોવાઈ તેમાં ગઈ. એટલે જ્યારે હું ફરી જેલમાં આવ્યો ત્યારે મારા પ્રિય વિદ્યાર્થી અને સાથી ભાઈ મગનભાઈ પઢિયારે આગ્રહ કર્યો કે મારે તે અનુભવો ફરી લખવા. તે સાથે રહ્યા તે દરમિયાન તેમના આગ્રહ છતાં મને કંઈ લખવાનું મન થયું ન હતું. વળી મારી પાસે કંઈ સામગ્રી હતી જ નહીં. પણ તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગ્રહ ચાલુ જ રહ્યો તેથી તેમની જાણ ખાતર જે પ્રસંગો આંખ સામે તરવરતા હતા તે લખી આપવાનું વિચાર્યું. હું લખતો હતો તે નોટ ભાઈ બબલભાઈએ જોઈ. એટલે તેમણે મને વ્યવસ્થિત લખવા પ્રોત્સાહન આપ્યું અને તેમાં મદદ પણ કરી. અને આ નાનકડું પુસ્તક તૈયાર થયું.

પશ્ચિમના પ્રવાહમાં તણાયેલા આજના જમાનામાં પૂ. ગાંધીજીએ આપણા બધાની નજર ગામડાં તરફ વાળી. આપણાં નિસ્તેજ અને દરિદ્ર બની ગયેલાં ગામડાંઓમાં નવું તેજ અને નવો ઉત્સાહ પ્રગટાવવા માટે એમણે ગામડાંમાં જઈ ગ્રામજનતાની સેવા કરવાની હાકલ કરી. એ હાકલ સાંભળીને તથા એની પાછળની વિચારસરણી સમજીને કેટલાક જુવાનો ગ્રામસંગઠનના કામમાં પડ્યા. હું પણ એ વિભૂતિની પ્રેરણાથી પ્રેરાઈને તથા એની હાકલ સાંભળીને જ આ કામમાં પડ્યો. ગ્રામસંગઠન અંગે આપણે જીવનનાં અનેક અંગોને સ્પર્શ કરવાનો છે. ગ્રામકાર્યકર્તાઓ તૈયાર કરી એ મારફત લોક-શિક્ષણ અને લોકસંગઠનનો પાયો રચવો એ પણ એમાંનું જ એક અંગ છે. અમારી આ સંસ્થા દ્વારા અમે એવા કાર્યકર્તાઓ તૈયાર કરવાના પ્રયત્નો કર્યા. એ રસ્તે જતાં અમને કેવા કેવા અનુભવો થયા તથા કેવી કેવી તાલીમ મળી એની આમાં નોંધ છે.

આ પુસ્તક બહાર પાડવાની હિંમત તો એ વિચારે આવે છે કે 'પિંડે તેવું બ્રહ્માંડે' તેમ અમારી નાની સંસ્થામાં અમને જેવા અનુભવો થયા, એવા જ અનુભવો નાની મોટી બીજી દરેક સંસ્થાઓને થતા હશે; આવા અનુભવોની આપ-લેથી કેટલીક વખત એક બીજાને માર્ગદર્શન પણ મળે છે.

બીજું વર્ધાયોજના આજે તો પ્રયોગ સ્વરૂપે જ દેખાય છે. આ અમારો પ્રયત્ન પણ વર્ધાયોજના પાછળની વિચારસરણી સિદ્ધ કરવાનો એક પ્રયોગ છે. આ અમારા પ્રયોગના અનુભવો ભલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર પડતા, જે દ્વારા બીજા અનુભવીઓની સલાહ સૂચના તો મળે.

મારા લખાણમાં ભાષાની છટા, ઝમઝમાટ અને અલંકાર નહીં મળે. પણ મને જે સાચું લાગ્યું છે તે સીધેસીધી ભાષામાં કશી પણ અતિશયોક્તિ કર્યા વિના મેં લખ્યું છે.

આ પુસ્તિકાની પ્રસ્તાવના લખીને શ્રી. જુગતરામભાઈએ ગ્રામસેવાશિક્ષણના કેટલાક મનનીય વિચારો પૂરા પાડયા છે અને આ પુસ્તિકાને વધુ ઉપયોગી બનાવી છે. તે માટે તેમનો તથા ભાઈ બબલભાઈએ જે મદદ કરી છે તે માટે તેમનો પણ આભાર માનું છું.

છેવટે આ સંસ્થામાં જેમણે જેમણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર આપ્યો છે તે સર્વનો આભાર માનીને જે ત્રુટિઓ જણાય તે દરગુજર કરવાની વિનતી છે. અને ભવિષ્યમાં સર્વના સહકારને અમે લાયક બનીએ એવી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના કરતો વિરમું છું.

શિ. ગો. પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામમુખી શિક્ષક

આ પુસ્તિકાનું સાદું સરળ વર્ણન વાંચતાં જ આપણા ઉપર છાપ પડ્યા વિના રહેતી નથી કે અહીં એક સંસ્થાને તેનો પોતાનો માણસ મળી ગયો છે. એ નાનોસૂનો યોગ નથી. ઘણી મોટી મોટી સંસ્થાઓ વિશાળ અને સમૃદ્ધ હોય છે. છતાં તેમને પોતાનો માણસ મળી આવેલો ન હોવાથી, તે નિસ્તેજ જોવામાં આવે છે. અહીં એક એવા સેવકના અનુભવ આપણે સાંભળીએ છીએ કે તેનું જીવન અને સંસ્થાનું જીવન, એ બે જુદાં રહ્યાં નથી. એ સંસ્થા છોડીને સ્વપ્નમાં પણ બીજે જવાનો સંભવ નથી, અને મરણ પણ ત્યાં જ ઝંખશે. એ પોતે વધે છે તેટલી સંસ્થા વધે છે, અને સંસ્થા વધે છે તેટલો જ તે પોતે વધે છે. એક સમાન ધર્મી તરીકે આ વિરલ યોગ જોઈ મને અત્યંત આનંદ થાય છે.

હિન્દુસ્તાનનાં ગામડાં સૌની સેવાનાં ભૂખ્યાં છે. ખાદીસેવક ખેતી અને બીજા ગ્રામઉદ્યોગના નિષ્ણાતો, કૉંગ્રેસી સૈનિક, કવિ, નાટયકાર, કથાકાર, વૈદ્ય, વ્યાયામપ્રચારક–ગામડાને કોની ગરજ નથી? તે જ પ્રમાણે તેને સાચા રાષ્ટ્રીય શિક્ષકની પણ ગરજ છે. અથવા ખરું જોઈએ તો આવા શિક્ષકની ગરજ તેને બીજા બધા કરતાં વધારે છે. બીજા બધા, ગામડાનું હિત એટલા જ પ્રમાણમાં કરી શકશે, જેટલા પ્રમાણમાં તેઓ પોતાની લાયકાત સાથે રાષ્ટ્રીય શિક્ષક તરીકેની લાયકાત પણ ધરાવતા હશે.

એક રાષ્ટ્રીય શિક્ષક ગામડામાં ગ્રામસેવા કરવાના મનોરથો સેવીને બેઠો હોય તો તેનું કાર્ય કેવું સ્વરૂપ લે એનું ચિત્ર આપણને આ પુસ્તિકામાં જોવા મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જો સાચો રાષ્ટ્રીય દૃષ્ટિનો શિક્ષક હોય તો તેના વિદ્યાર્થીઓ મોટે ભાગે પછાત લોકોમાંથી જ લેવા જોઈશે; જેમનાથી આપણાં ગામડાં ઊભરાઈ રહ્યાં છે, અને જેઓને કોઈ પણ જાતની કેળવણી વિના વગડાની વનસ્પતિની જેમ કાંટા ઝાંખરાં જેવી દશામાં વધવું પડે છે.

વળી તે રાષ્ટ્રીય શિક્ષક હશે તો તેને પોતાની આખી શિક્ષણ-યોજના એકાદ ઉદ્યોગની આસપાસ જ વણવી પડશે. પુસ્તકિયા ભણતર મારફત તન, મન અને આત્માનો વિકાસ તેવો હરગિજ શક્ય નથી, જેવો ઉદ્યોગ મારફત છે; એ નવા વિચારમાં તે ઊંડો ઊતર્યો નહીં હોય તોપણ તેને પછાત લોકોની આર્થિક દરિદ્ર સ્થિતિ જ ઉદ્યોગનો આશ્રય લેવાની ફરજ પાડશે. વિદ્યાર્થીઓ કેળવણી લેતા જાય અને સાથે સાથે તેમાંથી જ પોતાની વૃત્તિ મેળવતા જાય એ રસ્તો લીધા વિના તેનું કામ એક ડગલું પણ વધી શકે એમ નથી. એ હકીકત તેની સામે આવીને ઊભી રહેશે. અને ગમે તેટલા ફાળા ઉઘરાવી લાવશે તોપણ વિદ્યાર્થીઓના ઉદ્યોગનો લાભ લેવાનું તે જતું નહીં જ કરી શકે.

અને ઉદ્યોગની પસંદગીમાં જો તે રાષ્ટ્રીયતા તેમ જ કેળવણી બન્ને તત્ત્વોનો આગ્રહી રહેશે તો તેને ખાદી જેવા રાષ્ટ્રીય ગ્રામ-ઉદ્યોગનો જ આશ્રય લેવો પડશે. તેની પાસે દરજીકામ જેવા ઉદ્યોગનાં સૂચનો આવશે, પણ તે વિમાસણમાં પડશે. દરજી એ કાંતનાર કે વણકર કરતાં વધારે કમાઈ શકે એ ખરું પણ બધાને દરજી બનાવીને મારે શો હેતુ સિદ્ધ કરવો છે? શું દરજીઓ વિના ગામડાં આજે ડૂબી રહ્યાં છે? અને દરજીઓ વધી પડે તો ગામડાં તેમને સમાવી શકશે? વળી એ ધંધામાં કેળવણી તો છેવટે લોકોની વરણાગીવૃત્તિની પાછળ પાછળ નાચવાની જ ને? ખાદીના ગ્રામઉદ્યોગને શિક્ષણનું વાહન બનાવતાં પહેલેથી છેલ્લે સુધી વિદ્યાર્થીઓ જે કંઈ બનાવશે તે મનુષ્યની સૌથી બીજી મહત્ત્વની એવી જરૂરિયાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતું હશે; એનો બધો માલ એ પોતે, તેની સંસ્થા, તેનું કુટુંબ, તેનું ગામ એના જ બરનો હશે અને એટલામાં જ ખપી જશે. અને એ ઉદ્યોગની વિધવિધ ક્રિયાઓના આધાર પર શિક્ષક કેટલી સરળતાથી અનેક શાસ્ત્રો અને ભાવનાઓની કેળવણી રચી શકે?

પછાત કોમોની રાષ્ટ્રીય કેળવણી મારફત સેવા કરવા ગયેલા શિક્ષકનું કામ સીધી સડકે ચાલવા જેવું સહેલું નથી. તેના માર્ગમાં મંઝવી મારે અને હતાશ કરી મેલે એવી મુશ્કેલીઓ આવવાની જ. આ શિક્ષકને ભાગે પણ તેવી મુશ્કેલીઓ સારા પ્રમાણમાં આવી છે. તેનો સામનો તેમણે કેવી શ્રદ્ધા અને દૃઢતા સાથે કર્યો છે એ વાંચી આપણને માન ઊપજે છે.

મોટામાં મોટી મુશ્કેલી જેમની સેવા કરવાની છે તે પછાત વર્ગ તરફથી જ આવી છે. તેમને અંગ્રેજી ભણતરનો મોહ છે. ઉદ્યોગ હોય ત્યાં બુદ્ધિ વધે નહિ એ વહેમ તેમના મગજમાં પેઠેલો છે. લોકોના છોકરાઓ ભણી ગણીને અમલદારો, વેપારીઓ અને વકીલ દાક્તરો થાય છે અને વગર શ્રમે ઢગલા ધન કમાય છે; તેમને પણ પોતાના છોકરાઓને તેવા કરાવવાનું મન છે. આ બાબતમાં શિક્ષકની રાષ્ટ્રીય દૃષ્ટિની કદર કરવી તેમને માટે અશક્યવત્ થઈ પડી છે.

વળી પછાત પ્રજા દરેક વિષયમાં પછાત જ હોયને? તેથી સામાજિક રીતરિવાજો અને વહેમો ગ્રામશિક્ષકને ઓછાં નડતાં નથી. સહભોજનની કલ્પના તેમને અસહ્ય લાગે છે. અસ્પૃશ્યની સાથે રહેવું, ભણવું, ખાવું એ તો તેમને મહા અધર્મ જ લાગે છે.

આ મુશીબતોમાંએ સામાન્ય શિક્ષક ઉત્સાહ સાથે કામ કરે, જો તેની વાડી સદા ભરીભાદરી રહેલી હોય. જો તેમાં દાખલ થવા વિદ્યાર્થીઓ પડાપડી કરતા ન હોય તો તેના કાર્યનો વિસ્તાર અત્યંત નાનો જ રહે છે. અહીં આપણે એવી જ સ્થિતિ જોઈએ છીએ. પ્રસ્તુત શિક્ષકે સંસ્થા કરતાં સિદ્ધાંતોને વહાલા કરીને કંઈ ખોટું કર્યું નથી. મુસીબતોની સામે તેમણે હિંમતથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડત આપી. તેમણે એમના વિદ્યાર્થીઓને આ બાબતોનું શિક્ષણ જેવું સરસ અને મજબૂત આપ્યું તેવું બીજી ઢબે ન જ આપી શકાયું હોત. વિદ્યાર્થીઓ પોતાની કોમના તેમ જ દેશના સામાજિક વગેરે પ્રશ્નો આ જીવતી પદ્ધતિએ સાનમાં સમજી ગયા; સમજી ગયા એટલું જ નહીં પણ તેઓ પોતે જ કાયમના સેવકો અને સુધારકો બની ગયા. વળી લાંબી નજરે નિહાળીએ તો આખી કોમના વિચારોમાં પણ આ નાના સરખા કાર્યની અસર થયાનાં ચિહ્નો આપણને દેખાયા વિના રહેતાં નથી.

આ વર્ણનમાં આવતી એક બાબત એવી છે, જે કેળવણીકારોમાં હમેશાં ગરમાગરમ ચર્ચાનો વિષય થઈ પડે છે. શિક્ષકે પોતાના ગ્રામશિક્ષણના કાર્યને અનેક વખત રાજદ્વારી તોફાનોમાં ફેંકી તૂટવા દીધું છે. તેથી એમનો કિંમતી પરિશ્રમ પાણીમાં ગયો એમ નહિ? કેળવણીકારો રાષ્ટ્રની — ગ્રામજનતાની સ્થિતિ સમજવા તસ્દી લેશે તો જ તેઓ આ શિક્ષકના સંજોગો પ્રત્યે સહાનુભૂતિ રાખી શકશે. સંજોગો એવા છે કે એમના જેવા માટે તોફાનમાં ઝુકાવવાનો પ્રશ્ન હોતો નથી; તોફાન જ એમને ઘેરી વળે છે. ખાવું, પીવું, પહેરવું, ગામ, ખેતર, કેળવણી, ઉદ્યોગ, વેપાર, જીવનનું એક પણ ક્ષેત્ર રાજ્યના પંજામાંથી મુક્ત નથી; અને રાજ્ય કમનસીબે બિનજવાબદાર, વિદેશી, સ્વાર્થી અને અન્યાયી, એવું લોકોને કર્મે જડાયું હતું. એ વિદેશી જુલ્મી તંત્ર સામે જે અહિંસક લડતો વખતોવખત આપણા દેશમાં ઊપડતી તે ખરું જોઈએ તો સામાન્ય યુદ્ધો જેવી નહોતી, પણ દેશનાં ગામડાંઓની રચના કરવાના જ પ્રયત્નો હતા. એ રચનામાં સતત વિઘ્નો નાખવામાં આવતાં, તેની સામેની જ એ મથામણ હતી. એનાથી કોઈ ગ્રામશિક્ષક અલગ રહે, એ તો કોઈક કાયર ખેડૂતના જેવું ગણાય, જે મહેનત કરીને મોલ પકવે છે, પણ તેનું ભૂંડ, શિયાળ, રોઝ, ચોર, લૂંટારા આદિથી રક્ષણ કરવાની હિંમત ધરાવતો નથી. એ હિંમતનું શિક્ષણ જે ગ્રામશિક્ષક નથી આપતો, તેનું બીજું બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ સોનાનું હોય તોપણ વ્યર્થ જ જવાનું. આ સુંદર કામ વખતોવખત ભાગ્યું હતું, પણ વિદ્યાર્થીઓમાં તેમ જ આખી કોમમાં એ અનુભવે રાષ્ટ્રભક્તિ, દેશસેવા અને બલિદાનની ભાવના ફેલાવી એવાં ચિહ્નો આ વર્ણનમાં વેરાયેલાં પડેલાં છે, અને એ નાનીસૂની સિદ્ધિ નથી.

એક સમાનધર્મી તરીકે આ પુસ્તિકા મેં આવી દૃષ્ટિએ વાંચી છે. એ વાંચનાં મને ખૂબ રસ પડ્યો છે, કેમકે તેમાંથી મારા પોતાના અનુભવને ટેકો મળ્યો છે. એવી જ દૃષ્ટિએ એક સાચા રાષ્ટ્રીય શિક્ષકને હાથે થયેલું આ ગ્રામસેવાનું કાર્ય અથવા ગ્રામમુખી શિક્ષણનું કાર્ય અવલોકવા મારી સર્વને વિનંતી છે.

જુગતરામ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન દ્વારા શિક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

પ્રારંભ

સન ૧૯૩૦ની લડત વખતે બોચાસણ ગામના લોકોએ હિજરત કરી હતી અને હાલ જે વિદ્યાલય છે તેથી થોડેક દૂર ગાયકવાડી હદમાં લોકો માંડવા કરી રહેતા હતા. તે વખતે ત્યાં શ્રી. શામળભાઈ સાથે વિદ્યાપીઠના ત્રણચાર ભાઈઓ છાવણી નાખી લડત ચલાવતા હતા. સાથે સાથે સાબરમતી આશ્રમવાળાં શ્રી. ગંગાબહેને કેટલીક આશ્રમની બહેનો સાથે બહેનોની છાવણી નાખી હતી. ગામમાં કોઈ રહેતું ન હતું અને ગામની નિશાળ પણ બંધ હતી.

એ વખતે છોકરાઓ તથા છોકરીઓ માટે રેંટિયાવર્ગ અને અભ્યાસના વર્ગો નવરાશના સમયે આશ્રમની બહેનો ચલાવતી હતી. પછી લડત મોકૂફ રહી. તોપણ ગામલોકોનો તથા કાર્યકર્તાઓનો સ્નેહસંબંધ એવો બંધાયો હતો કે આ વર્ગો ચાલુ રહે એમ બધા ઇચ્છતા હતા. તે વખતે પૂ. શ્રી. કાકાસાહેબ ગ્રામસેવાની દૃષ્ટિએ ગામડાંમાં શિક્ષણ અપાય અને એવી રીતે ગુજરાતના દરેક જિલ્લામાં શિક્ષણસંસ્થાઓ સ્થપાય એમ ઇચ્છતા હતા. શ્રી. શામળભાઈ એ વિદ્યાપીઠની વાત કરી અને કાકાસાહેબે તેને આવકાર આપ્યો અને બોચાસણની ગ્રામસેવાસમિતિ તરફથી બોચાસણમાં પછાત કોમની ઉન્નતિની દૃષ્ટિએ શિક્ષણસંસ્થા કાઢવાનું નક્કી થયું. મુખ્યત્વે કરીને પછાત કોમના વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લેશે એ વિચાર પહેલેથી જ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી શામળભાઈ આ સંસ્થાના સ્થાપક હતા. અને શ્રી. ડાહ્યાભાઈ પાઠક, બાળ કાલેલકર, કપિલરાય મહેતા તથા મણિભાઈ ફૂલાભાઈ શરૂમાં ત્યાંના શિક્ષકો તરીકે હતા.

વિદ્યાલય માટે જમીન ખરીદવામાં આવી. તેમાં ગામલોકોએ રૂ. ૬૦૦ની મદદ કરી. આ ઉપરાંત આસપાસનાં ગામોએ બીજી રૂ. ૬૦૦ જેટલી રકમ મદદ તરીકે આપી. અને ગાંધીજીને શુભહસ્તે વિદ્યાલયનું ખાતમુહૂર્ત સને ૧૯૩૧ના મે માસની ૬ઠ્ઠી તારીખે કરવામાં આવ્યું.

વિદ્યાલયનું સ્થાન એક રીતે જોઈએ તો સારું છે. ગામથી દૂર છે. આસપાસ પાંચ ગામો અર્ધો માઈલથી એક માઈલને અંતરે છે. વળી ગામથી દૂર છતાં સ્ટેશન નજીક જ હોવાથી નિર્જન નથી અને સ્વતંત્ર વાતાવરણ ઉત્પન્ન કરવાની અનુકૂળતા છે. બહારથી આવનારને સ્ટેશન નજીક જ હોવાથી સરળતા થાય છે.

બીજી રીતે વિચાર કરતાં પછાત કોમની વસ્તી વચ્ચે આ સ્થાન નથી. આસપાસનાં ગામો—બોચાસણ, ગોળેલ, રૂદેલ, ડભાસી-માં પાટીદારનું વર્ચસ છે. એથી થોડે દૂર ત્રણચાર માઈલને અંતરે ધર્મજ, વીરસદ, બોરસદ અને ભાદરણ—મોટાં ગામો છે, ત્યાં હાઈસ્કૂલો છે અને ઉર્જાળિયાત ગણાતી વસ્તી છે; તથા બજારનાં મોટાં ગામો છે, જ્યાં પશ્ચિમનો પવન પહોંચી ગયો જણાય છે.

એવાં ગામોની વચ્ચે પછાત કોમની ઉન્નતિ માટે રાષ્ટ્રીય શિક્ષણ ચલાવવું કસોટીભર્યું છે. ઉર્જાળિયાત કોમને એ નકામું લાગે. પછાત પણ એમની પાછળ તણાય અને સ્વતંત્ર વિચાર કરી ન શકે. પૈસાદાર લોકો અને મોટાં બજારો નજીક હોવાથી મજૂરીનાં કામો થોડાં મળી શકે, મળે તેમને રોજી વધારે મળે. અને ઓછી મહેનતે વધુ કમાતાં દેખી શકે, ત્યાં વધુ મહેનત કરી જીવવાનું શીખવનાર કેમ ગમે? એક રીતે વિચારતાં આ બધા વિચારો વચ્ચે રાષ્ટ્રીય વિચારનું સ્થાન હોય તો સારું પણ છે, પણ એની અસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચતાં ઘણો વખત જાય. વિદ્યાલય શ્રમજીવી અને બુદ્ધિજીવી લોકો વચ્ચેનું અંતર ઓછું કરે એવી પૂ. કાકાસાહેબની આકાંક્ષા જોતાં, આ સ્થાન યોગ્ય છે એવો પણ એક અભિપ્રાય છે.

હું ત્યાં સન ૧૯૩૫ના જૂનની ૧૧મી તારીખે પહોંચ્યો. તા. ૧૬ મીએ વિદ્યાલયનો પ્રારંભ, ૧૯૩૨ની લડત બંધ થયા પછી ફરી થયો.

તે વખતે નાના ૧૩–૧૪ વર્ષની ઉંમરના બારૈયા કોમના વિદ્યાર્થીઓ માટે ઘરની બહાર નીકળી પરગામ છાત્રાલયમાં રહી ભણવાનો આ પ્રથમ જ પ્રસંગ હતો. તેમનામાં કેટલાક ચાર ચોપડીઓ જેટલું ભણ્યા હતા તો કેટલાક સાત ચોપડી જેટલું ભણીને આવેલા હતા. કેટલાક પરણેલા હતા તે ઘર માંડવાની પૂર્વતૈયારી માટે આવ્યા હતા, તો કેટલાકને ક્યારે પરણ્યા તેની ખબર પણ ન હતી, અને માબાપે ભણવા મોકલ્યા તેથી આવ્યા હતા. આ રીતે અનેક પ્રકારના વિદ્યાર્થીઓ અનેક દૃષ્ટિએ વિદ્યાલયમાં આવી પહોંચેલા હતા.

એવી જ અમારી શિક્ષકોની સ્થિતિ હતી. અમે ચાર કાર્યકર્તા સાથીઓ હતા. પણ તે બધા એકઠા થયા હતા એટલું જ બધાની દૃષ્ટિ એક હતી માટે ભેગા થયા હતા એમ ન હતું.

એક રાષ્ટ્રીય નિશાળ ચલાવવાની છે એટલે શિક્ષકો જોઈએ જ — ભાવનાવાળા જોઈએ, એમ વિચાર કરી અમને ભેગા કર્યા હતા. અમારામાંના બધાને કંઈક કંઈક સેવા કરવાની વૃત્તિ ખરી. પણ વલ્લભ વિદ્યાલય કેમ ચલાવવાનું છે તેની અમને ખબર ન હતી.

હું વિચાર કરવા લાગ્યો કે જે સંસ્થા સાથે સરદારશ્રી વલ્લભભાઈનું નામ જોડયું હોય, તે સંસ્થામાં તેમને શોભે તેવું કામ થવું જ જોઈએ. પણ એ કેમ થાય? મારી લાયકાત શી?

એક તરફથી બધા માનતા હશે કે હું વિદ્યાપીઠનો સ્નાતક છું, આશ્રમમાં અને સમિતિમાં રહીને કામ કર્યું છે; એટલે મોટી મોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશા રાખતા પણ હોય! આવી આશા તે રાખે તો તેમનો દોષ પણ શો? પણ આ વિચાર મારી જવાબદારી વધારી મૂકતો હતો.

અહીં જે વિદ્યાર્થીઓ આવ્યા તેમને ભણાવવાનું, તેમની સાથે રહેવાનું, છાત્રાલય ચલાવવાનું બધું જ નવું હતું. એટલે સાચી રીતે કહીએ તો મારે વિદ્યાર્થી બનીને શીખવા જેવું થયું.

હું અંગ્રેજી નિશાળમાં અક્ષરગણિત, ભૂમિતિ, ગણિત વગેરે વિષયો શીખવી શકું એમ લાગતું; પણ હાલની શાળાની ગુજરાતી ચાર ચોપડીઓ ભણેલાને શીખવવાની મારી તૈયારી ન હતી. છાત્રાલયમાં રહ્યો હતો, પણ એમાં તો માસિક રૂા. ૧૫ થી ૨૦, ખાધાખર્ચ આવે. અહીં આવેલા વિદ્યાર્થીઓમાંથી તો કોઈ કોઈએ કદી દૂધ દેખ્યું ન હતું, ગાડી કોઈ દિવસ જોઈ ન હતી સ્થિર બેસીને કદી ભણ્યો ન હતો. આમાં અમારો મેળ કેમ જામશે એમ થતું. એટલે આ વિદ્યાર્થીઓને જોઈને મારી બિનલાયકાતનું ભાન ક્ષણે ક્ષણે થવા લાગ્યું. મારા સાથીઓ તો ભલા અને વિશ્વાસુ હતા. પણ તે સામાન્ય અર્થમાં 'શિક્ષક' હોય છે એવા શિક્ષક થવા આવ્યા હતા. પણ પ્રામાણિક અને ભાવનાવાળા હતા અને જે કામ સોંપવામાં આવે તે કરવા તૈયાર હતા.

આ સંજોગોમાં અને આ મનોદશા સાથે મેં વિદ્યાલયનું કામ હાથ ધર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

પહેલો પાઠ

૧. માહ્તર

વિદ્યાલયમાં દાખલ થયો અને પહેલો શબ્દ કાને આવ્યો — માહ્તર. વાલી આવ્યા કે વિદ્યાર્થી આવ્યા, વર્ગમાં કે વર્ગની બહાર — બધે આ શબ્દ દિવસમાં કેટલીય વાર સંભળાવા લાગ્યો.

બધી નિશાળોમાં વિદ્યાર્થીઓ શિક્ષકોને 'માસ્તર' (અપભ્રંશ–માહ્તર) કહીને બોલાવે; અંગ્રેજી નિશાળમાં 'સર' અને 'સાહેબ' કહેવામાં આવે છે.

અમારે ત્યાં ગુજરાતી નિશાળના વિદ્યાર્થીઓ આવ્યા હતા. વળી ગામડાંના હતા એટલે શુદ્ધ ઉચ્ચાર ક્યાંથી જાણે? આજ સુધી કોઈએ તેની ભૂલ બતાવી હોય તોને? એટલે માહ્તર કહેવા લાગ્યા. મને આ શબ્દ પસંદ પડ્યો નહિ. મને એ શબ્દ ઊંચનીચનો ભેદ બતાવનાર, ચાલુ શિક્ષણ-પ્રણાલીનો વારસદાર લાગ્યો. એટલે મેં 'માસ્તર' કહેવા દેવાની ના પાડી. તેથી વિદ્યાર્થીઓએ 'ગુરુજી' શબ્દનો ઉપયોગ શરૂ કરવા માંડ્યો. આ શબ્દ મને બહુ ભારે લાગ્યો. મને ન શોભે તેવો લાગ્યો. તેથી મેં બધાને જણાવ્યું કે મારું નામ દઈને મને બોલાવવો. આ મારો પહેલો પાઠ બન્યો. વિદ્યાર્થીઓના જૂના સંસ્કારો ઝટ બદલાય કે? તેમને મારું નામ દઈને બોલાવવું અતડું લાગ્યું. પણ બીજી રીતે બોલાવે તો નહીં બોલવાનો આગ્રહ રાખી તે ટેવ ભુલાવી અને શિક્ષકોને નામ દઈ બોલાવવાની પ્રથા શરૂ થઈ.

આ રીત એક બીજાની વધુ નજીક આવવામાં અનુકૂળ છે. નામ દઈને બોલાવવામાં કૌટુમ્બિક ભાવ લાગે છે. અને અમે તો વિદ્યાર્થીઓ સાથે કુટુંબભાવ કેળવવા ઇચ્છતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ગાડી આવી!

વિદ્યાલયની છેક શરૂઆતના દિવસોમાં સ્ટેશન પર ગાડી આવે એટલે વિદ્યાર્થીને તે જોવા મન થાય. ઘણા વિદ્યાર્થીઓએ ગાડી જોઈ ન હતી. એટલે ચાલતે વર્ગે ગાડીનો અવાજ સાંભળતાં 'ગાડી આવી' બોલીને એકદમ કુતૂહલથી બધા બહાર ગાડી તરફ દોડતા. અમારા વર્ગમાંથી ગાડી દેખાય એટલું સ્ટેશન નજીક છે. બપોર થાય એટલે જમ્યા પછી ઘણા સ્ટેશન પર પહોંચી જાય. શરૂઆતમાં આમ સ્ટેશન તરફ જોવા જવાની તેમને મજા આવતી. ગાડી જોવા માટે હવે દોડવાનું રહ્યું નથી. પણ શરૂઆતમાં વિદ્યાર્થીઓ ગાડી જોવા નાસી જાય ત્યારે અમે ધીરજથી બેસતા અને તેમને બોલાવી લાવી વર્ગ શરૂ કરતા.

૩

જીવન મારફત શિક્ષણ

૧. માસ્તર, અમારે વ્યાયામ જોવો છે.

ચોમાસાનો દિવસ હતો. અમારા ચોગાનમાં ઘાસનું તણખલું ન રહે. પણ જૂની બોરડીઓ ફરી ફરી ફૂટે. તેને ખોદી નાખીએ પણ થોડા દિવસમાં ફરી પાછી ઊગી નીકળે. એટલે અમે તેનાં મૂળ કાઢવા છાતી સુધીનો ઊંડો પહોળો મોટો ખાડો કરતા અને ઊંડેથી મૂળ કાઢતા. પછી તેમાં ઘાસ નાંખી બાળતા અને તે ખાડો પૂરી દેતા. આમાં ઘણા જણ રોકાય, સમય અને કસરત પણ ઠીક ઠીક થાય. એવી રીતે એક દિવસ સાંજના અમે તેનું મૂળ કાઢવા ખોદતા હતા, અને માટી કાઢતા હતા. એ વખતે બહારગામના કેટલાક અંગ્રેજી ભણેલા ભાઈઓ આવ્યા અને પૂછવા લાગ્યા, 'અહીં હેડમાસ્તર કોણ છે અને ક્યાં છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં પૂછ્યું — શું કામ છે?

તેમણે જવાબ આપ્યો. અત્યારે વ્યાયામના પ્રયોગ નથી થતા? તે અમારે જોવા છે. તે ક્યાં છે?

મેં કહ્યું — આ વ્યાયામનો પ્રયોગ જ છે ને?

આવેલા ભાઈ — નહીં, નહીં. અમારે તો કસરત જોવી છે.

મેં કહ્યું — આમાં કસરત નથી શું? ખાડો ખાદતાં અને માટી કાઢતાં બધાને કસરત મળે છે. જુઓ, દરેકના શરીર પર પરસેવો નીતરે છે. વળી આ વાંઝિયા કસરત નથી, પણ ઉત્પાદક છે.

પછી તેમને સાચી કસરત અને વ્યાયામ શું તેની વાત સમજાવી અને તે નવી વાત સાંભળી હોય એમ વિચાર કરતા ગયા.

કેટલીક સંસ્થાઓમાં એવો અનુભવ થાય છે કે મહેમાનો આવે ત્યારે વ્યાયામ વગેરેના પ્રયોગો વિદ્યાર્થીઓ પાસે કરાવીને ખાસ બતાવે. મને આ પદ્ધતિ કૃત્રિમ લાગે છે. આપણું વ્યાયામનું કામ ચાલતું હોય ત્યારે અગર તો કોઈ ઉત્સવ પ્રસંગે જાહેરમાં પ્રયોગો ગોઠવ્યા હોય અને કોઈ જોઈ જાય એ જુદી વાત છે, પણ ખાસ દેખાડો કરવા કે ખુશ કરવા વિદ્યાર્થીઓને સમય કસમય પર કસરતના ખેલો કરી બતાવવા કહેવું એ બેહૂદું છે.

આનો અર્થ એમ નથી કે અમારે ત્યાં વ્યાયામ ન હતો. કવાયત, રમતગમત વગેરે હતાં અને છે. પણ જ્યારે જરૂરી કામો હોય ત્યારે તે બંધ રાખવામાં આવે છે.

અમારો કાર્યક્રમ નિશ્ચિત હતો. જે કાર્યક્રમ ચાલુ હોય તે બહારના જોઈ શકતા. એક વખત એક શાળાઓના અધિકારી ગામમાં આવેલા તે વિદ્યાલય જોવા આવ્યા. મારા સાથી શિક્ષકને થયું કે આપણે એમને વ્યાયામના પ્રયોગો બતાવીએ. મેં જમવાનો સમય થયો હતો તેથી ના પાડી. અને જણાવ્યું કે વિદ્યાર્થીઓ તો આપણી આમન્યા જાળવી જે કહીએ તે કરે. પણ આપણે તેમની પાસે કોઈને ખુશ કરવા કંઈ ન કરાવીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. શિવાભાઈ, છોકરાને મોકલજોને!

એક વખત હું જમતો હતો અને ગાડી આવી. અમારા એક મિત્ર અને કાર્યકર્તાનાં માતુશ્રી ગાડીમાંથી ઊતર્યાં. સાથે સામાન હતો અને પાસેના ગામમાં જવું હતું. તે મને ઓળખતાં હતાં. તેમણે મને સંદેશો મોકલ્યો કે મારી પાસે સામાન છે તો એક છોકરાને ઘર સુધી મોકલો. હું વિચારમાં પડ્યો અને તરત નક્કી કર્યું કે છોકરાને ન મોકલાય. એટલે હું સ્ટેશન પર ગયો. સામાન લાવી મારે ઘેર રાખ્યો અને જણાવ્યું કે હવે ઘેર જાઓ અને ઘેર જઈને કોઈને મોકલી સામાન મંગાવી લેજો.

ડોશીમાને આ નવું લાગ્યું. વિદ્યાર્થીઓ પાસેથી કોઈ શિક્ષકને કે શિક્ષકના મિત્રને અને શિક્ષકનાં કુટુંબીઓને કામ લેવામાં કંઈ વિચિત્ર લાગતું નથી, પણ સ્વાભાવિક લાગે છે. અને શિક્ષકોને ત્યાં વિદ્યાર્થીઓ કામ કરી આવવાનું કેટલીક વાર પસંદ પણ કરે છે. આને પરિણામે કેટલાક ખાસ વિદ્યાર્થીઓ પ્રત્યે શિક્ષક પક્ષપાત બતાવતા થાય છે. અને આ જાતનો વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે ભેદભાવ પેદા થાય છે. આથી વિદ્યાર્થીમાં ખુશામત કરવાની ટેવ પણ આવી જાય એમ બને છે. મને તે હમેંશ અયોગ્ય લાગ્યું છે અને એ રિવાજ કાઢવા પ્રયત્ન કર્યો છે. એટલે શિક્ષકને કામ હોય તો બીજા શિક્ષકો મદદ કરે યા વેચાતું કરાવે; પણ કોઈ કુટુંબ વિદ્યાર્થીને પોતાના કામ માટે બોલાવે નહીં એ જાતનો આગ્રહ મેં રાખ્યો છે. આવી પદ્ધતિ ઘણાને વિચિત્ર લાગે છે. આ રિવાજ દૃઢ કરવા માટે મેં નિયમ કર્યો કે હું રસોડે જમું ત્યારે મારી થાળી જાતે ધોવાનો આગ્રહ રાખવો. રસોડામાં મોટાં વાસણો પણ સાફ કરવામાં મદદ કરું મારા અંગત મિત્ર આવે તો તે જમી રહે એટલે કાં તો તે થાળી લઈને ઊઠે અથવા હું તેમની થાળી ધોઈ નાખું. પણ વિદ્યાર્થીને કહું નહિ. પણ તેમને રોકવાનો પ્રયત્ન કરવો પડતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓને આ નવું નવું લાગતું. પણ ધીમે ધીમે તેઓ ટેવાઈ ગયા અને અમારો આગ્રહ સમજ્યા એમ મને લાગે છે.

શિક્ષકે પોતાનાં કામ પોતે કરવાં જોઈએ, એ હવે તો સામાન્ય વાત લાગે છે. હા, જરૂર પડયે વિદ્યાર્થીનું કામ શિક્ષક કરે તેમ શિક્ષકનું કામ વિદ્યાર્થી કરે તેમાં હરકત નથી.

વળી શિક્ષક કે તેનું કુટુંબ કોઈ વિદ્યાર્થીને કામ કરવા બોલાવે નહીં એટલું જ નહિ, પણ શિક્ષકને રસોડામાં થોડા દિવસ માટે જમવું હોય તો તેણે છાત્રાલયનાં કામોમાં પોતાના શ્રમનો ફાળો આપવો જોઈએ એ નિયમ બની ગયો છે અને તેનું પાલન શિક્ષકો ચીવટાઈથી કરે છે. હું જે દિવસે બીજા કામને લઈને એના સામુદાયિક શ્રમમાં ભાગ નથી લઈ શકયો ત્યારે કંઈક અપરાધ કર્યો હોય એમ લાગતું. અને એવા પ્રસંગો અવારનવાર આવતા પણ ખરા. પરંતુ વિદ્યાર્થીઓ પ્રેમથી નભાવતા. મને એમ થતું કે એની પાસે મારે માટે શ્રમ કરાવવાનો મને શો અધિકાર છે? મારો અધિકાર તો તેની સેવા કરવાનો છે. અમે તેમની અંગત સેવા લઈએ અને વર્ગમાં શીખવીએ કે આપણે કોઈની સેવા લેવી નહિ પણ બીજાની સેવા બદલાની આશા સિવાય કરવી—તો પછી વિચાર અને વાણીનો મેળ શો? આમ વિચારો આવતા અને વિદ્યાર્થી પાસેથી કામ લેવાનું મન જ ન થતું.

૩. રવિવાર અને રજાઓ ખરી?

અમારે ત્યાં ચોવીસે કલાકનો કાર્યક્રમ હતો. તે જોઈને કેટલાક નવા આવનાર અનેક પ્રશ્નો કરતા.

પ્ર૦ — આ ચોવીસ કલાકનો નિત્યક્રમ રાખ્યો છે તે મુજબ રવિવારે પણ કામ ચાલે છે?

ઉ૦ — ના જી, રવિવારે કાર્યક્રમ બદલાય ખરો.

પ્ર૦ — ત્યારે રવિવારની રજા નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉ૦ — એ તો રજાનો અર્થ કરે તે પર આધાર છે. અમારે ત્યાંના વિદ્યાર્થીઓને રવિવારે રજા નથી હોતી એવું નથી લાગતું. કેમકે એમના વર્ગો બંધ હોય છે.

પ્ર૦ — ત્યારે રવિવાર કેવી રીતે બધા ગાળે છે?

ઉ૦ — વિદ્યાર્થીને દરરોજનાં છાત્રાલયનાં કામ તો હોય જ. પણ તે દિવસે રહેવાના ઓરડાઓની, વિદ્યાલયની, કોઠાર, રસોડાની સફાઈ પણ કરે. પહેરવાનાં કપડાં તો રોજ ધૂએ, પણ બીજાં વાપરવાનાં કપડાં તે દિવસે ધૂએ. હજામત માટે પણ તે જ દિવસ અનુકૂળ છે. આમ બપોરના બાર વાગતા સુધી તો બધા રોકાએલા જ હોય. બાદ કોઈ કાંતે, કપડાં ફાટલાં હોય તો સાંધે અને રમે કરે.

પ્ર૦ — ત્યારે સમૂહ-કાર્યક્રમ બપોર પછી કંઈ ન હોય?

ઉ૦ — દર રવિવારે ન હોય. પણ કોઈ કોઈ રવિવારે શિક્ષકને અનુકૂળ હોય ત્યારે આસપાસનાં ગામો જોવાનો કાર્યક્રમ રાખવામાં આવે. રમતગમત અને આનંદ કરવા માટે કોઈ યોગ્ય સ્થળે જવાનું રાખવામાં આવે. એવે પ્રસંગે સવારે ઢેબરાં બનાવી સાથે અથાણું, દૂધ કે છાશ લઈ જઈએ. ત્યાં આમલીપીપળી જેવી રમતો રમાય, વનભોજન થાય અને સાંજના પાછા ફરે. ચોમાસાની ઋતુ હોય, અને તળાવ ભરાયાં હોય ત્યારે તરવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવે.

પ્ર૦ — ત્યારે તમારે વર્ષમાં રજાઓ હોય છે ખરી?

ઉ૦ — જરૂર. દશેરા, જન્માષ્ટમી જેવા તહેવારો અમે ઊજવીએ છીએ. દશેરાને દિવસે રમતો વગેરેનો કાર્યક્રમ મુખ્ય હોય. જન્માષ્ટમીને દિવસે ગીતાપારાયણ, અને ગોસેવાનો કાર્યક્રમ મુખ્ય હોય. દરેક તહેવારે એક કલાક કાંતણ તો હોય જ. બાકી જે તહેવારો તરીકે જાણીતા છે પણ જેમાં કંઈ રહસ્ય જણાતું નથી તે નથી ઊજવતા. ગીતાજયંતી, બુદ્ધજયંતી જેવા પ્રસંગે કૃષ્ણ અને બુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે સંબંધી વિદ્યાર્થીઓને કહેવામાં આવે. પણ બધા વર્ગો બંધ રાખવામાં ન આવે.

વળી અમે જૂના તહેવારો ઓછા કર્યા પણ એને બદલે રેંટિયા-બારશ, સ્વાતંત્ર્યદિન, તિલકજયંતી, રાષ્ટ્રીય સપ્તાહ વગેરે નવા રાષ્ટ્રીય તહેવારો દાખલ કર્યા છે અને તે ઊજવવામાં આવે છે.

પ્ર૦ — તમારે ત્યાં લાંબી રજાઓ હોય ખરી ?

ઉ૦ — ઉનાળામાં અને દિવાળી પર સામાન્ય રીતે ત્રણ ત્રણ અઠવાડિયાંની અને જન્માષ્ટમી તથા હોળી પર પાંચ પાંચ દિવસની, રજાઓ રાખીએ છીએ. એમાં દિવાળી પર પ્રવાસનો કાર્યક્રમ હોય ત્યારે તેટલો સમય વિદ્યાર્થીઓ ઘેર ઓછું રહે છે.

પ્ર૦ — ઉનાળાને બદલે ચોમાસામાં ખેતીની મોસમ પર રજાઓ રાખવામાં આવે તો વિદ્યાર્થીઓ તેમને ઘેર વધુ ઉપયોગી થઈ પડે એમ ન બને ?

ઉ૦ — હા, જ્યાં સંસ્થામાં ગામના અને આસપાસના છોકરાઓ આવવાના હોય ત્યાં એ વધુ સારું છે એમ લાગે છે. અહીં જે વિદ્યાર્થીઓ આવે છે તેમાંના કેટલાક રજાઓમાં ઘેર અથવા બીજે સગાં તથા મિત્રોને મળીને પાછા વહેલા આવી કામમાં લાગી જાય છે. વળી કાર્યાલયની અને શિક્ષકોની દૃષ્ટિએ આ સમય અનુકૂળ છે. શિક્ષકો બહાર તેમના મિત્રોને મળવા જવા ઇચ્છે તો બીજે રજાઓ હોવાથી મળી શકે છે. કાર્યાલયનું વર્ષ જૂન માસથી શરૂ થાય એટલે મે માસની આખરે તે કામ કરવાને પૂરતો અવકાશ (વર્ગો બંધ હોવાથી) મળી રહે છે.

પ્ર૦ — ત્યારે રજાઓમાં પણ અહીં કાર્ય તો ચાલે જ છે એમને ?

ઉ૦ — વર્ગો બંધ હોય છે. પણ જવાબદાર શિક્ષક તો હોય જ છે.

અમારે ત્યાં રજાઓ નક્કી કરી એટલે રાખવાની જ અને નક્કી કરી નથી પણ જરૂર છે તોય ન રખાય એવું કંઈ જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે જરૂર પડે ત્યારે રજાઓ રાખવામાં આવે છે. જેમકે પૂ. ગાંધીજી બારડોલી આવ્યા ત્યારે વિદ્યાર્થીઓને તેમની મુલાકાતે લઈ ગયા હતા. ત્યાંથી પ્રવાસ કરતા કરતા વિદ્યાલયમાં આવ્યા. એવે વખતે ઉનાળાની રજાઓ ઓછી પણ થઈ જાય.

૪. પ્રાર્થના ફરજિયાત છે?

પ્રશ્ન — તમારા વિદ્યાલયમાં પ્રાર્થના ફરજિયાત છે?

જવાબ — અમારે ત્યાં પ્રાર્થનાનો સમય મુકરર કર્યો છે. તે પ્રમાણે બન્ને વખત સવાર સાંજ લગભગ બધા તેમાં હાજર હોય છે. સવારે કોઈ કોઈ વિદ્યાર્થીઓ ઉઠાડવા છતાં ઊઠી શકતા નથી, તે રહી જાય ખરા. પણ કોઈ જ એવા નથી કે જે નિયમિત અનિયમિત હોય. ઘણા વિદ્યાર્થીઓ વહેલા ઊઠી જાય છે. નવા આવે તે જૂના સાથે ટેવાય છે. અને આવતા થઈ જાય છે.

પ્રશ્ન — પણ પ્રાર્થના ફરજિયાત શું કામ હોય?

ઉત્તર — પ્રાર્થના ફરજિયાત થઈ જ ન શકે. પણ અમારા દૈનિકક્રમમાં બન્ને વખત પ્રાર્થનાના સમય છે. વિદ્યાર્થી દાખલ થતી વખતે સમજીને દાખલ થાય છે કે વિદ્યાલયના નિયમોનું પાલન કરવાનું છે. એ નિયમોનું મહત્ત્વ તેને શરૂઆતમાં એકદમ ન સમજાય એમ બને. પણ અનુભવે તે સમજતો થાય છે. અને જેઓ લાંબો સમય રહ્યા છે તે બધા તો નિયમિત ઊઠતા અને પ્રાર્થનામાં નિયમિત થઈ ગયા છે; એને માટે શિક્ષકની હાજરીની પણ જરૂર નથી પડતી. હું તમને પૂછું કે કોઈ શાન્ત સ્થળમાં સુંદર ભજન સાંભળવાનું કે મિત્ર સાથે સારી સારી વાર્તા કરવાનું તમને ન ગમે?

જવાબ — જરૂર ગમે.

પ્રશ્ન — તો પ્રાર્થનામાં બીજું શું હોય છે? સાચી વાત એમ છે કે શિક્ષકોને પ્રાર્થના ગમે છે કે નહિ? તે પ્રશ્નનો જવાબ વિચારવો જોઈએ. મને પોતાને શાંતિના સમયમાં કોઈ ભજન ગાય એ સાંભળવાનું ગમે છે. એટલે સવારે સાંજે, જ્યારે પ્રાર્થના હોય ત્યારે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું બેસું છું, શ્લોકો ગાઉં છું, ભજન બોલું છું, પવિત્ર વિચારોવાળું પુસ્તક વાંચું છું. એ મને ગમે છે તેથી હું નિયમિત હાજર રહું છુ. અને બધાને તેનો અનુભવ કરવા આમંત્રણ આપું છું.

શરૂઆતમાં વિદ્યાર્થીને સારાખોટાની ખબર નથી પડતી તેથી તે આકર્ષાતો નથી. પણ મને એ કાર્યમાં નિયમિત હાજર રહેતો જુએ છે. હું તેને નિયમિત ઘંટ વગાડીને આમંત્રણ આપું છું. તે પણ આવે છે. શરૂઆતમાં અનિયમિત પણ થાય છે, પણ તે આવતો થાય છે. ધીરે ધીરે તેને રસ જાગે છે અને નિયમિત થઈ જાય છે.

અને તમે જાણો છો કે સારી, ખાવાની ચીજ હોય તેય ટેવ ન હોય તો પ્રથમ ગમતી નથી અને ભાવતી નથી.

વિદ્યાલયમાં કોઈ કોઈ છોકરાને દૂધ શરૂઆતમાં ભાવતું ન હતું. કેટલાકને ઘઉંના લોટની ઘીવાળી ગળી રાબ ભાવતી ન હતી. પણ મને તેના ગુણની ખબર હતી અને ભાવતી હતી. પહેલે દિવસે બનાવી ત્યારે મે પીધી. બીજા થોડાએ ચાખી. કેટલાક તો અડકયા જ નહિ. પણ ધામે ધામે એટલી ભાવી ગઇ કે હવે તે ઓછી પડે છે. જેમ ખાવાના સ્વાદનું છે તેમ પ્રાર્થનાનું છે. મને તે ગમે છે એટલે હું તેમાં હાજર રહું છું. તે વખતે કેટલાક અનિચ્છાએ શરમથી ના પાડી શકતા નથી, નિયમ છે વગેરે બહાના હેઠળ આવે છે. પછી તેમાં રસ પડે છે. આમ અહીંનો મારો અનુભવ છે.

પ્રશ્ન — પ્રાર્થનામાં રસ આવે એ માટે કંઈ પ્રયત્ન કરો છો?

ઉત્તર — અમારે ત્યાં પસંદ કરેલા શ્લોક છે તે બન્ને વખત નિયમિત બોલાય છે. એ ઉપરાંત ભજન જુદાં જુદાં ગવાય છે. સમયાનુસાર વાંચન પણ હોય છે. કંઈક પ્રસંગને લગતું કહેવા જેવું હોય તે કહેવામાં આવે છે.

પ્રશ્ન — દિવસમાં પ્રાર્થનાના સમય કયા કયા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર — સવારે પાંચ વાગે, સાંજે સાત–આઠ વાગે (ઋતુ પ્રમાણે ફેરફાર હોય) અને અક્ષરજ્ઞાનના વર્ગો શરૂ થતા પહેલાં સવારે – આમ ત્રણ વખત નિયમિત થાય છે.

૫. પરીક્ષાઓ ખરી કે ?

"વિદ્યાર્થી" શબ્દ સાથે જ "પરીક્ષા" શબ્દ પણ યાદ આવે છે. એટલો આજકાલ એ એની સાથે સંબંધ જોડાઈ ગયો છે.

વિદ્યાલયની શરૂઆત થયાને ચાર માસ થયા એટલે વિદ્યાર્થીઓ અને શિક્ષકો મને પૂછવા લાગ્યા કે છ માસિક પરીક્ષા ક્યારે રાખીશું? અને વળી કહેતા કે આગળથી પરીક્ષાની ખબર હોય તો અમને તૈયારીનો વખત મળે અને અભ્યાસક્રમ પણ ચોક્કસ હોય તો તેટલું શીખવી શકાય.

મને આ વાત સમજાતી નહિ. એનો અર્થ એમ ન હતો કે હું તેમની દૃષ્ટિ સમજતો ન હતો. પણ મને વિચાર આવતો કે અમારી સાથે વિદ્યાર્થીઓ રહે છે. અમે રોજ તેમને ભણાવીએ છીએ. તેને લખાવીએ છીએ, વંચાવીએ છીએ. તેની પરીક્ષા રોજ થાય જ છે. પછી ખાસ પરીક્ષા શું કામ? ઠીક, કદાચ જુદી પરીક્ષા રાખીએ તો આગળથી જણાવવાનું શું પ્રયોજન? જે સ્વાભાવિક આવડતું હશે તે જ સાચું; બાકી પરીક્ષા પૂરતું જ યાદ રાખે તેથી તેના જીવનને શો લાભ?

આવા વિચારો મને આવતા. એટલે હું પરીક્ષાનો વિચાર કરતો ન હતો. હું તેમને કહેતો કે તેમની પરીક્ષા રોજ થાય જ છે. પણ તેથી વિદ્યાર્થીઓને અને શિક્ષકોને પણ સંતોષ થતો ન હતો.

વધારે વિચાર કરતાં મને એટલું લાગ્યું કે વિદ્યાર્થીની રોજ પરીક્ષા થાય છે એ સાચું; પણ આખા સત્ર દરમિયાન કે વર્ષ દરમિયાન તેને પોતાના ભણતરનો એક સાથે ખ્યાલ આવે એ જરૂરનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે એવું નક્કી કર્યું કે—

૧. સત્રાંતે પરીક્ષા રાખવી. પણ ક્યારે કયા વિષયની પરીક્ષા થશે તે આગલે દિવસે જણાવવું તેની તૈયારી માટે સામાન્ય કાર્યક્રમમાં ફેરફાર ન કરવો. રોજની તૈયારી એ જ તૈયારી ગણવી.

૨. ઉદ્યોગ-શિક્ષણમાં પણ લેખિત અને પ્રત્યક્ષ કાર્યની પરીક્ષા લેવી.

આ પ્રમાણે પરીક્ષાઓ થતી તેમાં કેટલાક વિદ્યાર્થીઓ ઉદ્યોગમાં પાસ થાય અને અક્ષરજ્ઞાનના અભ્યાસમાં નાપાસ થાય અથવા તેથી ઊલટું પણ બનતું. પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોવાથી અમારે કોઈ વખતે કોઈની એક વિષયની પ્રગતિને રોકવાની જરૂર નથી પડી. અભ્યાસમાં આગળ હોય તેને વધુ અભ્યાસ કરવાની તક મળી છે અને ઉદ્યોગમાં આગળ હોય તે તેમાં પ્રગતિ કરી શક્યો છે. વર્ગપદ્ધતિ હોવા છતાં તેની પ્રગતિ ન રુંધાય એવા પ્રયત્નો કર્યા છે. ટૂંકમાં વ્યક્તિગત વિકાસની પૂરતી તક સંખ્યા મર્યાદિત હોવાને કારણે મળી રહી છે. જેમ વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય તેમ વ્યક્તિગત પૂરા વિકાસને અવકાશ ઓછો મળે એ સ્વાભાવિક છે. આમ પરીક્ષાઓ લેવાતી પણ તે માટે વિદ્યાર્થીઓને ઉજાગરા કરવાના હતા જ નહીં. અમારે ત્યાં પાંચ કલાકનો અભ્યાસક્રમ નથી પણ ચોવીસ કલાકનો છે. તેમાં ઉદ્યોગ વગેરે પણ હોય. તેમાં તૈયારી જેવું શું હોય?

સત્રાંતે બધાની પરીક્ષા થાય. તેથી વિદ્યાર્થીઓને પોતાને પણ પોતે કેટલું શીખ્યા તે જાણવાની તક મળે. આ પદ્ધતિથી વિદ્યાર્થીઓને અભ્યાસ ઓછો થયો એમ નથી થયું. પણ પરીક્ષા પૂરતું ભણવાની વૃત્તિ ન રહી એટલે જીવનની દૃષ્ટિએ ભણતરનો વિચાર કરવાની અનુકૂળતા મળી અને વધુ ધ્યાનથી ભણવાની વૃત્તિ થઈ એવો અનુભવ છે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. ઉદ્યોગમાં રેંટિયો જ કેમ ?

પ્રશ્ન — તમે તો ફકત ખાદીનો જ ઉદ્યોગ રાખ્યો છે એમ કેમ ? ખાદી સાથે સીવણ, સુથારી, લુહારી અને ખેતી જેવા ઉદ્યોગો રાખી શકાય. વળી ખેતી શીખીને તો ઘેર પણ સુધારો કરી શકે.

ઉત્તર — તમે જે પ્રશ્ન કર્યો તેમાં ઘણા પ્રશ્નો સમાયા છે. આપણે એક પછી એક ઉદ્યોગનો વિચાર કરીએ.

પહેલું એ યાદ રાખવાનું કે આ વિદ્યાલય જેવી નાનકડી સંસ્થામાં અનેક ઉદ્યોગો હોય તો આર્થિક દૃષ્ટિએ અતિ ખર્ચાળ થાય. ૩૦ જેટલા વિદ્યાર્થીઓ હોય અને તેમાં ત્રણ ચાર ઉદ્યોગો હોય તો કોઈમાં બે વિદ્યાર્થી હોય તો કોઈમાં બાવીસ હોય.

અમે શરૂઆતમાં જ ઉદ્યોગોનો વિચાર કરતા હતા ત્યારે એક વખત વિદ્યાર્થીઓને પોતાને કયો ઉદ્યોગ શીખવાનું પસંદ છે એમ પૂછ્યું તો માલૂમ પડ્યું કે ત્રીસ વિદ્યાર્થીઓમાં બાવીસ વિદ્યાર્થીઓએ સીવણ શીખવાની ઇચ્છા દર્શાવી હતી.

પ્રશ્ન — જો એટલા બધા વિદ્યાર્થીઓ એ ઉદ્યોગની તરફેણ કરનારા હતા તો તમે કેમ તે ઉદ્યોગ ન રાખ્યો ?

ઉત્તર — આપણે પહેલા પ્રશ્નનો વિચાર કરી લઈએ. હું કહેતો હતો કે એક ઉદ્યોગ એક નાની સંસ્થામાં હોય તો તે બધાનું — શીખવનારનું અને શીખનારનું ધ્યાન તે ઉદ્યોગ તરફ કેન્દ્રિત કરવામાં સહેલું પડે. એક ઠેકાણે બે ત્રણ ઉદ્યોગ હોય ત્યાં કેટલાક ઘડીકમાં એક શીખવાનો વિચાર કરે અને ઘડીકમાં બીજો. એમ વારાફરતી બદલ્યા કરે અને સ્થિરતા ન રહે. એની અસર બધા પર થાય. એટલે સારી સ્થિતિ એ છે કે આવી સંસ્થામાં મુખ્ય એક ઉદ્યોગ હોય. બાકી બીજા બધા ગૌણ હોય. એ રીતે જોઈએ તો અમારે ત્યાં ખાદી ઉદ્યોગ મુખ્ય છે અને ખેતી, ગોસેવા વગેરે ગૌણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન — ખાદીનું શિક્ષણ મુખ્ય કેમ છે? સીવણ કેમ નહીં?

ઉત્તર — ૧ ખાદીનું શિક્ષણ રાષ્ટ્રીય છે. ૨ એ ઓછામાં ઓછી જગા, ઓછામાં ઓછાં સાધનો અને ઓછામાં ઓછા ખર્ચે સહેલાઈથી શીખી-શીખવી શકાય છે. ૩ ગરીબમાં ગરીબને તેમ જ કોઈને પણ સ્વાવલંબી કરવામાં મદદગાર છે. ૪ સેવા કરવાની ઇચ્છા રાખનારને સેવાનું મોટું ક્ષેત્ર પૂરું પાડનારો છે. ૫ થોડું શીખેલો પણ ઘેર જઈ પોતાની આવકમાં વધારો કરી શકે છે. ૬ તે શીખીને તૈયાર થાય તે બધા ખાદીક્ષેત્રમાં સમાઈ શકે. શીખીને બેકાર બનવાનો સંભવ નથી. ૭ દેશમાં કરોડો વિદ્યાર્થીઓ છે. તે બધા શીખે તોય તેના ઉત્પન્નની ચિંતા કરવા જેવું નથી. પણ તેથી ઊલટું તે કાપડનું પરાવલંબન ટાળી શકે એમ છે. તે જીવનની મુખ્ય જરૂરિયાત ખોરાક પછી કાપડની છે તે પૂરી પાડનારો છે. ૮ ખેતી સાથે ઢોરઉછેરની જેમ ખાદી સહઉદ્યોગ છે એટલે દરેક છોકરો તે શીખી લે અને ઘરનાં બધાને શીખવે તો નવરાશના સમયમાં ઉપયોગી વસ્ત્રો બની રહે છે. આમ તે ઉદ્યોગ બધાને લાભદાયી છે. એટલે તેને શિક્ષણમાં સ્થાન આપવામાં આવ્યું છે.

પ્ર૦ — એવી રીતે તો ખેતીનું શિક્ષણ પણ અતિઆવશ્યક છે.

ઉ૦ — જરૂર. પણ તે શીખવવા માટે ઘણાં સાધનો જોઈએ. જમીન, કૂવો, પાણી કાઢવાનાં સાધન ઇ૦ જોઈએ. એટલે મોટા પાયા પર તે ઉદ્યોગનું શિક્ષણ આપી શકાય. એ માટે ખર્ચ પણ ઘણો કરવો પડે. વળી જેની પાસે જમીન, પાણીનું સાધન હોય તેમને જ તે શીખીને કામ લાગે. જેની પાસે બે ચાર વીઘાં જમીન હોય, મૂડી ન હોય, તેમને મદદ કરવા માટે ખેતીના શિક્ષણના પ્રયોગો થવા જોઈએ. પણ તે માટે રાજ્યનો સાથ હોય તો બને. આ રીતે તે ઉદ્યોગ જીવનની પ્રથમ જરૂરિયાતનો હોવા છતાં આજે અહીં શીખવવો મુશ્કેલ છે. વળી અહીં આવનાર વિદ્યાર્થીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમર જોતાં પણ અભ્યાસ સાથે ખાદીનો ઉદ્યોગ જ વધારે બંધ-બેસતો થઈ શકે છે.

તેમ છતાં બે વીઘાંવાળો પણ પોતાના ઘરના વાડામાં કે ખેતરમાં સુધારા કરી શકે. એ માટે અમે મનુષ્યના કિંમતી મળના ખાતરનો ઉપયોગ કરી શાકભાજી ઇ૦ વાવીએ છીએ. નાહવાનું નકામું પાણી કે એંડ્રવડન પાણી હોય. ઝાડનાં સૂકાં પાન હોય કે એવી નકામી ચીજો, એ બધી ખાતરમાં કેટલા ઉપયોગી થાય છે એ બધા જાતઅનુભવથી જોઈને શીખે છે.

પ્ર૦— પણ હવે સીવણના ઉદ્યોગનું શું ?

ઉ૦— અમારે ત્યાં એક વાર્ષિક ઉત્સવ પ્રસંગે શ્રી. નરહરિભાઈ એ કહ્યું હતું અને તે સાચું જ છે કે સીવણનો ઉદ્યોગ તે ઉદ્યોગ કરનારને તેજસ્વી નથી બનાવતો. એ શરીરશણગારને લગતો ઉદ્યોગ હોઈ લોકોની ફૂટડા દેખાવાની વૃત્તિને પોષનારો ઉદ્યોગ છે. તેથી જ એ ઉદ્યોગ કરનાર માણસમાં તેજ નથી આવતું. વળી એ ઉદ્યોગમાંથી શરીરને, બુદ્ધને કે હૃદયને પોષક થાય એવી કેળવણી મળે એમ નથી. ઉદ્યોગ તરીકે તે થોડાક પૈસાદાર લોકોની મોજશોખની વૃત્તિને પોષવાનું કામ કરે છે. એ ઉદ્યોગ શહેરમાં જ ચાલી શકે એવો છે. આપણે તો ગામડાને સ્વાવલંબી અને તેજસ્વી બનાવે એવા ઉદ્યોગ ચલાવવા છે. છતાં દરેક પોતાના અંગત ખપપૂરતું સીવણ— પોતાનાં પહેરણ-ચદ્દી સીવી લેવાં, થીગડાં મારવાં, બટન બનાવવાં ઇ૦ શીખે લે એ જરૂરનું છે અને તે અહીં શીખવાય પણ છે.

વળી આ ઉદ્યોગ શીખવવાનો વિચાર અમારામાં એક બે ભાઈઓને આવ્યો ત્યારે ખાદી સાથે તેનો મેળ પણ ન બેસે એમ લાગ્યું. કેમકે, ધારો કે સીવણ શીખવવાનું શરૂ કર્યું, તો શું સીવવું ? મિલમાં કપડાં સીવવાં ? ખાદીનાં એટલાં કપડાં લાવવાં ક્યાંથી ? પાસે મોટું શહેર ન હતું. અને જે શીખને જાય તે ખાદી જ સીવવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ/23 ૨૫૦૭૫
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો? આ દલીલો સાંભળીને સીવણનો ઉદ્યોગ દાખલ કરવા વિષે પ્રશ્ન કરનાર ભાઈ પણ વિચારમાં પડી પયા.

પ્ર૦ — ત્યારે સુથારી દાખલ કરો તો શું? એમાં આવી મૂંઝવણ ઊભી ન થાય.

ઉ૦— સુથારી શીખવવાનો અમે પ્રયત્ન કર્યો હતો. એટલે તેનો અનુભવ ટૂંકમાં જણાવું.

અમે સુથારીશિક્ષણ દાખલ કરવાનું નક્કી કર્યું ત્યારે તેના શિક્ષક શોધતાં એક શિક્ષક મળ્યા ખરા.

તે ભાઈ ઉત્સાહી હતા. પણ તેમને બીડીનું વ્યસન હતું એમ જાણ્યું. વિદ્યાર્થીઓએ બીડી તરતમાં છોડેલી હતી એટલે એમની ટેવથી વાતાવરણ બગડશે એવો ભય હતો. પણ સદ્‌ભાગ્યે તે ભાઈએ અમારા વાતાવરણને અનુકૂળ થઈ બીડી છોડી અને ચા પણ છોડી. બાદ ધીમે ધીમે ખાદી પહેરી અને પોતાનાં બાળકોને પણ પહેરાવી. આમ અમારી એક ચિંતા તો તેમણે દૂર કરી. અમને થયું કે હવે વિદ્યાર્થીઓને કુટેવ શીખવાનું નહીં જ મળે.

બાદ તે ઉદ્યોગમાં ચાર વિદ્યાર્થીઓ જોડાયા. શરૂઆતના એક માસમાં તેમાંથી જે માલ તૈયાર થયો તે બહુ થોડો હતો તેથી અમે તેનો નિકાલ કરી શક્યા. પણ પછી કયો માલ તૈયાર કરવો એ પ્રશ્ન થયો. રેંટિયા બનાવવાની ઇચ્છા થતી, પણ તે માટે ત્યારે આસપાસ ઘરાક ન મળે. વળી શિક્ષકને માટે પણ તે નવી ચીજ હતી. તેમને ટેબલ, ખુરશી, કબાટ બનાવવાનું ગમે. વિદ્યાર્થીઓને પણ તે ગમે. પણ એ ખુરશી અને કબાટ લે કોણ? ત્યારે બનાવવું શું? થોડો વખત ખોરાક રાખવાનાં પાંજરાં, ટેબલ ઇ૦ પરચૂરણ સાધનો બનાવ્યાં. પણ એમ લાંબો વખત ક્યાં સુધી ચાલે? અમે શહેરની જરૂરિયાતની દૃષ્ટિએ વિચાર કરતા હોત તો કદાચ કેટલીક ચીજો તૈયાર કરી શહેરમાં બજાર શોધત. તે મળત કે નહિ એ જુદી વાત. પણ અમને થતું કે એ પાંચ છોકરાઓને ધંધો શીખવવા

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે મૂડી રોકવી, શિક્ષકનું ખર્ચ કરવું અને તે ઉપરાંત માલ વેચવા અને ઑર્ડર મેળવવા માટે વળી કેટલો પુરુષાર્થ કરવો? જો વધારે વિદ્યાર્થીઓને શીખવવાનું હોય તો મેટું બજાર જોઈએ. જેમ દૂર માલ મોકલવાનો હોય તેમ ખર્ચ વધુ થાય અને મોંઘો પડે. વળી તે શીખીને વિદ્યાર્થી શહેરમાં જઈને પોતાનો ધંધો કરે તો જ પોષાયને? ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ લઈને કોમનું અને દેશનું શું ભલું કરી શકે? આમ વિચારો આવતા અને શહેરનું બજાર શોધવાના વિચારો ઊડી જતા.

પછી અમે ગામડાના લોકોની જરૂરિયાતની ચીજો બનાવવાનું નક્કી કર્યું અને ચોમાસું હતું તેથી હળ ૪૦ સાધનો મફત સુધારી આપવાનું જાહેર કર્યું.

પણ અમારે ત્યાં ફક્ત એકાદ બે ખેડૂત ભાઈઓ જ ખેતીનાં ઓજારો સુધરાવવા આવ્યા. મેં તપાસ કરી ત્યારે જાણ્યું કે, લોકો મફત કામ કરી આપવા છતાંય નથી આવતા તેનું કારણ એ છે કે 'વિદ્યાલયમાં સાધન સુધરાવવા આવવા માટે તો અમુક વખતે જ આવવું પડે, ત્યાં રવિવાર આવે, મહેમાન આવે, અમુક અમુક પ્રસંગે રજાઓ આવે અને વર્ગ બંધ હોય, શિક્ષક પણ રજા પર ગયા હોય. એથી એવા પ્રસંગે અમારે ગામના સુથારને શોધવો પડે અને વાર્ષિક અનાજ તો આપવું જ પડે. અમારા સુથાર પાસે તો ચોમાસામાં ખોટી થવાપણું રહે નહિ, ગયા એટલે તરત સુધારી આપે. વહેલું મોડું કરી આપે. એટલે તમારે ત્યાં દૂર કોણ આવે?'

મને લાગ્યું કે આ હકીકત સાચી છે. પછી અમે ગામડાની જરૂરિયાતની ચીજોનો વિચાર કરવા લાગ્યા ત્યાં તો અમને નિરાશા મળી. લાકડાની ચીજોની જરૂર તો હોય પણ તે ખરીદી શકે નહિ અને ખરીદે તો રાખવાની જગાનું ઠેકાણું ન હોય. વળી તે ચીજ બજારમાંથી સસ્તી પણ મળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ અમારો તે વર્ગ એક સત્ર ચાલી બંધ થયો.

હવે તમે સમજ્યા હશો કે ઉદ્યોગમાં રેંટિયો જ કેમ?

૭. ઉદ્યોગમાં શિક્ષણ છે ખરું?

આ પ્રશ્ન ભણેલાઓ ઠીક ઠીક પૂછતા આવે છે.

અમારે ત્યાં કોઈ કોઈ રાષ્ટ્રીય ભાવનાવાળા આવે તેઓ પણ કહે કે આ તો વિદ્યાલય છે. અહીં તો રેંટિયાનું કામ શીખવાતું દેખાય છે. જો વિદ્યાર્થી રેંટિયો જ ચલાવ્યા કરે તો શિક્ષણ ક્યાંથી મળે?

ઉત્તરઃ—તમારી વાત સાચી છે. માત્ર રેંટિયો કાંત્યા કરવાથી શિક્ષણ નથી મળી શકતું. પણ જો વિચારપૂર્વક રેંટિયો કાંતે તો તો એમાં ઘણું શિક્ષણ રહેલું દેખાય. એકલો રેંટિયો શા માટે? કોઈ પણ કામ. કોઈ પણ ઉદ્યોગ, વિચારપૂર્વક અને શિક્ષણની દૃષ્ટિએ શીખવવામાં આવે તો એમાંથી ઘણું શીખવાનું મળે. ખેતી મારફત ખેડૂતને ઓછું શિક્ષણ મળે છે? તેવું જ રેંટિયા વિષે છે.

પ્રશ્નઃ—પણ આ રેંટિયો શીખતાં કેટલી વાર? તમે તો એ શીખવા માટે છ માસ જોઈએ એમ કહો છો. પણ હું તો બે દિવસમાં શીખી ગયો. એમાં શું શીખવાનું છે?

ઉત્તરઃ—ત્રાક ઉપરથી તરાગડો કાઢતાં આવડ્યો એટલે કાંતતાં શીખી ગયા એમ ન કહેવાય. એક સરખા વળવાળું મજબૂત સૂતર કલાકની અમુક ગતિથી, ધારેલાં આંકનું કાંતતાં આવડે, તાર-ગણતરીની ભૂલ ન હોય, તાર ઓછા તૂટે અને કચરો ઓછો પડે, ત્યારે કાંતતાં આવડ્યું કહેવાય. કોઈ પણ આંકનું સૂતર પારખતાં અને પોતાના જુદી જુદી જાતના કાપડની જરૂરિયાત પ્રમાણે કાંતતાં આવડે એ પણ આવશ્યક છે.

વળી રેંટિયાના કોઈ પણ દોષ શોધીને સુધારતાં આવડે, બીજાને કાંતતાં શીખવતાં આવડે, માળ બનાવતાં આવડે, સાંધ કરતાં આવડે, કસ-સમાનતા કાઢતાં આવડે, તેના હિસાબ રાખતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવડે, બધી જાતના રેંટિયા પર એ જ રીતે કાંતતાં અને શીખવતાં આવડે ત્યારે આવડયું ગણાય.

વળી તેમાં નવા નવા સુધારા થાય, તેમ તેમ તેના જ્ઞાનમાં વૃદ્ધિ કરતો રહે તો તે ટકી શકે.

પ્રશ્નઃ—આ તો ઘણી વાતો થઈ.

ઉત્તરઃ—ના, હજી તો ઘણું બાકી છે. રેંટિયો કાંતવો જ શા માટે? ફક્ત કપડાં માટે? કપડું તો મિલમાંથી પણ મળે છે. મિલને રેંટિયો પહોંચી શકવાનો! આ બધું શા માટે?

રેંટિયાને દેશની સાથે શો સંબંધ? ગરીબોની સાથે શો સંબંધ? સ્વરાજ્ય સાથે શો સંબંધ? આ બધું જાણીએ અને જાણ્યા પછી પણ રેંટિયો કાંતીએ એટલું જ નહિ, પણ હિન્દના ગામડે ગામડે રેંટિયો ગૂંજતો થાય, એવા પ્રયત્નો કરીએ ત્યારે રેંટિયો આવડ્યો કહેવાય.

રેંટિયા માટે પૂરું જાણવા માટે તો આથી પણ વધારે સવાલો જાણવા પડે. એની પૂણીનું શું? એના કપાસનું શું? એ કપાસ પરદેશથી લાવવો કે દેશમાં ઉગાડવો? આ બધા પ્રશ્નોનો વિચાર કરે તો કેટલું જ્ઞાન વધે? રેંટિયા પાછળ આ બધું શિક્ષણ પડયું છે.

પ્રશ્નઃ—રેંટિયા દ્વારા તમે આવું બધું ભણતર ભણાવવા માગતા હો તો તો પછી શું બાકી રહ્યું?

ઉત્તરઃ—બાકી તો હજી ઘણું રહે છે. માણસને માહિતી મળી ગઈ, અમુક બાબતોનું જ્ઞાન થઈ ગયું એટલે એ કંઈ પૂરો શિક્ષિત થયો ન કહેવાય.

સાચું શિક્ષણ તો જેણે સારી સારી ટેવો પાડી હોય, સારા સારા ગુણો કેળવ્યા હોય અને શીખેલું આચારમાં મૂકતો હોય, એણે મેળવ્યું કહેવાય.

પ્ર૦ — પણ આટલું બધું જાણતો હોય તે તો સારાં કામો કરે જ ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉ૦ — ના, એવું નથી. એવું કેટલુંય છે જે આપણને ગમે છે, સારું લાગે છે, પણ આપણે આચરી શક્તા નથી. એ આચરવા માટે તો ટેવ પાડવી પડે છે, કસરત કરવી પડે છે. આવી ટેવ પાડવાની શક્તિ આ ખાદી શિક્ષણમાં છે. રેંટિયો ઠંડો દેખાય છે, બેડાહુ દેખાય છે, કંટાળો આપે એવો દેખાય છે, પણ એ જ રેંટિયાને વિદ્યાર્થી સમજ અને રસપૂર્વક પકડે છે ત્યારે એમાંથી બધો કંટાળો ચાલ્યો જાય છે, અને ખાદી પેદા થાય છે. વારંવાર તૂટતા તાર સાંધવા જતાં ધીરજનો ગુણ કેળવાય છે. ફરીથી એ તાર તૂટે નહિ એ માટે શું કરવું એનો વિચાર કરતાં એની સૂઝ ખીલે છે. કાંતવાની કળા હાથ ન આવે ત્યાં લગી એને વળગી રહેવા જતાં ચીવટતાનો ગુણ આવે છે.

કાંતણ, પીંજણ કે વણાટ સુંદર બનાવવા જતાં કાર્યકુશળતા વધે છે. કોઈ પણ કામમાં એકાગ્ર થવાની તન્મયતા આવે છે. આમ જીવન વિકસાવવા માટે જે કેટલાક આવશ્યક ગુણો ને ટેવો જોઈએ તે ખાદીશિક્ષણ મારફત સધાય છે.

વળી પોતાની કૃતિ જોઈ બાળકને કેવો આનંદ થાય છે? આમ કપાસ વાવવાથી માંડીને કાપડ તૈયાર થતા સુધીની બધી ક્રિયાઓનું અને તેના શાસ્ત્રના અભ્યાસનું તથા હિસાબીકામનું શિક્ષણ ખાદીમાં સમાઈ જાય છે. અને તેની સાથે કેટલાક આવશ્યક ગુણોનું સીંચન થાય છે.

પ્ર૦ — ખાદીમાં શિક્ષણ છે જ એ સમજાય છે. પણ તેની પરીક્ષાઓ ખરી કે?

ઉ૦ — હા. તેની પણ લેખિત અને પ્રત્યક્ષ કાર્યની પરીક્ષાઓ થાય છે. એ માટેની તૈયારી તો રોજ નિયમિત શીખ્યા હોય તે જ હોય છે. રોજના તેના કામની નોંધ હોય, કલાક કલાકની ગતિની નોંધ હોય, મૌન રાખી નિયમિત કાંતતો પીંજતો હોય, તો તે ઝપાટામાં પ્રગતિ કરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારે ત્યાં તમે પૂછો છો તેવા જ પ્રશ્નો વિદ્યાર્થીઓ અધીરા બનીને પૂછતા હતા, પણ અનુભવ થયે તેમને આ બધાનો ઉકેલ દેખાતો જાય છે.

પ્ર૦ — હવે છેલ્લો પ્રશ્ન પૂછી લઉં ? આ એકધારા એક જ જાતના ઉદ્યોગથી વિદ્યાર્થીઓને કંટાળો નથી આવતો ?

ઉ૦ — આમાં એકધારો અને એક જાતનો ઉદ્યોગ ક્યાં છે ? તમે કહ્યું તેમ શરૂઆતમાં શીખનારને થોડું કંટાળા જેવું લાગે ખરું, પણ તેનું કારણ તે નિયમિત ત્રણ ચાર કલાક એક સાથે કામ કરવા ટેવાયો નથી તે છે. એ ટેવ પડ્યા પછી તો તેને સમયની કે ઘંટની ખબર નથી પડતી. તેને અનેક સાધનો પર અનેક ક્રિયાઓ કરવાની હોય છે તેથી વિવિધતા પણ ઘણી મળે છે.

આ ઉપરાંત છાત્રાલયનાં કામ તથા બીજાં કામોમાં પણ શિક્ષણ રહેલું છે. એ રીતે વિદ્યાલય આખો દિવસ શિક્ષણમય બની જાય છે.

૪

છાત્રાલય

૧. રાચરચીલું

છાત્રાલયમાં વિદ્યાર્થીઓના રાચરચીલા વિષે વિચાર કરવા જેવું ઘણું છે. અમારા છાત્રાલયમાં રાચરચીલું ઓછામાં ઓછું હોય છે. વિદ્યાર્થીજીવન ખડતલ અને સંયમી, સ્વચ્છ અને સુઘડ હોવું જોઈએ, એ રીતે તેનું ઘડતર થાય એ માટે તેનાં પથારી અને ઓઢવા માટે ગાદલાં – રજાઈ નથી રાખવામાં આવતાં. ઓઢવા માટે સુતરાઉ ચાદર. અને ગરમ કામળા તથા પાથરવા માટે ગરમ બિછાનું, શેતરંજી અને સફેદ ચાદર હોય છે. તે બધાં શુદ્ધ ખાદીનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. તે બધાં ગમે ત્યારે ધોઈ શકાય છે. પ્રવાસમાં પણ તે લઈ જઈ શકાય એવાં હોય છે. પોતાને ઘેરથી બિસ્તરો લાવવા ઇચ્છે તે પણ ઉપર મુજબનો લાવવાનો આગ્રહ હોય છે.

વિદ્યાર્થી બીમાર પડે ત્યારે ગાદલાની જરૂર હોય તો તે આપવામાં આવે છે. અને એ માટે વિદ્યાલયમાં થોડાં ગાદલાં રજાઈ રાખવામાં આવે છે, જે મહેમાન આવે ત્યારે પણ ઉપયોગમાં આવે છે.

વિદ્યાર્થી પાસે પુસ્તકો બહુ ઓછાં હોય છે. કેમકે તેમને જે પુસ્તકો વાંચવાની જરૂર હોય તે પુસ્તકાલયમાં રાખવામાં આવે છે. પાઠ્યપુસ્તકો માટે પણ કેટલાક સેટ રાખવામાં આવે છે. વિદ્યાર્થી ખરીદવા ઇચ્છે તો ખરીદે; નહીં તો તેને વિદ્યાલય તરફથી અભ્યાસ પૂરતાં આપવામાં આવે છે.

વાચનાલયમાં દૈનિક, સાપ્તાહિક અને માસિકો હોય છે, જેનો તે છૂટથી જ્યારે ઇચ્છે ત્યારે ઉપયોગ કરી શકે છે. અને તે વધુ ઉપયોગ કરી શકે એ માટે માસિક વગેરેમાં અગત્યના લેખો હોય તેની જુદી નોંધ એક કાર્ડબોર્ડ પર રાખવામાં આવે છે.

ઉદ્યોગ-સાહિત્યમાં રેંટિયો દરેકનો સ્વતંત્ર હોય છે. અંગત જરૂર માટે થાળી, વાટકો, લોટો, ડોલ ઇ૦ હોય છે, તે બધાને રાખવા માટે નિશ્ચિત સ્થાન હોય છે.

વિદ્યાર્થી દાખલ થાય ત્યારે ઉપર જણાવેલો 'સેટ' લોન તરીકે આપવામાં આવે છે.

પ્ર૦— તમે વિદ્યાર્થીને દાખલ થતાં શરૂઆતમાં કેટલો સામાન આપો છો?

જ૦— તેની એક યાદી છે તે તમને બતાવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીને દાખલ કરતી વખતે આપવામાં આવતાં સાધનો

	રૂા. આ. પા.
૧ શેતરંજી	૪—૦—૦
૧ ચાદર	૧—૦—૦
૧ સુતરાઉ ચોરસો	૨—૮—૦
૧ ગરમ પાથરણું	૧-૧૦—૦
૧ બેસવા માટે નાનું આસન	૧ ૦—૦
૧ થાળી, વાટકો, લોટો	૧-૧૦—૦
૧ સામાન રાખવાની પતરાની પેટી	૧—૦—૦
૧ ડોલ	૧—૦—૦
૨ તકલી	૦—૪—૦
૧ યરવડાચક્ર	૪—૦—૦
વર્ગ માટે પુસ્તકો	. . . . (લોન)
	૧૮-૦—૦

નોંધ :— આ કિંમત સન ૧૯૩૯ની છે.

૨ શિષ્યવૃત્તિનું ધોરણ

જ્યારે વિદ્યાલય શરૂ થયું ત્યારે જે અંદાજપત્ર મંજૂર થયેલું મેં જોયું તેમાં વિદ્યાર્થી દીઠ વાર્ષિક ૧૦૦) રૂપિયા મંજૂર થયેલા, એમ યાદ આવે છે. સામાન્ય રીતે શિષ્યવૃત્તિ આપવાની પ્રથા છે ત્યાં નક્કી કરેલી રકમ દર મહિને વિદ્યાર્થીને આપવામાં આવે છે. તે રકમમાંથી ખર્ચ જતાં બચે તો ઘેર લઈ જાય, અને ખૂટે તો ઘરના ઉમેરે એવો નિયમ હોય છે. એ સંબંધી સંસ્થાને એ બાબત કંઈ વિચારવાનું હોતું નથી. પણ જ્યાં જવાબદાર મોટા વિદ્યાર્થી હોય ત્યાં એ યોગ્ય હોવાનો સંભવ છે. પણ નાના વિદ્યાર્થીઓ— જેમને પૈસા ખર્ચવાની જરૂર છે કે નહિ તેની ખબર નથી અને એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે કદી પૈસા ખર્ચ્યા નથી — હોય ત્યાં શું? અહીં જે વિદ્યાર્થીઓ આવ્યા હતા તેઓમાં કેટલાક તો નાના હતા. વળી વિદ્યાર્થી કરકસર શીખે, નકામી પાઈ પણ ન ખર્ચે એવી ટેવ પડે, એવું શિક્ષણ તેને મળવુ જોઈએ. જે વિદ્યાર્થીઓ આવતા તેમની પાસે દાખલ થતી વખતે જૂજ પૈસા હોય અને કેટલાક પાસે કંઈ ન હોય. કેટલાક પાસે તો કપડાંની બીજી જોડ પણ ન હોય. કેટલાક એવા હતા કે જેના હાથમાં કદી પૈસો પહોંચ્યો જ ન હતો. અને એ એવા સમાજમાંથી આવ્યા હતા કે મહેનત કરીને પૈસા મેળવે તોય જરૂર પડયે સાચવીને વાપરતાં આવડે નહિ.

વિદ્યાર્થીઓ બધા એક અમુક વિભાગના જ આવ્યા ન હતા. પણ જિલ્લાના બધા તાલુકાઓમાંથી અને ઉપરાંત ગાયકવાડી પ્રદેશમાંથી પણ આવ્યા હતા.

કેટલાંક માબાપ તો એમ કહેતાં કે આ દીકરો તમને સોંપ્યો. કોઈ કોઈ માબાપ વિદ્યાલયમાં આવીને જોયા બાદ પોતાના દીકરાને મોકલતા તો કોઈને કોઈના તરફથી ખબર મળતા એટલે મૂકવા આવતા. કોઈ કોઈ તો જાતે મૂકવા પણ ન આવે પણ કોઈ ઓળખીતા સાથે મોકલી આપે. એવી રીતે એક વખત એક પિતા પોતાના પુત્રને લઈ સવારે દશેક વાગ્યે વિદ્યાલયમાં આવ્યા. તેમની સાથે વાત કરતાં જાણ્યું કે તે ૩૦ ગાઉ દૂરના વાત્રક નદી પરના કાંઠાના ગામથી આવે છે. તેમને આ વિદ્યાલયમાં ઉદ્યોગ શીખવે છે એમ ખબર મળી તેથી તેમણે બ્રાહ્મણ પાસે મુહૂર્ત જોવડાવ્યું અને અહીં સવારે પહોંચવાનું મુહૂર્ત હતું તેથી તે આગલે દિવસે ઘેરથી નીકળ્યા હતા. તેમને ઘેર ખેતી હતી. ઘરના સુખી હતા. પણ પુત્ર કોઈ ઉદ્યોગ શીખી આગળ વધે અને સંસ્કારી બને એવી ઇચ્છા હતી. તેથી તેમણે જણાવ્યું કે આ છોકરાને કદી ઘરની બહાર કાઢયો નથી. આ તમને સોંપ્યો. એમ શ્રદ્ધાથી મૂકીને તે ગયા. આવા તો અનેક વિદ્યાર્થીઓ આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના પ્રત્યેની મારી જવાબદારીનો હું વિચાર કરતો. તે ગરીબ હતા; પણ ગરીબાઈનું એમને અભિમાન ન હતું, પણ દુઃખ હતું. અમારે તેમને ગરીબાઈમાં આભિમાન લેતા કરવાના હતા પણ તે કેમ બને? એમ પ્રશ્ન થતો. બીજી બાજુથી આસપાસની બોર્ડિંગો-શાળાઓનું વાતાવરણ જુદું જ હતું. તે વિદ્યાર્થીઓના સંસર્ગમાં અમે આવતા પણ ખરા. આવી સ્થિતિમાં અહીંની રહેવાની અને ભણવાની પદ્ધતિ વધુ સારી તેમને કેવી રીતે લાગે? એનો ઉકેલ શોધવા હું પ્રયત્ન કરતો.

બજેટ થયું એટલે ખર્ચ કરવામાં શું હરકત છે એમ હું માનતો નહિ. ઘરમાં ખર્ચ કરવાની એક રીત અને સંસ્થાનો ખર્ચ કરવાની બીજી રીત એમ હું સમજતો ન હતો. ઘરમાં પણ કરકસરથી રહેવામાં માનતો હતો તેમ સંસ્થા પણ કરકસરથી ચાલવી જોઈએ એમ માનતો હતો.

આ સંસ્થા વિષે તો એ વિશેષ સાચું અને જરૂરી હતું. કેમકે આ સંસ્થાને શ્રી. નગીનદાસ અમુલખરાયના ફંડમાંથી મદદ મળતી હતી. તે દાન આપનાર સદ્‌ગૃહસ્થે સંકલ્પ કર્યા મુજબ જ્યારે એક લાખ રૂપિયાની રકમ થઈ ત્યારે તે બધી રકમ પૂ. ગાંધીજીને ગ્રામસેવા માટે અર્પણ કરી હતી. એટલે આ રકમમાંથી એક પાઈ પણ વેડફાય એ કેમ ગમે? આ વિચારસરણીને લીધે કોઈ કોઈને હું ચીકણો પણ લાગતો. હું ત્યારે વિચાર કરતો કે એ ટીકામાં કઈ વજૂદ છે ખરું? ઘણી વખત એ ટીકા ગેરવાજબી — અનુભવ વિનાની — માનીને કાઢી નાખતો. કોઈ કોઈ વખત ભૂલ જણાતી ત્યાં સુધારતો અને સુધારવા હંમેશ તત્પર રહેતો.

આવી પરિસ્થિતિમાં સ્વાભાવિક રીતે જ મારી કુટુંબ-ભાવનાને પોષણ મળ્યું. અને વિદ્યાર્થીઓની સાથે તે રીતે વર્તવાનું જ રુચ્યું.

એટલે જેમ કુટુંબમાં છોકરાઓને જરૂર મુજબ ખોરાક, કપડાં-લત્તાં ઇ૦ આપવામાં આવે છે એમ આપવાનું વિચાર્યું. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે ખાદીનાં કપડાં જરૂર મુજબ બબ્બે જોડ કરાવી આપ્યાં. દરેકને અઠવાડિયે એક સાબુ આપવાનું નક્કી કર્યું. આ પદ્ધતિમાં મુશ્કેલી આવી. કેમકે મેં વિદ્યાર્થીઓને કુટુંબના ગણવાનું સ્વીકાર્યું, વિદ્યાર્થીઓએ એક કુટુંબના બની જવાનું હતું, પણ એક કુટુંબના છીએ એવી તૈયારીથી તે આવ્યા ન હતા. તેમની આ સ્થિતિથી મારી ભાવનામાં ફેર ન પડયો પણ એ વધુ દૃઢ થઈ. એનું પરિણામ એ આવ્યું કે સ્વભાવ અને રુચિ અનુસાર દરેકની ઇચ્છાઓ જુદી જુદી રહેતી. જેમકે પહેરવા માટે કોઈ બુટ પસંદ કરે તો કોઈ સ્લીપર. કોઈ ખમીસ પૂરતું ગણે તો કોઈ કોટ ઇચ્છે અને એ માટે તેમનાં માબાપ પૈસા પણ આપે. કોઈ સાબુ વધારે વાપરે તો કોઈ બચાવીને ઘેર લઈ જવા ઇચ્છે. વિદ્યાર્થી રજા પર ઘેર જાય ત્યારે આપેલાં કપડાં, ટુવાલ ઇ૦ સાથે લઈ જાય તે કોઈ કોઈ ભૂલી જાય તો કોઈ કોઈ ઇરાદાપૂર્વક ભાઈ માટે મૂકીને આવે. આથી ઘરવાળા પર એ છાપ પડે કે છોકરો કમાઈ લાવ્યો હશે. કોઈને છોકરો નકામો ખર્ચાળ બની ગયા જેવું લાગે તો કોઈને ઠીક થયું એમ લાગે. વિદ્યાર્થીઓને લાગે કે ભૂલી ગયા કે મૂકી આવ્યા તોય હરકત નહિ; ફરી માગીશું અને નવું મળશે. આ સડો દાખલ થાય એ વિદ્યાર્થીની દૃષ્ટિએ, કુટુંબની દૃષ્ટિએ અને સંસ્થાની દૃષ્ટિએ યોગ્ય ન લાગ્યું.

વિના મહેનતે મળેલા પૈસા કે વસ્તુની કિંમત નથી હોતી એ અનુભવે સાચું ઠર્યું. એટલે ઉપરની રીત ચલાવી લેવામાં નુકસાન જણાયું.

વળી વિદ્યાર્થી ઉદ્યોગ કરે તે વિદ્યાલયમાં જમા થાય. આમાં કોઈ ચપળ અને હોશિયાર વિદ્યાર્થી હોય તેને એમ થાય કે આપણે બહુ મહેનત કરીશું તોય આપણને વિશેષ શો લાભ થવાનો હતો? આળસુને થાય કે કામ ઓછું થશે તોય હરકત નહિ, એટલે ઉદ્યોગ કરવા કરતાં પુસ્તક પકડવાનું પસંદ કરે. આથી અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું કે શીખતાં શીખતાં પણ જે ઉત્પન્ન થાય તે તેને જ મળવાનું છે એમ વિદ્યાર્થીને લાગે તો તેને શીખવામાં ઉત્સાહ આવે અને વધુ રસથી શીખે.

આ વખતે મને બૂકર ટી. વૉશિન્ગટન અને તેમની શિક્ષણ સંસ્થા યાદ આવતાં. મને એમ થતું કે અમેરિકામાં વિદ્યાર્થીઓ કમાણી કરીને ભણી શકે છે એમ અહીં ન ભણી શકાય? પણ શરૂઆતથી જ મેં જોઈ લીધું કે ત્યાંની અને અહીંની પરિસ્થિતિ તદ્દન ભિન્ન છે. અહીં તો રજાઓમાં કે ફાલતુ સમયમાં કામ મળે જ નહિ, કેમકે અહીં તો ખેડૂત વર્ગ જ બેકાર છે ત્યાં ફાલતુ સમય હોય તેને કામ ક્યાં અને કોણ આપે? ઉદ્યોગધંધા પણ ન મળે. ત્યાંની જેમ શહેરોનો આ મુલક નથી, પણ ગામડાંનો મુલક છે. વળી અમારે તો ગુલામીમાંથી છૂટવાનું શિક્ષણ આપવાનું હતું એટલે શીખવવા માટે રાષ્ટ્રીય ઉદ્યોગ – રેંટિયો પસંદ કર્યો અને કમાણી કરી આપે એ દૃષ્ટિએ ઉદ્યોગનો વિચાર જ ન કર્યો.

તેમ છતાં રેંટિયામાં સ્વાવલંબન કેટલા સુધી થઈ શકે તે જાણવા માટે બધાના આંકડાઓ અમે નિયમિત રાખતા. એ ઉપરથી જોયું કે વર્ષમાં ૨૪૦ દિવસ કામ ચાલે, રોજના ચાર કલાક ઉદ્યોગ – કાંતણપીંજણ હોય અને તેની મજૂરીના દર ચર્ખાસંઘે ઠરાવ્યા મુજબ રોજના ત્રણ આનાના હિસાબે ગણવામાં આવે તો સામાન્ય કોટીનો ૧૩–૧૪ વર્ષથી મોટી ઉંમરનો વિદ્યાર્થી ૨૫) થી ૩૦) રૂપિયા કમાણી કરી શકે. વિદ્યાર્થીની કુશળતા વધે અને ઉદ્યોગના સમયમાં પૂરી કાળજી રાખે તો તે વધુ કમાઈ શકે એ અનુભવે જોયું.

આ બધા અનુભવો થતા ગયા તેમ તેમ નિયમો ઘડાતા ગયા. તે નિયમો આવા છે:

૧. વિદ્યાર્થી પાસે રોકડ નાણું ન રહે; જે હોય તે પોતાના નામે જમા કરાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. વિદ્યાર્થીને નામે પૈસો ન હોય છતાં તેને જરૂર છે એમ શિક્ષકને લાગે ત્યારે તેને નામે પૈસા આપવામાં આવે.

૩. કપડાં, સાબુ ઇ૦ જે કંઈ જોઈએ તે તેના નામે લખાય.

૪. વિદ્યાર્થી દાખલ થવા આવે ત્યારે પ્રથમ ૧૫ દિવસથી એક માસ જેટલો સમય ઉમેદવાર વિદ્યાર્થી તરીકે ગણવો. બાદ યોગ્ય જણાય તો તેને દાખલ કરવો. દાખલ કર્યા પછી કપડાં ઇ૦ તેના ખર્ચે કરાવી આપવાં. બિસ્તરો વગેરે નોંધ કરીને દાખલ થતાં આપવામાં આવે. દાખલ થાય ત્યારે તેની કિંમત તેને નામે લખાય.

૫. ઉદ્યોગની કમાણી વિદ્યાર્થીની પોતાની ગણાય.

૬. શિષ્યવૃત્તિનું ધોરણ એવું રાખ્યું કે વિદ્યાર્થી કરકસર કરે તો બચાવી શકે. નહીં તો લગભગ સરભર થઈ રહે. પ્રથમથી ઉડાઉ થવાને અવકાશ ન રહે. કરકસરની ટેવ પડી હોય તો ઉડાઉ રહે નહિ. અમારે ત્યાં ભોજન ખર્ચ માસિક રૂા. ૬॥ આવતો. એટલે પ્રથમ વર્ષે રૂા. ૫॥, બીજે વર્ષે રૂા. ૬॥ અને ત્રીજે વર્ષે રૂા. ૮) શિષ્યવૃત્તિ માસિક આપવી — એમ ઠરાવ્યું. કોઈ કોઈ જલદી જવાબદારીને લાયક બને તેમને તે પ્રમાણે શિષ્યવૃત્તિ અપાતી. એ રીતે કોઈ એક વર્ષમાં જવાબદાર થાય તો તેને બીજે વર્ષે માસિક ૮) રૂા. આપવામાં આવે.

૭. વર્ગના ઉદ્યોગ ઉપરાંત બીજું કામ (દફતરનું, ખેતીનું વગેરે) તેની પાસેથી લેવામાં આવે તો તેનું ઠરાવેલું મહેનતાણું મળે. આ મહેનતાણાનો હિસાબ રોજ વિદ્યાર્થી નોંધાવે તે માન્ય રાખવામાં આવે. આથી કોઈએ ગેરલાભ ઉઠાવ્યાનું સ્મરણ નથી, પણ કંઈક ઓછો સમય નોંધાવે એવો અનુભવ સામાન્ય હતો.

૯. વિદ્યાર્થી જવાબદારીનું કામ ઉપાડવા લાયક થાય ત્યારે તે નિશ્ચિંત મને કામ કરી શકે એ રીતે તેને શિષ્યવૃત્તિ આપવામાં આવે. તે શીખે એ પણ ધ્યાનમાં રાખવામાં આવતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી દરેકને પોતાનો વિકાસ કરવાની પૂરી તક મળી રહેતી. કેટલાક વિદ્યાર્થીઓ તો એ રીતે કમાણી કરીને બિસ્તરો ૪૦ બધો સામાન શિક્ષણ દરમિયાન જ પોતાનો કરી લેતા અને વધારાની કમાણી ઘરખર્ચમાં આપતા. આ કમાણી તેમની સાચી મહેનતની હતી.

પણ આમાંથી એક શંકા થાય કે આમાં તો બધા આખો દિવસ ઉદ્યોગ જ કર્યા કરે, ભણવા તરફ ઓછું લક્ષ આપે અને સેવાનાં કામ પણ કરવાનું મન ન કરે.

સદ્‌ભાગ્યે આ શંકા અમારે ત્યાં ખોટી ઠરી છે. અમારે ત્યાં અભ્યાસ અનાયાસે પણ થાય એવા પ્રયત્નો થતા હતા. વર્ગો હતા, તે ઉપરાંત તેની અભ્યાસ પ્રત્યે રુચિ થાય એવા પ્રસંગો અમે યોજતા, જેથી તેને તેમાં વધુ રસ પડે અને તે વખતે ઉદ્યોગ છોડે. પણ અભ્યાસ ન કરે અને ઉદ્યોગ પણ ન કરે, એમ ન થતું. અમે સેવાકાર્યના પ્રસંગો પણ ઝડપી લેતા. અને ઉપરની પદ્ધતિ તેમાં આડે નથી આવી. પણ પ્રામાણિક મહેનત કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય ત્યારે સેવાવૃત્તિ પણ ખીલે છે એવો અનુભવ છે.

આ પદ્ધતિથી વિદ્યાર્થીને કદી ઘેરથી કંઈ લાવવું પડયું નથી. તે લાવે એવી અપેક્ષા રાખવામાં પણ આવી નથી. કોઈની જરૂરિયાત બાકી રહી નથી. કંજૂસાઈ નહિ, પણ કરકસરથી જીવવાની વૃત્તિ ઉત્પન્ન થઈ છે. બીજા માટે ઘસાવાનો પ્રસંગ આવ્યે બધાએ હમેશ ઉત્સાહ જ બતાવ્યો છે.

૩. વિદ્યાર્થીઓનો પોષાક

શરૂઆતમાં વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં આવ્યા ત્યારે એમાં અનેક પ્રકારના પોષાક પહેરનારા હતા. કોઈ ફેંટો બાંધતા તો કોઈ લાંબી બાંયનો ઝભ્ભો જ પહેરતા. કોઈ ધોતી પહેરતા તો કોઈ ચદ્દી.

અમારે તેમને માટે ખાદીનો પોષાક રાખવો હતો. એટલે અમે કામમાં સરળતા થાય, ઓછા ખર્ચમાં થાય, અને ધોવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સમય અને સગવડ વધે એ દૃષ્ટિએ અર્ધી બાંયનું પહેરણ, ચદ્દી અને ગાંધીટોપી અને હાથરૂમાલ – આટલો પોષાક નક્કી કર્યો. બધો પોષાક સફેદ ખાદીનો રાખ્યો.

સફેદ ચદ્દી ઘણા વિદ્યાર્થીઓ પસંદ કરતા ન હતા. પણ મેલખાઉ રંગીન ચદ્દી પસંદ કરતા હતા. અમે સફેદનો આગ્રહ રાખ્યો. હું સફેદ ચદ્દી અને પહેરણ વધુ પસંદ કરું છું. પણ વિદ્યાર્થીઓ મને કહેતા કે "અમારે રમવામાં અને કામ કરવામાં કપડાં વધુ મેલાં થાય છે." એમની દલીલમાં કંઈક વજૂદ હતું પણ ખરું. વળી પહેરણ કરતાં કોલરવાળું ખમીશ તેઓ વધુ પસંદ કરતા. તેમાં આસપાસના અંગ્રેજી ભણનાર વિદ્યાર્થીઓના પોષાકની અસર હતી. સફેદ ખાદીટોપી બધા પસંદ કરતા. આ રીતે અર્ધી બાંયનું સફેદ ખમીશ, ચદ્દી અને સફેદ ગાંધીટોપી – પોષાક અનુભવે સર્વમાન્ય બન્યો. સફેદ ચદ્દીને બદલે કેટલાક રંગીન ચદ્દી કરાવતા.

પણ વાળ હોળીને ખુલ્લું માથું રાખીને ફરવાની ઇચ્છા રાખનાર કેટલાકને સફેદ ટોપી પણ વધારાની લાગતી ખરી. વિદ્યાલયમાં ટોપી પહેરવાની આવશ્યકતા ન હતી. પરંતુ બહાર જાય ત્યારે સફેદ ખાદીની ટોપી ગણવેશ પોષાકમાં મુખ્ય ગણી હતી તેથી તે મૂકીને જાય એવો આગ્રહ રાખતા.

વર્ગમાં તો જરૂર પૂરતાં જ કપડાં પહેરતા. પીંજણકામ વખતે પહેરણ પણ ન હોય. ખૂબ ઠંડી હોય ત્યારે વહેલી સવારે શ્રવણવર્ગોમાં ઓઢીને આવવાની પણ છૂટ હતી. બાકી સામાન્ય રીતે ખમીશ, ચદ્દી અને ટોપી પહેરે.

વાળ રાખવાને ઉત્તેજન આપવામાં આવતું નથી. પણ તે રાખનારા હોય છે ખરા. વિદ્યાલયમાં હજામ કોઈ બહારથી આવતો નથી અને બોલાવવાની પરવા પણ કોઈને નથી. કેમકે અંદર અંદર વાળ કાપી લેવા મશીન રાખવામાં આવે છે. વાળ ન રાખે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે વિચાર અને વર્તનથી પ્રયત્ન થાય છે; પણ વાળ રાખનાર સ્વચ્છ અને સુઘડ રાખે એવો આગ્રહ રાખવામાં આવે છે.

કપડાં સ્વચ્છ અને ફાટેલાં નહિ તેવાં સાંધેલાં યા સાજાં રાખવાં, નિયમિત નખ ઉતારવા, બધી વસ્તુઓ વ્યવસ્થિત રાખવી વગેરેની તપાસ માટે કોઈ કોઈ વખત રવિવારનો દિવસ રાખવામાં આવે છે. તે દિવસે બધી તપાસ થાય અને ખામીઓ દૂર કરવામાં આવે.

આ રીતે વિદ્યાર્થીઓ વ્યવસ્થિત રહેતાં શીખે છે અને કપડાં સાંધતાં, બટન બનાવતાં પણ શીખી લે છે.

૪. સ્વતંત્રતાના ખોટા ખ્યાલો

એક સાંજે પ્રાર્થના પછી એક વિદ્યાર્થીએ અણધાર્યો પ્રશ્ન કર્યો કે, "આપણે ત્યાં રસોઈ સારી છે કે ખરાબ તેનો નિર્ણય કોણ કરે? આજે ખીચડી બનાવી હતી તે દાઝી ગઈ હતી, છતાં અમને કહેવામાં આવ્યું કે એ ખીચડીમાંથી દાઝેલો ભાગ હોય તે કાઢી નાખવામાં આવ્યો છે અને હોય તો કાઢી નાખો, પણ ખીચડી છે તે પ્રથમ ખાવી જોઈએ. પછી ખૂટશે તો ભાખરી વાપરીશું. એ રીતે ખીચડી પીરસી અને અમે ભાખરી માગી તે ન આપી."

મેં સામો પ્રશ્ન કર્યો:— બળેલી ખીચડી તમે ખાધી ખરી.

ઉત્તર:— શું કરીએ? ભાખરી ન આપી તેથી ખાધી?

પ્રશ્ન:— બળેલી હતી તો ખાધી શું કામ?

ઉત્તર:— ત્યારે કંઈ ભૂખ્યા રહેવાય? ખાવી જ પડેને!

પ્રશ્ન:— જો બીજું ન આપે અને ખાવાલાયક અન્ન ન હોય તો જરૂર ભૂખ્યા રહેવું પણ બળેલું – ન ખવાય એવું હોય – તો ન જ ખાવું જોઈએ, એમ મને લાગે છે. તમે વિરોધ કરતાં પણ જે ખાઈ જાઓ તે ન ખવાય એવું તો ન હતું એમ સાબિત કરી આપો છો. જે ખોરાક કાચો હોય અથવા દાઝી ગયો હોય અને નકામો થઈ ગયો હોય તે પેટમાં શું કામ નાખવો? તમે જો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન ખાધું હોત તો પીરસવાની વ્યવસ્થા કરનારને પણ કદાચ વિચાર આવત. આપણે અનાજનો દુરુપયોગ થાય એમ તો ન જ ઇચ્છીએ. ખીચડી ભૂલથી વધુ પ્રમાણમાં થઈ અથવા સહેજ દાઝી હોય તેથી તે રહેવા દઈ ભાખરી ખાઈએ તો ખીચડી ફેંકી દેવી પડે. જો ખીચડી ફેંકી દેવા જેવી જ હોય તો જુદી વાત. પણ ભાખરી ખાવાનું મન થયું એટલે ખીચડી બગડે તેની પરવા ન કરવી એ બરાબર નથી. એ ખોટો બગાડ કહેવાય.

વળી ખાનારની ફરજ એ છે કે તેને જે ખોરાક નુકસાનકારક લાગે તે ન ખાવો. તેને બદલે બીજું હોય તો માગણી કરવી. તે માગણી સ્વીકારાય નહિ તો તે વખતે ચલાવી લેવું અને પછીથી વ્યવસ્થાપકને જણાવવું.

બીજો પ્રશ્ન:— એ તો ઠીક. પણ અમે રાત્રે બહાર ફરવા જઈએ તેમાં શી હરકત? અજવાળી રાત્રિ હોય ત્યારે ફરવાનું મન થાય. એવી રીતે ગઈ કાલે અમે ખેતરમાં બેઠા હતા. નવના ટકોરા થઈ ગયા હતા, તેની અમને ખબર ન હતી. તેથી અમને શ્રી . . . એ ઠપકો આપ્યો એ બરાબર છે? જરા મોડું થઈ જાય એમાં શું થઈ ગયું? વળી અમે સવારે વહેલા તો ઊઠીએ છીએ.

ઉત્તર :— આપણે અહીં નવ વાગે સૂવાનો નિયમ છે. ચોગાનની બહાર જવું હોય તો પૂછીને જવું જોઈએ, એ પણ નિયમ છે. એટલે એ નિયમ તમે પાળ્યો નહિ, એ ભૂલ થઈ. તમે ચોગાનમાં ફરતા હોત કે બેઠા હોત તો ઘંટ સાંભળી શકત, અને તમને ખબર પણ આપી શકાત. જે નિયમ છે તે યોગ્ય છે કે નહિ, એ તમારો પ્રશ્ન હોય તો તે નિયમ યોગ્ય છે એમ અનુભવથી હું કહું છું. તમે વિના કહ્યે બહાર ગયા હો, પછી દૂર રહો કે પાસે; પણ તમારી ખાસ જરૂર હોય તો તમને શોધવા ક્યાં? તમે રાત્રે એકલા બહાર હો અને કંઈક અકસ્માત નડે તો શું? . અજવાળી રાત્રિનો લાભ ચોગાનમાં પણ મળી શકે છે અને વાતો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોગાનમાં થઈ શકે છે. એટલે કહ્યા સિવાય બહાર જવાનું કંઈ જ કારણ નથી, જ્યારે કહીને જવાના લાભ છે જ.

વળી "એમાં શું?" મનમાં લાગે છે તેનો અર્થ એ કે તમે નાની ગણાતી બાબતોમાં ભૂલ થાય તેની ચિંતા નથી કરતા; અને જે નાની નાની બાબતોમાં બેદરકાર રહે તે મોટામાં નહીં રહે એની ખાતરી શી? પણ વધુ સંભવ એ છે કે મોટી બાબતોમાં પણ તે બેદરકાર બને. એ રીત જીવનને નુકસાન કરનાર થઈ પડે.

આમ આ ચર્ચા પછી પ્રશ્ન પૂછનાર ભાઈને સંતોષ ન થયો. તેમણે ત્યાર પછી એક બે મિત્રોને મળી વિદ્યાર્થીઓની સ્વતંત્રતાના નિયમોનો ખરડો તૈયાર કર્યો, તેમાં નીચેની બાબતો મુખ્યત્વે હતી—

૧. રસોડામાં ખોરાક સંબંધીના બધા નિર્ણયો વિદ્યાર્થીઓ જ કરી શકે.

૨. ચોગાન બહાર રજા સિવાય વહેલા મોડા જવા માટે નિયમન ન હોવું જોઈએ.

૩. રજાને દિવસે બહાર જવા માટે પરવાનગીની જરૂર ન હોવી જોઈએ. ખબર આપે એ પૂરતું ગણાવું જોઈએ વગેરે, વગેરે.

આ ખરડા પર વિદ્યાર્થીઓની સહીઓ માગવામાં આવી. અને જો આ માગણીઓ મંજૂર ન થાય તો વિદ્યાર્થીઓએ વિદ્યાલય છોડી દેવું એમ પણ નક્કી કરવામાં આવ્યું.

કેટલાક વિદ્યાર્થીઓને વિદ્યાલય છોડવાની વાત ન રુચી, પણ એ વિરોધ કરી શકયા નહિ. અને બધાએ સહીઓ કરી મને તે ઠરાવ આપ્યો.

મેં વિદ્યાર્થીઓને ભેગા કર્યા. તેમણે જે માગણીઓ રજૂ કરી હતી તેના અર્થ સમજાવ્યા, તેમની જવાબદારી સમજાવી અને ભૂલો બતાવી. પછી દરેકનો અભિપ્રાય માગ્યો. એક બે મુખ્ય નાયકો સિવાય બધાયને તે ખરડાની નિરર્થકતા સમજાઈ. નાયકોને પણ ભૂલ લાગી, પણ એકદમ ભૂલ સ્વીકારવામાં તેમને હીણપત લાગે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનીને તે વખતે વિરોધ કર્યો. એટલે એ બે ભાઇઓને પછી મળવાનું કહી સભા વિસર્જન કરી.

બાદ પેલા વિદ્યાર્થીઓએ બધાને ભેગા કરી જણાવ્યું કે "તમે બધાએ અમને ટેકો આપ્યો અને હવે તમે વિરુદ્ધ ગયા. પણ અમને અહીંથી છૂટા કરે તો? તમે શું કરશો? તમારે ઠરાવ કરવો જોઈએ કે અમને કાઢી મૂકવામાં આવે તો તમારે પણ નીકળી જવું." એ ઠરાવ બધાએ સ્વીકાર્યો.

મારી પાસે તે વાત આવી. મારી ઇચ્છા કોઈને કાઢી મૂકવાની હતી જ નહીં. તેથી મેં પેલા બે વિદ્યાર્થીઓને સમજાવ્યા. તેમને જે નિયમો કર્યા છે તેના હેતુ અને પરિણામ સમજાવ્યાં. તે જે સુધારો કરવા ઇચ્છે છે તેનાં જોખમો બતાવ્યાં. તેમનો ઉકળાટ શમી ગયો હતો, તેથી તેમને મારી વાત ગળે ઊતરી અને બધા શાન્ત થઈ ગયા.

૫. વિદ્યાર્થીઓની સાચી ઓળખાણ

એક વખત બે વિદ્યાર્થીઓ મોડી રાત્રે બેઠા બેઠા એક છોકરીને ફસાવવાની વાતો કરતા હતા. હું અચાનક ત્યાં જઈ ચઢ્યો અને શી વાતો ચાલે છે તે પૂછ્યું. શરૂઆતમાં તે મૂંઝાયા અને 'કંઈ નહીં' કહેવા લાગ્યા. પણ ઘણા મિત્રતાભર્યા પ્રયત્ન પછી તેમણે ધીરે ધીરે વાત કહેવા માંડી. એ સાંભળીને તેમની ભૂલથી કેટલું કેટલું નુકસાન થાય તે સમજાવ્યું. તેમને તેમની ભૂલ સમજાઈ.

એક વિદ્યાર્થી ઘેરથી આવ્યો ત્યારે વ્યભિચારની કુટેવ લઈને આવેલો. તે હોશિયાર અને ચપળ હતો. પણ તે સાથીઓ સાથે ખરાબ વાતો કરતો. એક વખત તે બીજા સાથે ખરાબ તોફાન કરવા જતાં પકડાઈ ગયો. તેણે પોતાની ભૂલ સ્વીકારી અને ઘરની ટેવોની પણ વાતો કરી અને ભવિષ્યમાં સુધરવાની ઇચ્છા પ્રગટ કરી. પણ તેને તેના જૂના સંસ્કાર કોઈ કોઈ વાર ઊંધે રસ્તે ખેંચી જતા હતા; એટલે તે ટકી શક્યો નહીં અને ગયો. ઘેર ગયો ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાલય યાદ આવવા લાગ્યું અને ફરીથી સુધરવાનો નિર્ણય કરી આવ્યો. તેને દાખલ કર્યો. હજી તે કોઈ કોઈ વાર જૂઠું બોલી જતો. તેથી તેને સાચું બોલવાનો અને ભૂલ થાય તો કહી દેવાનો નિશ્ચય કરવા જણાવ્યું. પણ તે નિશ્ચય કરી શકયો નહીં અને ગયો. આમ તેના જૂના સંસ્કાર તે જીતી શકયો નહીં. પરંતુ તે વિદ્યાલયને ભૂલ્યો નથી.

એ જ પ્રમાણે સારા વિચારોની યોજનાઓ અને નિશ્ચયોની વાતો પણ સાંભળવા મળતી. આને લીધે જૂના વિદ્યાર્થીઓ વિદ્યાલય સાથે બહાર ગયા પછી પણ સંબંધ રાખતા થયા. એ કાયમ રહે એ માટે વાર્ષિક ઉત્સવ પ્રસંગે જૂના વિદ્યાર્થીઓનું સંમેલન રાખવામાં આવે છે. વિદ્યાલય-છાત્રાલયની માહિતી આપતી તથા એકબીજાના ખબરો આપતી એક માસિક હસ્તલિખિત પત્રિકા કાઢવામાં આવે છે. કેટલાક કમાતા વિદ્યાર્થીઓ તેનો ટપાલખર્ચ આપે છે. એટલે વિદ્યાલય પર આર્થિક બોજો નાખ્યા સિવાય બધાને સમાચાર મળી રહે છે. આ રીતે વિદ્યાર્થીઓ સાથે વિદ્યાલયનો સંબંધ એવો બંધાયો કે વિદ્યાલયના વાર્ષિક ઉત્સવનો બોજો સંસ્થા પર ન પડે એ માટે અંદર અંદર ફાળો ભેગો કરવા લાગ્યા. આ રીતે વિદ્યાર્થીઓની મૈત્રી પરસ્પર વધતી ચાલી અને પછી તો બાળલગ્નમાં ભાગ ન લેવો, કોઈ વ્યસન ન રાખવું, ખાદી જ પહેરવી એવાં એવાં વ્રતો તેઓ અંદર અંદર મળીને લેતા થયા.

૬. દીકરો શિક્ષક અને બાપ વિદ્યાર્થી

એક વિદ્યાર્થીના પિતા સન ૧૯૩૦ માં સત્યાગ્રહની લડતમાં જોડાયેલા. તે નમ્ર સ્વભાવના અને માયાળુ હતા. સમાજ માટે કંઈક કરી છૂટવાની ઇચ્છાવાળા હતા. ગામમાં તેમની પ્રતિષ્ઠા સારી હતી. તેમને એક છોકરો હતો. પાંચ ચોપડી ગુજરાતી ભણ્યો અને પિતાની પ્રતિષ્ઠાને લીધે તે દર વર્ષે આગળ ચઢતો ગયો. છોકરાને નિશાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવડે નહીં, પણ નિશાળે જવામાં તેના જેવા બહુ ઓછા વિદ્યાર્થી નિયમિત હશે.

બાપની ઇચ્છા હતી કે છોકરાને રાષ્ટ્રીય શિક્ષણ આપવું ને અંગ્રેજી ભણે એમ પણ ઇચ્છા ખરી. તેથી વિદ્યાપીઠમાં અરજી કરી. પણ ત્યાંના કરતાં બોચાસણ વિદ્યાલયમાં તે ભણે તો સારું એમ માનીને તે અરજી વિદ્યાપીઠમાંથી વિદ્યાલયમાં મોકલવામાં આવી અને વિદ્યાર્થીને વિદ્યાલયમાં બોલાવ્યો. માબાપ જ્યાં ભણવા મૂકે ત્યાં જવું, અને જ્યાં જાય ત્યાં બધા સાથે ભળી જાય એવો તેનો સ્વભાવ હતો.

તે વિદ્યાલયમાં પણ નિયમિત હતો. વાંચવા લખવા કરતાં ઉદ્યોગ વધુ ગમે. એટલે ખાદીકામમાં જલદી હોશિયાર બન્યો. અભ્યાસની રુચિ તો પછી ઉત્પન્ન થઈ. એ કાંતવા પીંજવાનું શીખી રહ્યો એટલે તેને ઉદ્યોગ શિક્ષણમાં મદદનીશ તરીકે લેવામાં આવ્યો. તેના હાથમાં જે કામ આવે તેમાં તે મંડી પડે અને તેના પર જેટલાં કામ નંખાય તે પૂરાં કરવા પ્રયત્ન કરે.

એ વખતે તેના પિતાને પણ થયું કે તેમણે ગામની સેવા કરવી જોઈએ. તેમણે મારી સલાહ માગી. તેમણે ગામમાં કામ કરવું હોય તો કાંતવા પીંજવાનું સારું જાણી લેવું અને ખાદીકામ મારફત ગામની સેવા કરવી એવી મેં સલાહ આપી. તેમની ઉમર પચાસ જેટલી હશે, પણ ઉત્સાહ જુવાનિયાનો હતો. શરીર ખડતલ ન ગણાય, પણ મન ખડતલ હતું.

તેમને કાંતવા પીંજવાનું અને વ્યવસ્થાનું કામ શીખી લેવા વિદ્યાલયમાં રહેવા જણાવ્યું. પણ તે સાથે જણાવ્યું કે અહીં તો તમારે તમારા દીકરા પાસે જ ભણવાનું છે. તમારે તમારાં કામ જાતે કરવાનાં છે. છાત્રાલયમાં કામ નાના છોકરાઓ સાથે રહીને કરવાનાં રહેશે. મારી ઇચ્છા તમને રાખવાની છે, પણ ઉપરની તૈયારી હોય તો જ તમે રહી શકો. તે તો ઉપરની વાતોથી જરાય ગભરાયા નહીં; અને હા પાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને તેમના દીકરા સાથે સ્વતંત્ર ઓરડીમાં રાખ્યા. તે થોડા દિવસમાં બધા સાથે ભળી ગયા. વિદ્યાર્થીઓ તેમની આમન્યા આપોઆપ રાખતા થઈ ગયા. તે બધા નિયમો પાળીને રહ્યા. કાંતવા પીંજવાનું શીખ્યા. એ રહ્યા તે દરમિયાન પોતાનાં કામ કરવા ઉપરાંત જરૂર પડયે દીકરો બાપની સેવા કરવાનું ચૂકતો નહીં. આમ ત્રણેક માસ રહીને તે ઘેર ગયા. આમ બન્ને બાપદીકરા તરીકે અને વિદ્યાર્થી-શિક્ષક તરીકે આદર્શ રીતે રહ્યા.

૫

પાકશાળા

૧. રસોઈ કરવામાં શિક્ષણ છે ?

વિદ્યાર્થીઓ રસોઈ પકાવે તેમાં કોઈ વખત કાચી પાકી થઈ જાય, મોડું થાય, અનેક વાનીઓ બનાવવાનું ફાવે નહિ, ચોમાસામાં ધૂણીનો ત્રાસ વેઠવો પડે તો ઉનાળામાં પરસેવો ખૂબ થાય, આમ અનેક મુશ્કેલીઓ વિદ્યાર્થીને લાગે. આથી વર્ગમાં તે મોડા થાય. શિક્ષકો તેમને નિયમિત થવા જણાવે ત્યારે વિદ્યાર્થીઓ ઉપરની મુશ્કેલીઓ બતાવે. આથી શિક્ષકોને પણ આ વાત સાચી લાગતી અને મને કહેતા 'આ રસોડાના કામ પાછળ સમય આપવા કરતાં તેટલો સમય અભ્યાસમાં વધુ આપીએ તો વિદ્યાર્થી વર્ગમાં નિયમિત રહી શકે અને અભ્યાસ પણ વધુ કરાવી શકાય. થોડો ખર્ચ વધુ આવે. પણ એના પ્રમાણમાં અભ્યાસ વધુ થાય, એટલે એમ કરવામાં શી હરકત? આ કામો તો નોકર મારફત પણ થઈ શકે.'

મેં કહ્યું — મારો અનુભવ તેથી ઊલટો છે. છાત્રાલયનાં બધાં કામો જાતે કરવામાં ઘણું શિક્ષણ છે. પણ એમાં શિક્ષણ રહેલું છે એવું શિક્ષકને સમજાય તો જ. જો શિક્ષક ન માનતો હોય તો વિદ્યાર્થીને

CC-0. In Public Domain. Gurukul.Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં જ લાગે કે એમાં શિક્ષણ છે. હું વિદ્યાર્થીજીવનમાં છાત્રાલયમાં રહ્યો છું. હાથે રસોઈ બનાવીને પણ રહ્યો છું. એમાં સમયમાં ખાસ ફેર પડતો નહિ. વિદ્યાર્થીજીવનમાં સ્વાશ્રયની ટેવ પાડવી જોઈએ અને તે ટેવ પાડવી હોય તો રસોયા–નોકર ન હોવા જોઈએ. તેમને રાખવામાં બગાડ અને જૂઠાણાં ચલાવી લેવાં પડે છે. તેમની ગેર-હાજરીમાં અપંગતા અનુભવવી પડે છે. જ્યારે હાથે રસોઈ કરવામાં સ્વાવલંબનનો આનંદ મળે છે.

વળી આ બધાં કામોમાં સૌ એક બીજા સાથે મળીને નિયમિત કરે, ઓછા વખતમાં ઓછા બગાડથી કામ થાય અને સહકારની ભાવના કેળવાય–એ શિક્ષણ છે:

વળી એની પાછળ શિક્ષકની શિક્ષણની આંખ હોય તો વિદ્યાર્થી સાથે રસોઈ કરતાં કરતાં અમુક ખોરાક કેમ અને અમુક કેમ નહિ, મરચું કેમ નહિ, મસાલાનું પ્રમાણ કેટલું, તળેલું શાક કેમ નહિ, ખાંડ કેમ નહિ, પૂરીને બદલે ભાખરી કેમ, ભાતમાંથી ઓસામણ કેમ ન કાઢવું, ચોખા હાથે શા માટે ખંડાવવા વગેરે અનેક નાની મોટી બાબતો એ ચર્ચા કરીને સમજાવી શકે અને ખોરાકનું શિક્ષણ આપી શકે.

આપણે એવું કરવા ઇચ્છીએ છીએ. તમે જાણો છો કે આપણે રસોડામાં શું ખાવા કર્યું, કેટલું સીધું વપરાયું તેના આંકડા રાખીએ છીએ અને અનુભવ કરીને દરેક વાનીમાં પાણી કેટલું જોઈએ, મીઠું કેટલું જોઈએ એ નક્કી કર્યું છે અને તેનો નકશો રાખ્યો છે, જેથી કોઈ નવો વિદ્યાર્થી તે જોઈને રસોઈ બનાવી શકે.

પ્ર૦ — આ બધું તો સારું છે. પણ જીવનમાં તેનો કંઈ ઉપયોગ ખરો?

ઉ૦ — જીવનમાં જો તેનો ઉપયોગ ન હોય તો સારું શું?

આ એક વિદ્યા છે. જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરી શકાય. કાર્યકર્તા એકલો હોય તો તેને રસોઈની મૂંઝવણ નહીં થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક માણસો એવા જોયા છે કે બધાં સાધન હોવા છતાં ખાવા કરવાની આળસ અને અણઆવડતને કારણે બીજાની દયા પર રહે છે. બધાં કામ કરવાની આવડતવાળો સ્વાવલંબી બની શકે છે. જો તે પાકશાસ્ત્ર જાણતો હશે તો તે પોતાની તથા પોતાના કુટુંબની તન્દુરસ્તીની દૃષ્ટિએ કરકસરવાળો ખોરાક ગોઠવી શકશે. આજે જે ખોરાક ખવાય છે તે બગાડીને ખવાય છે.

પ્ર૦ — કરકસરની દૃષ્ટિએ અને પછાત કોમના છોકરાની દૃષ્ટિએ આ પદ્ધતિ સારી છે.

ઉ૦ — ના, ના. અહીં પછાત કોમનાં છોકરા છે, ઘણો ખર્ચ કરી ન શકે, સોંઘામાં સંસ્થા ચલાવવી છે માટે હાથે ખાવા કરવું એમ નથી. પૌષ્ટિક છતાં સોંઘામાં થાય એવું તો દરેકે વિચારવું જોઈએ. વિદ્યાર્થી અવસ્થામાં મહેનતુ, ખડતલ અને જીવનમાં ઉપયોગી કોઈ પણ કામ કરવાની આવડતવાળા બનવું જોઈએ. પછી વિદ્યાર્થી ગરીબ હોય કે પૈસાદાર.

વિદ્યાર્થી પર કોઈ દયા ખાય એ હું સહન કરી શકતો નથી. મારા પર કોઈ દયા ખાય એ મને ન ગમે તો વિદ્યાર્થી પર કોઈ દયા ખાય એ કેમ ગમે? એટલે વિદ્યાર્થીઓ પછાત છે એ દૃષ્ટિએ વિચાર કરવો યોગ્ય નથી, પણ શિક્ષણની દૃષ્ટિએ વિચાર કરવો યોગ્ય છે.

૨. ફક્ત એક તોલો ઘી!

વિદ્યાલયમાં શરૂઆતથી પાટીદાર વગેરે ઉચ્ચ કોમના કોઈ કોઈ છોકરાઓ આવતા હતા. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ તેમની સંખ્યા વધતી ગઈ. અને થોડાં વર્ષ બાદ તો કોણ કઈ કોમના છે એ વિચાર જ આવતો બંધ થઈ ગયો.

જે વિદ્યાર્થીઓ આવતા તેમના વાલીઓમાંથી કેટલાક અમારા જીવનનું નિરીક્ષણ કરતા હતા અને અમારી ભૂલ લાગે તો તે જણાવતા પણ ખરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત એક વિદ્યાર્થીના વાલી જે પોતાના ગામમાં વેપાર કરતા હતા, તે પોતાના પુત્રને મળવા આવ્યા. તેમણે બધી દિનચર્યા જોઈ. ખોરાક વગેરે ખાઈ જોયું. આ બધો વખત તેમને અનેક વિચારો આવ્યા હશે. પછી તે મને મળ્યા ત્યારે તેમણે કહ્યું,

'માસ્તર, અહીંની રીતભાત, રહેણીકરણી તો સારી છે. પણ ખોરાક જોતાં તે વિદ્યાર્થીને માટે પૂરતો નથી લાગતો.'

ઉ૦ — અહીંનો ખોરાક અનુભવ કરતાં કરતાં જે ગોઠવાયો છે તે છે. અત્યાર સુધી જે વિદ્યાર્થીઓ આવી ગયા તે બધાને તે માફક આવ્યો છે. અમે જે ખોરાકનું પ્રમાણ રાખ્યું છે તેથી બધાનાં શરીર વધ્યાં છે. વળી અહીંના વિદ્યાર્થીઓની તો તન્દુરસ્તીમાં પ્રતિષ્ઠા થઈ છે.

પ્ર૦ — તે હશે. પણ જુઓ. તમે રસોડામાં ફક્ત રોજ એક તોલો ઘી આપો છો અને દૂધ પણ અર્ધો શેર આપો છો. એ બહુ ઓછું ગણાય.

ઉ૦ — આપણે ગામડામાં જઈને જોઈએ તો નિયમિત અર્ધો શેર દૂધ અને એક તોલો ઘી કેટલાં કુટુંબોને મળતું હશે? પછાતની વાત હું કરતો નથી. ઉચ્ચ ગણાતાં કુટુંબોમાં જુઓ.

પ્ર૦ — પણ તમે જે હાલ ખોરાક પાછળ ખર્ચ કરો છો તેટલા જ ખર્ચમાં તમે ઘી દૂધ વધારે આપી શકો એમ મને લાગે છે.

તમે હાથની ઘંટીએ ઘઉં, બાજરી દળાવો છો. હાથે ડાંગર ખંડાવો છો. આમાં મણે આઠ દશ આના વધુ ખર્ચ થાય. વળી તમે ગાયનું ઘી વાપરો છો તેને બદલે ભેંસનું ઘી વાપરો તો દોઢું મળે. આમ તમે સોંઘી ચીજને મોંઘી કરી મૂકો છો. તમારી સંસ્થા ગ્રામોદ્ધારની નથી કે તમારે આવું બધું કરવું પડે. વિદ્યાર્થીની તબિયતની દૃષ્ટિએ વિચારીએ તો અત્યારે તેની ઉંમર એવી છે કે તેમનું શરીર આજે બંધાય તો જીવનભર સુખી રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉ૦— હાથે ખાંડેલા ચોખા અને ઘંટીએ દળેલો લોટ વધુ પૌષ્ટિક તત્ત્વવાળો બને છે એટલે જે પ્રમાણમાં મોંઘો પડે તેનાથી વધુ પ્રમાણમાં પૌષ્ટિક તત્ત્વો મેળવી શકીએ છીએ. અને પડોશીને રોજી આપી શકીએ છીએ. ગ્રામોદ્ધારની દૃષ્ટિ પણ આ જ છે. અમે અમારા પૂરતા ગ્રામોદ્યોગોને પોષીએ છીએ. જેમ કે અમે અમારા કોઠારમાં પીપ નહીં રાખતાં માટીની કોઠીઓ રાખી છે અને તે અનુભવે સારી માલૂમ પડી છે.

વળી ગાયને આપણે ભેંસ કરતાં વધુ પવિત્ર અને ઉપયોગી ગણીએ છીએ. ગાયનું દૂધ બુદ્ધિ વધારનારું અને તેજસ્વિતા લાવનારું ગણાય છે. તેથી અમે ગાય રાખી છે અને તેનાં દૂધ ઘી વાપરીએ છીએ.

અમે ખોરાક પાછળ અમુક ખર્ચ કરવાનું નક્કી કરી ખોરાક ગોઠવ્યો નથી. પણ અમુક પ્રમાણથી ખોરાક આપવાનો છે, એ મોંઘો મળે તો ખર્ચ વધશે અને સોંઘો મળે તો ખર્ચ ઘટશે.

બીજા એક કાર્યકર્તાએ એક પ્રસંગે કહ્યું :— તમારે ત્યાં જે વિદ્યાર્થીઓ આવે છે તેમને ગ્રામજીવન જીવતા બનાવવા છે એટલે તમારે એ દૃષ્ટિએ ઘઉં જેવા અનાજનો ખોરાક નહીં રાખવો જોઈએ. ગામડામાં ઘઉં કોઈક દિવસ ખાવાના હોય, દૂધ ઘી પણ ગામડામાં નથી મળતું, એટલે રોજ દૂધ આપવાનો નિયમ ન હોવો જોઈએ. ચોખાને બદલે કોદરી રાખવી વધુ યોગ્ય ન ગણાય?

ઉ૦— ગામડામાં ગરીબને કે અમુકને ઘેર અમુક નથી મળતું માટે ન આપવું અને અમુકને મળે છે માટે તે આપવું એમ વિચારવું યોગ્ય નથી. પણ શરીરને પોષક તત્ત્વો મળી રહે અને રુચિને અનુકૂળ બને એમ કરવાનો અમારો પ્રયત્ન છે. અને તમે જણાવો છો તે ગ્રામજીવનની દૃષ્ટિ રાખીને જ વિચાર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા એક ભાઈએ પૂછ્યું : — કોઈ સુખી ઘરના ગ્રામસેવાની દૃષ્ટિએ અહીં શીખવા આવે તો તેને આ ખોરાક માફક આવે ખરો? આ તો જેલના જેવો ખોરાક છે.

ઉ૦ — શરૂઆતમાં ટેવાતા સુધી મુસીબત લાગે. પણ ટેવાય એટલે બરાબર માફક આવે. કોઈ વિદ્યાર્થીને કે બીજાને એ ખોરાક ખાવાથી તન્દુરસ્તીની દૃષ્ટિએ ઓછો લાગે તો ઘટતો ફેરફાર પણ કરવામાં આવે છે. એવી રીતે જરૂર હોય ત્યારે આરોગ્યની દૃષ્ટિએ વધુ દૂધ કોઈ કોઈને અપાય છે.

ટૂંકમાં આપણે કુટુંબમાં બગાડ ન થાય અને છતાં શરીર તન્દુરસ્ત રહે એમ વિચારીએ છીએ. તે જ રીતે આ એક નાનું સરખું કુટુંબ છે. અને એ રીતે વિચાર કરવામાં આવે છે.

પ્ર૦ — પણ તમે તો સવારે ભાત કે ખીચડી સાથે રોટલા યા ભાખરી બનાવો છો. છતાં ભાત હોય તેટલો પીરસી દો છો અને પછી રોટલા ભાખરી આપો છો એમ કેમ? જેને જે ખાવું હોય તે ખાય. આ તો ફરજિયાત થયું નહીં?

ઉ૦ — અહીં અનુભવ ઉપરથી એક રિવાજ પડ્યો છે કે રાંધેલું ફેંકી દેવું નહિ અને ટાઢું ખાવું નહિ. તેથી રોટલા–ભાખરી વધે તો બીજી વખત ચાલે. પણ ખીચડી–ભાત ઠંડાં ખાવાં યોગ્ય ન ગણાય. એટલે ભાત–ખીચડી સામાન્ય વપરાશ જોઈને તે પ્રમાણમાં રાંધવામાં આવે છે. રોટલા–ભાખરી વધુ હોઈ શકે. વળી આમાં ફરજિયાત જેવું પણ નથી લાગતું, પણ સંયમ છે. આપણે અનાજ બગાડવા અને ઠંડો ખોરાક ખાવા ન ઇચ્છીએ તો આ જ નિયમ યોગ્ય છે એમ જણાશે.

૩. ઘિલોડાનું શાક તો તેલમાં જ તળાય

ચોમાસાનો દિવસ હતો. અમારે ત્યાં ઘિલોડી રોપી હતી ત્યાંથી શાક માટે રસોડામાં ઘિલોડાં આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેનું શાક કેમ થાય? તેમાં શું નાખવું અને વધાર શાનો આપવો? એ પ્રશ્ન રસોઈ કરનારને થયો. એટલે મારી પાસે વિદ્યાર્થી ઉપરનો પ્રશ્ન પૂછતો આવ્યો.

મેં કહ્યું — બટાટા, દૂધી વગેરે શાક બનાવીએ છીએ તેમ તેનું શાક બનાવો.

એક સાથી ચમકયા અને બોલ્યા — ઘિલોડાના શાકમાં પાણી નાખીએ તો એ શાકમાં શું ખાવાનું રહે? એ તો તેલમાં જ કરવું જોઈએ. કારેલાં, ઘિલોડાં, સૂરણ વગેરે તેલમાં ચડવીએ તો તે બહુ સ્વાદિષ્ટ થાય. બધે બોર્ડિંગોમાં એમ જ થાય છે.

મેં જવાબ આપ્યો — એમ ન થાય. એ તો શાક બગાડીને સ્વાદ કરે છે, શાક નથી ખાતા. તળેલા શાકમાં તત્ત્વો ઓછાં થાય છે, અને તે પચવામાં ભારે પડે છે.

સાથી — આ છોકરા તો પથરા પણ પચાવી દે તેવા છે.

ઉ૦ — પથરા પચાવી દે તેવા છે તેથી જ તેમને તળેલાં શાક ખવરાવી એમની પચાવવાની તાકાત ઓછી નથી કરવી, પણ વધારવી છે. જેઓ એવી રીતે તળેલાં શાક ખાનારા છે તેમની હોજરી મંદ પડતી જાય છે. બાફેલાં શાક ખાનારની હોજરી તેજ રહે છે. ગામડામાં ગરીબને ઘેર સામાન્ય રીતે તાજાં બાફેલાં શાક હોય છે. તે જ બરાબર છે. એથી શરીરને લાભ થાય છે.

પ્ર૦ — તો તો કાચાં શાક ખાય તે તમે સારું કહેશો?

ઉ૦ — કાચાં શાક જે ખાઈ શકાય તે કાચાં જ ખાવાં જોઈએ. તેથી પૌષ્ટિક તત્ત્વો વધુ મળે છે. કાંદા, મૂળા, મોગરી, ટમેટાં, કેળાં, પપૈયાં વગેરે કાચાં સારાં અને તેથી તે અહીં રાંધ્યા વિના આપવામાં આવે છે.

પ્ર૦ — પણ સ્વાદ વિના ભાવે કેમ? તમે ગઈ કાલે ચારપાંચ જાતનું થોડું થોડું શાક ભેગું કરાવ્યું. એમાં સ્વાદ ક્યાંથી આવે? વળી મસાલા પણ ઉપયોગી છે. તે યોગ્ય પ્રમાણમાં હોય તો સ્વાદ આવે અને તેથી રુચિ પણ વધે અને પાચન સહેલું બને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉ૦ — તમે સ્વાદની વાત કરી તે વિચારવા જેવી ખરી. સ્વાદ બધાના એકસરખા નથી હોતા. કોઈને તીખું બહુ ભાવે તો કોઈને ગળ્યું. શરૂઆતમાં બધા મરચું ખૂબ માગતા હતા, પણ હવે તે નથી માગતા કેમકે મરચાં વિના તે ટેવાયા. એમ સ્વાદ જેવી કેળવણી મળે તેવા થાય. તીખા, ગળ્યા, ખાટા, ખારા, તળેલ ખોરાક વધુ ખાવાથી જીભની શક્તિ બહેર મારી જાય છે અને શરીરને નુકસાન કરે છે. એટલે સ્વાદની ટેવો બદલવી જોઈએ.

આજે તો કારેલાંનું શાક બનાવવું હોય તો તેની કડવાશ કાઢે છે એટલું જ નહિ, પણ પછી તો તેને તેલમાં એવું શેકે છે અને એટલો ગોળ નાખે છે કે કારેલાંનો સ્વાદ અને ગુણ રહેતાં જ નથી. અને તેનો કોઈ ત્રીજો જ સ્વાદ આવે છે. એટલે નવા નવા સ્વાદો તરફ આપણે ઢળીએ છીએ એ બરાબર નથી. ખોરાક રાંધવામાં તેમાં પૌષ્ટિક તત્ત્વો સચવાય એ ધોરણ મુખ્યત્વે હોવું જોઈએ.

૪. ખોરાક

પ્ર૦ — તમે જે ખોરાક આપો છો તે પૂરતો છે એમ શા ઉપરથી માનો છો?

જ૦ — તેનો અમે જે કોઠો બનાવ્યો છે તે જોવાથી તે સમજાશે.

રસોડામાં નીચે મુજબ ખોરાક આપવામાં આવે છે:

વાર	સવાર	સાંજ
સોમ	ખીચડી, ભાખરી, કઢી	ભાખરી, ખીચડી, દૂધ, શાક
મંગળ	ઢોકળી, ભાત, દાળ	રોટલા, ખીચડી, દૂધ, શાક
બુધ	ખીચડી, કઢી, કચુંબર	ભાખરી, ખીચડી, દૂધ, શાક
ગુરુ	ભાત, દાળ, રોટલા, કઢી	રોટલા, ખીચડી, દૂધ, શાક
શુક્ર	ગળી થૂલી, ભાત, દાળ	ભાખરી, ખીચડી, દૂધ, શાક
શનિ	ખીચડી, શાક, છાશ	ભાખરી, ખીચડી, દૂધ, શાક
રવિ	રોટલી, ભાત, દાળ, અથાણું	ઢેબરાં, દૂધ, અથાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓને આપવામાં આવતા ખોરાકનું શાસ્ત્રીય પોષણની દૃષ્ટિએ પૃથક્કરણ*:

ખોરાકની જાત	ઔંસ	કેલરી	પ્રોટીન ગ્રામ	ફેટ ગ્રામ	કાર્બોહાઇડ્રેડ ગ્રામ
ઘઉં, બાજરીનો આટો (હાથની ઘંટીએ દળેલો)	૧૧॥	૧૧૫૦	૪૬	૭·૨	૨૩૦
ચોખા (હાથછડના)	૩॥	૩૫૦	૮	·૩	૭૭
દાળ, કઠોળ	૨॥	૨૫૦	૧૬	૨·૫	૪૦
દૂધ (ગાયનું)	૮	૨૦૦	૭॥	૧૧	૧૧
શાક, ફળ	૭॥	૭૫	૪॥	·૩	૩૦
ઘી (ગાયના દૂધનું)	·૪	૮૦	—	૧૦	—
તેલ (તલનું) (ઘાણીએ પીલેલું)	૧	૨૫૫	—	૨૮	—
ગોળ	૧॥॥	૧૭૫	—	—	૪૩
		૨૫૩૫	૮૨	૫૯·૩	૪૩૧

મદ્રાસપ્રાંતમાં કોન્નુરમાં આવેલા સરકારી ખોરાક સંશોધન ખાતાના માજી ડાયરેકટર સર રોબર્ટ મેકકેરીસને પોતાની 'ફૂડ' (આહાર) નામની ચોપડીમાં જણાવ્યું છે કે પુખ્ત વયના અને તન્દુરસ્ત હિન્દીને ૨૫૦૦ થી ૩૫૦૦ કેલરી ખોરાક જોઈએ અને એ ખોરાકની યુક્ત પ્રમાણમાં વહેંચણી કરવી હોય તો તેમાં ૬૦થી ૭૦ ગ્રામ પ્રોટીન, ૫૦થી ૬૦ ગ્રામ ફેટ અને ૪૫૦ ગ્રામ કાર્બોહાઇડ્રેટ જોઈએ.

---

* સન ૧૯૪૧-૪૨ના અગિયાર માસના ૨૯૦ દિવસમાં જે ખોરાક વપરાયો તે દરમિયાન જેટલા ભાઈઓ જમ્યા તેની સરેરાશ ગણી આ આંકડા કાઢયા છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માપને અમે લગભગ પહોંચીએ છીએ અને અમારે ત્યાં જે ખોરાક વપરાય છે, તે ખાઈને વિદ્યાર્થીઓ સારી રીતે વધતા જણાયા છે.

ગાયનાં દૂધ ઘી

વિદ્યાલય શરૂ કર્યું ત્યારે અમે પડોશના ગામમાંથી દૂધઘી લાવતા હતા. એવું લગભગ એકાદ વર્ષ જેટલો સમય ચાલ્યું. પણ એમાં એવું બનવા લાગ્યું કે દૂધ આપનારનો લોભ વધ્યો અને પાણીવાળું આવવા માંડ્યું. આથી વિદ્યાર્થીઓ વારાફરતી વહેલા જઈ દૂધ દોવરાવી લેવા લાગ્યા, તેમાંય છૂપી રીતે પાણી નાખવાના પ્રયત્નો થવા લાગ્યા. એમાં કોઈ કોઈ વખત પકડાઈ જાય પણ ખરા. આમ પૂરા પૈસા આપવા છતાં અને દોવરાવવા જવા છતાં ચોખ્ખું દૂધ મળે જ એવી ખાતરી ન હતી. ઘીમાં પણ ભેગ કરવાનો પ્રયત્ન થાય. એટલે ચોખ્ખું ઘી મેળવતાં ખૂબ પ્રયત્ન કરવો પડતો.

વળી દૂધનું મોડું વહેલું પણ થતું તેથી સાંજનો અમારો કાર્યક્રમ દૂધ આવવા પર નિર્ભર રહેતો. કોઈ કોઈ દિવસ તો સાંજનું ભોજન એકેક કલાક મોડું થતું.

આ અમારી મુશ્કેલી હતી એટલે શ્રી. ગંગાબહેને ગાય વસાવી.

સાબરમતી આશ્રમમાંથી એક સુંદર ગીરની ગાય આવી. ટંકે ૧૦ શેર સુધી દૂધ આપતી હતી. ત્યાં આવ્યા પછી ટંકે ૧૫ શેર દૂધ આપતી થઈ.

ગાય આવી એટલે અમે ગામમાંથી દૂધ લાવવાનું બંધ કર્યું. પણ બીજી અણધારી મુસીબત આવી.

કેટલાક વિદ્યાર્થીઓએ દૂધ ખાવાની ના પાડી અને જણાવ્યું કે અમને એનું દૂધ જોતાં જ ઓકારી આવે છે. એનું કારણ એ છે કે અમે જે ગાયો આજ સુધી જોઈ છે તે ઘણી ખરાબ હતી, અને અમે તેને મેલું ખાતી જોયેલી તેથી ગાયના દૂધનું નામ સાંભળીએ છીએ અને તેના પ્રત્યે અમને ઘૃણા થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતમાં એમ બનતું હતું કે દૂધ થોડું ખૂટતું તે ભેંસનું લાવતા અને તે તેમને આપતા.

એક ભાઈ તો ગાયના દૂધનો છાંટો હાથે અડકી જાય તો હાથ ધોઈ નાખે એટલો વિરોધ કરતા. અને કોઈ વખત એ દૂધને વલોવ્યા પછી છાસ આવે તે પણ ન ખાય. ગાયનું ઘી તો ત્યારે થતું નહિ.

એ ગાય વસૂકી ગઈ ત્યારે ફરી પાછી દૂધની ચિંતા થઈ. પણ બીજી ગાય રાખવાનો નિર્ણય થયો અને પછી અમને દૂધની ચિંતા ન રહી. પણ ગાયને રાખવાની ચિંતા ઊભી થઈ! તેને ચારવી ક્યાં, કોની સાથે મોકલવી, સાંઢ દેખાડવા ક્યાં લઈ જવી, માંદી થાય ત્યારે શું કરવું વગેરે અનેક મૂંઝવણો થતી હતી. કેમકે ઢોર-ઉછેરનો અમને અનુભવ ન હતો અને આસપાસ કોઈ ગાય રાખનાર ન હતા. પણ એ મુશ્કેલીઓનો ઉકેલ પૂ. ગંગાબહેન કાઢતાં ગયાં. છોકરાને ઉછેરે તેવી રીતે ગાયોને તે સંભાળતાં. એના ખોરાકમાં જરાય ઓછું ન આપે. આ બધી માવજત વિદ્યાર્થીઓ જોતા અને સુંદર ગાયો પણ જોતા. તેથી તેમનો માનસિક વિરોધ ઓછો થતો ગયો. એનું દૂધ પણ ઘણાને ફાવી ગયું. એક બે વિદ્યાર્થીઓનો વિરોધ રહ્યો. તેમને બને ત્યાં સુધી ભેંસનું દૂધ લાવી આપતા. ન મળે ત્યારે તે ચલાવી લેતા. આમ ચાલતું હતું તેવામાં તેમની કલ્પેલી સૂગ નીકળી જવાનો પ્રસંગ આવ્યો.

અમે બધા અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠના ઉત્સવ-પ્રસંગે પ્રવાસે ગયા હતા. વિદ્યાપીઠમાં ઊતર્યા હતા. ત્યાં આશ્રમમાંથી ગાયનું દૂધ આવે. હું આ જાણતો હતો. પણ વિદ્યાર્થીઓને ખબર ન હતી; એટલે તેમને દૂધ ખાતી વખતે ખબર ન પડી, કે તેમને ગાયનું દૂધ પીરસ્યું છે. તેથી બધાયે દૂધ ખાધું. પછી બીજે દિવસે જ્યારે જાણ્યું કે કે તે ગાયનું દૂધ હતું ત્યારે તેમને આશ્ચર્ય થયું. ત્યારથી બધા જ ગાયનું દૂધ ખાતા થઈ ગયા.

નવા વિદ્યાર્થીઓ દાખલ થાય ત્યારે કોઈ કોઈ એવા આવતા કે જેમણે કદી દૂધ ખાધું ન હોય. તે દૂધ ખાય જ નહિ. નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવતું જણાવે. તેમને શરૂઆતમાં દવાની જેમ આગ્રહથી આપતા. પછી ધીમે ધીમે ટેવ પાડતા. આમ તે દૂધ ખાતા થઈ ગયા.

ઘીની મુશ્કેલી થઈ એટલે ગાયો ત્રણ હતી તે વધારીને પાંચ કરી. આ ગાયોની માવજત, ખર્ચ, રોકાણ વગેરેની ચિંતા ગંગાબહેનને જ કરવાની હતી. પણ તેમણે તે બધી ચિંતા અને બોજો ઉઠાવ્યાં. પાંચ ગાયો થઈ એટલે દૂધ ઉપરાંત ઘી અને છાસ પણ મળવા લાગ્યાં. પણ કેટલાકને ઘીનો રંગ તેલ જેવો લાગતો. દૂધનો રંગ પણ સાફ સફેદ ન હતો, પણ તેની સૂગ ગઈ હતી. કેટલાક ઘીને બદલે તેલની માગણી કરતા, તેમને તેલ આપતા.

પછી એમ નક્કી કર્યું કે જ્યાં સુધી વિદ્યાલયની ગાયનાં દૂધ-ઘી હોય ત્યાં સુધી બહારથી તે ન લાવવાં. મિષ્ટાન્નના પ્રસંગે પૂરતું ઘી મળી રહે એવી ગંગાબહેન તજવીજ કરતાં. એટલે બધાને તે ઘી મળતું. લાડુમાં ઘી હોય તે ઉપર જણાય નહિ, એટલે રોજ છૂટું ઘી ન ખાનારા પણ લાડુ ખાતા. એ રીતે ધીમે ધીમે ખીચડી વગેરેમાં છૂટું ગાયનું ઘી ખાવા લાગ્યા. આમ એકાદ વર્ષ દૂધ-ઘી ખાવા ન ખાવાની ગડમથલ ચાલી. પછી તો નવા આવે તે જૂના ભેગા ભળી જતા અને ગાયનાં દૂધ-ઘી સારી રીતે ભાવવા લાગ્યાં.

સામાન્યતઃ ગામડાઓમાં ગાયનાં દૂધ-ઘી પ્રત્યે આવી જ લાગણી હોય છે. ગાયનાં દૂધ-ઘી જોઈ કેટલાકના નાકનું ટીચકું ઊંચું ચઢી જાય છે, પણ એ લાગણી કાલ્પનિક છે.

અમારી પાસે દૂધ વધવા લાગ્યું ત્યારે અમે ગામડાંઓમાં તે દૂધ ભેંસના કરતાં ઓછા ભાવથી વેચવા પ્રયત્ન કર્યો. ત્યારે તે ખપતું નહિ. કોઈ પાતળું કહે તો કોઈ પીળું કહે. કોઈ કોઈ નાના બાળક માટે પાશેર જેટલું લે.

આ સૂગ અને વિરોધ જાય તે માટે ગાયોનું સારી રીતે પાલન કરનાર વધવા જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

સ્વચ્છતા

૧. ખસ

વિદ્યાલયમાં એક વાલી પોતાના દીકરાને દાખલ કરાવવા લઈને આવ્યા. તે બહુ ગરીબ સ્થિતિના હતા. છોકરાના શરીર પર હાડકાં દેખાતાં હતાં. માંદા જેવો હતો. ખસ પણ થઈ હતી. પરંતુ કોઈ ખાસ બીજો રોગ ન હતો. તે ચાર ચોપડી ભણ્યો હતો અને તેર વર્ષની ઉંમરનો હતો. વિદ્યાર્થીઓ તેને જોઈ મને કહેવા લાગ્યા કે એને દાખલ કરશો નહિ. પણ તેને દાખલ ન કરવા જેવું મને ન લાગ્યું. તે માંદા જેવો છે, ખસ થઈ છે, ગરીબ છે, આવડત ઓછી છે. એટલે તેને ન લેવો એ યોગ્ય ન લાગ્યું તેથી તેને દાખલ કર્યો.

વિદ્યાર્થીઓ તેને ચીડવતા ત્યારે તે ખરાબ ગાળો દેતો. અને ક્રોધે ભરાતો. થોડો વખત રહ્યા પછી તેની ખસ ગઈ, શરીર ઠીક થતું ગયું, અભ્યાસમાં રસ લાગવા માંડ્યો અને ગાળો પણ ઓછી થવા લાગી.

આવી રીતે બીજા છોકરાઓ પણ ખસ-દાદર જેવાં ચામડીનાં દર્દો લઈને આવતા અને ત્યાં થોડા વખતમાં સારા થઈ જતા.

મેં નિયમ કરેલો કે તે સ્નાન કરતા હોય ત્યારે મારે પણ સ્નાન માટે કૂવે જવું. ને સ્નાન કરી રહેવા આવે ત્યારે હું જોઉં કે શરીરના બધા અવયવો બરાબર સાફ કર્યા નથી, તો તેને ફરી સ્નાન કરાવું; અને બધા અવયવો સાફ કરું. આમ પ્રસંગે પ્રસંગે કોઈ કોઈ વિદ્યાર્થીને સ્નાન કરવાનું શીખવતો. શરીર લૂછવાની રીત પણ બતાવતો. આ રીતે સ્નાન કરવાનું બધા શીખતા. જેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારો ન આવે તે પણ આ જોઈને સ્નાન કરવાની રીત બદલતા અને ઘસીને બધાં અંગો સાફ કરતા થઈ જતા. પછી તો જે નવો આવે તે પણ બધાનું જોઈને આપોઆપ શીખી જતો.

એક વખત અમે અમદાવાદની મુસાફરીએ જવાનું ઠરાવ્યું હતું. અમારી મુસાફરી સામાન્ય રીતે પગપાળા થાય છે. બધા વિદ્યાર્થીઓ મુસાફરીમાં આવે અને કોઈ ખાસ કારણ સિવાય ન રહી જાય એવો પ્રયત્ન કરતા. નહીં તો કોઈ કોઈ ઘેર જવાનો પણ વિચાર કરે ખરા. જે એક વખત મુસાફરીનો અનુભવ લેતો તે પછી એ પ્રસંગે ઘેર જવાનું ઇચ્છે જ નહીં. અમદાવાદની મુસાફરીમાં એક જૂના વિદ્યાર્થીએ આવવાની ના પાડી. મને આશ્ચર્ય થયું. તપાસ કરતાં ખબર પડી કે તેને ખસ થઈ છે, એટલે ચાલી શકે એમ નથી. મેં તેને ચાલવાથી ખસ મટી જશે એમ કહી આગ્રહ કરી સાથે લીધો.

નડિયાદ સુધી તો જેમ તેમ તે ચાલ્યો, પછી ખસથી તે ખૂબ પીડાવા લાગ્યો અને આગળ વધવાની તેની હિંમત ન રહી. તે રોજ મલમ વગેરે લગાવતો, પણ ગુહ્ય ભાગ અને પાછળના ભાગ તે સાફ કરી શકતો નહિ અને તેના પર મલમ પણ બરાબર લગાવી શકતો નહીં. હાથ પર પણ દુઃખવાને લીધે મલમની ચીકાશ રહી જતી.

હું નાહવા ગયો હતો ત્યાં તેને મેં જોયો અને પાસે બોલાવી હાથ તપાસ્યો તો મલમની ચીકાશ જણાઈ. મેં તે સાફ કરવાનો વિચાર કર્યો અને મારી પાસે ખેંચ્યો. તે શરમાતો હતો. પણ મેં તેના બધા ભાગો બરાબર સાફ કર્યા. પછી બોરિક પાવડર લગાવ્યો. સાફ કરતી વખતે તેને બળતરા થતી હતી, પણ થોડીવાર પછી ખૂબ શાન્તિ થઈ. અને પછી તેનો મુસાફરીનો આનંદ જણાવા લાગ્યો; અને પાછા ફરવાનો વિચાર માંડી વાળ્યો. પછી રોજ હું તેના બધા ભાગો કાર્બોલિક સાબુથી સાફ કરતો અને બોરિક લગાવતો. આમ દશેક દિવસ ચાલ્યું અને પાછા ફરતા સુધીમાં તેની ખસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાબૂદ થઈ ગઈ. આ જોઈ બધા વિદ્યાર્થીઓને સ્નાનનું તથા સફાઈનું મહત્ત્વ સમજવાનું મળ્યું.

૨. બિલાડીએ બગાડયું

અમારે ત્યાં જે વિદ્યાર્થીઓ દાખલ થયા તેમને સફાઈ કરવામાં જે શરમ અને હલકાપણું લાગતાં તે બીજા કોઈ કામમાં ન લાગતું. તે રસોઈ કરવામાં બાધ ન માને, વાસણ પણ સાફ કરે; પણ ઝાડુ લઈને આંગણું સાફ કરવામાં શરમ માને.

અમે જાજરૂ માટે ફરતાં પાયખાનાં કરાવ્યાં હતાં. તે ખેતરમાં રાખતા, રોજ ખાડા કરી આગળ ખસેડતા. શરૂઆતમાં વિદ્યાર્થીઓ ન પાયખાનું ખસેડવા આવે કે ન ખાડો કરવા આવે. જાજરૂ ગયા પછી માટી નાખવાનું પણ ન ગમે. અને કેટલાક તો પાયખાનામાં જવા જ ઇચ્છતા ન હતા, એટલે બહાર જતા. અમે તેમને ઝાડુ લઈ આંગણું સાફ કરવા અને પાયખાનામાં જવા સમજાવતા. ખાડા ખોદવાનું અને પાયખાનાં ખસેડવાનું કામ શિક્ષકો કરતા.

એક દિવસ અમે પાયખાનું ખસેડતા હતા, તે એક દૂર ઊભેલો વિદ્યાર્થી જોતો હતો. તેનાથી જોઈ રહેવાયું નહિ એટલે મદદમાં આવ્યો. પછી બીજા પણ કોઈ કોઈ મદદમાં આવવા લાગ્યા. ધીમે ધીમે તેઓ ખાડો ખોદવામાં મદદ કરવા લાગ્યા. એ રીતે એ કામ છાત્રાલયનાં કામોમાં ગણાવા લાગ્યું. પણ હજી મેલું ઉઠાવવાનો પ્રસંગ આવ્યો ન હતો.

એક દિવસ સવારે મારા ઓરડામાં હું વાંચતો હતો એટલામાં એક વિદ્યાર્થી દોડતો આવ્યો અને કહ્યું કે શિવાભાઈ, ચાલોને નિશાળમાં બિલાડીએ બગાડયું છે. હું સમજી ગયો કે બિલાડી રાત્રે બગાડી ગઈ હશે તે સાફ કરવાનો પ્રશ્ન છે. હું તરત તેની સાથે ગયો અને સાફ કરી મેલું દાટી દીધું. તે જગા માટીથી લીંપી લીધી. પણ ત્યાર પછી કોઈ મને એવા કામ માટે બોલાવવા આવતું નહિ, પણ પોતે જ સાફ કરી લેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા એક પ્રસંગે એક વિદ્યાર્થીને પગે પ્લાસ્ટર ઑફ પૅરિસનો પાટો બાંધ્યો હતો. તેનાથી હલાય ચલાય નહિ. સ્નાન કરતાં ફાવે નહિ, તેમ જાજરૂમાં જવાય નહિ. તેથી મારી પાસે મારા ઓરડામાં રાખ્યો હતો. હું છાત્રાલયની સામેના ઘરમાં રહેતો હતો. તેને રોજ નવરાવતો; તેનું જાજરૂનું ટબ સાફ કરતો. આ બધું વિદ્યાર્થીઓ જોતા હતા. આ વખતે પણ ઉપરના વિદ્યાર્થીને થયું કે તેણે મદદ કરવી જોઈએ. હું ટબ સાફ કરવા ગયો ત્યારે તે આવ્યો અને મદદ કરી અને કેમ સાફ થાય છે તે એ જોઈ ગયો. બીજા દિવસથી તે સાફ કરવા આવવા લાગ્યો. પછી બીજા પણ કોઈ કોઈ આવવા લાગ્યા. એમ કરતાં મેલું ઉઠાવવાનું કામ પણ કરવા લાગ્યા

બાદ એક રેંટિયા બારશ આવી ત્યારે અમે તે દિવસે બોચાસણ ગામમાં સફાઈનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. સવારે બધા ઝાડુ વગેરે લઈ જવા તૈયાર થયા, ત્યારે એક વિદ્યાર્થી કહે કે "હું નહીં આવું." આવા પ્રસંગે એવું બનતું કે એક ના કહે તો બીજો પણ ના કહે. એટલે એકને છોડી દઈએ તો બીજા પણ તેના સાથીદાર બની જાય એ હું જાણતો હતો. તેથી મેં તેને જણાવ્યું કે તું સફાઈ કરતો નહિ, પણ સાથે ચાલ. તેની ઇચ્છા ન હતી, પણ મારી આમન્યા તોડી શક્યો નહિ, એટલે તૈયાર થયો. અમે બધા ચાલ્યા.

રસ્તામાં મેં તેનું ના પાડવાનું કારણ પૂછ્યું. તેણે કહ્યું કે આ ભંગીનું કામ હું કરું તો મારી આબરૂ શી રહે? વિદ્યાલયમાં તો ભણવું છે અને બધા કરે છે એટલે કરું છું. પણ ગામનું મેલું તો ભંગી કાઢે; એ કેમ થાય? અમે હાકોર કહેવાઈએ અને તેથી મારા ગામમાં આ વાત જાણે તો મારી પ્રતિષ્ઠા જાય. આખે રસ્તે મેં તેને સાચી પ્રતિષ્ઠા અને સફાઈનું મહત્ત્વ સમજાવ્યું. પણ મેં તેને સફાઈમાં ભાગ લેવાની વાત જ ન કરી. ગામમાં જઈ એક ઠેકાણે અમે અમારાં કપડાં મૂક્યાં. ત્યાં પેલા ભાઈને બેસવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવ્યું. તે બેઠો અને અમે કામ શરૂ કર્યું, પણ પેલા વિદ્યાર્થીના મગજમાં રસ્તામાં થયેલી ચર્ચા રમ્યા કરતી હતી. સફાઈની અગત્ય અને સાચી પ્રતિષ્ઠા શામાં છે તે તે સમજ્યો હતો, અને જે વાત સમજાય તે કરવાનો નીડરપણાનો ગુણ તેનામાં હતો જ. તેથી તે ઊઠ્યો અને કૂવાની કૂંડી સાફ કરવામાં લાગી ગયો. બધા પરવાર્યા ત્યાર પછી તે ગંધાતી કૂંડી સાફ કરી રહ્યો. પછી એ હમેશ સફાઈમાં આગળ પડતો ભાગ લેતો થયો.

૩. ઍનિમા વિષેનો ભ્રમ

અમારે ત્યાં દવાખાનું છે. ત્યાં આસપાસના ગામોના ઘણા લોકો આવે છે. અમને પણ તેનો લાભ મળે છે.

વિદ્યાલયમાં મોટે ભાગે રમતમાં વિદ્યાર્થીઓને વાગે ત્યારે તેની દવા કરવાની હોય અથવા અપચાનું દર્દ હોય તેની દવા કરવાની હોય. એની શરૂઆતમાં વિદ્યાર્થી બહુ પરવા ન કરે. પણ દરદ જ્યારે વધી જાય અને ન જણાવવાની ઇચ્છા છતાં શિક્ષક અને બીજા સાથી વિદ્યાર્થીઓ જાણી જાય ત્યારે ઉપાય શો? તેને દવા પીવી પડે. અમે દવાનું બહુ મહત્ત્વ સ્વીકારતા નથી. કેમે કરીને રોગ ન થાય એ જ સંભાળવાનો પ્રયત્ન કર્યો છે; તેમ છતાં રોગ થયો જ તો તે મટાડવા પૂરતી દવાનો ઉપયોગ કરીએ છીએ.

આ દવાઓમાં મુખ્યત્વે વાગે ત્યારે ખોરિક પાવડર કે ટિંકચર જેવી દવાનો ઉપયોગ થાય. માથું ચઢે, તાવ આવે ત્યારે ખોરાક બંધ અને જુલાબ યા ઍનિમાનો ઉપયોગ થાય.

વિદ્યાર્નીઓને દવા ગમે નહિ તેમ ભૂખ્યા રહેવું પણ ગમે નહિ. ભૂખથી અશક્તિ આવી જાય એટલે તાવ હોય ત્યારે એ ખાવા ઇચ્છે. આવી ઘણા લોકોની ભૂલભરેલી માન્યતા હોય છે. એટલે વિદ્યાર્થીને દવા પીવી, ભૂખ્યા રહેવું અને માંદા હોય ત્યારે પડી રહેવું પસંદ પડે જ નહિ. એક વખત એક ભાઈનું પેટ સજ્જડ થયેલું અને માથું ચઢેલું. તેને જુલાબ આપ્યો પણ ન થયો. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને ઍનિમા આપવાનો વિચાર કર્યો. ઍનિમાની એને ખબર નહિ. જ્યારે તેણે જાણ્યું કે પાછળ ગુદા વાટે પાણી આપવાનું છે ત્યારે તેને શરમ આવી અને ના પાડી. બીજા વિદ્યાર્થીઓ પણ કુતૂહલથી સાંભળી રહ્યા હતા. ઘણી સમજાવટ પછી તેણે હા પાડી. એટલે ઍનિમા આપી. બાદ ઝાડો થયો અને પેટ હલકું થયું. માથું પણ હલકું લાગ્યું અને આરામ લાગ્યો. કેટલાક વિદ્યાર્થીઓ તો ઘસીને ના જ પાડતા અને કહેતા બીજી દવા કરો; અમારે ઍનિમા નહીં જોઈએ. આમાં ખોટી શરમ અને અજ્ઞાન સિવાય કંઈ જ ન હતું. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ એનો ઉપયોગ કરનાર વધતા ગયા; શરમ તથા અજ્ઞાન ઓછાં થતાં ગયાં અને ઍનિમાને પેટ સાફ કરવાનું નિર્દોષ સાધન સમજવા લાગ્યા.

૭

શિક્ષા કે શિક્ષણ

૧. શિક્ષા જરૂરી છે ?

'વિદ્યાર્થી' અને 'શિક્ષા' શબ્દો યાદ આવતાં જાણીતી કહેવત હોઠે આવે છે કે 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ.' નિશાળમાં શિક્ષકો વિદ્યાર્થીઓને મારે, બોર્ડિંગમાં ગૃહપતિ શાક–દૂધ ન આપવાની શિક્ષા કરે. કૉલેજમાં દંડ કરે. આ બધા શિક્ષાના પ્રકાર છે. આપણે વિદ્યાર્થીને સમજી સમજાવી શકતા નથી ત્યારે 'શિક્ષા'નું શસ્ત્ર સહેલાઈથી હાથમાં આવી જાય છે. એ શિક્ષકની નબળાઈનું અને અણ–આવડતનું પ્રતીક છે એમ લાગે છે.

વિદ્યાર્થીઓને નથી આવડતું અથવા તે પાઠ નથી કરતો તે માટે અથવા કંઈક ગુનો કર્યો હોય તો તે માટે, મારવાનો રિવાજ બેહૂદો છે; કેળવણીને લાંછનરૂપ છે; અને કેળવણી વિરુદ્ધનો છે એમાં શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાલયમાં હું દાખલ થયો ત્યારે આ અભિપ્રાય મારો હતો. મારા સાથીઓનો હતો એમ ન કહેવાય, પણ તે એનો વિરોધ કરી શકતા ન હતા. મારી ઉંમરના મારા સહાધ્યાયીઓ (જેઓ બીજી શિક્ષણ સંસ્થાઓમાં હતા તેઓ) મારા, શિક્ષાને અનિવાર્ય જણાવતા, અને શિક્ષા કરીને, ધમકાવીને ગુના પકડવાની વાતો કરતા. ત્યારે હું વિરોધ કરતો. પણ તે વખતે તે કહેતા કે તમને અનુભવ નથી. વિદ્યાર્થીઓને શિક્ષા ન કરવી જોઈએ એ સિદ્ધાંત સારો છે; પણ વ્યવહારમાં મુશ્કેલ છે. માર્યા સિવાય ચાલે જ નહિ. આ દલીલની મારા પર અસર થતી જ નહીં.

પણ હવે મારે અનુભવ કરવાનો આવ્યો. વિદ્યાર્થીઓમાં કોઈ કોઈ ઠરડા હોય એમાં આશ્ચર્ય નહીં. વિદ્યાર્થીઓ કોઈ કોઈ વખત શિક્ષકને ચીડવવા પણ કંઈક કરે એમ પણ બનતું. અમે શિક્ષકો છાત્રાલયનાં કામોમાં ભળતાં. તેમની સાથે રમતા. એટલે તે છૂટથી અમારી સાથે બોલી શકતા. કોઈ વખત તે સામા પણ થતા. તે વખતે અમારે શું કરવું? શિક્ષકોને અપમાનનો પ્રશ્ન ખડો થતો. તે વખતે વિદ્યાર્થીઓને સામા થવા માટે ઠપકો આપતો; પણ સાથે સાથે તે સામો શાથી થયો, કોનો દોષ હતો, સામા થવાની વૃત્તિ ઓછી કેમ થાય, એનો વિચાર કરતો. કોઈ વખત શિક્ષકની ભૂલ પણ જણાતી ત્યારે અમે તે સુધારવાનો નિશ્ચય કરતા. મારા સાથીઓ મને ચેતવતા કે આ ખેતરમાં રખડનારી પ્રજા છે; તે ચઢી વાગશે અને કોઈનેય ગાંઠશે નહીં. ત્યારે મને થતું કે એવું થશે ત્યારે જોઈ લઈશું એમ કહી સમાધાન કરાવતો. પણ એવો પ્રસંગ આવે ત્યારે શું કરવું એના ઉકેલ શોધવા મથતો. પણ શિક્ષા (કોઈ પણ રૂપમાં) તો ન જ કરવી એમ મારો નિશ્ચય હતો. અને માનસિક શિક્ષા–ક્રોધ કરવો, ધમકાવવો, એ પણ યોગ્ય નથી એમ માનતો. આથી આજ સુધી કંઈ જ નુકસાન નથી થયું. પણ વિદ્યાર્થીઓને તેમ જ શિક્ષકોને લાભ જ થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ગોળની ચોરી

વિદ્યાર્થીઓ રસોઈ કરવા જાય ત્યારે કોઠારમાંથી સીધું આપવાનું કામ, જોખવાનું કામ તેમનામાંના જ કરતા. શરૂઆતના દિવસોમાં વિદ્યાર્થીઓને માટે આ સ્વતંત્રતા બહુ મોટી વાત હતી. એટલે કોઈને ગોળ જેવી ચીજ ખાવાનું મન થઈ જાય. પણ બે ત્રણ જણ સાથે હોય તેથી એક બીજા કહી દેશે, એવી બીકે કોઈ કંઈ ન લે.

પણ એક પ્રસંગે એક વિદ્યાર્થીએ તક મળતાં ગોળ લઈને ખાધો. બીજાને તેની ખબર પડી અને તેણે મને ખબર આપી.

પેલા વિદ્યાર્થીને પૂછતાં પ્રથમ તો ના પાડી. પણ વધારે વાત પૂછતાં તેણે ભૂલ સ્વીકારી.

મને થયું કે આવી ભૂલ તો સામાન્ય થઈ જાય. પણ આ પ્રસંગે કંઈજ ન કરું તો પેલા વિદ્યાર્થી એમ સમજે કે આવા પ્રસંગોમાં આંખ આડા કાન થાય છે. જેણે મને ખબર આપી તેને એમ લાગશે કે આવી ભૂલ કહેવાનો અર્થ નથી. તેથી આ પ્રસંગ વિષે વિદ્યાર્થીઓની સભામાં વાત કરી અને ભૂલ કહેનારે ભૂલ કરનારની અને વિદ્યાલયની સેવા કરી છે તે અને એવી ભૂલ આપણાથી પણ થઈ જાય, માટે એવી ભૂલ ન થાય તે માટે જાગ્રત રહેવા સમજાવ્યું. વળી ભૂલ કબૂલ કરવાથી તેની ઉન્નતિ થઈ છે અને ભૂલ સ્વીકારવામાં પણ હિંમત જોઈએ એ સમજાવ્યું. આ પ્રસંગે ગાંધીજીએ અસ્તેયવ્રત પર જે 'મંગળ પ્રભાત'માં લખ્યું છે તે વાંચ્યું અને તે વિસ્તારથી સમજાવ્યું.

આવા વર્તનથી આવા પ્રસંગો પછી નથી આવ્યા. કેટલીક વખત તો રસોઈમાં કંઈ નાખવાનું રહી ગયું હોય તેની ખબર પણ જમતી વખતે જ પડતી. રસોઈ પણ કોઈ ચાખે નહીં. કોઈ વિદ્યાર્થી ઘેરથી કંઈ ચીજ લાવ્યો હોય તે અથવા ઘેરથી કોઈના વાલી મળવા આવ્યા હોય અને કંઈ લાવ્યા હોય તો તે સીધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની મેળે જ રસોડામાં આપતા અથવા મને સોંપતા, અને એ રીતે બધાને તે વહેંચી આપવામાં આવતી. થોડી હોય તોપણ કોઈ એકલો ખાય જ નહીં.

શિક્ષકો પણ પોતાને ત્યાં કંઈ સારી નવાઈની ચીજ આવી હોય અથવા ખાસ વાની બનાવી હોય તો તેની પ્રસાદી વિદ્યાર્થીઓને પહોંચાડતા.

૩. બીડી પીવરાવી !

શરૂઆતમાં જે વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં દાખલ થયા, તેમાંના ઘણાખરાને બીડીનું વ્યસન હતું. કેટલાક બીડીઓ ઘેરથી લઈને પણ આવ્યા હતા. આસપાસની છાપરીઓમાં જાય ત્યારે પણ તેમને બીડી પીવાની મળી જાય. વિદ્યાલયમાં બીડી પીવાની મનાઈ હતી. તેથી તે શિક્ષકના દેખતાં બીડી પીએ નહીં.

મારે એ બીડીનું વ્યસન કાયમનું જાય એમ કરવું હતું. એટલે બીડીના ગેરલાભ આવારનવાર સમજાવતો. ઘણા છૂપી રીતે બીડી પીએ છે એ જાણતો છતાં સમજાવવા સિવાય કંઈ કરતો નહીં. કારણ કે શિક્ષા કરવાથી તો તે વધારે છૂપી રીતે પીવાનો પ્રયત્ન કરશે અને વ્યસન તો છૂટશે નહીં, વળી શિક્ષક વિદ્યાર્થી વચ્ચે પ્રેમસંબંધ રહેશે નહીં એમ લાગતું.

કેટલાક તો બીડી પીવાનું ફાવે એ માટે જાજરૂ જવા નજીકનાં પાયખાનાંમાં જતા નહીં, પણ દૂર ખેતરમાં જતા. તેમને ભય લાગતો કે જાજરૂમાં બીડીની ધુમાડીથી અને ગંધથી તે પકડાઈ જશે. પણ ઘેરથી લાવેલી બીડીઓ કેટલો વખત ચાલે? બાજુમાં રહેનારાઓની છાપરીઓએ પણ રોજ નિયમિત જવાનું બને નહીં. તેથી કેટલાકની બીડી છૂટવા લાગી.

એવામાં એક રવિવારે કેટલાક વિદ્યાર્થીઓ રૂદેલ ગામ જોવાની ઇચ્છાથી રજા લઈને તે ગામ ગયા. બીજા પણ બીજે બહાને ફરવા ગયા. અચાનક બધા ગામની ભાગોળે ભેગા થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક છોકરાને બીડી પીવાનું મન થયું. જો એકલો પીએ તો બીજા કહી દેશે અને માસ્તર ઠપકો આપશે એ ભય એને હતો. તેથી તેણે મહી માતાના સોગન આપી બધાને બીડી પાઈ અને પોતે પીધી.

એ વાત મારી પાસે આવી. વાત કહેનારને મેં કહ્યું કે તું તો બીડી પીતો નથી, તેં કેમ પીધી? તેણે કહ્યું કે મહી માતાના સોગન દીધા એટલે પીવી પડી. મહી માતાના સોગનનું માહાત્મ્ય (!) જોઈ હું વિચારમાં પડી ગયો. મેં પવિત્ર મહી નદી–મહીસાગર–મહી માતા સંબંધી વાત કરી અને તે માતાને નામે ખોટું ન થાય એ સમજાવ્યું. પેલા બીડી પાનાર વિદ્યાર્થીને મેં કંઈ ન કહ્યું. હું જાણતો હતો કે વિદ્યાલયમાં કોઈ શિક્ષક બીડી પીતો નથી, એટલે વ્યસની હશે તેનું વ્યસન લાંબો વખત રહેવાનું નથી. પેલો વિદ્યાર્થી એમ માનતો હતો કે મને બીડી પિવડાવ્યાની ખબર પડી છે એટલે બોલાવીને કહેશે તેથી તે મારાથી દૂર નજરે ન ચઢે એવી રીતે રહેતો હતો. પણ મેં કંઈ કહ્યું નહીં તેથી તેને આશ્ચર્ય પણ થયું હશે. તે બહાદુર હતો. બીડી ન પીવા ઇચ્છનાર બધાને તે સોગન આપીને બીડી પાઈ શકયો હતો અને એ રીતે તે પોતાના કામમાં સફળતા મેળવી ચૂકયો હતો. પણ તે છૂપાઈને બીડી પીવાથી કંટાળતો હતો અને કંટાળ્યો એટલે એક દિવસ મારી પાસે આવીને ઘેર જવાની રજા માગી. હું જોઈ શકયો કે તેને બીડી સિવાય ચાલતું ન હતું અને તેથી જ ઘેર જવા ઇચ્છતો હતો. મેં વ્યસનના ગેરલાભ સમજાવ્યા. પછી તેણે મારી પાસે માગણી કરી કે જો પંદર દિવસ બીડી આપો તો હું રહું. પંદર દિવસ પછી છોડી દઈશ.

મેં પૂછયું:– પંદર દિવસ પછી શી રીતે છૂટશે? જે રીતે તું તે દિવસે છોડવાનો વિચાર કરે છે તે રીતે આજે જ છોડી દે.

તે બિચારો દલીલ કરી શકયો નહીં; હું તેને બીડી આપી શકયો નહીં અને તે ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર પછી કોઈ કોઈ ચાહ પીનાર ભાઈઓ પણ આવ્યા છે. અમારી નજીક એક હોટેલમાં તે કોઈ ન દેખે એમ જઈ આવે. મને ખબર પડે એટલે હું તેમને સમજાવું.

આમાં એવું બનતું કે કાં તો તેનું વ્યસન છૂટતું અથવા તે છૂટો થતો. પણ સમજૂતીથી અને વિદ્યાલયના વાતાવરણમાં વ્યસન નહીં હોવાથી ઘણાનાં વ્યસન ગયાં.

શરૂઆતના બે માસ બે ચાર વિદ્યાર્થી નવા આવે અને બે ચાર જાય. એ જનારામાંથી ઘણાને બીડીનું બંધન અસહ્ય લાગતું અને તેથી તે ગયા હતા એમ હું માનું છું. પણ જે થોડા દિવસ ટકયા, તેમનામાંના ઘણાનાં વ્યસન કાયમનાં ગયાં.

૪. પાયખાનામાં ચિત્રામણ

આપણે જોઈએ છીએ કે નિશાળોમાં, મંદિરોમાં, રસ્તાઓની ભીંતો પર અનેક ખોટાં લખાણો અને ચિત્રામણો હોય છે. ટ્રેનોનાં પાયખાનાંઓમાં પણ હોય છે. એ ખોટી કેળવણીનું પરિણામ છે.

આવો જ એક પ્રસંગ અમારે ત્યાં બન્યો. એક વિદ્યાર્થીએ પાયખાનાની અંદરના ભાગમાં એક ચિત્ર દોર્યું. તે ચિત્ર ખાસ ખરાબ હતું એમ યાદ નથી. પણ હું તે પાયખાનામાં ગયો ત્યારે જોયું અને વિચાર આવ્યો કે આવી રીતે આજે તો ખરાબ ચિત્ર નથી, પણ જો આ ચલાવી લેવામાં આવે તો આવતી કાલે બીજા કોઈને ખરાબ ચિત્ર દોરવાનું અથવા ખરાબ લખવાનું મન થાય. એટલે અર્થ વિનાનાં ચિત્રો યા લખાણ ન હોવાં જોઈએ, અને આ ટેવ તદ્દન બંધ થવી જોઈએ. એ માટે ચિત્ર દોરનારને તથા બધા વિદ્યાર્થીઓને સમજાવવાનો વિચાર કર્યો.

ચિત્ર દોરનાર વિદ્યાર્થીએ તો તે ગમ્મત ખાતર નિર્દોષપણે દોરેલું. એટલે તેને તેના પરિણામની ખબર ક્યાંથી પડે? એટલે જ્યારે મેં વર્ગની પ્રાર્થના બાદ ચિત્ર દોરનારની ભૂલ બતાવી અને જેણે ભૂલ કરી હોય તે જણાવે એમ કહ્યું ત્યારે તેને ભારે ભૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા જેવું લાગ્યું અને જો કબૂલ કરીશ તો વર્ગમાં હું હલકો પડીશ એમ લાગવાથી તે બોલ્યો નહીં. અને જેમ જેમ પૂછપરછ વધતી ગઈ તેમ તેમ તે વધુ ને વધુ શરમાતો ગયો અને ભૂલ કબૂલ કરવાની હિંમત બતાવી શક્યો નહીં.

હું પૂછતો હતો ત્યારે વર્ગમાં શાંતિ હતી. બધા વિચાર કરતા હતા કે નહીં કબૂલ કરે તો શું? આ પ્રશ્ન પૂછતો હતો ત્યારે મારા દિલમાં મંથન ચાલી રહ્યું હતું. મને થતું હતું કે આવી સામાન્ય ભૂલ પણ કોઈ કબૂલ કરે નહીં એ કેમ ચાલે? અમે આટલા નિકટ પરિચયમાં રહીએ છીએ, તેમની યથાશક્તિ સેવા કરીએ છીએ. અને માર કે કોઈ જાતનો ભય નથી, પણ ભૂલ કબૂલ કરનારની પ્રશંસાની વાત કરીએ છીએ તો પણ કોઈ કેમ બોલતા નથી? આવી સામાન્ય ભૂલ પણ જો અમારી સમક્ષ ન સ્વીકારી શકે તો અમારી લાયકાત શી? અમારી અને એમની વચ્ચે શું છે કે તેમને ભૂલ સ્વીકારતાં અટકાવે છે? આમ વિચારતાં મારી અંદરની અશાંતિ વધતી હતી. ચિત્ર દોરનાર, વિદ્યાર્થીઓમાંથી કોઈક હતો એની ખાતરી હતી. વિદ્યાર્થીઓ પણ મૂંઝાતા હતા. એ વખતે મને એક વિચાર આવ્યો અને મારો માર્ગ સરળ થયો હોય અને મન શાન્ત થયું હોય તેમ લાગ્યું. અને વિદ્યાર્થીઓને જણાવ્યું કે જ્યાં સુધી ચિત્રામણ કરનાર પોતાની ભૂલ મને નહીં જણાવે ત્યાંસુધી હું ભોજન લઈશ નહીં. હું શાન્ત થયો. વર્ગો શરૂ કર્યા અને જાણે કંઈ જ બન્યું નથી એ રીતે વર્ગો ચલાવ્યા. વર્ગો પૂરા થયા. જમવાનો ઘંટ થયો. ત્યારે મારી પાસે ભૂલ કરનાર વિદ્યાર્થી આવ્યો અને પોતાની ભૂલ કબૂલ કરી. તેણે પાયખાનામાંથી તે ચિત્રામણ કાઢી નાખ્યું. પછી અમે જમ્યા. બીજે દિવસે એ ભાઈ સંબંધી વાત કરી કે ભૂલ કબૂલ કરવાથી તે નિંદાપાત્ર નથી બન્યો, જો નિંદાપાત્ર હોય તો ભૂલ કરવી એ છે, ભૂલ કબૂલ કરવી એ નથી જ. જે નાની ભૂલ કબૂલ કરશે તે મોટી ભૂલોમાંથી બચવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે બીજા પ્રસંગો આવેલા, ત્યારે પણ ઉપવાસ કરવાનો નિશ્ચય કરી મનની શાન્તિ શોધતો. વિદ્યાર્થીઓની અને મારી વચ્ચે પ્રેમ-સંબંધ દૃઢ થતો ગયો. અને તેમની ભૂલોના સ્વીકાર પાછળ પશ્ચાત્તાપનું દુઃખ દેખતો. કોઈ કોઈ વખતે વિદ્યાર્થી પોતે ભૂલ માટે પ્રાયશ્ચિત્ત દાખલ ઉપવાસ કરવા તત્પર થતો. ત્યારે કોઈ વખત એ ભૂલનો સ્વીકાર પૂરતો છે ગણી ન કરવા સમજાવતો. તો કોઈ વખત મનની શાન્તિ ખાતર એ ઉપવાસ કરે તો તેની સહાનુભૂતિમાં હું પણ તેની સાથે જોડાતો અને અમે સાથે ભોજન લેતા.

આ ઉપરથી કોઈ એમ ન માને કે :—

૧. વિદ્યાર્થીઓની બધી ભૂલો માટે કે બધી ચોરી માટે ઉપવાસ કરવાનો નિયમ હતો.

૨. ઉપવાસ કરવાનો પ્રથમ નિશ્ચય કરીને તપાસની શરૂઆત કરતો હતો એમ પણ ન હતું.

૩. ઉપવાસ મારી પોતાની શાન્તિ ખાતર જ કરવાનો વિચાર કરતો.

કેટલીક વખત ઉપવાસની મર્યાદા પણ બાંધતો. તેનો આધાર તે તે પ્રસંગ પર રહેતો. મારી પોતાની ઊણપને લીધે ચોરી વગેરે થાય, અને ચોરી ઇત્યાદિ ચાલુ જ રહે અને કંઈ રસ્તો ન નીકળે એ કેમ ચાલે? શિક્ષાનો રસ્તો તો બંધ જ કર્યો હતો. જાતે સહન કરવાનો રસ્તો જ ઉત્તમ હતો. કેમકે શિક્ષકે એવી રીતે જીવતાં શીખવું જોઈએ કે વિદ્યાર્થીઓ તેની પાસે રહીને ચોરી ૪૦ ગુના કરે નહિ. ગુના કરવાનું મન ન થાય એટલું જ નહિ; પણ એ પાપ છે એમ સમજે અને જીવનમાં તે ઉતારવાને પ્રયત્નશીલ થાય. એ વિષેની બની શકે તેટલી સમજણ આપવાનો પણ પ્રયત્ન કરતો.

કોઈ કોઈ વખત ચોરી થતી, પણ કોઈ બહારનો માણસ પણ ઉઠાવી ગયો હોય એમ શંકા જાય ત્યારે સાવધાન બનવાની સલાહ આપીને જ સંતોષ માનવો પડતો. કેમકે અમારે ત્યાં બહારનાઓની પણ ઠીક ઠીક અવરજવર રહેલી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. વિશ્વાસમાંથી વિશ્વાસ જન્મે છે

હું કદી વિદ્યાર્થીઓ ચોર જ છે એમ માનીને વર્તતો નહીં. બારૈયા, પાટણવાડિયા વગેરેની પ્રતિષ્ઠા સમાજમાં હલકી મનાય છે. એમના છોકરાઓમાં પણ એવા ગુણો આવે એ સંભવ છે. પણ ચોરવૃત્તિ તેમનામાં હોય જ એવું માનવાને કારણ નથી. મને અનુભવે લાગ્યું છે કે પછાત ગણાતી કોમોના વિદ્યાર્થીઓમાં પણ પૂરો વિશ્વાસ મૂકી શકાય છે, અને તેઓ એમાં સંતોષ આપે છે.

શરૂઆતથી જ ઇરાદાપૂર્વક મારા ઘરમાં ક્યાંય તાળું વાસવાનો રિવાજ રાખ્યો ન હતો. મારા ઘરમાં કોઈ પણ વિદ્યાર્થી ગમે ત્યારે આવી શકતો હતો. કંઈ ચીજ જોઈતી હોય તો ઘર ઉઘાડી લઈ આવી શકતો. તેમ વિદ્યાલયમાં કે છોકરાઓની પેટીઓને પણ તાળાં ન હતાં. જે થોડાં તાળાં હતાં તેની ચાવીઓ કોઈ પણ વિદ્યાર્થી જરૂર પડયે લઈ શકતો. તે એક મુકરર સ્થળે કાર્યાલયમાં ખુલ્લી રાખવામાં આવતી. વિદ્યાર્થીઓને જવાબદારીનાં કામ શીખવવાની દૃષ્ટિએ સોંપવામાં આવતાં ત્યારે તેમને તિજોરીની ચાવીઓની પણ જરૂર પડતી હતી. વળી તિજોરીમાં અનેક ખાતાંઓના પૈસા રહેતા હતા. બધા પોતપોતાની મેળે તેમાં જુદા જુદા ખાનામાં મૂકી જતા અને લઈ જતા. પણ આજ સુધી એવો એકે પ્રસંગ નથી બન્યો કે એમાંથી કંઈ ચોરી થઈ હોય. આમાં વિશ્વાસ રાખવાની વૃત્તિ મુખ્ય કારણ છે એમ લાગે છે.

હા, એવું બનતું કે કોઈનો સાબુ ગયો હોય, કોઈની પૂણી તો કોઈનું કપડું ખોવાયું હોય. પણ તેમાંય ચોરાવા કરતાં ગફલત અથવા અચોકસાઈને લીધે કેટલુંક બનતું. પણ ઇરાદાપૂર્વક ચોરી કર્યાના પ્રસંગ ભાગ્યે જ બનતા. અને એવા પ્રસંગે પણ પ્રેમથી ઉકેલ આવી જતો.

ચોરી કરનારને ઉતારી પાડવામાં આવ્યો હોત તો ચોરી કબૂલ કરવાનું કોઈને મન ન થાત. પણ ચોરી કબૂલ થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તેને પોતાની ભૂલનું દુઃખ થતું. પણ કોઈ તેને પજવતું નહિ.

૧. ચોખા ચવડાવ્યા

શરૂઆતમાં ચોરી થતી ત્યારે એના ઉકેલ તરીકે વિદ્યાર્થીઓમાંથી કેટલા કહેતા કે મહીસાગરનું પાણી લાવીને બધાને પાઓ, મંત્રેલા ચોખા ચવડાવો, તવેથા ગરમ કરીને ચંપાવો એટલે સાચો ચોર પકડાયો જ સમજો. આવા વહેમપોષક ઉપાયો નિરર્થક છે એની સમજૂતી આપીને હું એમને વારતો.

પણ પાછળથી અમારે ત્યાં ગૌશાળા, ખેતીકામ, પીંજણકામ ઇત્યાદિ કામો અંગે બહારના માણસો રાખવા પડતા. એક વખત ગૌશાળામાં ચોરી થઈ. એટલે ત્યાં કામ કરનારા ભાઈઓ પર શક ગયો. તે બધાને ભેગા કર્યા. પીંજનારા છોકરાઓ પણ તેમની સાથે બેસતા ઊઠતા એટલે તેમને પણ બોલાવ્યા હતા. એટલું તો બધાએ સ્વીકાર્યું કે બહારનો કોઈ માણસ એ જાતની ચોરી કરે નહિ. અને વિદ્યાર્થીઓમાં પણ કોઈ ન જ હોય. માટે ત્યાં કામ કરનારામાંથી કોઈ હોવો જોઈએ. એટલે જેની ભૂલ થઈ હોય તેને કબૂલ કરવા જણાવ્યું. એ સંબંધ સમજૂતી આપી. ભૂલ સ્વીકારશે અને માલ વપરાઈ ગયો હશે તો પાછો માગવામાં નહીં આવે એમ પણ જણાવ્યું. પણ કોઈ માને નહિ. એટલે તેમનામાંના એક ભાઈએ કહ્યું કે માસ્તર, ચોખા ચવડાવો.

મેં સામો પ્રશ્ન કર્યો:—ચોખા ચાવશે અને ચોર નહીં પકડાય તો? તેમણે એ રસ્તો લેવા આગ્રહ કર્યો એટલે મેં જણાવ્યું કે એ રીતમાં મને શ્રદ્ધા નથી. પણ તમે બધા માનતા હો કે એ રસ્તો યોગ્ય છે અને એ રીતે જે ચોર હશે તે પકડાશે તો તમે સ્વતંત્ર રીતે એ ઉપાય અજમાવી શકો છો. પણ એનો ખર્ચ હું નહીં આપી શકું. મને એ રીતમાં શ્રદ્ધા હોત તો જરૂર ખર્ચ કરત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા વિચારમાં પડ્યા અને કેટલાકને થયું કે તે નિર્દોષ છે અને એમના પર શક રહે એ બરાબર નથી તેથી ચોખા ચવડાવવાના વિચારમાં મક્કમ રહ્યા. મેં સૂચના કરી કે તેનો ખર્ચ બધા વહેંચી લે. ચોખા મંત્રાવવા માટે અમુક સ્થાને જવાનું હતું તેથી ગાડી-ભાડાનો અને નાળિયેર વગેરેનો ખર્ચ થાય. લગભગ ૧૦–૧૦૦ રૂપિયો થાય તે બધાએ વહેંચી લેવાનું ઠરાવ્યું અને ચોખા મંગાવ્યા.

પછી ચોખા બધાને ચવડાવ્યા પણ કોઈ પકડાયું નહિ. પણ આ પ્રસંગ ઉપરથી વિદ્યાર્થીઓમાં આવા વહેમી માર્ગોની નિષ્ફળતાની ખાતરી થઈ.

મેં એ પ્રસંગે વિદ્યાલયના વિદ્યાર્થીઓ સંબંધમાં જે માર્ગ લેતો તે લીધો નહિ. કેમકે મારો તેમની સાથેનો એટલો સંબંધ ન હતો. તે બધા વિદ્યાલયમાં જ રહેનારા ન હતા. એમને અમે વારંવાર મળતા. તેમની કુટેવો, વ્યસનો કાઢવાની વાતો કરતા. અને ત્યાંના વાતાવરણને કારણે તેમનાં કોઈ કોઈનાં વ્યસન ગયાં અને ઘટ્યાં. પણ તે બધો વખત સાથે ન રહે ત્યાં સુધી તેમનામાં ઝાઝો સુધારો થવાનો અવકાશ ઓછો હતો.

૭. બહારના ચોર

અમારે ત્યાં બહારના ચોર નથી જ આવ્યા એમ ન કહી શકાય. એક વખત રાત્રે બહાર તપેલું પડ્યું હતું તે કોઈ ઉઠાવી ગયું. એક વખત બીજું કોઈ ઘડિયાળનો ડબો અને કપડાં ઉઠાવી ગયું. ત્રીજી વખત થોડાં લાકડાં ગયાં. એમ કોઈ કોઈ વાર બન્યું છે. એમાં કોણ હશે એની ભાળ મળતી પણ એ વસ્તુઓ પાછી મેળવવી મુશ્કેલ લાગતી. એટલે એવા પ્રસંગે વધારે સાવધાન રહેવાનો નિર્ણય કરી લેતા.

પણ એક વખત રાત્રે કાર્યાલયમાંથી પેટી સાથે પૈસા ગયા. બીજી વખતે અનાજની ચાર ગુણો ચોરાઈ. આ બે મોટા પ્રસંગો બન્યા છે. તે પ્રસંગોએ અમારા નિયમને લીધે સરકારમાં ફરિયાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કરી. પણ આસપાસના ગામલોકોના સંસર્ગમાં આવ્યા અને જે ઉપાય કર્યા તે આ રહ્યા.

૧. પહેલી વખતે પૈસાની ચોરી થઈ ત્યારે જ્યાં પૈસા રહેતા હતા ત્યાં પેટી પાસે એક વિદ્યાર્થી સૂતો હતો. બહાર પણ એક ભાઈ સૂતા હતા. સવારે પાંચ વાગે ઊઠ્યા ત્યારે ખબર પડી. તેનું પગલું શોધતા ગયા તો તે પગલું નજીકના ગામના અમુક ફળિયા સુધી પહોંચ્યું. ત્યાંના મુખી વગેરેને વાત કરી. વિદ્યાલય નજીકના ખેતરમાંથી પૈસાની ખાલી પેટી, કાર્ડ–કવર વગેરે મળ્યું. કેટલાકે ફરિયાદ કરવાની સલાહ આપી પણ અમે તે ન કરી. પણ આસપાસના ગામોના બારૈયા આગેવાનોને ભેગા કર્યા. બધાને વાત કરી. અમારી શંકા અમુક પર હતી તે જણાવ્યું. પણ પરિણામ કંઈ આવ્યું નહિ. તેમ છતાં લોકોના સંસર્ગમાં આવ્યા અને એક બીજાને ઓળખવાની શરૂઆત થઈ. જે માણસ પર અમને શંકા હતી તે આગલે દિવસે બાંધકામને અંગે પૈસા લેવા આવેલો અને ત્યારે ગમે તેમ બોલીને ચાલ્યો ગયો હતો એમ જાણ્યું. પણ એ શંકાની ખાતરી ન થઈ એટલે તેના પૈસા પૂરા ચૂકવી આપ્યા હતા. આ પ્રસંગ પરથી લોકોને એટલી ખાતરી થઈ કે ચોરી થશે કે કંઈ પણ થશે, આ વિદ્યાલયવાળા ફરિયાદ નહીં કરે. કેટલાક તો અમને ચેતવતા કે ફરિયાદ નહીં કરો તો અહીં રહેવાશે નહીં. પણ એ ચેતવણીની મારા પર અસર ન થતી. હું તો એમ જ વિચારતો કે અમારું કાર્ય એવું હોવું જોઈએ કે ચોરને પણ થાય કે અહીં ચોરી ન થાય. અમારે તો તેમની સેવા કરવી હતી. એમની ચોરવૃત્તિ માટે સમાજની ચાલુ વ્યવસ્થા અને સંગ્રહવૃત્તિ કારણભૂત છે; એમાં સુધારો કરવા પ્રયત્ન કરવો જોઈએ.

૨. ઉપરનો પહેલો પ્રસંગ શરૂઆતમાં બનેલો. બીજો પ્રસંગ પાંચ વર્ષની સ્થિરતા બાદ બન્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે રેલસંકટને અંગે સસ્તા અનાજની દુકાન કરી હતી. એમાંથી રાત્રે તાળું તોડીને ૧૮ મણ જેટલું અનાજ ચોરાયું હતું. આ વખતે પણ ફરિયાદ ન કરી. પણ આસપાસના આગેવાન ભાઈઓને મળ્યો.

આ દુકાન લોકોને રાહત મળે એ દૃષ્ટિએ કરી હતી. અને એનો લાભ પણ સારા પ્રમાણમાં લોકોએ લીધો. બે એક માસ દુકાન ચાલી હતી. બીજા પંદરેક દિવસ વધુ ચલાવવાની જરૂર હતી. પણ ચોરી થયા પછી નવું અનાજ લાવવાનું બંધ કર્યું અને જે હતું તે એક બે દિવસમાં પૂરું થઈ ગયું. લોકોને જણાવ્યું કે ચોર પોતાની ભૂલ આવીને જણાવશે તો દુકાન વધુ વખત ચલાવીશું. પણ ચોર આવ્યો નહીં અને દુકાન બંધ કરી.

પણ ચોરી થયા પછી ત્રણ ચાર દિવસ વીત્યા ત્યારે એક ભાઈ સંધ્યાકાળે મારી પાસે આવ્યા અને કહ્યું કે તમારું અનાજ બતાવું, મારી સાથે ચાલો. એ ભાઈને હું ઓળખતો ન હતો. અંધારું થયું હતું. તેમણે સાથે કોદાળી લેવા જણાવ્યું. એ ભાઈ, હું અને બે ત્રણ વિદ્યાર્થીઓ ચાલ્યા. તે અમને અર્ધો માઈલ દૂર એક ખેતરમાં લઈ ગયો. ત્યાં શેડા પર નિશાની કરી અને તે ઠેકાણે ખોદવા જણાવ્યું. થોડું ખોદતાં પીપ આડું દાટેલું માલમ પડ્યું. તેમાં બે ચોખાની ગુણો દેખાતી હતી. ચોખાનો નમૂનો કાઢ્યો તે અમારા ચોખા હતા તેની ખાતરી થઈ. પછી પેલો માણસ ચાલ્યો ગયો. અમે ફાનસ લઈ ગયા હતા. પણ આ ખેતર કોનું છે, કઈ હદનું છે તેની ખબર ન પડી. વળી ચોખા ખેતરમાંથી બારોબાર ઉઠાવી જવાનું કાયદાની દૃષ્ટિએ યોગ્ય ન થાય એમ માનીને ઓચાસણ, ગોળેલ અને ફદેલના મુખીઓને ખબર આપવા વિદ્યાર્થીઓને મોકલ્યા. બધા આવ્યા તેમની સાથે વાતો કરી. ફદેલની હદ હતી તેથી ત્યાંના રાવણિયાઓને માલ સોંપ્યો. વિદ્યાર્થીઓ પણ તેમની સાથે રાત્રે ત્યાં રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે ફોજદાર વગેરે આવ્યા. તેમણે મને શકદારનું નામ આપવા જણાવ્યું. પણ શકદાર તો કોઈ નથી એમ મેં જણાવ્યું. તે માલ પંચકચાસ બાદ ચોરામાં લઈ ગયા. છ મહિને તે માલ ભાદરણ કચેરીમાંથી કેટલીય લખાપટી પછી પાછો મળ્યો. પણ તેનું કંઈ થયું નહિ.

આ પ્રસંગનો લાભ લઈ અમે વિદ્યાર્થીઓ સાથે મળી રાંત્રે ચોકી કરવા માંડી અને એ રીતે ચોકીની તાલીમ આપી.

૮. મારામારી

એક દિવસ સાંજના હું કંઈક કામમાં હતો. એટલામાં ખબર મળી કે બે વિદ્યાર્થીઓ અંદર અંદર લડ્યા છે અને એકે બીજાને લાકડી મારી. બીજો તેને ચપ્પુ મારવા દોડ્યો પણ બીજાઓએ વચ્ચે પડીને તેમને છૂટા પાડ્યા છે.

આવા પ્રસંગે લડનાર બે હોય, પણ બન્નેના પક્ષકારો બની ચઢાવનાર અનેક હોય છે. તેમાંના કોઈને એમ ન સૂઝે કે તેમને લડતા બંધ કરવા કંઈક પ્રયત્ન કરીએ. પક્ષકાર બની ચઢાવે અને હસવામાંથી ખસવું થઈ જાય.

હું છાત્રાલયમાં ગયો અને તપાસ કરી તો જોયું કે લડવાનું કંઈ ખાસ કારણ ન હતું. પહેલાં કોઈક પ્રસંગને અંગે સહજ કડવાશ થઈ હશે. અત્યારે વાતવાતમાં બોલાચાલી થઈ. હું તું થયું. પછી ગાળાગાળી ચાલી અને એકે ઊડીને બીજાને બચકું ભરવા પ્રયત્ન કર્યો. બીજાએ લાકડી પડી હતી તે લઈને તેને પગમાં મારી. પેલો ચપ્પુ કાઢી તેને મારવા દોડ્યો; ત્યારે બીજાઓ વચ્ચે પડ્યા.

એ બન્ને લડનારમાંથી કોઈ મારી પાસે ફરિયાદ લાવ્યા નહિ. પણ બીજા ખબર લાવ્યા. સાંજના જમવાની તૈયારી થતી હતી. પણ બધા આ પ્રસંગની ચર્ચા કરવામાં મશગૂલ હતા; અને હવે વાત ક્યાં સુધી પહોંચે છે તે જાણવાજોવાની ઇંતેજારીમાં હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં ઘેર જઈ એકને બોલાવ્યો. તેને તેની ભૂલ સમજાવી. અને કહ્યું કે સામાએ તને ગાળ દીધી કે માર્યો તોપણ તારે ન ગાળ દેવી જોઈએ કે ન મારવું જોઈએ. તારી ફરજ તો તેનો અન્યાય મને જણાવવાની હતી. તેની ભૂલ તેને સમજાવવા પ્રયત્ન કર્યો. બાદ બીજાને બોલાવ્યો. તેને પણ તેની ભૂલ બતાવી. પછી બન્નેને સાથે બોલાવી એક બીજાની ભૂલ કહી અને ફરજ સમજાવી. છાત્રાલયના કામમાં તે એક જ ટુકડીમાં હતા. પ્રથમ તો એકે એની સાથે કામ કરવા ના પાડી. પણ મેં જોયું કે એ માગણી સ્વીકારી શકાય જ નહીં. પછી એવી રીતે દરેક નાની નાની તકરાર થાય ત્યારે એવી માગણી કરતા થઈ જાય. તેમને બન્નેને સમજાવીને કામ હતું તે જ સાથે કરવા જણાવ્યું. થોડી વાર પછી શાંતિ થઈ ગઈ. રાત્રે પ્રાર્થના બાદ આવા પ્રસંગે લડનારાઓએ તથા બીજાઓએ કેમ વર્તવું તે સમજાવ્યું.

આ પ્રસંગ પછી ચપ્પુ અને લાકડી રાખવામાં જોખમ લાગ્યું હતું. પણ એ લઈ લેવામાં કંઈ અર્થ ન હતો. એ સાધનોનો દુરુપયોગ ન કરવા સમજાવ્યું ત્યારપછી એવો પ્રસંગ ફરી નથી બન્યો.

આવા આવા જે નાનામોટા પ્રસંગો બનતા તેની ચર્ચા બધાની સાથે કરવામાં આવતી અને એવી ભૂલોમાંથી શો સાર લેવો તે સમજાવવામાં આવતું.

૯. અમે રસોઈ કરવા નથી આવ્યા

એક વિદ્યાર્થી ઉંમરે મોટો અને કામમાં બહુ ચપળ હતો. રવિવારનો દિવસ હતો. તેને થયું કે આજે થોડું પીંજી લઈએ; એટલે તે પીંજવા બેઠો. પણ તેને રસોડામાં રસોઈ કરવા જવાનો વારો હતો. સાથીદારોએ તેને બોલાવ્યો. પણ તે ગયો નહિ અને પીંજવા લાગ્યો. તેના મનમાં એમ હશે કે જલદી પીંજીને રસોડામાં પહોંચી જઈશ. તેના દિલમાં રસોઈ ન જ કરવી અને વિરોધ કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું કંઈ ન હતું. પણ સાથીદારો બોલાવતા ગયા તેમ તેમ તેનો પીંજવનો આગ્રહ વધતો ગયો અને "હમણાં પીંજવું છે, નથી આવતો" એમ જણાવ્યું.

વિદ્યાર્થીઓ મારી પાસે ફરિયાદ લઈ આવ્યા. મને લાગ્યું કે તેણે પીંજવું હોય તો તેની ટુકડીવાળાની સંમતિ મેળવવી જોઈએ. નહીં તો સમૂહનું કામ પ્રથમ કરવું જોઈએ. સાથીદારો સમજીને છૂટ આપે તો હરકત નહ. [illegible] સાથીદારો તો પોતાની ટુકડીનો, એમની સંમતિ સિવાય, એક જણ પણ મોડો થાય એ ચલાવી લેવાની તૈયારીવાળા ન હતા. તેથી હું પીંજણવર્ગમાં ગયો. ત્યાં મેં પેલા વિદ્યાર્થીને સમૂહનું કામ પ્રથમ પતાવીને પછી વ્યક્તિગત કામ કરવાની સમજ પાડી. પણ તે એકનો બે ન થયો અને કહ્યું કે "અમે કંઈ અહીં રસોઈ કરવા નથી આવ્યા, ભણવા આવ્યા છીએ."

મેં જણાવ્યું કે અહીં તો આપણે બધાએ હાથોહાથ બધાં કામ કરવાનાં છે. કોઈ રસોયો કે નોકર આવવાનો નથી. એટલે રસોઈ કરવાનું ન ઇચ્છો તે ન ચાલે. અહીં રહેવું હશે તો રસોઈ કરવી પડશે અને બધાં કામ હાથે કરવાં પડશે.

એ પીંજતો હતો તે ઊઠયો અને કહ્યું કે "ત્યારે મારે નથી રહેવું. હું આ ચાલ્યો. વડોદરામાં જઈશ. ત્યાં ભણીશ. ત્યાં રસોઈ કરવાની નથી." એમ કહી ચાલ્યો.

હું સમજ્યો કે તેણે આ નિર્ણય બહુ વિચારપૂર્વક નથી કર્યો. મનમાં આવી ગયું એટલે બોલી નાખ્યું. એ બરાબર હતું કે નહીં એની કલ્પના તેને હતી જ નહીં. પણ આવું ઘણા વિદ્યાર્થીઓને વિષે બન્યું છે. કોઈની પાસેથી કંઈ સાંભળ્યું હોય તે તપાસ વિના માને અને એ રીતે તે ક્ષણનો વિચાર કરે, ભવિષ્યનો વિચાર ન કરે. પછી દીર્ઘદૃષ્ટિ આવે ક્યાંથી? એમને એવા વિચાર કરવાનો અવકાશ મળે એવું વાતાવરણ અને સંસ્કાર ક્યાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તર્કબુદ્ધિએ સૂઝે તે સાચું માનવાનું એ સંસ્કારમાં મળ્યું છે. પણ દીર્ઘદૃષ્ટિ તો કેળવવાથી આવી શકે.

આ વાત થઈ ત્યારે બધા વિદ્યાર્થીઓને ચર્ચા માટે વિષય મળી ગયો. બધા અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા.

મને એક સાથી કાર્યકર્તા કહેવા આવ્યા કે હવે તેની ભૂલ તરફ અને અણસમજ તરફ ન જોતાં અહીં રહેવા દો. એને બદલે કામ કરવાની ગોઠવણ હું કરું છું.

મેં તેમને સમજાવ્યું કે એને જ કામ કરવાની આવશ્યકતા સમજાવવી જોઈએ. એને પોતાની ભૂલ ન સમજાય તો એને એમ થશે કે અહીં કામ નહીં કરીએ તોય ચાલશે.

પેલો વિદ્યાર્થી તો પોતાની પથારીએ જઈને સૂતો અને ઊંઘી ગયો. બે ત્રણ કલાક વીતી ગયા. બધાએ જમી લીધું. તે ઊંઘમાંથી ઊઠયો ત્યારે તે શાન્ત થયો હતો. બીજા મિત્રોએ તેને સમજાવ્યો એટલે તે મારી પાસે આવ્યો અને કહ્યું કે "હવે કામ કરવાની ના નહીં પાડું. હું અહીંથી જવા ઇચ્છતો નથી." મેં એ તૈયારી હોય તો રહેવા હા પાડી. ત્યાર પછી એ ભાઈ વિષે કદી કામ બાબત ફરિયાદ નથી આવી એટલું જ નહીં, પણ જે કામ આવે તે આનંદ અને ઉત્સાહથી કરતો થઈ ગયો હતો. આ અનુભવ ઉપરથી મને જણાયું કે પરિચય વધ્યા પછી અને એક બીજાને ઓળખ્યા પછી કામ બહુ સહેલું બની જાય છે. માણસ ઓછી આવડતવાળો હોય તો એને નભાવી શકાય પણ પ્રામાણિકતા અને ઉદ્યોગશીલતા ન હોય તો મુશ્કેલી ઊભી થાય છે.

૧૦. ઉત્સવ—પ્રદર્શનો

માણસ નાનો હોય કે મોટો, બહુ ભણેલો હોય કે થોડું, પણ દરેકને પોતાની કૃતિથી આનંદ થાય જ છે. અને જે આનંદ પોતાને થાય તેમાં બીજાને ભાગીદાર બનાવવાનું પણ મન થાય એમ આપણે અનુભવીએ છીએ. વિદ્યાર્થીઓ વિષે તો આમ સ્વાભાવિક હોય જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા, તેને પ્રેરણા અને પ્રોત્સાહન મળવાં જોઈએ. તો તે પોતાની શક્તિઓ ખીલવી શકે છે અને પ્રદર્શિત કરી શકે છે.

વળી અમુક કૃતિમાં જ આનંદ આવે છે એમ પણ નથી. નાની મોટી દરેક પ્રકારની કૃતિથી આનંદ મળી શકે છે. ચોપડીને પૂંઠાં ચઢાવવાથી માંડીને ઝાડુ બાંધવાની કળામાં, બટન બનાવવાથી માંડીને ખાદીકાપડ બનાવવાની કળામાં, ચિત્રકામ કે સંગીતમાં, એમ દરેકમાં વિદ્યાર્થીઓને આનંદનો અનુભવ થાય છે.

આ કળાને ઉત્તેજન મળે એવો મુખ્ય પ્રસંગ અમારો ઉત્સવ ગણાય.

ઉત્સવ કરવા માટે વિદ્યાર્થીઓ અધીરા બનતા. અમને શિક્ષકોને પણ ઉત્સવ કરવાની ઇચ્છા થાય, કેમકે એ રીતે અમારું કાર્ય બીજાઓને બતાવવાની તક મળશે એમ એક વિચાર આવી જાય. પણ હું એ રીતે વિચાર કરતો ન હતો. ઉત્સવમાં પ્રધાનપણે વિદ્યાર્થીઓને જ મુખ્ય અને ઘણું કામ હોય. એટલે તેમની ઇચ્છાનો પ્રથમ વિચાર કરતો. મારી કે શિક્ષકોની ઇચ્છા થાય અને વિદ્યાર્થીઓ ઢસડાય, તો ઉત્સવ થાય ખરો; પણ એમાં જે ઉત્સાહ અને આનંદ પ્રગટવાં જોઈએ તે ન પ્રગટે અને કદાચ એમાં કૃત્રિમતા આવી જાય. જો કે તેનો નિર્ણય કરવામાં વિદ્યાર્થીઓને કેટલીક વખત ઉત્તેજન આપવાનું હોય તો કેટલીક વખત લગામ ખેંચી રાખવાની હોય એમ બને. પણ વિદ્યાર્થીની તૈયારીને મુખ્ય બાબત અમે ગણતા.

આથી ઘણી વખત વિદ્યાર્થીઓ ઇચ્છે ત્યારે ઉત્સવ સિવાયના તહેવારોમાં પણ નાના નાના કંઈક કંઈક કાર્યક્રમો રાખી તેમના ઉત્સાહને અમે વધાવી લેતા. કોઈ વખતે દાંડિયા રાસ હોય, તો કોઈ વખતે સંગીત અને નૃત્ય પણ હોય, કોઈ વખતે અંતકડી તો કોઈ વખત ચર્ચા પરિષદ, કોઈ વખત મનપસંદ સેવાનો તો કોઈ વખત માસિક બહાર પાડવાનો, કોઈ વખત ઊંધિયાપાર્ટીનો તો કોઈ વખત શેરડીના વાઢમાં જઈ શેરડી ખાવાનો, તો કોઈ વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરવાનો કાર્યક્રમ હોય; આવા અનેક પ્રકારના કાર્યક્રમો દ્વારા આનંદ મળે છે. આ પ્રસંગોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે છે અને ખૂબ ઉત્સાહથી તે સફળ કરવા પોતાની :બધી શક્તિનો અને આવડતનો પરિચય કરાવે છે.

અમારી નાનકડી સંસ્થામાં સંગીત, ચિત્રકામ, કે એવી કોઈ લલિતકળાઓ માટે કોઈ શિક્ષક ન હતા. કેમકે જે શિક્ષકો હતા તેમનામાં તેવી ખાસ લાયકાત ન હતી; અને કેવળ એટલી જ લાયકાતવાળા અમારે ત્યાં કોઈ રીતે પોષાય તેમ ન હતું. અમે એવા શિક્ષક માટે પ્રયત્ન કર્યો નથી એમ નહિ; પણ જે અમને મળી આવ્યા, તેમનામાં એ માટેની ખાસ લાયકાત હતી નહિ એમ કહેવું જોઈએ.

તેમ છતાં વિદ્યાર્થીઓને તેનો લાભ બિલકુલ મળ્યો નથી એમ નથી બન્યું. અમારે ત્યાં જે કોઈ મિત્ર આવતા, તેમની પાસે જે કંઈ વિદ્યા હોય, એનો લાભ લેવાનું અમે ચૂકતા નહિ. અને એવા મિત્રો અવારનવાર મળી આવતા પણ ખરા.

ઉત્સવ પ્રસંગે સંવાદો ભજવવા કે પ્રદર્શન ભરવાનું મુખ્યત્વે વિદ્યાર્થીઓ જ કરતા. શિક્ષકો તેમાં દોરવણી આપે ખરા.

અમારા ઉત્સવમાં મુખ્ય ત્રણ અંગો હોય. સંવાદો, પ્રદર્શન અને રમતગમત.

૧. નાટક-સંવાદો

નાટક સંવાદોનો વિચાર કરતાં શરૂઆતનો એક પ્રસંગ યાદ આવે છે. અમારો પહેલો પ્રવાસ પાવાગઢનો થયો અને વિદ્યાર્થી-ઓને લઈને શિક્ષકોને મોકલ્યા (હું બીજા કામ અંગે જઈ શક્યો નહીં) ત્યારે પ્રવાસમાં વડોદરા શહેર જોવાનો કાર્યક્રમ પણ હતો. મને વિચાર આવ્યો કે ત્યાં જશે એટલે નાટક-સિનેમા જોવાનું મન થશે, એટલે પ્રથમથી જ એ ન જોવા જવા શિક્ષકોને ચેતવ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડોદરા ગયા ત્યારે બધાની ઇચ્છા તે જોવાની થઈ પણ ખરી, પણ પેલી ચેતવણીને કારણે કોઈ ગયા ન હતા.

ઘણે ઠેકાણે સંસ્થાઓ વિદ્યાર્થીઓને નાટક સિનેમા બતાવવા લઈ જાય છે એ હું જાણું છું. કોઈ કોઈ દલીલ કરે છે કે વિદ્યાર્થીઓ આમેય સ્વતંત્ર રીતે નાટક-સિનેમા જુએ છે. તમે ના પાડશો તો ઘેર જશે ત્યારે જોશે અને તેમને પસંદ કરતાં નહીં આવડે તો ગમે તે જોશે અને ખોટા સંસ્કાર મેળવશે. એના કરતાં સારું નાટક કે સારો સિનેમા હોય ત્યારે આપણે બતાવીએ તો એમાં શું ખોટું? આપણે તો હાલનાં નાટક–સિનેમામાં માનતા નથી. પણ વહેવારની દૃષ્ટિએ આ યોજના બરાબર લાગે છે.

મને આ દલીલ બરાબર નથી લાગી. પણ આપણને પોતાને જ છેતરનારી લાગી છે. પ્રથમ તો જો હું નાટક-સિનેમામાં ન માનતો હોઉં તો મારે જોવું ન જોઈએ અને કોઈને દેખાડવું પણ ન જોઈએ. મારે માટે એક વર્તન અને વિદ્યાર્થી માટે બીજું, એમ કેમ ચાલે?

વળી જે નાટક-સિનેમાનાં હાલ બજાર થયાં છે તે શિક્ષણની દૃષ્ટિએ થોડાં જ છે? તે તો કમાણીની દૃષ્ટિએ જ છે. એટલે એમાં સંસ્કાર ઓછા હોય અને હીનવૃત્તિ પોષાવાનો પૂરો સંભવ હોય. ગામડામાં રામલીલા અને ભવૈયા આવે છે. એ સંસ્થાઓ મૂળ તો સારી જ હતી. હું નાનો હતો ત્યારે મેં માણભટ્ટની મહાભારતની કથા સાંભળી હતી. રામલીલા જોઈ હતી; પણ આજે એ સંસ્થાઓની એટલી પડતી થઈ છે કે તે જોનારને નુકસાન જ થાય. ભવૈયાથી કેટલું નુકસાન થાય છે? પણ લોકો તેમને રમાડે અને પૈસા ખર્ચે છે. એવી જ આજના બજારુ નાટક-સિનેમાઓની સ્થિતિ છે. કોઈ કોઈ નાટક-સિનેમા સારાં હોય પણ તેમાંય મનોરંજની દૃષ્ટિએ થોડું વિષ ભેળવે જ છે. એટલે એવાં નાટક-સિનેમા વિદ્યાર્થીઓ પોતાની જાતે જુએ તો ભલે જુએ; મારું ન માને તો એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં દોષ છે તે તપાસું, પણ હું જે યોગ્ય નથી માનતો તે તેમને બતાવવામાં નિમિત્ત ન બનું. જો મારા વિચાર સાચા હશે અને એ પ્રમાણે હું વર્તન રાખીશ તો મને લાભ થશે જ અને વિદ્યાર્થી સમજશે તો તેને પણ લાભ થશે.

આ જ રીતે અમારા નાટક-સંવાદોનો હું વિચાર કરતો. અમે મનોરંજન સાથે મુખ્ય લોકશિક્ષણની દૃષ્ટિ રાખીને જ યોજના કરતા. કેટલીક સંસ્થાઓ સંવાદોમાં પોષક અને સજાવટ પર અતિ-મહત્ત્વ આપે છે અને નાટક કે સંવાદનું વસ્તુ ગૌણ બનાવે છે. આથી લોકો આકર્ષાય ખરા, પણ તેમને શિક્ષણ ઓછું મળે છે અને એ રીતે હેતુને નુકસાન પહોંચે છે.

સંવાદ કે નાટકનો હેતુ લોકશિક્ષણનો છે એટલે એ દૃષ્ટિએ નાટકના વસ્તુ પ્રત્યે અમે પૂર્ણ લક્ષ આપતા. પોષાક તો ખાદીનો જે મળી શકે તે જ વાપરતા. પડદા વગેરેમાં પણ અમારી ખાસ વિશેષતા ન હતી. પણ તેથી અમે વિદ્યાર્થીની આવડત અને કળા મોખરે રાખી શકતા. જે લોકો જોવા આવતા તે અમે એ સંવાદ મારફત શું કહેવા માગીએ છીએ તે સમજતા એમ મને લાગ્યું છે. એક સંસ્થામાં હું નાટ્યક્રમ-પ્રસંગે જઈ ચઢ્યો હતો. ત્યારે આખું નાટક ભજવાયું, પણ નાટકમાં શું કહેવા માગે છે તે લોકો સમજી શકતા ન હતા. અને તેની જાણ વ્યવસ્થાપકોને વચ્ચે થઈ ત્યારે બીજા અંકની શરૂઆતમાં સાર કહેવો પડ્યો હતો. છતાં લોકો ભાગ્યે જ સમજ્યા. પણ રંગભૂમિની સજાવટ, પોષાક અને વ્યવસ્થા-શક્તિ જોઈને તેમની શક્તિ વિષે માન થયું હતું. પણ લોકોને શીખ-વાનું ઓછું મળ્યું એમ લાગ્યું.

અમે ગામડાઓમાં ગાંધીવિચાર-પ્રચાર માટે જઈએ ત્યારે પણ લોકભોગ્ય સંવાદો ભજવતા. તે વખતે તો પોષાક કે પડદા પણ ન હોય છતાંય જે સાધનો મળી શકે તેનાથી ચલાવીને સંવાદો કરતા. ઘણા લોકો જોવા આવતા અને તેમને રસ પણ પડતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અમે શું કહેવા માગીએ છીએ તે તેઓ સારી રીતે સમજી જતા.

આ રીતે લોકશિક્ષણની દૃષ્ટિ મુખ્ય રાખી સંવાદોની પસંદગી કરતા અને બાકી બધું ગોઠવાઈ જતું.

૨. પ્રદર્શન

પ્રદર્શન માટે વિદ્યાર્થીઓ જેને જે ચીજો પ્રદર્શનમાં મૂકવી હોય તેની તૈયારી અગાઉથી કરે. એ રીતે પૂણી, સૂતર, ખાદી, બટન, હાથસીલાઈ, હસ્તલિખિત માસિક, ગૂંથણ, સુંદર અક્ષર, ચિત્રકામ વગેરેના નમૂના મૂકવામાં આવે. તે સાથે અમારા બગીચાની ખેતીનાં શાક અને ફળના નમૂનાઓ પણ આવે. કોઈ રંગોળી પૂરે તો કોઈ ગોઠવણી કરે. આમ અમારા પ્રદર્શનમાં ઘણી વસ્તુઓ ન મળે. એક ઓરડામાં બધી વસ્તુઓ સમાઈ જાય. પણ જે મુકાય તે યોગ્ય રીતે યોગ્ય સ્થળે મુકાય અને વિદ્યાલય બહારની ચીજ દેખાવ માટે કંઈ ન મુકાય એની કાળજી રાખતા. જે હોય તે વિદ્યાર્થીઓની અને શિક્ષકોની આવડતનું જ પ્રદર્શન થતું. અમે એને જ સાચું પ્રદર્શન ગણતા.

૩. રમતગમત

રમતોનો પણ એ જ રીતે વિચાર કરતા. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની અનેક રમતો જોઈ વિદ્યાર્થીઓ મને તે દાખલ કરવા જણાવે. હું તો તેમની રમતો ગામડામાં દાખલ કરવાની દૃષ્ટિએ વિચારતો અને ઓછામાં ઓછાં સાધનનો તથા ખર્ચની રમતો શોધવા પ્રયત્ન કરતો. વળી ગામડાંની જે રમતો છે તે સારી રીતે કેમ રમી શકાય એનો વિચાર પણ કરતો.

આ રીતે ખર્ચાળ રમતોને તો અમારી સંસ્થામાં સ્થાન ન મળ્યું પણ વિના સાધનની ઘણી રમતો દાખલ થઈ. બધી રમતોમાં હુ તૂ તૂ તૂ પ્રધાન ગણી શકાય. તે ઉપરાંત મોઈદાંડિયા, લંગડી, તોપગોળો, નદીપાર, ઘોડેસ્વાર, કૂકડાયુદ્ધ, હીંચકા વગેરે રમતો થતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૂહ કવાયત પણ થતી. એમાં ખર્ચાળ રમતોથી જરાય ઓછો આનંદ મળતો ન હતો. પણ તે રમતો ગામડામાં જ્યાં જઈએ ત્યાં રમતા અને વિદ્યાર્થીઓને શીખવતા.

આમ ઉત્સવમાં વિદ્યાર્થીઓને ખૂબ આનંદ મળતો. થાક તો જણાતો જ નહીં. આ બધામાં ભાગ લેવાનો હોય ત્યારે પણ વિદ્યાલયમાં સફાઈ, પીરસવું, મહેમાનોની સેવા વગેરે કામ તો રહેતાં જ. પીરસવામાં પણ આવડત અને કળાની આવશ્યકતા હોય છે. અતિથિ-સેવામાં પણ આવડત જોઈએ. એમાં શિક્ષકો દોરવણી આપતા.

આ બધા પ્રસંગોમાં ભૂલો થતી ન હતી એમ નહીં કહેવાય. પણ ભૂલો થતી તેથી જ સુધારવાની તક મળતી અને "કામ કામને શીખવે છે" એ પ્રમાણે બધા શીખતા.

૯

કોનું વિદ્યાલય ?

૧. બારૈયા અને પાટીદાર

ખેડા જિલ્લામાં બારૈયા અને પાટીદાર વચ્ચે વધુમાં વધુ સંબંધ છે. એકબીજાના સિવાય ચાલે નહિ એવી સ્થિતિ છે. ઘણાં ગામોમાં બન્ને કોમોની વસ્તી છે. હા, એકલા બારૈયાની વસ્તીવાળાં ગામો છે પણ એકલા પાટીદારની વસ્તીવાળું એકે ગામ નથી. પણ થોડાય પાટીદારો છે ત્યાં તેમની હોશિયારી અને ચાલાકીને લઈને તેમનું વર્ચસ છે.

પાટીદાર કોમમાંથી છૂટક મજૂરી કરનાર ભાગ્યે હશે. તે મોટે ભાગે જાતે ખેતી કરે અને ભણેલા નોકરી યા વેપારધંધો કરે. બારૈયા કોમ પણ મુખ્યત્વે ખેતી કરે. પણ વ્યસનથી કે બીજા કારણે જેમ જેમ જમીન ઘટતી ગઈ તેમ તેમ તેઓ વતનની આસપાસ મજૂરી શોધતા થઈ ગયા. અજ્ઞાન હોવાથી નોકરી કરનાર બહુ થોડા હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાડા ચાર લાખની તેમની વસ્તીમાં મેટ્રિક થયેલા આંગળીને વેઢે ગણાય તેટલા હશે. ગામની નિશાળમાં નિયમિત ભણવા જનાર છોકરાઓની સંખ્યા પણ બહુ જ થોડી છે. તેથી જે એક વખત થોડી યા વધારે જમીનવાળા હતા, તે આજે મજૂર બની ગયા છે. ખેતી પણ પાટીદારની સારી હોય. બન્નેની ખેતી સાથે હોય તો તરત ઓળખાઈ આવે. પાટીદાર કોમ સાહસિક છે. કેટલાક દેશ-પરદેશ ખેડે છે. જ્યારે બારૈયા કોમમાંથી કોઈ હજી સુધી ગુજરાત છોડીને બહાર ગયાની ખબર નથી.

પાટીદારને ચાકર જોઈએ તો બારૈયામાંથી મેળવે. રખોપું કરવું હોય તો તેમને શોધે, અને મજૂરી કરાવવી હોય તોય તેમને શોધે. બારૈયા ભાઈને પણ પાટીદાર સિવાય ચાલે નહીં. તેમને પાટીદાર કહે તોપણ તેમની પાસે કામ માટે જવું જ પડે.

આમ બન્ને કોમો એકબીજા સાથે એટલી સંકળાયેલી છે કે એકબીજાના વિના ચાલે જ નહીં. તેમ છતાં એકબીજા વચ્ચે વૈમનસ્યના પ્રસંગો આવી જાય છે. "વાસણ સાથે હોય તો ખખડે" એમ એકબીજાને કામના પ્રસંગો આવે ત્યાં ખડખડાટ પણ થાય. થોડો વિચાર કરતાં સમજાય છે કે તેનાં મૂળ ઊંડાં નથી.

કોઈ કોઈ બારૈયા અને પાટીદારને બન્ને જાણે એકબીજા સામે ઊભેલા અને એકબીજાનો મેળ ન ખાય તેવા દેખાય છે. પાટીદાર-માંથી મને એવું કહેનાર મળ્યા છે કે આ બારૈયોનાં છોકરાંને ભણાવો છો, તે તમે સાપને દૂધ પાવાનું કામ કરો છો. તે તમને કોઈ વખત કરડશે ત્યારે ખબર પડશે. બારૈયામાંથી કહેનારા મળ્યા છે કે તમે તો આખરે પાટીદાર. તમારામાં વિશ્વાસ રખાય નહિ. બારૈયા આગળ આવે એવું પાટીદાર કદી ઇચ્છે જ નહિ. તેથી તમે અમારા છોકરાઓને કેળવવાનો દંભ કરો છો.

આ બન્ને ખ્યાલો હંમેશાં મને ખોટા જણાયા છે. કેમકે એ બન્ને કોમમાંથી વિદ્યાલયને મદદ અને સહકાર મળતાં રહ્યાં છે અને મિત્રો તથા સંબંધો વધતા રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાલય બધાનું છે; એ બન્ને કોમને સાંધનાર બને એ વિદ્યાલયની મૂળ કલ્પના આપનાર અને આદ્ય સંસ્થાપક શ્રી. કાકાસાહેબની અંતરની અભિલાષા છે. તેમણે સન ૧૯૩૭ના વિદ્યાલયના ઉત્સવ-પ્રસંગે સંદેશો આપેલો તેમાં જણાવ્યું હતું કે 'વલ્લભ વિદ્યાલયનો મુખ્ય ઉદ્દેશ ઉજળિયાત લોકો અને મજૂરિયાત લોકો વચ્ચે સ્નેહસંબંધ વધારવાનો છે. કેળવણી દ્વારા એ ઉદ્દેશ પાર પાડવા માગીએ છીએ. માટે દર વર્ષે આપણે તપાસવું જોઈએ કે શ્રમજીવી અને બુદ્ધિજીવી વચ્ચેનું અંતર આપણે કેટલું ઓછું કરી શક્યા છીએ. વલ્લભ વિદ્યાલયને પ્રથમથી જ સંસ્કારી લોકોનું વાતાવરણ મળતું આવ્યું છે. એ વિદ્યાલય પાસેથી ઘણી આશાઓ રખાઈ છે. એ બધી ફળો એવી મારી પ્રાર્થના છે અને આશા છે કે વિદ્યાલયની હસ્તી બન્ને કોમોને આશીર્વાદરૂપ થશે.'

વિદ્યાલય પછાત વર્ગનું અજ્ઞાન, આળસ અને વ્યસન કાઢી તેમને બધાની હરોળમાં ઊંચે મૂકવા માગે છે. તે પાટીદારના ગુણો—ખેતીની આવડત, જાતમહેનત, સાહસ અને ઉદારતા શીખવવા ઇચ્છે છે; તેની સાથે બારૈયા કોમ મજૂરી જ કરે અને તેમના હાથા બને—એવી ખોટી ભાવના અને અભિમાન કાઢી નાખવા માગે છે.

૨. બારૈયા વિદ્યાલય કે રાષ્ટ્રીય વિદ્યાલય

કેટલાકની એવી માન્યતા હતી કે આ સંસ્થા બારૈયાઓના છોકરાઓ માટે જ છે; એ કોમની ઉન્નતિ અર્થે છે. બીજા ભલે ભણે, પણ છાત્રાલયમાં તો તેમને જ રાખવા જોઈએ. શરૂશરૂમાં પોતાની કોમની સેવા કરવાની ઇચ્છાવાળા બારૈયા યુવાનો અને આગેવાનો મારી પાસે આવતા. તેમાંના કોઈ કોઈ મને જણાવતા કે વિદ્યાર્થીઓને દાખલ કરવા હોય કે છૂટા કરવા હોય તો અમારી સલાહ લેશો. કેમકે અમે એ છોકરાઓને ઓળખીએ. તમે નવા નવા છો અને વળી બીજી કોમના છો. તેમની એમ પણ ઇચ્છા હતી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાલયમાં શિક્ષકોની પસંદગી પણ, બને ત્યાં સુધી, તેમની કોમના શિક્ષકોમાંથી થાય તો કોમની ઉન્નતિમાં વધુ સરળતા થાય.

આ દલીલ તેમને મન સાચી હતી. મને થતું હતું કે જેના દિલમાં સાચી ભાવના છે અને જે સાદાઈથી પવિત્ર જીવન ગાળવા ઇચ્છે છે, તેની સાથે જે સહવાસમાં આવશે તેની સેવા થશે જ. એટલે શિક્ષક અમુક કોમના હોય તેને લીધે સફળતા નહિ મળે, પણ જે સિદ્ધાંતો પર વિદ્યાલય ચલાવવાનું છે અને તે સિદ્ધાંતો જેમને સ્વીકાર્ય હોય એવા અને તે પ્રમાણે વિદ્યાલય ચલાવવા પ્રયત્ન કરે તેવા કાર્યદક્ષ શિક્ષકો ઉપર તેની સફળતાનો આધાર છે.

હું જેમ જેમ અનુભવ કરતો ગયો તેમ તેમ જોતો ગયો કે એક જ કોમના વિદ્યાર્થીઓ લેવામાં એ કોમના વિદ્યાર્થીઓને પણ એકાંગી જીવન અને વિચારો આવે. અનેક કોમના વિદ્યાર્થીઓને સાથે રહેવાનું થાય તો એકબીજાના સ્વભાવ, રહેણીકરણી ઇ૦ ઓળખવાનું બની શકે અને એક કોમ બીજી કોમને ઓળખી શકે. વિદ્યાર્થીઓ ભવિષ્યના નાગરિકો છે. એટલે જુદી જુદી કોમના વિદ્યાર્થીઓ ભેગા રહે, ભણે એટલું જ નહિ, પણ પછાત કોમની સેવાની દૃષ્ટિએ બધા ભેગા રહે એમ થવું જ જોઈએ.

એટલે ઉપરની સંકુચિત દૃષ્ટિની વાતો હું સાંભળતો ત્યારે મને એ રુચતી નહિ. આના પરિણામે કેટલાક એ કોમના ઉત્સાહી યુવકો અને આગેવાનો રસ લેતા ઓછા થયા. પણ એ સંકુચિત દૃષ્ટિનું કારણ કોમ કોમ વચ્ચે અવિશ્વાસની લાગણી છે. એ અવિશ્વાસ દૂર કરવા માટે જ વિદ્યાલય કોમી નહિ પણ રાષ્ટ્રીય જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

અસ્પૃશ્યતા-નિવારણનો આગ્રહ

૧. હરિજન વિદ્યાર્થી અંગે કસોટી

સન ૧૯૩૧ માં બોચાસણમાં વિદ્યાલય કાઢવાનું નક્કી કર્યું ત્યારે તે પછાત કોમોની ઉન્નતિની દૃષ્ટિએ કાઢવાનું છે એમ ગામલોકોને સમજાવ્યું હતું. સાથે સાથે એ પણ સમજાવ્યું હતું કે આ સંસ્થામાં અસ્પૃશ્યતા-નિવારણનો આગ્રહ રહેશે. એ વિદ્યાપીઠની સંસ્થા હોઈ તેના સિદ્ધાંતો પાળશે. લોકો વિચારમાં તો પડી ગયા. પણ એ વખતે ઉત્સાહમાં વિરોધ ઊડી ગયો અને કેટલાક લોકોએ મન વાળ્યું કે અહીં કોણ હરિજન વિદ્યાર્થી આવવાનો છે? નાહકની ચિંતા શું કામ કરવી?

સન ૧૯૩૫ માં વિદ્યાલય ફરી શરૂ કર્યું ત્યારે શરૂઆતમાં કોઈ હરિજન વિદ્યાર્થી આવ્યો નહિ.

પણ વિદ્યાલય શરૂ કર્યું એટલે સંસ્થા પાસે સ્વતંત્ર કૂવો જોઈએ એમ માનીને વિદ્યાલયમાં સંસ્થાનો કૂવો કરાવ્યો. એ કૂવો ન હતો ત્યારે કોઈ કોઈ હરિજન ખેડૂત ભાઈઓ પાણી ભરવા નજીકના ખેતરના કૂવે આવે ત્યારે તે કૂવા પર ચઢી શકે નહિ, એટલે વિદ્યાર્થીઓ તેમને પાણી કાઢી આપતા. પણ વિદ્યાલયનો કૂવો થયો એટલે હરિજનો એ કૂવો વાપરવા લાગ્યા. આ આસપાસની છાપરીવાળા ભાઈઓને રુચ્યું નહિ.

એક વખત સાબરમતી હરિજન આશ્રમની છોકરીઓ પ્રવાસે આવવાની હતી. તેમને વિદ્યાલયમાં આમંત્રણ આપ્યું. એ વખતે કોઈ કોઈ સંસ્થાના વિદ્યાર્થીઓ ત્યાં પ્રવાસે આવતા. તેનાં નાતજાત કોઈ પૂછતું નહિ. પણ આ તો બધી હરિજન બાળાઓ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓને તો કંઈ વિરોધ જેવું લાગ્યું નહિ. જે દિવસે તે છોકરીઓ આવવાની હતી તે જ દિવસે જંબુસર તાલુકાના ઉમેર ગામથી ત્રણ વિદ્યાર્થીઓને લઈ તેમના વાલીઓ આવ્યા. તેમને વિદ્યાલયનું કામકાજ, રીતભાત ગમ્યાં હતાં અને ત્રણે છોકરાઓને દાખલ કરવાનું નક્કી કર્યું હતું. બાદ ભોજનનો વખત થયો. બધાં જમવા બેઠાં. ત્યાં પેલા ભાઈઓને ખબર પડી કે આ સાથે છોકરીઓ જમે છે તે હરિજનોની છે, એટલે તેમને ખાવાનો રસ ન રહ્યો અને ખાધું ન ખાધું કરીને ઊઠ્યા. સાંજે મને કહ્યું કે અમારે છોકરાઓને અંગ્રેજી ભણાવવાનો વિચાર થાય છે તેથી પાછા લઈ જઈશું. હું કારણ સમજી ગયો હતો. તેથી તેમને અસ્પૃશ્યતા-નિવારણની વાત સમજાવી. તેમણે જણાવ્યું કે હરિજનને કારણે જ અમે અહીં તેમને મૂકી શકતા નથી. એમ કરી તે પાછા ગયા. આ વખતે વિદ્યાલયનો કૂવો તૈયાર થઈ ગયો હતો એટલે પાણીનો પ્રશ્ન હતો જ નહિ.

પણ ત્યાં સુધી કોઈ હરિજન વિદ્યાર્થી દાખલ થવા આવ્યો ન હતો. એનું કારણ એ હતું કે હરિજનોમાંથી ઘણા ખ્રિસ્તી થઈ ગયા છે અને તેમની સ્વતંત્ર સંસ્થાઓ છે. બોચાસણ ગામમાં જ ખ્રિસ્તીઓના બે પંથની બે નિશાળો હતી. બોરસદ તાલુકામાં અને જિલ્લામાં પણ તેમની ઘણી નિશાળો છે. વળી હરિજનસેવક સંઘની સંસ્થા પણ સન ૧૯૩૪માં સ્થપાઈ એટલે રાષ્ટ્રીય વૃત્તિવાળાને તે સંસ્થા મારફત હરિજનોમાં કામ કરવાની અનુકૂળતા મળી. છતાં વિદ્યાલયમાં હરિજન નથી એ સંસ્થાની રાષ્ટ્રીયતામાં ઊણપ લાગતી. એટલામાં બોરસદ તાલુકા હરિજનસેવક સંઘના મંત્રીનો પત્ર આવ્યો કે બોદાલથી બે હરિજન વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં દાખલ થવા ઇચ્છે છે. તે ગુજરાતી પાંચ ચોપડી ભણ્યા છે અને ૧૪ વર્ષની ઉમંરના છે. તમે લેશો? અમે વિદ્યાર્થીઓને મળવા બોલાવ્યા અને તે લાયક જણાયા એટલે તેમને નવા વર્ષે દાખલ કરવા જણાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાત વિદ્યાર્થીઓએ જાણી, પણ તેમનામાં કંઈ ખાસ ખળભળાટ ન થયો. પણ અંદર અંદર ચર્ચા કરવા અને પોતાનો અણગમો પણ કોઈ કોઈ જણાવવા લાગ્યા. વિદ્યાર્થીઓ સાથે ચર્ચામાં એક વખત કહ્યું કે અમે પાટીદાર હોવા છતાં તમારી સાથે બેસીએ છીએ અને હરિજન સાથે પણ બેસવાના છીએ. તો તમને શી હરકત છે?

એક વિદ્યાર્થી તરત બોલી ઊઠ્યો કે અમે ક્યાં તમને કહીએ છીએ કે તમે અમારી સાથે આવીને જમવા બેસો. તમે તમારી મેળે આવો છો. તમે અમારી સાથે જમવા નહીં બેસો તો અમને ખોટું નહીં લાગે. પણ અમે હરિજન સાથે નહીં બેસીએ.

અમારે તેમને તથા તેમના વાલીઓને અંધારામાં રાખવા જ ન હતા. તેથી વિદ્યાલયના વાર્ષિક ઉત્સવ-પ્રસંગે વિદ્યાર્થીઓના વાલીઓની સભા રાખી અને તેમાં હરિજન વિદ્યાર્થી દાખલ થવાની વાત જણાવી, તેમને સમજાવ્યા.

એક વાલીને થયું કે આ સંસ્થા મુખ્યત્વે બારૈયા માટે છે. વિદ્યાલયમાં અમુક જ (૩૦) વિદ્યાર્થી લેવાનો નિશ્ચય કર્યો છે. તેમાંય જો બીજી કોમના વિદ્યાર્થીઓને લેવામાં આવે તો તેટલા બારૈયાના વિદ્યાર્થીઓ ઓછા દાખલ થઈ શકે અને તેમને ગેરલાભ થાય. એટલે અમુક ટકા બારૈયા વિદ્યાર્થીઓને લેવા જોઈએ એવો આગ્રહ ધર્યો. ત્યારે અમે જવાબ આપ્યો કે બારૈયા વિદ્યાર્થીઓ નિયમ મુજબ જેટલા આવશે તેટલા લઈશું.

વળી એક ભાઈએ પ્રશ્ન કર્યો કે આ સંસ્થા જે કોમની ઉન્નતિ માટે કાઢવામાં આવી છે તેના વિદ્યાર્થીઓ નહીં રહે તો એ સંસ્થા નિષ્ફળ થઈ ગણાશે. આ કંઈ હરિજન-ઉદ્ધાર માટેની સંસ્થા નથી.

જ૦ :— હા, એ સાચી વાત છે. આ સંસ્થા હરિજનસેવાનું કામ નહીં ઉપાડે. પણ અસ્પૃશ્યતા-નિવારણનો કાર્યક્રમ તો આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્ર માટે છે તેથી પોતાને ત્યાં હરિજન આવે તેને સમાવી લઈ પોતાપૂરતું આચરણ કરશે. આ સંસ્થા સમાજની છે એટલે સમાજનો કોઈ ભાઈ આ સંસ્થાનો લાભ લેવા ઇચ્છે તો ના ન જ પડાય, બીજા અણસમજથી વિરોધ કરતા હોય તેમને સમજાવવાનું કાર્ય કરે, પણ પેલાને અટકાવે નહીં.

પણ આ બધા ખુલાસા છતાંય ઘણાને હરિજન વિદ્યાર્થીઓ આવે એ ગમ્યું નહિ. શ્રી. નરહરિભાઈએ બધાને ફરીફરીને સમજાવ્યું. અને અમે બધા છૂટા પડ્યા. સત્ર પૂરું થયું અને વિદ્યાર્થીઓ રજા પર ઘેર ગયા.

પણ આ પ્રશ્ન કેવળ વિદ્યાર્થીઓનો જ ન હતો; કાર્યકર્તાઓનો પણ હતો. તેમનામાં પણ ખળભળાટ થયો. જ્યારથી આ વાતો થવા લાગી ત્યારથી અમારી ચર્ચાઓ શરૂ થઈ. આવું સારી રીતે ચાલતું વિદ્યાલય તૂટી જાય એ કોને ગમે ? સન ૧૯૩૭ની શરૂઆતની આ વાત છે. આ પછી અમારામાંના બે સાથીઓ કેટલાંક કારણોથી વિદ્યાલયમાંથી છૂટા થયા. એટલે સંસ્થાની જવાબદારીનો બોજો અણધારી રીતે મારા પર વધ્યો.

મને લાગતું હતું કે આ રાષ્ટ્રીય સંસ્થા છે. હરિજન વિદ્યાર્થીઓ આવવાના કારણે વિદ્યાર્થીઓ જતા રહે તો ભલે જાય. હરિજન વિદ્યાર્થી એક હશે તો તેને ભણાવીશ. અને કોઈ નહીં રહે તો પણ આ સંસ્થા હું છોડીશ નહિ. અહીં રહી કાંતીશ અને સૂઝશે તે કામ કરીશ. કાર્યકર્તા સાથીઓને જવું હોય તો ભલે જાય. જોકે વિદ્યાર્થી વિનાનું વિદ્યાલય કેવું લાગશે, એ કલ્પના કરવી ગમતી ન હતી. છતાં ઈશ્વરેચ્છા બળવાન છે માનીને મનને શાંત કરતો. શ્રી. નરહરિભાઈ અને જુગતરામભાઈનો આમાં સંપૂર્ણ ટેકો હતો એ મોટું આશ્વાસન હતું.

એટલામાં એક નવા શિક્ષક દાખલ થવા આવ્યા. તેમને હરિજનનો બાધ હોય તો ન રહી શકે એ જણાવ્યું. કુટુંબ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભડછેટમાં માનતું હોય તો વિચાર કરવા જણાવ્યું. તે ભાઈ થોડા દિવસ રહ્યા. પણ કુટુંબને મનાવી શક્યા નહિ અને છૂટા થયા.

૧. હરિજન વિદ્યાર્થીઓ આવ્યા

કોઈ હરિજન વિદ્યાર્થી સામાન્ય નિશાળમાં ભણવા જાય અને અહીં છાત્રાલયવાળી શાળામાં ભણવા આવે તેમાં ભેદ છે. નિશાળમાં અમુક કલાક જ ભણતાં સુધી સાથે બેસવાનો પ્રશ્ન છે. અહીં તો ભણવાનું, રહેવાનું, જમવાનું, બધું જ સાથે હોય.

ઉચ્ચ ગણાતી કોમો કરતાં બારૈયા કોમમાં આભડછેટની ભારે સૂગ હતી અને હજીય છે. શરૂઆતમાં તો બારૈયા વિદ્યાર્થી સાથે પાટણવાડિયા વિદ્યાર્થી આવ્યા ત્યારે વિદ્યાર્થીઓ અંદર અંદર ગુસપુસ કરવા લાગ્યા અને તેમની સાથે જમવામાં સંકોચ થતો હતો. પણ વિરોધ કર્યો ન હતો.

હરિજન વિદ્યાર્થીઓને લેવાનું નક્કી થયું અને સત્રાંતે રજાઓ પડવાની થઈ ત્યારે વિદ્યાર્થીઓ સાથે વાતો થઈ. તેમાં એક બે વિદ્યાર્થીના વાલીઓ રાષ્ટ્રીયવૃત્તના હોવાથી તેઓ પાછા આવશે એમ માન્યું હતું. જોકે તેમણે મને હિંમતથી હા પાડી ન હતી. પણ એક વિદ્યાર્થીએ મને કહ્યું કે "હું તો ભણવા આવવાનો જ છું. હું એકલો હોઈશ તોપણ હું અહીં ભણવા ઇચ્છું છું. તે હરેલ અને નિશ્ચયી હોવાથી મને તેના આવવા વિષે ભરોસો થયો અને માન્યું કે એક વિદ્યાર્થી હશે તોય બસ છે. કદાચ હરિજન વિદ્યાર્થીઓને ન ગમે અને જતા રહે તોય હું અને તે રહીશું.

નવું સત્ર શરૂ થયું. પાંચ જૂના વિદ્યાર્થીઓ આવ્યા. નવા તો કોઈ જ ન આવ્યા. બે હરિજન વિદ્યાર્થીઓ મળી કુલ ૭ વિદ્યાર્થી થયા. પણ આ પાંચ વિદ્યાર્થી આવ્યા તેમાં જે વિદ્યાર્થીએ ખાતરી આપી હતી તે પેલા હરિજન વિદ્યાર્થીઓને અપનાવવામાં મદદ કરતો હતો. જ્યારે પાંચમાંના ચાર તો રાષ્ટ્રીયવૃત્તિવાળા વાલીઓને કારણે આવ્યા હતા. તેમને પોતાને ખાસ વિરોધ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ પસંદ પણ નહીં. આથી એક બે વિદ્યાર્થીઓ પ્રસંગ આવ્યે હરિજન વિદ્યાર્થીઓને પજવે પણ ખરા. બે હરિજન વિદ્યાર્થીઓને માટે અહીંનું વાતાવરણ નવું હતું. અહીં બધાં કામ ભેગા મળીને હાથે કરવાનાં છે, ચાર કલાક ઉદ્યોગ છે, વગેરે વાત પહેલેથી કરી હતી. પણ પ્રત્યક્ષ અનુભવ થયો ત્યારે ઉદ્યોગથી કંટાળવા લાગ્યા. તેમણે મને અંગ્રેજી ભણવા જવાની ઇચ્છા જણાવી. મેં તેમને સમજાવવા માંડ્યા. હું ઘણોખરો સમય તેમના સહવાસમાં રહેવા લાગ્યો. પણ તે થોડા દિવસ રહ્યા અને પછી ચાલ્યા ગયા.

પણ ત્યારથી વિદ્યાલયમાં હરિજન વિદ્યાર્થીનું સ્થાન નક્કી થઈ ગયું. બાદ ધીરે ધીરે થોડા દિવસમાં પાંચને બદલે દશ જૂના વિદ્યાર્થીઓ થયા. એ આખું વર્ષ દશ વિદ્યાર્થીઓ રહ્યા. મારી સાથે એક કાર્યકર્તા ભાઈ બારૈયા કોમના જ હતા. તેમનો સંપૂર્ણ સહકાર હતો તેથી છાત્રાલયનાં કામોમાં મને ઘણી મદદ મળી.

ત્યાર પછી હરિજન, મુસલમાન, બ્રાહ્મણ, વાઘરી, વાળંદ, કુંભાર, પાટીદાર, વાણિયા એમ અનેક કોમના વિદ્યાર્થીઓ આવ્યા. પછી તો નાતજાત કોઈને પૂછવાનું સૂઝતું જ નહિ. એ રીતે સંસ્થાનું રાષ્ટ્રીય સ્વરૂપ પાકું થયું.

એ બધી કોમોના વિદ્યાર્થીઓ ફક્ત વિદ્યાલયમાં જ આભડછેટ પાળતા ન હતા એમ ન હતું. પણ એ બધા એકબીજાને ત્યાં જતા આવતા થયા. બ્રાહ્મણને ત્યાં બારૈયા વિદ્યાર્થીમિત્ર ગયો કે પાટીદારને ત્યાં વાળંદ કે કુંભાર વિદ્યાર્થીમિત્ર ગયો ત્યારે એ વિદ્યાર્થીઓએ એને પોતાને ત્યાં પોતાની સાથે જ બેસાડીને જમાડ્યો છે. માબાપનો વિરોધ ન હોય તો ઘરમાં જમવાના સ્થાને સાથે બેસે, વિરોધ હોય તો જમવાના ચોકાથી બન્ને અલગ બેસે.

શરૂઆતમાં કોઈ પાટીદાર કે બ્રાહ્મણ વિદ્યાર્થી તેના બારૈયા કે બીજી કોમના વિદ્યાર્થી મિત્રને પોતાને ત્યાં લઈ જવા ઇચ્છે અને મને ખબર પડે ત્યારે હું ચેતવતો. પણ મારી ચેતવણીની જરૂર ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. તે વિદ્યાર્થીઓ પોતાની સાથે જમવા બેસાડવાનું સમજીને જ લઈ જતા હતા. અને પોતાના વિનયશીલ સાચા વર્તનથી ઘરમાંથી આભડછેટ દૂર કરવાનો પ્રયત્ન કરતા. એમાં કોઈને નિષ્ફળતા મળી નથી અને એ વિદ્યાર્થીઓના વાલીઓને ત્યાં આભડછેટ ઓછી થઈ છે.

વિદ્યાલયમાં પણ એક જ ગામના પાટીદાર અને બારૈયા વાળંદ અને બારૈયા, પાટીદાર અને કુંભાર એમ જુદી જુદી કોમના વિદ્યાર્થીઓ સાથે દાખલ થતા અને રહેતા. આ વાત ગામમાં લોકો જાણતા અને નભાવી લેતા થયા. એમ કરતાં કરતાં અમે એટલે પહોંચ્યા છીએ કે વિદ્યાલય તરફથી ચાલતા ખાદી-કેન્દ્રમાં હરિજન શિક્ષકને પણ સ્થાન આપી શક્યા છીએ.

સન ૧૯૪૨માં કાંઠાના એક ગામના લોકો મારી પાસે આવ્યા અને વણાટની સગવડ કરી આપવાની માગણી કરી. હું તે ગામમાં ગયો. તે ગામમાં બધી જ વસ્તી બારૈયાની છે. ઘેર ઘેર તકલી ચાલતી હતી. સૂતર હતું પણ વણવાની મુશ્કેલી હતી. મેં તેમની માગણીથી વણાટ શીખવવાનું નક્કી કર્યું. પણ મારી પાસે હરિજન શિક્ષક હતો. તેની પાસે લોકોએ શીખવાની તૈયારી બતાવી. પણ તેને રહેવા માટે હરિજનવાસમાં ઘર નહીં મળવાથી એક આગેવાન બારૈયા ભાઈએ પોતાના મહોલ્લામાં પોતાનું ઘર આપ્યું. ત્યાં તે વિદ્યાલયના એક બારૈયા વિદ્યાર્થી સાથે રહીને શીખવવા લાગ્યો અને લોકોએ તેને અપનાવી લીધો. પેલા હરિજન શિક્ષકે પણ શીખવવામાં એટલો ઉત્સાહ બતાવ્યો અને એટલા પ્રેમથી શીખવવા માંડ્યું કે તેમનો પ્રિય થઈ પડ્યો. આમ વિદ્યાલયની અસર દૂરના ગામડા સુધી પણ દેખાઈ.

૩. ડોલ દોરડું ગૂમ

વિદ્યાલયમાં હરિજન વિદ્યાર્થીને દાખલ કર્યા ત્યારે અમારો કૂવો વિદ્યાલયમાં જ હતો અને એંજિન પણ ચાલતું હતું. પણ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત એંજિન બગડયું. એટલે પાણીનો પ્રશ્ન ખડો થયો. અમારા ચોગાન બહાર નજીક જ રેલવેનો કૂવો છે. ત્યાંથી પાણી લાવવાનું નક્કી કર્યું. કોઈ ખાનગી કૂવે પાણી ભરવા જવા કરતાં નજીક રેલવેનો કૂવો હતો અને તે જાહેર ગણી શકાય તેથી ત્યાંથી પાણી ભરવાનું વિચાર્યું.

એ કૂવાનું પાણી વાપરનાર રેલવેના કામદારો, સ્ટેશન માસ્તર, અને રેલવે નજીકની જમીનમાં રહેનારા ભાઈઓ હતા. માસ્તર સિવાયના બાકીના લગભગ બધાય બારૈયા ભાઈઓ હતા. માસ્તર બ્રાહ્મણ હતા. તે પોતે સમજુ હતા પણ તેમના કુટુંબમાં આભડછેટ હતી જ, એટલે એ બધાને અમારે ત્યાં હરિજન વિદ્યાર્થીઓ આવ્યા તે ગમતું ન હતું.

હરિજન વિદ્યાર્થી દાખલ થયાં તે પહેલાં તે બધા અમારા કૂવેથી નળનું પાણી ભરી જતા અને પીતા. પણ હરિજન આવ્યા ત્યારથી એ પાણી પીવાનું બંધ કર્યું. ઢોર પાવા માટે તથા બીજા કામ માટે પાણી વાપરવા લઈ જતા. આ બધા લોકોને અમારા દવાખાનાનો લાભ મળતો જ, અને બીજી રીતે પણ અમારી સાથે સંબંધ હતો. તેમને અમે હળતા મળતા. ખેતી અને બીજા કામમાં જરૂર પડે ત્યારે તેમને બોલાવતા. આથી તેઓ ઉઘાડી રીતે વિરોધ કરતા ન હતા. પણ તેમને અમારું આ પગલું ગમતું ન હતું. અને વળી અમે હવે રેલવેનો કૂવો અભડાવવાનો વિચાર કર્યો એટલે તેમને માટે હવે શાન્તિ રાખી બેસી રહેવાનું મુશ્કેલ બન્યું. પણ શું કરવું ?

અમે તેમના પાણી ભરવાના સમયે અડચણ ન પડે અને એકબીજાને ખોટી ન થવું પડે એ માટે સવારે વહેલા પાણી ભરી લેવાનું ઠરાવ્યું હતું. એ માટે હું સ્ટેશન માસ્તરને મળી આવ્યો. તેમને જણાવ્યું કે હરિજન વિદ્યાર્થી કૂવા પર પાણી નહીં ભરે. એટલે તે ના ન પાડી શક્યા. વળી એક બે દિવસનો પ્રશ્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. એંજિન સુધરે ત્યાં સુધીની મુશ્કેલી હતી. તેથી અમે પડોશીઓને આઘાત ન થાય અને સલાહસંપથી કામ ઉકલે એ દૃષ્ટિએ ઉપર મુજબ ઉકેલ કર્યો હતો અને માસ્તરને જણાવ્યું હતું.

પછી વિદ્યાર્થીઓ પાણી ભરવા ગયા. એટલે પોર્ટર વગેરે ભાઈઓએ માસ્તરને ફરિયાદ કરી. માસ્તરને ઘેર પણ વિરોધ હતો તેથી વિદ્યાર્થીઓ પાણીની ડોલો ભરીને મૂકવા ગયા ત્યારે કૂવા પર ડોલ દોરડું હતું તે સ્ટેશનની આફિસમાં તેમણે મુકાવી દીધું, અને જાણે કંઈ બન્યું નથી એમ તે કામ કરવા લાગ્યા.

અમારે ત્યાં સવારે વહેલી ગાડી આવે. એટલે માસ્તર ઑફિસમાં વહેલા જતા અને વિદ્યાર્થીઓ તે જ વખતે પાણી ભરતા હતા.

વિદ્યાર્થીઓ પાણી નાખી પાછા આવ્યા ત્યારે ડોલ દોરડું ન મળે. આસપાસ તપાસ કરી પણ કંઈ જવાબ મળ્યો નહિ. તે મારી પાસે આવ્યા અને જણાવ્યું કે કોઈ ડોલ દોરડું ચોરી ગયું.

હું વાંચતો હતો ત્યાંથી ઊઠીને કૂવા પર આવ્યો. સામે સ્ટેશન માસ્તરની ઑફિસ ઉઘાડી હતી. હું ત્યાં પૂછપરછ કરવા ગયો ત્યારે ખૂણામાં ડોલ દોરડું જોયું. મેં માસ્તરને જણાવ્યું કે આ રીતે વિદ્યાર્થીઓને પજવવા ઠીક નહિ. તે જવાબ ન આપી શક્યા. મેં પોર્ટર વગેરે ભાઈઓ ત્યાં હતા તેમને સમજાવ્યા. તેમણે પણ બીજાં બીજાં કારણો બતાવ્યાં અને વિદ્યાર્થીઓ ગમે તેમ બોલીને અમને પજવે છે એમ જણાવ્યું. તેમની સાથે વાતો કરી અને શાન્ત પાડ્યા. વિદ્યાર્થીઓને પણ આવા પ્રસંગે કેમ ધીરજથી કામ લેવું તે સમજાવ્યું. પછી બે દિવસ શાંતિથી ચાલ્યું. બે દિવસ બાદ ફરી એંજિન ચાલુ થયું. ત્યાર બાદ અનેકવાર એંજિન બગડ્યું છે અને રેલવેના કૂવાનો ઉપયોગ કર્યો છે. પણ અમારો વિરોધ કોઇ કરતા નથી. અને કેટલાય હવે અમારા નળનું પાણી પીવાના ઉપયોગમાં લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

સામાજિક રિવાજો

છાશ નહીં જોઈએ

જ્યારે વિદ્યાલયમાં ગાયો ન હતી ને અમે પાસેના ગામમાંથી દૂધ લાવતા, ત્યારે જ્યાંથી દૂધ લાવતા તે ફળિયાનાં કુટુંબો અમારા પ્રત્યે મમતા રાખતાં અને વિદ્યાર્થીઓને વલોણાને દિવસે બોલાવીને છાશ આપતાં. વિદ્યાર્થીઓ તે વખતે આવ્યા ન હોય અને વહેલું મોડું થયું હોય તો તે રાખી મૂકતાં. એ બહેનોને ત્યારે ખબર ન હતી કે જે છોકરાઓ દૂધ-છાશ લેવા આવે છે તે બારૈયાના છે. તે તો એમ માનતાં હતાં કે છોકરા ચોખ્ખા દેખાય છે અને માસ્તર પાટીદાર છે એટલે પાટીદારના જ હશે અને તેથી છોકરાઓ સીધા ઘરમાં ગોળી પાસે પહોંચી જતા અને બહેનો તેનો વિરોધ કરતી નહિ.

એમ ઘણા દિવસ ચાલ્યું. એક વખત એક બહેનને વાત વાતમાં ખબર પડી કે આ તો પાટીદારના છોકરા નથી. એટલે ત્યાર પછી છોકરાઓને ઘરમાં વલોણાની ગોળી સુધી ન જવા દે, પણ બહાર ઊભા રાખી છાશ આપે. ત્યારે વિદ્યાર્થીઓને પણ તેમાં કંઈ અજુગતું ન લાગતું.

આ વાત અચાનક મારે કાને આવી. અને મને સ્વમાનની દૃષ્ટિએ તે અયોગ્ય લાગ્યું. વિદ્યાલયમાં સ્વચ્છતાનું ધોરણ ઘણું ઊંચું હતું. પાણી રાખવાની રીત, પીવાની રીત, રાંધવાની અને જમવાની રીત, વગેરે એવી હતી કે ત્યાં બ્રાહ્મણને પણ ભંગીની સાથે જમવામાં અણગમો ન થાય, ગામડાઓમાં પૈસાદાર, સારાં સુધરેલાં કુટુંબોમાં પણ એટલી સ્વચ્છતા જોવામાં આવતી નથી. એટલે એવી સ્વચ્છતા જાળવનારને, એઓ પોતાનાથી વધુ સ્વચ્છ રહે છે તે જુએ જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં, ફક્ત જાતિને કારણે તથા રૂઢિને કારણે દૂર રાખે એ ખોટું છે, એવી રૂઢિ બદલવી જોઈએ. એટલે ત્યાર પછી એવી રીતે છાશ લાવવાનું બંધ કર્યું. પછી તો કોઈ કોઈ વખત દૂધ મેળવીને છાશ કરી લેતા. હવે તો આટલા વખતના પરિચય પછી એ ભેદભાવ ઘણો ઓછો થઈ ગયો છે; અને આજે એવાં કેટલાંય કુટુંબો છે, જેમને કોઈ પણ વિદ્યાર્થીને પોતાના ઘરમાં લઈ જતાં અને સાથે જમાડતાં પણ સંકોચ નથી થતો.

૨. ચારસ્તર, નિશાળિયાં જમાડવાં છે

એક દિવસે સવારે હું ઘેર બેઠો હતો. તે વખતે પાસેના ગામમાંથી બે ભાઈઓ આવ્યા. તેમનો અમારા પ્રત્યે સારો સદ્ભાવ હતો. તેમણે મને કહ્યું કે આજે ગામમાં નિશાળિયાં જમાડવાનાં છે એટલે તમે છોકરાંને લઈને આવજો.

મેં પૂછ્યું :— શા પ્રસંગે નિશાળ જમાડવાની છે?

જવાબ :— આ તો ખુશીનું જમાડવાનું છે. ધંધામાં ઈશ્વરની કૃપા છે. ઠીક છે. બચારાં છોકરાં રાજી થશે. અમે જાણીએ છીએ કે તમે બારમું–શ્રાદ્ધ તો ન ખાઓ. એટલે અમે એવામાં તો તમને ન કહીએ.

પ્રશ્ન :— છોકરાં રાજી થાય એ ઠીક છે. પણ એમને લાભ થાય એમ વિચારતા હો તો બીજા ઘણા રસ્તા છે. છોકરાઓને બિચારા કહો છો એ મને ગમતું નથી. તે 'બચારાં' શાને? તે ઘેર ભૂખે મરે છે? વળી તમે જમવા વખતે છોકરાઓને જ્ઞાતિવાર જુદા બેસાડવાના, એટલે આભડછેટ પાળવાની. આ બધું મને પસંદ નથી.

ઉત્તર :— તમારા છોકરાઓને અને તમને અમારી સાથે બેસાડીશું પછી કંઈ વાંધો છે?

પ્રશ્ન :— અમને ખાસ હક મળે તેથી શું? હું તો બધાની દૃષ્ટિએ વિચાર કરું છું. આપણે નાનાં બાળકો પર કેવા સંસ્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખીએ છીએ તે વિચારવાનું છે. તેમને એમ થવું જોઈએ કે બધાં બાળકોમાં કંઈ ભેદભાવ નથી. ગમે તેની સાથે ગમે તે બેસી શકે, એમ થવું જોઈએ. આપણે તો આવા પ્રસંગે ઊલટો ભેદભાવનો પાઠ આપીએ છીએ.

વળી છોકરાઓને 'બચારા'હું માનતો જ નથી. અમારે ત્યાં અમે વાર-તહેવારે મિષ્ટાન્ન કરીએ છીએ. જ્યારે જરૂર હોય ત્યારે જે બની શકે તે આપવામાં આવે છે. એટલે જો તમે અમને આપવા ઇચ્છો તો કાચું સીધું આપો. અમે અહીંની અનુકૂળતાએ તમે કહો તે વાની બનાવીને જમાડીશું. તે મારી દલીલનો વિરોધ કરી શકયા નહિ અને સ્વીકારી પણ શકયા નહીં અને પાછા ફર્યા.

તેમને તો તેમણે નક્કી કરેલે દિવસે જે વિદ્યાર્થીઓ જમે તેમને જમાડવાનું યોગ્ય લાગતું હતું. તેમની અમારા પ્રત્યેની લાગણી તો હતી જ અને હજીય છે. પણ તે અમને જમાડી શકયા નહિ.

આ વિચારોની ચર્ચા વિદ્યાર્થીઓમાં, કાર્યકર્તાઓમાં અને ગામમાં પણ થઈ. મને થયું કે આવા પ્રસંગોએ આપણા વર્તનથી આપણા વિચારોનો સાચો પ્રચાર થઈ શકે છે.

આપણને જે લોકહિતની દૃષ્ટિએ સાચું લાગે તે કરવું. લોકોને પ્રથમ દૃષ્ટિએ ગમશે કે નહિ તેની ચિંતા ન કરવી. જો આપણું સાચું જ હશે તો લોકો વહેલામોડા સ્વીકારશે જ એવી શ્રદ્ધા રાખવી. અને ન સ્વીકારાય તોય આપણે ખોવાનું શું હોય ?

૩. બાધાના લાડુ

એક વખતે જિલ્લાના એક કાર્યકર્તાનાં પત્ની (જે સ્વામી-નારાયણ ધર્મનાં હતાં)તેમના દીકરાની બાધા ઉતરાવવા બોચાસણ આવવાનાં હતાં. અમારો તેમની સાથે મીઠો સંબંધ હતો. મારા સાથીને તેમના આવવાની ખબર પડી એટલે તેમણે વિદ્યાલયમાં ઊતરવા માટે જણાવ્યું. હું બહારગામ ગયો હતો એટલે મને ખબર ન હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું રાત્રે નવની ગાડીએ આવ્યો ત્યારે અમારા શિક્ષકે મને વાત કરી કે . . . . બહેન આજે આવ્યાં છે અને બાધાનું મિષ્ટાન્ન કાલે સવારે અહીં કરવાનું છે. આની વ્યવસ્થાનું કામ મને સોંપી પેલા સાથી કામ-પ્રસંગે બહાર ગયા છે. હું તો આ વ્યવસ્થાની વાત સાંભળી ચમકયો અને વિચાર કરતો કરતો સૂઈ ગયો. સૂતાં સૂતાં નિશ્ચય થયો કે બાધાનું ભોજન તો વિદ્યાલયમાં ન જ થવું જોઈએ. વિદ્યાર્થીઓને બાધામાં માનવાનું ન શીખવવા આપણે ઇચ્છતા હોઈએ તો તેને ટેકો કેમ અપાય?

પણ હવે શું થાય? બહેન તો અહીં આવી ગયાં છે. આમંત્રણ આપનાર છે નહિ. વિરોધ કરવાથી સાથીની, શિક્ષકની અને બહેનની સ્થિતિ શી થશે? પછી આ પ્રશ્નોનો ઉકેલ કર્યો કે વિદ્યાલયમાં તો તે ન જ થાય. સાથીને માઠું લાગશે તો તે સમજી શકાશે. બહેનને પણ સાચી વસ્તુસ્થિતિ સમજાવવાનું વિચાર્યું. અને ગામમાં ગોઠવણ કરી આપવાનું વિચારી ઊંઘી ગયો.

બીજે દિવસે સવારે પેલા શિક્ષકને મારો નિર્ણય જણાવ્યો. તેમને તે ન રુચ્યો. તેમણે જણાવ્યું કે હવે ગામમાં વ્યવસ્થા કરવાનું મુશ્કેલ થશે. ઘણું મોડું થઈ ગયું છે.

અમે વિદ્યાલયના મકાનથી દૂરના છાવણીના મકાનમાં સાથે રહેતા હતા. અમારા સાથી વિદ્યાલયના મકાનમાં છાત્રાલયની સામે રહેતા હતા. વિદ્યાલયનાં મકાન અને છાવણીનું મકાન એક જ ચોગાનમાં હતાં. પેલાં બહેનનો ઉતારો સાથીને ત્યાં રાખ્યો હતો. મેં જણાવ્યું કે જો તમને એમ જ લાગતું હોય તો આપણે અહીં વ્યવસ્થા કરીએ. જો કે આ ચોગાનમાં ગમે ત્યાં તે ભોજન થાય તોય સરખું જ છે. પણ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ સંમુખ બનાવવા કરતાં અહીં બનાવવું ઠીક થશે. આપણે વિદ્યાર્થીઓ પાસે સાચી હકીકત રજૂ કરીશું, અને આપણી ભૂલ પણ જણાવીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથી શિક્ષકને બરાબર લાગ્યું અને તે મહારાજને રસોઈ બનાવવા માટે બોલાવવા ગામમાં ગયા. મહારાજે કહ્યું કે અમે આજે ત્યાં આવી શકીએ એમ નથી. અહીં આવશે તો ભોજન બનાવી આપીશું.

શિક્ષકે પેલાં બહેનને વાત કરી. સીધું લઈને બહેન ગામમાં ગયાં. બાધા તો ગામમાં ઉતરાવવાની હતી જ. સાથી શિક્ષકને અને મને થયું કે આ મુશ્કેલી ટળી ગઈ તે સારું થયું.

પણ પેલાં બહેન સાંજે લાડુ વગેરે લઈ મારે ત્યાં આવ્યાં. લાડુ ભરેલી પવાલી મને આપીને કહે કે છોકરાઓને અને માસ્તરોને બધાંને વહેંચી આપો. એ બહેનને અમારી ગડમથલની અને ચર્ચાની ખબર જ ન હતી. તે ઉદાર અને પ્રેમાળ હતાં. મેં તેમને 'બાધા' સંબંધીના મારા વિચારોની વાત કરી અને જણાવ્યું કે આ લાડુ વિદ્યાર્થીઓને નહીં અપાય તેમ હું પણ નહીં ખાઉં. તેમણે અતિશય આગ્રહ કર્યો. હું જમવા બેઠો ત્યારે મારી થાળીમાં લાડુ મૂકી ગયાં. પણ મેં તે લાડુ ન ખાધો. વિદ્યાર્થીઓને પણ ન આપ્યો. બહેનને ગમ્યું નહિ, પણ મારી વાતનો વિરોધ કરી શકયાં નહિ. ત્યાર પછી હું વિદ્યાર્થીઓને લઈને તેમને ત્યાં પ્રવાસ દરમિયાન ગયો ત્યારે તેમણે અમને પ્રેમથી જમાડયા હતા.

૪. વિદ્યાલયમાં લગ્ન

આ મથાળું વાંચતાં તરત પ્રશ્ન થાય કે વિદ્યાલયને લગ્ન સાથે શો સંબંધ? પણ શિક્ષણ એકદેશીય નથી. જીવનના બધા પ્રસંગોમાં શિક્ષણની — જ્ઞાનની આવશ્યકતા છે. આ સંસ્થા જીવનની દૃષ્ટિએ શિક્ષણ આપવા માગે છે.

એક વખત શ્રી. બબલભાઈએ વર્ગમાં વિદ્યાર્થીઓને લગ્ન કરવા માગનારે અમુક ઉંમર ઠરાવવી જોઈએ એ સંબંધી વાત કરી. અને એ વાત પરથી એક વિદ્યાર્થીએ નિશ્ચય કર્યો કે હું ૨૦ વર્ષની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમર થતા સુધી લગ્ન નહીં કરું. આ નિશ્ચય કરતી વખતે નિશ્ચયમાં આડે આવે તેવી બધી મુશ્કેલીઓ વિદ્યાર્થી સમક્ષ રજૂ કરી અને મુશ્કેલીઓ આવે છતાં નિશ્ચય ન તોડે તો તેના લાભ પણ સમજાવ્યા. વિદ્યાર્થી પોતાના નિશ્ચયમાં અડગ રહ્યો. તે ચૌદ વર્ષની ઉંમરે વિદ્યાલયમાં દાખલ થયેલો. સત્તર વર્ષની ઉંમરે તેણે નિશ્ચય કર્યો. તે તેનાં માબાપનો એકનો એક છોકરો હતો અને ઘરનો સુખી હતો.

તેના પિતા સમજુ અને રાષ્ટ્રીય વૃત્તિવાળા હતા. તેથી લોકો તેના લગ્ન માટે પૂછવા આવતા ત્યારે તે ના પાડતા હતા, પણ સોળેક વર્ષની ઉંમર થઈ ત્યારે માબાપે કન્યા જોઈ, કુટુંબ જોઈ વિવાહ નક્કી કર્યો. વિદ્યાર્થીને તો પછી ખબર પડી કે વિવાહ નક્કી થયો છે. વિદ્યાર્થીએ પોતાનો નિશ્ચય તેના પિતાને જણાવ્યો, એટલે મા લગ્ન લેવા ઉતાવળ કરે પણ તે શાન્ત રહે અને ઉતાવળ ન કરવા સમજાવે. તેનાં માતુશ્રીએ મને વાત કરી. ત્યારે મેં છોકરાનો નિશ્ચય જણાવ્યો અને એ શુભ નિશ્ચયમાં ટેકો આપવા સમજાવ્યું. પણ તેમને કેમેય શાન્તિ થાય નહિ. વિવાહ કર્યા બાદ છોકરાના પિતા વેવાઈને ત્યાં અવરજવર રાખતાં, મળતાહળતા અને એ રીતે નિકટ પરિચય સાધતા.

એમ કરતાં વિદ્યાર્થીની ઉંમર ૧૯ વર્ષની થઈ. છોકરીની ઉંમર ૧૩ વર્ષની થઈ. વિદ્યાર્થીને મનમાં થયા કરતું કે પોતાની પત્નીને પણ પોતાની જેમ શુભ સંસ્કાર અને શિક્ષણ મળે તો સારું! તેની એ ઇચ્છા મારી પાસે વ્યક્ત કરતો પણ ખરો.

છોકરી નિશાળે જતી હતી. તે ગામમાં પાટીદાર વસ્તી હતી. તેમની સાથે એના કુટુંબને સારો સંબંધ હતો. એથી એમની રહેણી-કરણી સંસ્કારી કુટુંબના જેવી હતી. બાપ પોતાની દીકરીને ભણાવવા ઇચ્છતા હતા. તેથી દીકરીનાં મા તેને પરણાવવાનો વિચાર કરે ત્યારે બાપ ના પાડે અને હજી ભલે ભણે એમ જણાવે. ગામમાં તે સારી સ્થિતિના ગણાતા હતા. ઘેર પોતાની જમીનમાં ખેતી કરતા. એમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરો દુકાન રાખીને સીવણકામ કરતો હતો અને એ રીતે બધું મળીને ઠીકઠીક કમાણી થતી હતી. છતાં ગામમાં રાષ્ટ્રીય વાતાવરણ નહીં એટલે તે રાષ્ટ્રીય ચળવળથી અજાણ હતા.

વિદ્યાર્થી મારા સહવાસમાં જેમ વધુ આવતો ગયો તેમ તેમ તેના મનમાં એક વિચાર ઘર કરતો ગયો કે તેના લગ્નમાં મારે હાજર રહેવું જોઈએ; અને એમાં હાજર રહેવા માટે મારી જે શરતો હોય તે પાળવી. આ તેની ભાવના હતી. પણ હું કન્યાપક્ષને ઓળખતો જ ન હતો, તેથી તેની ભાવના મને ગમતી પણ તે ફળશે કે નહિ તે જાણતો ન હતો.

તે પ્રસંગે પ્રસંગે લગ્નમાં હાજર રહેવાની શરતોની માગણી કરે પણ હું શું જણાવું? પણ વિચાર કરતાં મને થયું કે કન્યાના બાપ જો વિદ્યાલયમાં આવે તો તેમને મળીને વિચારની આપલે થાય. એ માટે એક પત્ર લખ્યો. પણ તરત કંઈ જવાબ ન આપ્યો. પણ સંદેશો મળ્યો કે સગવડે મળશે.

આમ સમય જતો હતો તેમ વિદ્યાર્થીની માની ધીરજ ખૂટતી હતી. વિદ્યાર્થીનો ૨૦ વર્ષનો નિશ્ચય પૂર્ણ થવા આવ્યો. કન્યાના પિતા પણ ઘરવાળાંના આગ્રહથી ઢીલા થયા હતા. આમ લગ્નનો સમય નજીક આવતો હતો. વિદ્યાર્થીને એમ હતું કે લગ્ન કરીને પત્નીને વિદ્યાલયના વાતાવરણનો લાભ આપી શકીશ.

એવામાં એક દિવસ વિદ્યાર્થીના પિતા વેવાઈને લઈને વિદ્યાલયમાં આવ્યા. હું બહારગામ ગયો હતો તેથી તે એક દિવસ વધુ રોકાયા.

અમે મળ્યા. ઘણી વાતો કરી. લગ્નનું નક્કી કર્યું. પણ કેવી રીતે ક્યાં કરવું એ પ્રશ્ન હતો. છોકરીના બાપની ઇચ્છા સ્વાભાવિક રીતે જ પોતાને ત્યાં લગ્ન થાય એમ હોય. તે બીજાઓની વાતો પરથી એમ માનતા હતા કે હું લગ્ન કરવા માટે અન્ય સ્થળે જવા આગ્રહ કરીશ. પણ મેં તો છોકરીને ઘેર લગ્ન થાય એ ઇષ્ટ છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવ્યું. આથી છોકરીના પિતા ખુશ થયા. પેલો વિદ્યાર્થી આ બધી વાતો વખતે હાજર હતો. તે સાંભળતો હતો અને મૂઝાતો હતો. લગ્ન કેવી રીતે કરવું વગેરે વાતચીત થતા પહેલાં જ મેં છોકરીના પિતાને જણાવ્યું કે લગ્ન તમારે ત્યાં જ થાય. પણ મારા જેવા લગ્ન વખતે હાજર રહે એમ ઇચ્છતા હો તો લગ્નની પવિત્રતા સચવાવી જોઈએ. તે વખતે દારૂ ન વપરાય. નકામા ખર્ચો ન થાય. લેવડદેવડ તો હોય જ નહિ. પણ સાદી રીતે પવિત્રતાથી લગ્ન કરો તો હું આવી શકીશ. અને એવી રીતનું લગ્ન કરાવવા માટે પવિત્ર બ્રાહ્મણ જોઈશે તો પણ મળી રહેશે.

આ પદ્ધતિના લગ્નની વાત પેલા ભાઈને રુચી. પણ બન્ને પક્ષન કુટુંબીઓ દારૂની માગણી કરશે અને તેઓ ના પાડી શકશે નહિ, એમ બન્ને વેવાઈઓને લાગ્યું. એટલે બન્નેએ કહ્યું કે તમે જણાવો તે રીતે લગ્ન થાય એ અમને ગમે છે, પણ અમારા કુટુંબીઓ નહીં માને. મેં જણાવ્યું કે તમારે લગ્નમાં ભાગ લેવા આવનાર સાથે એ સંબંધી ચોખવટ કરવી જોઈએ અને દારૂ વિના ચલાવી શકે તેવાને બોલાવવા જોઈએ; અથવા મને છોડવો જોઈએ. હા, હું હાજર રહું એમ છોકરો ઇચ્છે છે. તમને પણ મારી વાત રુચે છે. તો કુટુંબીઓને પણ શું કામ ન રુચે! તેમની પાસે હકીકત રજૂ કરવી. પણ બન્નેને લાગ્યું કે કુટુંબીઓ માનશે નહિ.

મેં કહ્યું કે તમારે ઘેર ન બની શકે તો તમારી નજીક ભરૂચમાં સેવાશ્રમ છે ત્યાં રાખો. તે સ્થળ પણ અનુકૂળ ન લાગ્યું. એના કરતાં તો અહીં સારું એમ છોકરીના બાપે સૂચવ્યું.

ત્યારે મેં જણાવ્યું કે જો અહીં લગ્ન કરવાની તમારી ઇચ્છા હોય તો અહીંના નિયમો પાળવા જોઈશે. મેં નિયમો જણાવ્યા અને કહ્યું કે, ૧. અહીં તો દરેક પક્ષ તરફથી વધુમાં વધુ પંદર માણસો (નાના મોટા બધા મળી) હોવા જોઈએ. પાંચ પાંચ માણસ હશે તોય બસ છે. ૨. લેવડદેવડ કોઈ જાતની નહીં થઈ શકે. ૩. લગ્નવિધિ સાદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે પવિત્ર બ્રાહ્મણને હાથે કરાવીશું. ૪. લગ્ન પૂરું થયે તરત વિદાય થવાનું રહેશે. તમે દૂરથી આવવાના એટલે આગલે દિવસે સાંજે આવવાનું અને લગ્ન બાદ બીજે દિવસે ચાલ્યા જવાનું રહેશે. ૫. લગ્નના દિવસનો ભોજન ખર્ચ બંને પક્ષે સરખે હિસ્સે વહેંચી લેવો.

આ તમને ગમે તો હું અહીં સગવડ કરી આપવા તૈયાર છું. કન્યાના પિતાને આ વિચાર પસંદ પડ્યો. છોકરાના પિતાને પણ ગમ્યો. પણ તેમના કુટુંબીઓને જાનનો લહાવો નહીં મળે તેથી તેનો વિરોધ થશે એમ લાગતું હતું. પણ બન્નેએ હા પાડી, અને વિદ્યાલયમાં લગ્ન કરવાનું નક્કી કરી છૂટા પડ્યા.

અમે પૂ. રવિશંકર મહારાજને હાથે લગ્ન કરવાનું નક્કી કર્યું.

બાદ વિદ્યાર્થીએ મને વાત કરી કે તે વિદ્યાલયમાં રહીને આજ સુધી જે કમાયો છે તે આ પ્રસંગે વિદ્યાલયને ભેટ આપવા માગે છે. તે રકમ રૂા. ૨૧૦) હતી. આટલી મોટી રકમ તે ઉત્સાહમાં આવીને આપી દે અને હું સ્વીકારી લઉં એ યોગ્ય ખરું? ક્ષણિક ઉત્સાહ હશે તો? મેં તેને એ કામમાં તેના પિતાની સલાહ લેવા સૂચવ્યું. તેણે તેના પિતાને વાત કરી. પિતાના દિલને દીકરાની ઉદારતા ગમી. તેમણે કહ્યું કે હું તારા વિચારને રોકનાર કોણ? તારી કમાણીની રકમ તું ઇચ્છે તેમાં ખર્ચી શકે છે. પણ મારી ઇચ્છા છે કે આપણે આ પ્રસંગે ગામના સાર્વજનિક હિતમાં કંઈક આપીએ તો સારું, અને મારે પણ તેમાં કંઈક આપવું છે. પિતાના તરફથી રૂા. ૫૦) ઉમેર્યા. એટલે રૂા. ૨૬૦)ની રકમ થઈ. એમાંથી તેમણે રૂા ૧૦૦) ગામના હવાડા માટે અને બાકીની રકમ વિદ્યાલયના દવાખાનામાં, ગોશાળામાં તથા શિક્ષણમાં ભેટ આપી. વરપક્ષના લોકોએ ચાંલ્લો આપ્યો તે પાછો આપ્યો, પણ મિત્રોએ પ્રેમપૂર્વક આપેલી ભેટો સ્વીકારી. બન્ને પક્ષોએ વિદ્યાલયમાં લગ્ન કરવાની શરતોનું અક્ષરશઃ પાલન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે બન્ને પક્ષોએ વિદ્યાલયને શોભે એ રીતે સાદાઈથી અને સંસ્કારી ઢબે ભરૂચ અને ખેડા જિલ્લાના આગેવાનોના આશીર્વાદ મેળવીને લગ્નવિધિનો એક સુંદર નમૂનો કામ સમક્ષ રજૂ કર્યો.

(૫) કૂતરો પળાય કે નહિ?

સામાન્ય રીતે ગામડામાં લોકો ફળિયે ફળિયે કૂતરા માટે વાસણ રાખે છે અને વધ્યુંઘટ્યું તેમાં નાખે છે. કૂતરો રખવાળ ગણાય છે અને તેને પાળવો જોઈએ એમ પણ માનનાર હોય છે. ગામ તરફથી અમુક દિવસે કૂતરાંને માટે કંસાર કરવાનો રિવાજ પણ કેટલેક ઠેકાણે હોય છે. એક જમાનામાં આ રિવાજ મૂંગાં પ્રાણી પ્રત્યેના પ્રેમનું પ્રતીક હશે.

પણ આજે કૂતરાને એંઠું નાખવું અને લઢે ત્યારે લાકડી લઈને મારવામાં કોઈને કંઈ વિચિત્ર લાગતું નથી. અને નાનાં બાળકો તેવી રમત કરવામાં રસ લેતાં જોવામાં આવે છે.

અમારે ત્યાં પણ આસપાસની છાપરીઓમાં કૂતરાં રહેતાં હતાં અને અવારનવાર અમારે ત્યાં આવતાં હતાં.

એક એ વખત તો કૂતરાંનો ત્રાસ વધી ગયો ત્યારે ટ્રેનમાં લઈ જઈ અમુક સ્થળે તેમને છોડી દીધાં, પણ થોડા દિવસમાં તે પાછાં આવી ગયાં હતાં. વળી એ તો આપણા ઘરનો કચરો બીજાના ઘર આંગણામાં નાખીને આંગણું સાફ કર્યા જેવું લાગતું હતું. એ સાચો રસ્તો લાગતો ન હતો.

એક વિદ્યાર્થીએ એક વખત મને કહ્યું, અહીં ઘણાં કૂતરાં આવે છે તે ન આવે એ માટે આપણે એક કૂતરો પાળવો જોઈએ. જો એમ કરીશું તો બીજા કૂતરાં આવશે નહિ, અને રોજનો ત્રાસ મટી જશે. વળી કૂતરો હશે તો રાત્રે ચોકી પણ થશે. તેને ખાવા માટે ખાસ કંઈ કરવું નહીં પડે. એના જેટલું તો આપણા રસોડા-માંથી અને બીજાં રસોડાંમાંથી મળી રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને આ વાત કાઢી નાખવા જેવી ન લાગી. પણ એમાં પૂરો ઉકેલ ન જણાયો. તેથી મેં કહ્યું — આપણે વધેલું હોય ત્યારે આપીએ એ ઠીક છે. પણ ન વધ્યું હોય ત્યારે શું કરવું? જો કૂતરો પાળવો જ હોય તો તેને નિયમિત ખાવા મળે એમ થવું જોઈએ. કૂતરાને રાખવો અને ખાવા ન આપવું એ તો યોગ્ય નથી જ. રજાઓમાં આપણું રસોડું બંધ પણ હોય ત્યારે શું? ગામડાંઓમાં જે રીતે કૂતરાં રાખવામાં આવે છે તે તો ખરાબ રીત છે. કૂતરાને વાચા હોય તો તે આપણને શું કહે? એ કહેશે કે મને તમે ફાવે ત્યારે વધ્યું હોય તો ખાવા આપો, રમત ખાતર મારો અને મારી પાસે ચોકીનું કામ ઇચ્છો એ કેવી વાત!

બીજાએ કહ્યું:— આપણે કૂતરાને નિયમિત ખવરાવવાનું વિચારીએ તો રસ્તો નીકળે. આપણે જે રસોઈ કરીએ છીએ તેટલી જ કરવી અને પહેલેથી તેના ભાગનું કાઢી લેવું. એ રીતે આપણને આજે જે ખર્ચ થાય છે તેથી વધુ ખર્ચ નહીં થાય અને કૂતરાને નિયમિત ખોરાક આપી શકીશું. ૨૫–૩૦ જણમાં એક કૂતરાના ભાગનું ઓછું થશે તેથી કોઈને ઓછું પડવાનું નથી. રજાઓમાં કુટુંબીઓ સંભાળી લે તો ચાલે. એમની પણ ચોકી થશે એટલે એમને બોજારૂપ નહીં લાગે.

જવાબ:— આ દલીલ ઉપર ઉપરથી જોતાં બરાબર લાગે છે. પણ આપણે દરરોજ ટંકે અર્ધોશેર ઓછું ખાઈને ચલાવી શકીએ તો એટલું વધારે શું કામ રાંધવું જોઈએ. એટલું ઓછું સીધું કાઢવું જોઈએ. અને એ રીતે એક વધારે વિદ્યાર્થીને આપણે છાત્રાલયમાં દાખલ કરી ભણાવવો જોઈએ.

એક વખત એક સુંદર પાળેલો કૂતરો અમારા વિદ્યાલયમાં આવ્યો. તે બધાને ગમી ગયો. તેને નિયમિત ખાવા આપવાની માગણી મારી પાસે આવી. મેં કહ્યું કે આપણને ગમી જાય એટલા માટે આપણે કેમ રાખી શકીએ? તેની જરૂર હોય તો જુદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાલ છે. આજે કૂતરાનો પ્રશ્ન છે. અને કાલે વળી બીજું કોઈ પ્રાણી ગમી જાય તો આપણે કોને રાખીશું અને કોને નહિ?

આપણી સંસ્થા તો જાહેર સંસ્થા કહેવાય. એમાં આપણે પાઈએ પાઈનો ઉપયોગ વિચારપૂર્વક કરવો જોઈએ.

આ પછી એઠવાડનું શું કરવું એ પ્રશ્ન થયો. એઠવાડ નાખવા માટે અમે ખાડો કરતા અને પછી તે પૂરી દેતા. પણ તે ખાવા માટે કૂતરાં આવે, લડાલડી કરે અને તેથી તેમને મારવાનું મન થાય એ યોગ્ય નથી, એ અનુભવ બધાને હતો જ.

તેથી એ સંબંધી એવી વ્યવસ્થા કરી કે રાંધેલું ટાઢું વધ્યું હોય તે ગાયને આપવું. થાળીમાં એઠું હોય પણ તેમાં અબોટની માટી ભળેલી હોય માટે તે ઉકરડામાં જાય એટલા સારુ ડોલમાં નાખવું.

આથી કૂતરાંનો ત્રાસ ઓછો થયો. ગંદકી ગઈ અને ખાતર મળ્યું.

૧. કહ્યા વિના મંદિરમાં

અમારા ગામમાં સ્વામીનારાયણનું મોટું મંદિર છે. તેના ભક્તોમાં બારૈયા કોમના પણ છે.

એક ખાનદાન કુટુંબનો વિદ્યાર્થી અમારે ત્યાં ભણવા આવ્યો. તે જૂના વિચારના સંસ્કારવાળો પણ નિષ્પાપ હતો. તે નિયમિત અગિયારશ કરે, મંદિરમાં પણ જાય. ગમે તેવી ઠંડી હોય તોય અગિયારશને દિવસે સવારે નાહવાનું ચૂકે નહિ. તેને મંદિર પ્રત્યે આસ્થા હતી એટલે ત્યાં જવાનો પ્રસંગ મળે તો તે ચૂકે નહીં. અમે ગામમાં અનાજ દળવા આપતા. સામાન્ય રીતે અનાજ દળનાર બાઈ લોટ આપી જાય અને નવું દળણું લઈ જાય. પણ દળનાર બાઈ વખતસર ન આવે તો અનાજ દળવાનું આપી આવવા આ વિદ્યાર્થી તૈયાર થાય, પણ આવો પ્રસંગ કોઈક વાર આવે. અને મંદિરમાં અમુક અમુક પ્રસંગે જવાની ઇચ્છા થય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે. તેની સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ હતી. એક બાજુએ વિદ્યાલયનો દૈનિક કાર્યક્રમ, બીજી તરફ મંદિરનો કાર્યક્રમ. શું પસંદ કરવું એ પ્રશ્ન થતો અને તેથી મૂંઝાતો પણ ખરો. આવા પ્રસંગે તેને સમજાવવામાં આવે ત્યારે શાન્ત થતો. પણ કોઈ કોઈ વાર જૂના સંસ્કાર જોર કરી ઊઠતા.

એવે એક પ્રસંગે તે કહ્યા સિવાય સાંજે મંદિરમાં ગયો. તે જાણતો હતો કે કહ્યા સિવાય જવાનો નિયમ નથી અને જાઉં છું તે ભૂલ છે. પણ દર્શનનું આકર્ષણ તેને ભૂલ કરવા તરફ ખેંચી ગયું. કેમકે તે જાણતો હતો કે જો રજા માગવા જાઉં અને ન મળે તો ના પાડયા પછી જવાનું વધુ મુશ્કેલ થાય; એટલે મંદિરમાં જવા માટે રજા ન માગવામાં ડહાપણ માન્યું.

જ્યારે તે મંદિરમાં જઈને આવ્યો ત્યારે મને ખબર મળી ચૂકી હતી કે તે મંદિરમાં ગયો છે. તે આવ્યો એટલે તેને મંદિરમાં જવાનો અર્થ અને નિયમપાલનનું મહત્ત્વ સમજાવ્યું. વિદ્યાર્થીઓમાં પણ તેની વાત કરી, અને આવા પ્રસંગે શું કરવું તે સમજાવ્યું. ત્યાર પછી તે કહ્યા સિવાય કદી ગયો નહીં.

પછી તો તે સમજતો થયો કે આપણે પવિત્ર અને સાચા બનવું એ જ મુખ્ય છે. મંદિરમાં જવાનો પણ એ હેતુ હોવો જોઈએ. આપણે ધારીએ તો જ્યાં હોઈએ ત્યાં મંદિર બનાવી શકીએ. મંદિર એટલે પવિત્ર વાતાવરણવાળું સ્થાન. આજે જો મંદિરમાં જવાથી પવિત્ર વાતાવરણનું ભાન ન થાય તો એ મંદિર નથી. અને મંદિરના નામ સિવાયની જગાએ જો પવિત્ર વાતાવરણ હોય તો તે મંદિર જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

જનસેવા દ્વારા શિક્ષણ

૧. જવાહરલાલજી આવે છે

ચોમાસાનો દિવસ હતો. વરસાદ પડતો હતો. વિદ્યાલયમાં મકાનોનું કામ ચાલતું હતું. એવે વખતે વરસતા વરસાદમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો એક ખાડો ખોદતા હતા અને કાંકરેટ માટે ઈંટોના ટુકડા કરતા હતા. એક ભાઈ ત્યાં થઈ પસાર થતાં બોલ્યા– આટલા વરસાદમાં આ બધા કેમ મંડયા છે? આ તો માંદા પડવાનો ધંધો લાગે છે. મેં કહ્યું:— ખેડૂત વરસાદમાં મહેનત નથી કરતો? આ તો સ્વેચ્છાએ મંડયા છે.

પ્ર૦— આ મજૂરી કેમ શોધી કાઢી? અને તેય આ વરસાદમાં? ઉઘાડ નીકળે ત્યારે કરવું હતું. વરસાદમાં કાંતવાનું રાખવું હતું?

ઉ૦— પણ જવાહરલાલજી આવે છે. એમનો કાર્યક્રમ હમણાં જાણ્યો. તે આવે ત્યારે કમલાનહેરુ સ્મારક ફાળામાં રકમ ભરવી છે. ગામેગામથી લોકો તેમાં ફાળો આપવાના છે. ત્યારે આ વિદ્યાર્થીઓ ફાળા માટે પૈસા ક્યાંથી લાવે? તેમણે નિશ્ચય કર્યો કે ફાળો આપવો જ છે અને તે જાતમહેનત કરીને જ. એટલે વધુમાં વધુ ફાળો કેમ કરીને આપી શકાય એ લાગણી સાથે બધાએ આવા વરસાદના દિવસમાં પણ કામ કરીને અમુક કમાણી તો કરવી જ એવો વિચાર કર્યો છે. તેથી આ ખાડો ખોદવા માંડયો છે. પ્રથમ તો જવાહરલાલજી રાસ જતાં વચ્ચે વિદ્યાલયમાં થોડી મિનિટ આવી જશે એવો કાર્યક્રમ હતો. પણ વરસાદ ધોધમાર વરસ્યો તેથી ઓરસદથી ઓચાસણ થઈ રાસ જવાનો કાર્યક્રમ રદ થયો. પણ ઓરસદનો કાર્યક્રમ કાયમ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોરસદમાં જવાહરલાલજી સત્યાગ્રહ છાવણીમાં હતા ત્યાં અમે બધા પહોંચ્યા. બધા મળી ત્રણ કાર્યકર્તાઓ સાથે ૧૫ જણ હતા. ત્યાં તેમને પ્રણામ કરી સૂતરના હાર પહેરાવી રૂ. ૧૨ની થેલી અર્પણ કરી.

વિદ્યાલયમાં આવા પ્રસંગો આવતા ત્યારે મોટાં, નાનાં, ભાઈઓ, બહેનો, બધાં રોકડ ઉપરાંત મુખ્યત્વે મજૂરી કરીને ફાળો આપતાં અને જાતમહેનતનું ગૌરવ વધારવા પ્રયત્ન કરતાં.

૨. રેલસંકટમાં રાહતનું કામ

સન ૧૯૪૦ માં ખૂબ વરસાદ થયો. સતત ત્રણ દિવસ હેલી થઈ. પણ આ વરસાદથી લોકોને કેટલું નુકસાન થયું છે તેનો ખ્યાલ વિદ્યાલયમાં રહેનારને જો બહાર ન નીકળે તો ન આવી શકે. કેમકે તેનું સ્થાન ઊંચાણવાળા ભાગ પર છે અને ગમે તેટલું પાણી પડે તો પણ થોડી વારમાં કોરુંકટ થઈ જાય.

વરસાદ ઓછો થયો અને જરા ઉઘાડ નીકળ્યો એટલે અમે નજીકના ગામમાં જવા નીકળ્યા. ખેતરોમાં પાણી સિવાય કંઈ દેખાય નહિ. ગામમાં જવા માટે દોરડું બાંધ્યું હતું. ત્યાં પેસતાં જ માથાપૂર પાણી હતું. અમે બીજા ગામમાં ગયા. ત્યાં પણ જવાનો રસ્તો ન મળે. આવી સ્થિતિમાં લોકોની શી સ્થિતિ થઈ હશે? તેમનું વાવેલું નિષ્ફળ ગયું. તેમને ખાવા માટે અન્ન અને વાવવા માટે બી જોઈશે. ઘરો પણ પડ્યાં હતાં. તેનું શું?

એટલે કેન્દ્રોમાં કામ કરતા અમારા ભાઈઓને તે દિવસે બોલાવ્યા. કોઈ આગેવાનની સલાહ લેવાનો વખત ન હતો. તાત્કાળિક ખાદી કાર્યકર્તાઓ અને મોટા વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડી. દરેકને ગામોની યાદી આપી અને તપાસ કરી નુકસાનીના આંકડા ભેગા કરવા મોકલી દીધા.

કેટલાકને તો ગામમાં જવા માટે વચ્ચે તરવું પડતું. પણ બધાને તરતાં આવડતું હતું. ત્રણ દિવસમાં આસપાસનાં ૬૦ ગામના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંકડા ભેગા કર્યા અને જિલ્લા-સમિતિને મોકલી આપ્યા. પછી તો તે ગામોની રાહતની ફરી ચોકસાઈ કરવાનું કામ આવ્યું અને પછી તો મકાનો માટે રાહત પણ વહેંચી.

ઉપરાંત આ ભીડના વખતે વેપારી પોતાનો વેપાર વધારવાની કોશિશ કરે છે અને અનાજના ભાવ ચઢાવી દે છે. એટલે ગામના એક કાર્યકર્તાએ કહ્યું કે તમે આ વખતે અનાજરાહતની દુકાન કરો તો લોકોને બહુ સગવડ અને લાભ થશે. તે વખતે સમિતિ તરફથી દુકાનો ઉઘાડવાની તૈયારી ચાલતી હતી. એટલે તેના તરફથી અમારે ત્યાં અમે દુકાન કરી. બાદ બોરસદ, આંકલાવ અને રાસ ગામમાં પણ દુકાનો ખોલી.

લોકોનો તો દરોડો પડ્યો. સવારથી સાંજ સુધી દુકાન આગળ માણસ ચાલુ જ રહે. અમે માન્યું કે વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો આ પ્રસંગ આવ્યો છે. એટલે આ કામ તેમને જ સોંપ્યું. એક ત્રાજવે પૂરું ન થાય તેથી બે ત્રાજવાં કર્યાં; લોકોને ખોટી થવું ન પડે માટે વધુ વિદ્યાર્થીઓ વારાફરતી રહેવા લાગ્યા. વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહથી કામ કરતા હતા. રોજ સાંજે હિસાબ કરવામાં વિદ્યાર્થીઓને બબ્બે કલાક બેસવું પડતું. અમારી મદદ જરૂર પડે ત્યારે હતી જ. આ રીતે તેઓ અનાજ અને પૈસાનો રોજનો હિસાબ ચોકસાઈથી રાખતા થઈ ગયા. એ કામ લગભગ બે માસ ચાલ્યું. આથી આસપાસના ગામોના લોકો સાથે પરિચય થયો. વિદ્યાર્થીઓને અને લોકોને બધાંને લાભ થયે.

આવા પ્રસંગો મળતા ત્યારે અમે ઝડપી લેતા. અને વિદ્યાર્થીઓને તે પ્રસંગે વધુમ વધુ તાલીમ કેમ મળે તે વિચારતા અને તે પ્રમાણે શિક્ષણનો ક્રમ રાખતા.

૩. હરિપુરા મહાસભામાં

સન ૧૯૩૮ ના ફેબ્રુઆરીની ૧૯–૨૦ મીએ સુરત જિલ્લાના હરિપુરા મુકામે મહાસભા થઈ. તેની તૈયારીઓ તો ચાર પાંચ મહિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગાઉથી શરૂ થઈ હતી. અમને ડિસેમ્બર માસમાં સ્વચ્છતા વિભાગના મંત્રીશ્રી તરફથી આમંત્રણ મળ્યું કે બને તેટલા વહેલા આવી જાઓ.

વિદ્યાર્થીઓને આમંત્રણની ખબર પડી એટલે તેમનો ઉત્સાહ માતો ન હતો. તે માનતા કે ત્યાં કામ કરીશું અને જોવાનું મળશે. મને થતું હતું કે બે મહિના જેટલો સમય રહેવાનું થશે એટલે ઘણું સમજવાનું, વિચારવાનું અને કાર્ય દ્વારા શીખવાનું મળશે. મહાસભાના અધિવેશનના દિવસોમાં જોવા જવાનું અથવા તેટલા સમય માટે સ્વયંસેવક થવાનું મળે તો જીવનમાં એક સ્વપ્નસૃષ્ટિ જોવા જેટલો અથવા નાટક જોવા જેટલો આનંદ આવી જાય. થોડા સમયના નાટકની પણ જીવન પર છાપ રહી જાય છે તો બે માસ જેટલો સમય મળે તો તેનો કેટલો લાભ મળે? અને થયું તેમ જ.

અમને આમંત્રણ મળ્યું ત્યારે અમને સ્વચ્છતા સંઘમાં કામ કરવાનું છે એવી ખબર હતી. મને એ કામ શિક્ષણની દૃષ્ટિએ વધુ અનુકૂળ લાગ્યું. બધી કોમમાં ભંગીનું કામ હલકું ગણાય છે. સ્વચ્છતા સિવાય જીવન ઘડીભર પણ ન ચાલે, છતાં સ્વચ્છતા રાખનાર હલકો ગણાય એ ન સમજાય તેવી માન્યતા છે. એ માન્યતા સમાજમાંથી દૂર કરવાની એક વધુ તક મળી એમ લાગ્યું.

વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં સફાઈ કરતા. મેલું ઉઠાવવાને પણ તૈયાર થયા હતા. પણ તે પાછે દૃઢ થવાનો પ્રસંગ હવે આવ્યો હતો.

બધા વિદ્યાર્થીઓને લઈને હું જાન્યુઆરીની શરૂઆતમાં હરિપુરા પહોંચી ગયો. અમે ગયા ત્યારે જંગલ સાફ થતું હતું અને સેંકડો મજૂરો કામ કરતા હતા. તે બધા નજીકમાં જ જ્યાં ત્યાં જાજરૂ જવા બેસતા. ત્યાં જ છાવણીઓ અને રહેવાનાં સ્થાન તૈયાર કરવાનાં હતાં. એટલે શરૂઆતથી જ અમારે ભાગે એ મળ ઉઠાવીને (ઉઠાવવા માટે નાના પાવડા ઇ૦ સાધનો હતાં) નિશ્ચિત જગાએ નાખી જમીન સાફ કરવાનું કામ આવ્યું. એ ઉપરાંત જ્યાં રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંની સફાઈ કરવાની હતી. આ કામમાં અમે બધા રોકાઈ ગયા. શરૂઆતમાં વિદ્યાર્થીઓને તે કામ સૂગ ઉપજાવનારું લાગ્યું. પણ થોડા સમયમાં તે આનંદથી કામ કરતા થઈ ગયા. થોડા વખત પછી મારે માટે પાયખાનાં બંધાવવાનું કામ આવ્યું એટલે સફાઈના કામમાંથી અને વિદ્યાર્થીઓથી દિવસે છૂટા પડવાનું થયું. પણ કેટલાક વિદ્યાર્થીઓએ ચાલુ કામની જવાબદારી ઉઠાવી લીધી. અને પછી તો સામાન્ય કામ ઉપરાંત અડીઓપડીનું કામ પણ એમને જ સોંપવામાં આવતું અને તે એમણે સંતોષકારક રીતે પાર પાડ્યું. એમ એમના વિષેના અભિપ્રાયો પાછળથી જાણ્યા ત્યારે જણાયું.

મહાસભા પૂરી થયા પછી અમે પાછા ફર્યા ત્યારે પચાસેક ઊભાં ઝાડુ વિદ્યાલય માટે લઈ લીધાં. એમાંથી ઘણાખરા વિદ્યાર્થીઓ તેમને ઘેર એકેક લઈ ગયા, અને એ રીતે ઝાડુ એમને ઘેર પહોંચ્યું. ઝાડુ પકડવાથી જાણે ભંગી થઈ જઈશું અને તેથી હલકા પડી જઈશું એવી માન્યતાવાળાઓને ઘેર એ ઝાડુંને સ્થાન મળ્યું.

૪. લોકસંપર્ક

વિદ્યાલયમાં અમારો મોટો ઉત્સવ રેંટિયાબારશનો ગણાય. તે વખતે વિદ્યાર્થીઓને ખૂબ આનંદ આવે. તે વિદ્યાલયમાં ઊજવાય અને ગામડે પણ ઊજવાય. વિદ્યાલયમાં હોય ત્યારે નજીકના ગામની સફાઈ થાય અને કાંતણયજ્ઞ થાય, સંવાદો અને રમતગમતનો કાર્યક્રમ પણ હોય. ગામડે પણ એવો જ કાર્યક્રમ થાય. એ રીતે રાત દિવસ બધા કામમાં અને વિચારોમાં મશગૂલ રહે. એક રેંટિયાબારશે અમે વહેલી સવારે સફાઈ અંગેનું યા રાષ્ટ્રગીત ગાતા ગાતા બબ્બેની હારમાં ગામમાં દાખલ થયા. એક છેડેથી પેઠા તે ગામ વચ્ચે થઈને ધર્મશાળા કે એવા કોઈ સાર્વજનિક મકાન આગળ પહોંચ્યા. છોકરાંઓ નાનાં મોટાં સર્વ અમારી તરફ કૌતુકથી જોઈ રહ્યાં. અને આજે શું છે એની અંદર અંદર પૂછપરછ કરવા લાગ્યાં. છોકરાંનું ટોળું અમારી આગળ પાછળ થઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે પૂછ્યું :— અહીં ધર્મશાળા ક્યાં છે? એક છોકરો અમારી આગળ થયો અને ધર્મશાળાએ લઈ ગયો. અમે અમારો સામાન ધર્મશાળાને ઓટલે મૂક્યો.

છોકરાઓને કહ્યું — તમે અમને ટોપલા, પાવડા, સાવરણી આપશો?

બધા એક બીજા સામે જોઈ રહ્યા. કોઈ કોઈ લેવા માટે ઘેર દોડ્યા.

અમે એક સામા ઘરવાળાને ત્યાં જઈ સાવરણી માગી. પેલી બહેન હા કે ના પાડી શકી નહીં અને સાવરણી આપી. અમે ઓટલાની સફાઈ કરી અને અંદર સફાઈ કરવાનું એક જણને સોંપ્યું. બીજા નજીકના ફળિયાઓમાં પહોંચ્યા અને ટોપલ, પાવડા વગેરે એંધાણ રાખીને લઈ આવ્યા. સફાઈનાં ઊભાં ઝાડુ તો સાથે જ હતાં. એટલે ચોકની સફાઈ શરૂ થઈ. કેટલાક કૂવે પહોંચ્યા. ત્યાં સફાઈ શરૂ કરી.

ધર્મશાળા સાફ થઈ એટલે સાફ કરનારે બધાનો સામાન વ્યવસ્થિત મૂક્યો.

એટલામાં ગામના એક આગેવાન ભાઈએ આવીને અમને પૂછ્યું, 'જમવાનું શું?'

જવાબ આપ્યો — અમે સીધું લાવીને જમવાનું બનાવીશું.

આગેવાન ભાઇ— અમારા ગામમાં બહારના છોકરા આવે. વળી ગામનું મેલું ઉઠાવે. તેમને જમવાનું તો ગામે આપવું જ જોઈએને? તમારે જમવાની ખટપટ કરવાની નથી. એની ચિંતા કરશો નહીં.

જવાબ — અમે અહીં આખો દિવસ રહેવાના છીએ. અમે તમારી ઇચ્છાથી કે માગણીથી આવ્યા નથી. એટલે એનો પ્રબંધ અમે કરીશું. હા, તમારી મદદ તો જોઈશે જ. તમે અમને વાસણ અપાવશો, લાકડાં મેળવી આપશો તો તે ખૂબ આનંદથી સ્વીકારીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ભાઈ — પણ તમારે શું કામ રસોઈ કરવી પડે? અમે કરાવીશું.

જવાબ :— અમે રસોઈ તો જાતે જ કરવાના. જો તમે મદદ આપવા જ ઇચ્છો તો સીધું આપો, અમે બનાવી લઈશું, એમ કહી યાદી આપી. તે ભાઈ સાથે બે વિદ્યાર્થીઓ ગયા. સીધું, વાસણ અને લાકડાં મેળવ્યાં અને રસોઈ કામ શરૂ થયું.

બીજી તરફ સફાઈ ઇ૦ કામ ચાલતું હતું. ગામના જાહેર રસ્તા પર અડચણ પડે તેવી રીતે મોટાં લાકડાં સંકડાશમાં વધારો કરતાં હતાં તે આસપાસ ઊભેલા ભાઈઓની મદદ લઈ સરખાં ગોઠવ્યાં. સફાઈ દરમ્યાન પૂછપરછ ચાલતી. તમે કોણ છો? ક્યાંથી આવ્યા? આ સફાઈ શું કામ કરો છો? આજે શા માટે આવ્યા? એ રીતે વિદ્યાર્થીઓ અને મોટાં નાનાં ભાઈબહેનો વચ્ચે વાતો થતી. તે કામ કરતા, પેલા સાથ દેવા જાય અને વાતો ચાલે.

એમ કરતાં સફાઈ પૂરી થઈ. બધાએ નાહવાની તૈયારી કરી. કૂવા પર પહોંચ્યા. નાહ્યાધોયા. રસોઈ કરનારા પણ નાહ્યાધોયા. બાદ બધા જમ્યા. લોકો આવતાં જતાં અમારા તરફ જોતા જાય અને સફાઈની વાતો કરતા ચાલ્યા જાય. જુઓને, આપણા લોકો ગંદકી કરે અને આ છોકરા સાફ કરી જાય. કેટલી ગંદકી કાઢી! કચરાના ઢગલા કરી ખાડા પૂર્યા, બાળ્યા અને ગામના રસ્તા, કૂવા ચોખ્ખા સરખા બનાવી દીધા.

જમ્યા પછી પા અર્ધો કલાક વાસણ માંજી, આરામ કર્યો. બાદ કાંતવા બેઠા. છોકરાઓ જોવા આવ્યા તે બેઠા. કાંતણ સાથે ભજનો-રાષ્ટ્રગીતો ચાલ્યાં, અંતકડી થઈ. મોટા નાના સાંભળનારની સંખ્યા વધતી ગઈ. તેમની સાથે ગાંધીસપ્તાહની વાતો થઈ. આમ બપોરના ત્રણ થઈ ગયા.

ગામની નિશાળ ચાલુ હતી ત્યાં ગયા. વિદ્યાર્થીઓને ભજનો ગવરાવ્યાં. થોડી વાતો કરી. બાદ ગામના હરિજનવાસમાં તથા બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લત્તાઓમાં ફર્યા અને મુકામે પાછા ફર્યા. નિશાળમાં અમે જાહેર કરેલું તે મુજબ નિશાળ છૂટી એટલે વિદ્યાર્થીઓ ભાગોળે રમવા માટે ટોળે વળ્યા. વિદ્યાર્થીઓને જોઈ બીજા પણ નાના મોટા ભેગા થયા. અમારામાંથી એક ટુકડી રસોઈ કરવામાં રોકાઈ. બાકી બધા રમતમાં જોડાયા. વિદ્યાર્થીઓની નાનામોટાની ટુકડીઓ પાડી. દરેકમાં વિદ્યાલયના વિદ્યાર્થીઓ ભળ્યા. સાધન વિનાની અનેક રમતો રમ્યા. વિદ્યાર્થીઓને, જોનારાને અને બધાંને ખૂબ આનંદ મળ્યો. છૂટા પડતી વખતે છોકરાઓને કહ્યું કે રાત્રે સભા છે તેથી ગામમાં ખબર આપજો. ગામમાં ઘેર ઘેર અને ખેતરે ખેતરે ખબર પહોંચી ગઈ. સાંજના વાળુ પતાવ્યું. સામાન્ય રીતે સવારે ખીચડી શાક અને છાશ અથવા દાળભાત બનાવતા, અને સાંજે ભાખરી, દૂધ-શાક (મળે તો) બનાવતા. આ અમારો પ્રચાર-પ્રવાસનો ખોરાક હતો.

અમારો ઉતારો ગામના ચોકમાં જ રાખતા. ત્યાં અનાયાસે બધા આવી શકે. સાંજે મોટી સભા થઈ. કોઈ બત્તી લાવ્યું. બત્તી ન હોય તો ફાનસ લાવતા અને તેય ન હોય ત્યાં અમારી પાસે પણ ફાનસ હોય તેનાથી ચલાવતા.

સભાની શરૂઆત પ્રાર્થનાથી થતી. સભામાં ગાંધીજીની પ્રવૃત્તિ અને સપ્તાહની વિશેષતા સમજાવતા. કોઈ કોઈ ઠેકાણે અસ્પૃશ્યતા નિવારણ, દારૂનિષેધ તથા સામાજિક સુધારાને લગતા સંવાદો ભજવતા.

સભા બાદ લગભગ ૧૧ વાગે દિવસના કામની વાતો કરતા બધા સૂઈ જતા

સવારે ૪॥ વાગ્યે ઊઠી દાતણ પાણી કરી, પ્રાર્થના કરી, નાસ્તો કરી (સાંજે ભાખરી વધી હોય તો તે અને ગોળ, અથવા ચણા ને ગોળનો) છ વાગ્યે બીજે ગામ જવાની તૈયારી કરતા અને બીજા ગામમાં સાત વાગ્યાના અરસામાં પહોંચી જતા. બે ત્રણ માઈલ જેટલે દૂર હોય તેવાં ગામો પસંદ કરતા, જેથી ચાલવામાં બહુ સમય ન જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક ગામે અમને આવકાર મળતો. લોકો શકય તેટલું આતિથ્ય કરતા.

અમારો નિયમ હતો કે લોકોનો અતિ આગ્રહ હોય તો સીધું લેવું. નહીં તો તેની વ્યવસ્થા કરી લેવી. ઘણે ઠેકાણે સીધું મળતું જ. એક દિવસ એક ગામમાં અમે સવારે પહોંચ્યા. ત્યારે ત્યાંના એક દૂધના સંચાવાળા ભાઈને અમારા આવવાની ખબર પહોંચેલી. અમે પહોંચ્યા એટલે તે ભરેલી દૂધની પવાલી લઈ આવ્યા અને દૂધ પાયું. પછી તેમણે બપોરના જમવાનું આમંત્રણ આપ્યું. અમે જાતે જ રસોઈ બનાવવાનો આગ્રહ કર્યો એટલે તેમણે જણાવ્યું કે ઠીક, તો લાડુ બનાવો; મેં બધી તૈયારી કરી રાખી છે. સીધું તમને આપી દઉં. મેં કહ્યું તમારો પ્રેમ બસ છે. અમે લાડુ નહીં બનાવીએ કેમકે એ બનાવવા બેસીએ તો અમારો ઘણો સમય તેમાં ચાલ્યો જાય, અને અમે જે કામ માટે અહીં આવ્યા છીએ તે થાય નહિ. તેથી તમે અમને જમાડવા ઇચ્છતા હો તો અમને જે સીધું જોઈએ તે જ આપો. અત્યારે અમે દાળ ભાત બનાવીશું. તેમણે ચોખા, દાળ, ઘી, શાક મસાલો વગેરે આપ્યું, પણ તેમને સંતોષ થયો નહિ. તે પોતાને મુકામે ગયા. તે ભાઈ નજીકના ગામના હતા. ત્યાંથી રોજ દૂધ ભરવા આવતા. આખો દિવસ ત્યાં રહેતા હતા. તેમણે અમારે માટે લાડુ બનાવવાનો વિચાર કર્યો; અને જાતે મહેનત કરી લાડુ અને ભજિયાં બનાવ્યાં અને અમને અમારે મુકામે મોકલી આપ્યાં. અમે તેમને સાથે જમવા આમંત્રણ આપ્યું. તે સાથે જમ્યા. અમે આમ અણધાર્યો પ્રેમ મેળવતા.

સામાન્ય રીતે લોકો પાસેથી વાસણો, લાકડાં, સાવરણી, પાવડો, ટોપલા ઇ૦ જે જરૂરી સાધનોની મદદ મળતી તે લેતા જ હતા. જે ચીજ ગામમાંથી ન મળે અને તેની ખાસ અગત્ય હોય તે સાથે રાખતા. જેમકે ઊભાં ઝાડુ, ભાખરી શેકવાનો મોટો તવો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોલ, ફાનસ. કોઈ કોઈ ગામમાં લાકડાંની મુશ્કેલી હોય તો કોઈમાં બીજી હોય, પણ એ વખતે કેમ ચલાવી લેવું એ શીખવાનું મળતું.

અમે સામાન્ય રીતે ગામના મંદિરમાં ઉતારો રાખતા નહિ. પણ ધર્મશાળા અને મંદિર એક સ્થાને હોય ત્યાં પડેલેથી લોકો સાથે વાત કરી લેતા. કોઈનો વિરોધ ન થાય એવા સ્થળે ઊતરતા. કોઈ એવું સ્થળ ન હોય તો મંદિર-ધર્મશાળા બહાર ઝાડ નીચે ઉતારો રાખતા.

એક વખત અમારી સાથે પ્રચાર પ્રવાસમાં એક હરિજન વિદ્યાર્થી હતો. એક ગામમાં અમે ગયા. અમે આવવાના છીએ એવી ખબર હોવાથી એક બે ઉત્સાહી યુવકો અમારા આવવાની રાહ જોતા હતા. અમને આવતા જોઈ તે સામા આવ્યા. તે ગામમાં ત્યાંનું મંદિર જાહેર સ્થળ તરીકે વપરાતું હતું. બીજું કોઈ સ્થળ ઉતારા માટે ન હતું. નિશાળનું મકાન હતું પણ તે ચાલુ હતી. અમને પેલા ઉત્સાહી ભાઈઓએ મંદિરમાં ઉતારો કરવા જણાવ્યું. અમે જણાવ્યું કે અમારી સાથે હરિજન વિદ્યાર્થી છે, તેથી અમે મંદિરમાં ઊતરવા અને લોકોનું દિલ દુઃખવવા ઇચ્છતા નથી. વળી ત્યાંના બાવાજી પણ ન ઇચ્છે તેથી અમે બીજે સ્થળે ઊતરીશું.

પેલા ભાઈઓએ કહ્યું–બીજું સ્થળ તો કોઈ નથી. લોકોનો વિરોધ નહીં થાય. તમારે મંદિરમાં જ ઊતરવાનું છે. ત્યાં બહુ સારી વ્યવસ્થા થશે. ભાદરવાનો તાપ છે. મંદિરમાં ઠંડક છે. અમે બાવાને મળીને સમજાવીશું અને બાવો નહીં જ માને તો જોઈ લેવાશે.

મેં તેમનો ઉત્સાહ અને અમારા પ્રત્યેનો ભાવ જોયો. પણ કહ્યું કે અમે ત્યાં નહીં ઊતરીએ. એટલામાં અમે ભાગોળે મંદિર નજીક પહોંચ્યા. અમે આસપાસ તપાસ કરી અને મંદિર બહાર વડના ઝાડ નીચે સાફ કરી ઉતારો કર્યો અને અમારો કાર્યક્રમ શરૂ થયો. તે દરમિયાન હું મંદિરના બાવાને મળ્યો. તે તકલી પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંતતા હતા. રેંટિયાની વાત થઈ. અમારો આવવાનો ઉદ્દેશ જણાવ્યો. તેમને અમારી વાતો રુચી અને અમને રસોઈ માટે મંદિરના ચોગાનમાં સારી જગા બતાવી. વાસણ વગેરે આપ્યાં. દિવસ બધો અમે ઝાડ નીચે રહ્યા. પછી મહારાજે રાત્રે અમને મંદિરમાં સૂવાનું આમંત્રણ આપ્યું. અમે હરિજન છોકરાની વાત કરી; ત્યારે કહ્યું કે તમારી સાથે હરિજન છોકરો છે તેનો વાંધો નથી. એમ કહી અમને પ્રેમથી અંદર બોલાવ્યા.

એક ગામમાં રાત્રે ચાલુ સભા વખતે જ વરસાદ શરૂ થયો. ગામનાં નાનાં મોટાં ભાઈબહેનો સભામાં આવ્યાં હતાં. તે બધાં વરસાદવાળી ખુલ્લી જગા છોડી આસપાસ છાપરા નીચે શાંતિથી બેસી ગયાં. લગભગ ૧૫ મિનિટ વરસાદ થયો. તે દરમિયાન બધાં શાન્ત બેસી રહ્યાં. બાદ સભા ચાલુ થઈ.

આવી રીતે ગાંધી સપ્તાહ સિવાય પણ એક એક દિવસ માટે અમે આસપાસનાં ગામડાંમાં જતા. તે બન્ને વખત માટે ઢેબરાં બનાવી લઈને જતા. આવે વખતે જમવા માટે ગામમાં ખૂબ આગ્રહ થાય તો છાશ-દૂધ લેતા. તે ઉપરાંત મળી શકે તો પપૈયાં, કેળાં ઇ૦ ફળ પણ આપતા. સવારે વહેલા જતા અને રાત્રે સભા પૂરી કરી વિદ્યાલયમાં આવી જતા.

આ રીતે આસપાસનાં ગામો સાથે અમારો સંબંધ વધ્યો અને અમે એક બીજાને ઓળખતા થયા.

૫. વિદ્યાર્થીઓને ઘેર

વિદ્યાલયમાં રજાઓ હોય તે દિવસોમાં અથવા પ્રવાસનો કાર્યક્રમ હોય તે વખતે હું વારાફરતી વિદ્યાર્થીઓને ત્યાં જવાની તક મળે તો તે ચૂકતો નહિ.

અમારો પ્રવાસ મોટે ભાગે ચાલીને જ થાય એટલે જે સ્થાને જવાનું હોય ત્યાં રસ્તામાં વિદ્યાર્થીનું ગામ આવે તો ત્યાં મુકામ રાખવાનું નક્કી કરતા. નહીં તો રજાઓમાં અનુકૂળતા મળે તો બને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો દિવસ નક્કી કરી વિદ્યાર્થીને જણાવતો. કોઈ કોઈ પ્રસંગે ખબર આપવાનો સમય ન હોય તો એમને એમ પણ જઈ ચઢતો. આમ કેટલાય વિદ્યાર્થીઓને ત્યાં હું ગયો છું.

હું વિદ્યાર્થીને ત્યાં જાઉં એટલે તેને આનંદ અને સંકોચ-બન્ને થાય. આનંદ થાય એ સ્વાભાવિક છે, પણ જમવાનું કહેતાં સંકોચ થાય કેમકે તેને એમ લાગે કે હું પાટીદાર હોવાથી એમને ત્યાં જમીશ ખરો? એટલે જ્ઞાતિભેદને કારણે સંકોચ થાય. મને પણ આનંદ અને સંકોચ થાય. એના કુટુંબીઓનો પરિચય કરવાની તક મળ્યાનો આનંદ થાય; જ્યારે તેની આર્થિક મુશ્કેલીમાં જમવાનું હા પાડી બોજારૂપ થઈ પડીશ તો? એમ આર્થિક સ્થિતિને કારણે સંકોચ થાય. પણ તેના કુટુંબના પ્રેમને તરછોડી શકતો નહીં અને ભોજન લેતો.

પ્રવાસમાં વિદ્યાર્થીઓને લઈને જતો ત્યારે વિદ્યાર્થીનાં માબાપ બહુ પ્રેમથી અમારું સ્વાગત કરતાં અને ભોજન જમાડતાં. કોઈ કોઈ મિષ્ટાન્ન પણ કરે. હું પાટીદાર હતો અને ગામમાં મારા પાટીદાર સંબંધો હોવા છતાં કોઈ પછાત કોમના વિદ્યાર્થીને ત્યાં જમતો ત્યારે વિદ્યાર્થીને જ નહિ પણ કુટુંબને પણ ખૂબ આનંદ થતો. ચોખ્ખાઈના નિયમો હું પાળતો અને વિદ્યાર્થીઓ વિદ્યાલયમાંથી ચોખ્ખાઈ ઘર સુધી લઈ ગયેલા હોવાથી તે પાળવામાં અડચણ ન આવતી. વળી વિદ્યાર્થીને પોતાનું મોટું મિત્રમંડળ બીજા જોતા તેથી આનંદ થતો.

વિદ્યાર્થીઓના વાલીઓને ઉત્સવ પ્રસંગે અમે વિદ્યાલયમાં નોતરતા અને ઉપર પ્રમાણે એક બીજાનો નિકટનો પરિચય સાધવાનો પ્રયત્ન કરતા. એ રીતે આજે કેટલાંક કુટુંબો સાથે કૌટુમ્બિક સંબંધ થઈ ગયો છે.

૬. ગરીબાઈ છતાં ખાનદાની

આ રીતે મને વિદ્યાર્થીના કૌટુંબિક જીવનમાં ઊતરવાના પ્રસંગો મળ્યા અને કુટુંબની આર્થિક, સામાજિક અને વ્યક્તિગત સ્થિતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખબર પડતી ગઈ. એ બધામાં મેં જોયું છે કે ઉચ્ચ ગણાતી કોમોમાં જેમ ખાનદાની છે તેમ આ કોમોમાં પણ છે. અત્યંત ગરીબ વિદ્યાર્થીઓને ત્યાં પણ મને તેવા અનુભવો થયા છે. બારૈયા કોમમાં સામાન્ય રીતે સારી સ્થિતિવાળાનો અર્થ એ કે દેવું ન હોય, ખાય તેટલી આવક મળે તેટલી જમીન હોય અને ઘર હોય. બેંકમાં પૈસા હોય, વીમો ઊતરાવ્યો હોય કે નાણાં ધીર્યાં હોય એવા તો કોઈક જ હશે. આ સ્થિતિ સમજપૂર્વકની આવે તો મને તે દુઃખદ નથી લાગતી.

આ સ્થળે ગરીબ સ્થિતિવાળાની ખાનદાનીના એક બે પ્રસંગો નોંધવા જેવા છે.

એક વિદ્યાર્થીને બાપ નહીં. મા અને નાનો ભાઈ હતાં. નાનું સરખું ઘર, બે વીઘાં જમીન અને માથે થોડું દેવું હતું. એક પ્રવાસમાં તેને ત્યાં જવાનો પ્રસંગ આવ્યો. તેને ખૂબ હર્ષ થતો હતો. પણ મને થયું કે ૧૫–૨૦ જણ તેને ત્યાં જઈશું તો એ ખર્ચ ક્યાંથી કાઢશે? તે અમારી સાથે પ્રવાસમાં હતો. આગલા મુકામેથી તેને થોડા રૂપિયા આપી વહેલો ઘેર મોકલ્યો. તે ઘેર ગયો. તેનાં મા વગેરેને વાત કરી. તેની પડોશમાં બીજો વિદ્યાર્થી હતો. તેને પણ બધા મિત્રો આવવાના છે જાણી આનંદ થયો. બન્નેએ મળી ખીચડી, કઢી બનાવ્યાં અને પ્રેમપૂર્વક બધાને જમાડ્યા. તે પાછો પ્રવાસમાં જોડાઈ ગયો અને મારી આપેલી રકમ પાછી આપી મને આશ્ચર્ય થયું. તેણે મને કહ્યું કે તમે મને પૈસા આપ્યા ત્યારે જ તે લેવાની ઇચ્છા ન હતી. મારાં બા વગેરેએ ટેકો આપ્યો, એટલે મને જરૂર ન પડી. એમની આર્થિક સ્થિતિ હું જાણતો હતો તેથી મને તો તેમાં ખાનદાની જ જણાઈ.

બીજો એક વિદ્યાર્થી મારી સાથે જેલમાં હતો. તેની આર્થિક સ્થિતિ બહુ જ ખરાબ થઈ ગઈ હતી. તેના પિતા જુવાનીમાં કમાયા ત્યારે ખૂબ કમાયા અને ઉડાવ્યા પણ ખૂબ. જ્યારે તે વિદ્યાલયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે ત્યારે કામ પતી જાય એટલે તરત પાછા ઘેર જાય. સાંજ પડવા આવી હોય તોય ઘેર પાંચ ગાઉ દૂર ચાલી નીકળે. બહુ આગ્રહ કરીએ તો જમે. તેમને અફીણનું વ્યસન હતું. એ વિદ્યાર્થીને મા હતાં ત્યારે તો કંઈક ઠીક હતું, કેમકે તે નાનાં ભાઈબહેનને ઉછેરતાં અને સાથે મજૂરી કરવામાં મદદ કરતાં.

તેને એક નાનું ઘર છે. જમીન નથી. મા વિનાનાં બે બાળકો પાંચ-સાત વર્ષની ઉંમરનાં છે. મજૂરી પણ નિયમિત મળે નહિ.

તેમને મળવા ગામમાં પેઠો અને તેમના ઘરની પૂછપરછ કરતો હતો ત્યારે એક ભાઈ એ કહ્યું કે પેલા પીપળા નીચે જાઓ. તે ભાઈ ત્યાં છે. હું પાછો ફર્યો અને ભાગોળને પીપળે આવ્યો. વિદ્યાર્થીના પિતાએ ત્રણ દિવસથી નાની ચાની હોટલ કરી હતી.

ત્રણ પ્યાલા રકાબી, તે રાખવા એક પ્યાલો, એક પાણીની નાની ડોલ, એક તૂટેલી સગડી, એક ચા તૈયાર કરવાની ધાતુની તપેલી, અને એક દૂધની તપેલી અને ગળવાનું જૂનું કપડું – આટલી તેમની દુકાનની સામગ્રી હતી. પીપળાના ઓટલા નીચે જ એક કોથળાનું આસન બનાવી તે બેઠા હતા. એટલામાં નાનાં ભાઈબહેન આવ્યાં; ને સગડીમાં સળગાવવા માટે છાલ ઇ૦ મેળવવામાં તથા પાણી લાવી આપવામાં મદદ કરતાં. ઘેર ખાવાનું પણ સાત વર્ષની છોકરી બનાવતી.

હું તેમની પાસે ગયો એટલે તરત પોતાનું આસન કાઢી ઓટલા પર પાથર્યું અને ખૂબ પ્રેમથી બેસાડ્યો. અમે વાતો કરવા માંડી. ઘરની બધી વાત કરી. એ પરથી જાણ્યું કે મજૂરી કંઈ મળતી નથી. તેથી નિર્વાહ માટે અનાજ લાવવામાં ઘરવખરીની બધી ચીજો વેચી નાખી હતી. છાપરાના મોભ વેચ્યા હતા, અને હવે ઘર નજીકના નાના વાડાની જમીન વેચવાનો વિચાર કરતા હતા, કેમકે જીવનનિર્વાહ બીજી રીતે શક્ય દેખાતો ન હતો. બે છોકરાં અને પોતે – એમ ત્રણ જણનું પોષણ કરવાનું હતું. વળી અફીણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ થોડો ખર્ચ થતો હતો. આથી ચાની દુકાન કરી હતી. એ દુકાનનો દૈનિક આવક ખર્ચ તપાસતાં બે આના રોજની ચોખ્ખી આવક થાય એમ જાણ્યું. આ બધી વાતો ચાલતી હતી ત્યારે તેમનું કામ ચાલુ હતું. તે દૂધ ગરમ કરતા હતા. હું વાતો કરતો હતો ત્યારે મને આ લોકોની સેવા કરવાની રીતોના અને મારી શક્તિની તુલનાના વિચારો આવતા હતા. આ કેવી રીતે જીવન જીવતા હશે એ પ્રશ્ન થતો હતો. એટલામાં તેમણે દૂધનો કપ તૈયાર કરી મારી સામે ધર્યો.

મારી મૂંઝવણનો પાર ન હતો. મારે એ દૂધ પીવું કે કેમ? તેમનો આગ્રહ અને પ્રેમ હું જોતો હતો. તેથી ના પાડવામાં તેમને અપમાન કરવા જેવું લાગતું હતું. હા પાડવામાં તેમની બે આનાની કમાણીમાંથી ભાગ પડાવવાનું થતું હતું. મારે શું કરવું? એ ખ્યાલો ઘડી વાર ત્યાં પડ્યો રહ્યો. છેવટે તેમના આગ્રહને હું ઠેલી ન શક્યો. એમના પ્રત્યે મારું મસ્તક નમતું હતું. મેં એ દૂધ પીધું. પછી તો અમે ઘણી વાતો કરી. અને કેમ કરીને એમનો જીવનનિર્વાહ સહેલો બને તેના વિચારો કર્યા અને તેમાં બનતી મદદ કરવાનો મનથી નિર્ણય કર્યો. આ આખા પ્રસંગ દરમિયાન મારી પાસેથી કંઈ પણ મદદ યાચવાની તેમની વૃત્તિ ન જણાઈ. પણ એક નિકટના અંગત માણસ સાથે વાત કરતા હોય એમ તે વાતો કરતા હતા. જ્યારે જ્યારે એ વાતચીતનું દૃશ્ય મારી નજર આગળ આવે છે ત્યારે ત્યારે એમની ગરીબાઈની પાછળ સંતાયેલાં પ્રેમ અને ખાનદાની મને સાંભરી આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

વિદ્યાર્થીઓનો વિકાસ

૧. વ્રતની કસોટી

૧. એક વિદ્યાર્થીએ એક વખત એક માસમાં ૬૦ આંટી સૂતર કાંતવાનો નિશ્ચય કર્યો. રોજનાં અભ્યાસ, છાત્રાલયનાં કામ વગેરે તો હતાં જ. બારેક દિવસ તો બરાબર ચાલ્યું. પછી તેને અચાનક વાગ્યું. તેથી ચાર પાંચ દિવસ તેનાથી કંઈ કામ ન થયું. જે થોડા દિવસ બાકી રહ્યા તેમાં તેને વ્રત પૂરું થવા વિષે શંકા થઈ. તેણે મને વાત કરી. મેં જણાવ્યું કે જો નિશ્ચય હશે તો વ્રત પૂરું કરી શકાશે. રમવાનું કે એવો આનંદ છોડવો પડશે. તેણે મન સાથે વ્રત પૂરું કરવાનો નિશ્ચય કર્યો.

તે જેમ જેમ કાંતતો ગયો તેમ તેમ તેનામાં નિશ્ચયનું બળ વધતું લાગ્યું. છેલ્લા બે દિવસ રહ્યા. છેલ્લે દિવસે તો તે સતત બેઠો અને વ્રત પૂરું કરી ઊઠ્યો. ત્યારે તેના આનંદનો પાર ન હતો.

૨. એક બીજા વિદ્યાર્થીએ એક રેંટિયાબારશે બાર માસમાં (બીજી રેંટિયાબારશ સુધી) અમુક આંટી કાંતવાનું નક્કી કર્યું હતું.

જ્યારે ૭૨ દિવસ રહ્યા ત્યારે તેને ૧૪૫ આંટી કાંતવાની બાકી હતી. તે અભ્યાસ ઉપરાંત ગામમાં કંતાવવાનું અને હિસાબી કામ કરતો. તે રોજની સરેરાશ બે આંટી સૂતર કાંતે તો વ્રત પૂર્ણ થાય. તેણે પ્રયત્ન શરૂ કર્યો. રોજ પ્રયત્ન કરે, બેથી વધુ આંટી કાંતે. પણ વળી ગામના કામને લીધે અમુક દિવસ પડે તેથી સરેરાશ બે આંટી માંડ થાય. તે અભ્યાસ, ગામનું રેંટિયાનું કામ તથા હિસાબી કામ, છાત્રાલયનાં કામ બધાં કરતો. એકે કામ છોડયું ન હતું. એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં કરતાં રેંટિયાબારશને આગલે દિવસે સાંજે તેને ૯ આંટી કાંતવાની બાકી રહી.

પેલા વિદ્યાર્થીની હિંમત ઓસરી ન હતી. તેણે નક્કી કર્યું કે ૨૪ કલાકનો અખંડ રેંટિયો ચલાવવો. રેંટિયાબારશને દિવસે સંવાદોનો કાર્યક્રમ હતો તેમાં તેને કામ કરવાનું હતું. તોય તેને શ્રદ્ધા હતી કે વ્રત પૂર્ણ થશે જ. આગલી સાંજે અખંડ રેંટિયો શરૂ કર્યો. તેની સાથે બીજા પણ ભળ્યા. તેના સાથીઓ એક પછી એક સવાર સુધીમાં થાકી ગયા અને ઊઠબેસ કરવા લાગ્યા. થોડું કાંતે, વળી બંધ રાખે. પણ તેની પાસે કાંતનાર વર્ગ ચાલુ હતો. તેને પોતાને થાક હતો, આંખમાં ઊંઘ હતી. પણ તે પૂણી છોડતો ન હતો. તે બધા વિદ્યાર્થીઓમાં નાનો હતો.

સવાર થયું. બપોર થયા. સાંજે સંવાદો હતા તેમાં તે ભળ્યો. તે વખતે પાછળ રેંટિયો મૂકીને જ બેઠો હતો. આ રીતે રાત્રે ૧૦ વાગે સંવાદ પૂરા થયા અને તેની ૯ આંટી પણ પૂરી થઈ. તેણે સાચી રેંટિયાબારશ ઊજવી.

આવી રીતે રેંટિયાબારશે, બેસતા વર્ષે કે એવા પ્રસંગે વિદ્યાર્થીઓ નાનાં મોટાં વ્રતો લેતા અને પૂરાં કરતા.

કોઈ કોઈ રેંટિયાબારશે સમૂહ વ્રત–જેમકે અમુક આંટી બધાએ મળીને વર્ષ આખર સુધીમાં કાંતવી–લેતા અને અમુક ૭૨મી વર્ષગાંઠે ૭૨ દિવસમાં અમુક આંટી કાંતવી, એમ દરેક સ્વેચ્છાએ નક્કી કરતા અને તે પ્રમાણે પૂરી કરતા.

આવી રીતે વ્રતોથી જીવન ઘડાય છે અને બંધાય છે, એમ હમેશનો અનુભવ છે. તેથી અમે વ્રતો લેતા તેમાં વિદ્યાર્થીઓ ભળતા. વિદ્યાર્થી ઉત્સાહમાં આવી વધારા પડતો નિર્ણય ન કરે તે માટે ચેતવતા. જ્યારે તે વ્રત લેવાનો વિચાર કરે ત્યારે તેમાં આવનારી કલ્પી શકાય તેટલી મુશ્કેલીઓ રજૂ કરતા અને તે મુશ્કેલીઓ જાણવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં નિર્ણય કરે તો હિંમત અને ઉત્સાહ રાખવા જણાવતા અને વ્રતમાં ભૂલ ન થાય એ માટે જાગ્રત રાખતા.

આમ કાંતવા ઉપરાંત વ્યસન છોડવાનાં, અસ્વાદ કેળવવાનાં, સામાજિક કુરિવાજો સામે થવાનાં વ્રતો વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ લેતા અને પાળતા. આથી તેમની શક્તિ વધી છે એમ મને લાગ્યું છે.

૨. ભાઈનાં લગ્ન

એક વિદ્યાર્થી પર એક દિવસ ઘેરથી કાગળ આવ્યો. તેમાં તેના ભાઈનાં લગ્ન અમુક દિવસે છે તેથી તેને તરત ઘેર આવવા જણાવ્યું હતું.

આ વિદ્યાર્થીના પિતા દેવલોક પામ્યા હતા. વિધવા મા હતાં અને નાનો ભાઈ હતો. બહેનને સાસરે વળાવી દીધી હતી અને ઘરની જવાબદારી તેને શીર હતી.

ઘરની સ્થિતિ સારી ન જ ગણાય. પણ કુટુંબ ઊંચા કુળનું ગણાય. તેથી નાનપણમાં જ તેમનાં લગ્ન માટે માગાં આવે. એ વિદ્યાર્થીને પણ નાનપણમાં પરણાવી દીધેલો. તેનું તેને દુઃખ લાગતું હતું. વિદ્યાલયમાં રહ્યા પછી તેણે બાળલગ્નમાં ભાગ નહીં લેવાનો નિશ્ચય કર્યો હતો. તેનાં માતુશ્રી જૂના વિચારનાં હતાં, એટલે સગાંવહાલાંના આગ્રહને વશ થઈ મોટા છોકરાને પૂછ્યા વિના જ નાના છોકરાનું લગ્ન નક્કી કરી દીધું અને તરત ઘેર આવી જવાનો પત્ર લખ્યો હતો.

આ કોમમાં લગ્ન મોટે ભાગે બધા નાની ઉમરમાં જ કરી નાખે. એમાં વિરોધ કરવાનું તો કોઈને સૂઝે નહીં. મને થયું કે આ વિદ્યાર્થીની કસોટી આવી છે. તે ઘરનો જવાબદાર માણસ હતો, એટલે તે જ લગ્નમાં હાજર ન રહે એ કુટુંબને માટે અને કોમને માટે પણ નવાઈની વાત ગણાય.

તેને બોલાવીને મેં તેનો અભિપ્રાય જાણવા ઇચ્છ્યું. તેણે જણાવ્યું કે મારો નિશ્ચય છે કે મારે બાળલગ્નમાં ભાગ ન લેવો. ઈશ્વરે મારી કસોટીનો પ્રસંગ આપ્યો છે, પણ હું નિષ્ફળ નથી થવાનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા દિલમાં તો હતું જ કે તે લગ્નમાં ભાગ ન લે અને તેનાં માતુશ્રીને સમજાવે તો સારું, પણ તેની આટલી મક્કમતાની ખબર ન હતી. જો કે તે નિશ્ચય કરે તેને વળગી રહે એવી તેણે બધા પર પોતાના વર્તનથી છાપ પાડી હતી. એટલે હું રાજી થયો.

તેણે તેનાં માતુશ્રીને પત્ર લખ્યો અને છતાં લગ્ન કાયમ રહ્યાં એટલે વિદ્યાર્થીએ તેમાં ભાગ ન લીધો.

૩. મર્યાદિત સંખ્યા

અમારે ત્યાં ૩૦ વિદ્યાર્થીઓને રાખવા પૂરતી વ્યવસ્થા કરી હતી. શરૂઆતમાં મને તે સંખ્યા થોડી લાગતી હતી. કોઈ મને પૂછે—તમારા વિદ્યાલયમાં કેટલા વિદ્યાર્થીઓ ભણે છે? ત્યારે જવાબ આપવામાં મને સંકોચ થતો હતો. પૂછનારને તો એમ હોય કે વિદ્યાલય છે એટલે ૨૦૦–૩૦૦ વિદ્યાર્થીઓ હશે. જ્યારે હું ૩૦કે ૩૫ જવાબ આપું ત્યારે પૂછનારને પણ આશ્ચર્ય થતું. વળી સંસ્થામાં શિક્ષકોની સંખ્યા પૂછે અને જવાબ ત્રણનો મળે ત્યારે તેને મનમાં થતું કે ૩૦ છોકરા પાછળ ૩ શિક્ષક ઘણા ગણાય. વળી એથી પણ આગળ એમ સાંભળે કે અહીં અક્ષરજ્ઞાનના વર્ગોનો સમય ૩ કલાકનો છે ત્યારે તો કદાચ તેના મનમાં અમારા ઉડાઉપણા જેવું લાગતું હશે. આ કંઈ પાંચ છ કલાક છોકરાઓને ભણાવવાની શાળા ન હતી. પણ છાત્રાલય, ઉદ્યોગશિક્ષણ અને અક્ષરજ્ઞાનશિક્ષણ હતાં. એટલે શિક્ષકોને તો સમય જ બચતો ન હતો. રજાઓ પણ ભાગ્યે ભોગવતા. રાતદિવસ કામ રહે તેથી સંખ્યા વધવી જોઈએ એમ લાગતું.

તેમાં થતું એવું કે વર્ષની શરૂઆતમાં ૩૦–૩૫ સુધી સંખ્યા પહોંચી જાય. પછી ઘટતે ઘટતે વર્ષ આખરે ૨૦ની આસપાસ થઈ જાય. અનુભવે મને લાગ્યું કે અમારી સંસ્થાની વિશેષતાને કારણે વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત જ રહેવાની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારથી મને લાગ્યું કે હું શીખવવા આવ્યો છું તેના કરતાં મારે શીખવાનું વધુ છે, જે શીખવવાનું છે તે પ્રથમ મારે શીખવાનું છે, ત્યારથી સંખ્યાનો પ્રશ્ન રહ્યો જ નહિ.

વિદ્યાર્થીઓ ઓછા છે કે વધારે એ પ્રશ્ન કરતાં જે વિદ્યાર્થીઓ આપણી પાસે આવ્યા છે, તેમને ખરેખર આપણે ઉપયોગી છીએ કે કેમ તે પ્રશ્ન હમેશ ખડો થતો. તે અમારી ભૂલો શીખીને ન જાય તોય બસ એમ ઘણી વાર લાગતું હતું. એટલે વિદ્યાલયમાં વિદ્યાર્થી જે શીખતો, તે શિક્ષણ કેટલું પચ્યું છે તેની કસોટી તે રજાઓમાં ઘેર જઈ શું કરે છે તેના ઉપરથી હું કરતો.

તે ઘેર જાય ત્યારે તેની શી પ્રવૃત્તિ હોય છે, કોની સોબત હોય છે, ઘરનું કામ કરે છે કે નહિ, બીડી છૂટી કે નહિ વગેરે અનેક પ્રશ્નો રજાઓમાંથી વિદ્યાર્થીઓ પાછા આવે ત્યારે પૂછીને જાણી લેતો.

શરૂઆતમાં વિદ્યાર્થીઓ પૂરું કહે નહિ. જેમકે બીડી પીધી હોય તે વાત ન જણાવે, બીજી હકીકત જણાવે. પરંતુ જેમ જેમ તેમને અમારામાં વિશ્વાસ વધતો ગયો તેમ તેમ તે ખુલ્લા દિલે વાત કરવા લાગ્યા. અમે જોતા હતા કે કેટલાક વિદ્યાર્થીઓના જીવન પર વિદ્યાલયના વિચારોની અસર થતી જાય છે. લાંબી મુદ્દત સુધી વિદ્યાલયમાં રહ્યા પછી પણ અસર ઓછી થયાના દાખલા પણ કોઈ કોઈ મળતા. હા, કેટલીક બાબતોમાં ફેર પડે; પણ વિચારોમાં ફેર ન પડયો હોય, અને જૂના સંસ્કાર જ કામ કરતા હોય. તેથી ઊલટું થોડા દિવસ રહી ગયેલાઓના જીવનમાં ફેર પડયાના પણ કિસ્સા છે.

એક વિદ્યાર્થી વિદ્યાલયમાં દાખલ થવા આવ્યો. પણ તે નાનો અને બે ચોપડી ભણેલો હોવાથી તેની ખૂબ ઇચ્છા છતાં અમે તે વખતે દાખલ કરી શક્યા નહિ અને બે વર્ષ ઘેર ભણીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી આવવા જણાવ્યું. ત્યાં તે ચાર પાંચ દિવસ રહ્યો તેટલામાં તે રેંટિયો કાંતતાં શીખી ગયો. તે ઘેર પાછો ગયો. તેના પિતા દારૂના વ્યસની હતા. તેને બે મા હતી. તેથી ઘરમાં કંકાસ પણ રહેતો. આ વિદ્યાર્થીને રેંટિયાની લત લાગી ગયેલી, તેથી તેણે એક રેંટિયો ક્યાંકથી મેળવ્યો અને કાંતવા માંડયું. તેના પિતાને આ ગમ્યું નહિ, એટલે દારૂના કેફમાં એક દિવસ રેંટિયો ભાંગી નાખ્યો. વિદ્યાર્થીની રેંટિયા પ્રત્યેની ભાવના જોઈ એક સમજુ ભાઈએ બીજો રેંટિયો લાવી આપ્યો. તે રેંટિયો બીજે ઠેકાણે રાખીને તે કાંતવા લાગ્યો. આ હકીકત મારી પાસે આવી. તે વિદ્યાર્થીને વિદ્યાલયમાં લેવાની ભલામણ પણ એક મિત્રે કરી અને તેને દાખલ કરવામાં આવ્યો.

બીજો એક મોટો વિદ્યાર્થી ત્રણ વર્ષ વિદ્યાલયમાં રહ્યો. પછી તે ઘેર ગયો અને જૂના જીવનમાં ધામે ધામે ભળી ગયો.

કોઈ કોઈ વિદ્યાર્થીઓ ચોરી કરવાની અને જૂઠું બોલવાની કુટેવ છોડી નહીં શકવાથી ઘેર ગયેલા. ફરી સુધરવાની ઇચ્છાથી આવ્યા, ફરી પાછા એ જ કુટેવને કારણે ગયા. એમ ત્રણ ત્રણ વાર આવ્યા અને ગયા. ત્યારે કેટલાકની કુટેવો આવ્યા પછી ગઈ તે ગઈ એમ બન્યું છે.

૪. પત્ની હરિજન શાળામાં

બારૈયા કોમમાં છોકરાઓના શિક્ષણની જ્યાં વ્યવસ્થા ન હોય ત્યાં છોકરીઓના શિક્ષણનો તો વિચાર જ કોણ કરે? ઊલટું ઘણા-ખરા એમ જ માને કે છોકરીઓ ભણે તો બગડી જાય. છોકરાઓએ ભણવું જોઈએ અને તેય સહી કરતાં અને થોડું વાંચતાં લખતાં આવડે તો બસ.

વિદ્યાલયમાં જે વિદ્યાર્થીઓ આવ્યા તેમાં અર્ધ ઉપરાંત પરણેલા હતા. તેમની સ્ત્રીઓની ઉંમર પણ લગભગ તેમના જેટલી હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાલયમાં દેશસેવાની અને ગ્રામસેવાની વાતો વિદ્યાર્થી સાંભળે ત્યારે તેને પણ કંઈ કંઈ કરવાનું મન થઈ જાય. પણ પોતાની અભણ અને દેશદુનિયાથી અપરિચિત પત્નીની કલ્પના કરતાં તેનાં સેવાનાં સ્વપ્નો ભાંગી પડતાં લાગે.

તેને પોતાની પત્નીને ભણાવવાનું મન થાય. પણ છોકરીનાં અને પોતાનાં માબાપ તે વિચારને હસી કાઢે. મોટી પંદર સોળ વર્ષની ઉંમરની છોકરી હવે કેમ કરીને ભણી શકે? તેણે કદી નિશાળ તો જોઈ ન હોય.

પણ આ મુશ્કેલીઓ છતાંય તેમને પોતાની પત્નીઓને ભણાવવાના વિચાર આવતા અને મને જણાવતા પણ ખરા.

હું વિચારમાં પડી જતો કે તેમને ભણવાની ઇચ્છા થાય, માબાપ પણ હા પાડે એમ ઘડીભર માનીએ તોય ભણાવવી ક્યાં? વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં? એમાં તો અમુક ભણેલી હોય તેને દાખલ કરે. ત્યાંની રહેણીકરણી એવી કે ખર્ચ વધુ થાય. એનું શું? એ શિક્ષણ જીવનને ઉપયોગી થાય ખરું? એવા અનેક પ્રશ્નો થાય.

એક વિદ્યાર્થીના વાલીએ મને કહ્યું કે મારા છોકરાને હજી પરણાવ્યો નથી, પણ વિવાહ કરી મૂક્યા છે. છોકરીને તેનાં માબાપ ભણાવે છે. ચાર ચોપડી ભણી છે અને હજી ભણવાની હોંશ છે. તેને રાષ્ટ્રીયસંસ્થામાં મૂકવાની ગોઠવણ કરી આપો.

મને વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનો વિચાર આવ્યો. ત્યાંના આચાર્ય સાથે વાત કરતાં જોયું કે ત્યાં ભણવા જશે તો લાભને બદલે નુકસાન થવાનો વધુ સંભવ છે. ત્યાં જે વર્ગની છોકરીઓ આવે છે તેમની સાથે રહેશે તો ખર્ચાળ થશે અને ઘણીને ભારે પડશે. મને તેમાં તથ્ય લાગ્યું અને મેં તેનો વિચાર માંડી વાળ્યો.

પણ વિદ્યાર્થીઓની અને મારી પણ ઇચ્છા હતી કે કંઈક વ્યવસ્થા કરવી. છેવટે હરિજન આશ્રમમાં હરિજન બાળાઓનું છાત્રાલય છે અને શિક્ષણ પણ આપવામાં આવે છે, તે સંસ્થા યોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાઈ. પણ હરિજન છોકરીઓ સાથે આ છોકરીઓ રહેશે ખરી? વળી એ છાત્રાલયમાં તો નાની નાની બાળાઓ ઘણી છે. તેમની સાથે ગોઠશે? વળી ત્યાં ૧૫–૧૭ વર્ષની પરણેલી છોકરીઓને લેવામાં આવતી નથી. પણ અપવાદ તરીકે લેવાની શ્રી. નરહરિભાઈએ હા પાડી.

આ ગોઠવણ સંબંધી મેં મોટા વિદ્યાર્થીઓને વાત કરી. એક વિદ્યાર્થી પ્રથમ પગલું ભરવા તૈયાર થયો. તે સફળ થાય તો બીજાઓનો માર્ગ સરળ થાય એમ લાગ્યું. તે તેની સાસરીમાં પહોંચ્યો, પત્નીને વાત કરી અને તેને વિદ્યાલયમાં લઈ આવ્યો. ત્યાં તેને ભણવાની આવશ્યકતા વગરેની વાત કરી. ક્યાં ભણવા જવાનું છે તે પણ સમજાવ્યું. તેને પોતાને કંઈ સમજાતું ન હતું. પણ તેણે પતિની ઇચ્છાને માન આપવાનું નક્કી કર્યું. એટલે તેને આશ્રમમાં મૂકી.

આ વાતની ખબર છોકરીના માબાપને મળી. તેમને ભારે અનર્થ થયો એમ લાગ્યું. આટલી મોટી ઉંમરે હવે ભણવાનું શું? અને તેય વળી ઢેડની છોકરીઓ સાથે! ગજબ થઈ ગયો! તે તો સીધા સાબરમતી આશ્રમમાં ગયા. ત્યાં તેમણે ત્યાંના ગૃહપતિને તેમની છોકરી સોંપી દેવા જણાવ્યું. દીકરીને મળ્યા. તેને હજી ત્યાં નવું નવું હતું. તેનું ખેંચાણ માબાપ તરફ હતું એટલે તેને પિતા સાથે જવાનું મન થયું. પણ પતિની ઇચ્છા તેને બીજી તરફ ખેંચતી હતી. તેની સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ હતી. પણ તેના દિલની ઇચ્છા તેના પિતા સમજી ગયા. ગૃહપતિએ જણાવ્યું કે આ છોકરીને મૂકનાર અથવા તેના પતિ અહીં આવે તો તેમને અમે સોંપી શકીએ. બીજાને અમે ન સોંપીએ. પિતા ખૂબ અકળાયા, મૂંઝાયા. પણ શું કરે? તે સીધા છોકરાને ઘેર ગયા.

છોકરાની માને જઇને કહ્યું કે મારી છોકરીને ઢેડ સાથે રાખી? અનેક રીતે ઉકળાટ અને ગુસ્સો ઠાલવ્યો અને છોકરી અપાવવા જણાવ્યું. માને પોતાના છોકરા પ્રત્યે પ્રેમ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના સારાપણા વિષે વિશ્વાસ હતો. પણ સમાજની સામે થવાની હિંમત હતી નહીં. વળી સમાજમાં ફજેતી થવાનો ડર લાગ્યો. તેમને તો દમાઈ, ચંપાઈને પોતાનું જીવન કાઢવાની ઇચ્છા હતી. આથી છોકરાની મા, સાસુ અને સસરો–બધાં વિદ્યાલયમાં આવ્યાં.

મેં વિદ્યાર્થી સાથે વાત કરી. તે પોતાની પત્નીને પાછી બોલાવવા ઇચ્છતો ન હતો. સાસુસસરાએ જમાઈને સમજાવવા માંડ્યા. જમાઈએ ધીરજથી બધી વાત સાંભળી અને પછી શાન્તિથી પોતાનો નિર્ણય જણાવ્યો. એની માએ પણ સમજાવ્યો પણ તે અડગ હતો. પછી તેમણે બધાએ મને કહ્યું કે માબાપ અને સગાંની આંતરડી દુઃખાય એવું વર્તન કરવાનું વિદ્યાલયમાં શીખવો છો? આ બધાંની આંતરડી ઠરે એ માટે છોકરીને પાછી લાવી આપો. આશ્રમવાળા તો કહે છે કે શિવાભાઈ અથવા તેના ધણી આવે તો સોંપીએ; એટલે તમે લઈ આવો.

મેં જણાવ્યું કે ગુસ્સો કરવાનું કે આકળા થવાનું કામ નથી. તમારા જમાઈએ તેને ભણવા મૂકી છે. અમે તેમને માર્ગ બતાવ્યો ખરો. અને અમને તો તે સાચો માર્ગ લાગે છે. પણ ત્યાં રાખવા ન રાખવાનો નિર્ણય તે કરી શકે. બાદ છોકરાની મા મંડ્યાં. તેમને સમજ પાડી એટલે તેમણે જણાવ્યું કે તેમને કંઈ વાંધો નથી. પણ આ બધા પજવે તેથી શું કરું? તેમને સહન કરવા સૂચવ્યું. દીકરાની વાત સાચી હોય તો માતાએ ટેકો આપવો જોઈએ અને સમાજનો રોષ આવી પડે તો તે સહન કરવો જોઈએ એમ સમજાવ્યું. તે શાન્ત થયાં.

પણ સાસુસસરો અકળાયાં. તેમને ત્યાં ચેન ન પડ્યું. તે છાત્રાલયવિભાગમાં બેઠાં હતાં. સાંજના આવ્યાં હતાં. સૂવાનો સમય થયો. પણ દિલમાં ઉકળાટ હતો તેથી 'અમારે અહીં નથી રહેવું' કહી ઊઠ્યાં અને સ્ટેશન પાસે આંબા નીચે જઈ બેઠાં. તેમને ઘણું સમજાવ્યાં, પણ એકનાં બે ન થયાં. છેવટે ત્યાં પાથરણાં, ઓઢવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલાવ્યું તેય સ્વીકાર્યું નહિ અને ત્યાં જ નીચે સૂઈ રહ્યાં. સવારે તે ધૂંધવાતે ચિત્તે પાછાં ફર્યાં.

અમે જાણ્યું કે છોકરીને તેના પિતા મળી આવ્યા છે એટલે તેના પર શી અસર થઈ છે તે જાણવું જોઈએ. એ જાણવા માટે તે વિદ્યાર્થી ગયો. પેલી છાકરી તો ઘેર-પિયર જવા તૈયાર હતી. તેને થયું કે માબાપ દુઃખી થાય એ બરાબર નહિ. તેથી વિદ્યાર્થી તેને ઘેર મૂકી આવ્યો.

તેણે નક્કી કર્યું હતું કે આશ્રમમાં તે જેટલો સમય રહી શકે તેટલો સમય રહે, એ વાત છોકરી જાણતી હતી. તે પિયર ગઈ એટલે તેનાં માબાપને ખોવાઈ ગયેલું રત્ન પાછું મળ્યા જેવું લાગ્યું.

છોકરાની ઇચ્છા હતી કે અભ્યાસ પૂરો કરે ત્યારે તેની પત્ની પર પણ આશ્રમના સંસ્કાર પડે તો સારું. વિદ્યાલયમાં તો રહી શકાય એમ ન હતું. તેથી તેની પત્નીને ફરીથી આશ્રમમાં મોકલવાની ઇચ્છા હતી. તે માટે તેણે પ્રયત્નો ચાલુ રાખ્યા. છોકરી થોડા વખતમાં સમજીને ફરી વિદ્યાલયમાં આવી અને ત્યાંથી આશ્રમમાં ગઈ.

આ પછી બીજા ચાર વિદ્યાર્થીઓએ પોતાના કુટુંબને સમજાવીને પોતાની સ્ત્રીઓને આશ્રમમાં ભણવા મોકલાવી. તે બધી ત્યાં રહી તે દરમિયાન નવા વિચારોનો જેટલે અંશે એમને સ્પર્શ થયો તેટલા પ્રમાણમાં વિદ્યાર્થીઓના જીવનમાં એ મદદરૂપ અને સમરસ ધરાવનાર બની.

આમ પ્રથમ વાર એક સાથે બે ત્રણ સુધારાનાં પગલાં ભરાયાં અને વિદ્યાર્થીઓની હિંમત વધી.

૫. પ્રાયશ્ચિત્ત

એક રાત્રે હું સૂતો હતો ત્યાં એક વિદ્યાર્થી આવ્યો અને ફાનસ નીચે એક ચિઠ્ઠી દબાવીને ચાલ્યો ગયો. એની મને ખબર પડી ત્યારે કલ્પના જ ન હતી કે એમાં પોતાના થયેલા દોષની કબૂલાત અને પ્રાયશ્ચિત્ત હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિદ્યાર્થી વિદ્યાલયમાં દાખલ થયો ત્યારથી તેની કેટલીક સુંદર ટેવો મને બહુ ગમતી. તે ધીમે ધીમે મારી સાથે ભળતો જતો હતો. તે અર્ધી રાત્રે કામ હોય તો તૈયાર રહેતો.

તેણે ચિઠ્ઠી આપી, તેમાં તેણે પોતાના થયેલા દોષની કબૂલાત કરી હતી. તે પોતાથી નાના વિદ્યાર્થી સાથે કુછંદમાં એક પ્રસંગે પડ્યો હતો. તેને પોતાનો એ દોષ લાગતો હતો, પણ કબૂલ કરવાની હિંમત ચાલતી ન હતી. અને મારાથી તે છૂપું રાખવામાં તેથી પણ ભયંકર દોષ લાગતો હતો. તેથી બધું બળ એકઠું કરી એણે એ ચિઠ્ઠી લખી હતી.

હું આવા નિર્દોષ છોકરામાં આવું કેમ બનવા પામ્યું તે વિચારવા લાગ્યો. પણ કેમેય સમજાય નહિ. પછી હું તેની પાસે ગયો. તે દુઃખી હતો. મને જોતાં જ રડી પડ્યો. મેં તેની સાથે ખૂબ વાતો કરી. તેને ડર હતો કે કદાચ વિદ્યાલયમાંથી છૂટા થવું પડશે. એ માટે પણ તેની દુઃખી દિલે તૈયારી હતી. મેં તેને છૂટા કરવાની કંઈ વાત જ ન કરી. ભૂલની ગંભીરતા જણાવી, પણ તે સાથે ભૂલ કબૂલ કરવાની હિંમત માટે ધન્યવાદ આપ્યો.

તેની સાથે વાત કરતાં ખબર પડી કે તે વિદ્યાલયમાંથી છૂટા થઈ ગયેલા એક શિક્ષકના સહજ દોષમાંથી પ્રેરાયો હતો.

મને શિક્ષકની જવાબદારીના ખૂબ વિચારો આવ્યા. આપણા જરાક જેવા દોષનું પ્રતિબિંબ વિદ્યાર્થી પર કેવા મોટા રૂપમાં પડે છે!

એ વિદ્યાર્થીએ પ્રાયશ્ચિત્ત કર્યું. પણ ત્યાર બાદ ફરીથી એવા જ પ્રકારનો ગંભીર દોષ તેનાથી થયો. તે સુધરવા માગતો હતો. તે જાણતો હતો કે આ દોષ જાણીને મને કેટલું દુઃખ થશે. પણ દુઃખ થાય તોય સત્ય હકીકત મારાથી છૂપી રાખવા તે ઇચ્છતો ન હતો. તે મારી પાસે ડૂસકે ડૂસકે રડ્યો. કેમેય શાન્ત થાય નહિ. તેણે યોગ્ય પ્રાયશ્ચિત્ત કર્યું. ત્યાર પછી એવા પ્રકારનો દોષ ન જ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોષો તો બધાયથી થાય. પણ તે કબૂલ કરવાની હિંમત હોય તો કેવું સારું! હું જ્યારે એની ઉંમરનો હતો ત્યારે કેવા કેવા દોષ થતા હતા! છતાં ત્યારે કબૂલ કરવાની મારી હિમત હતી કે કેમ એમ મારા મનને પ્રશ્ન પૂછું છું ત્યારે બધી વખત 'હા'નો જવાબ નથી આવતો. દોષની કબૂલાત કરવી અને તેય સ્વેચ્છાએ એ ભારે હિંમતનું અને સુધરવાનું લક્ષણ છે.

૧૪

ખાદીકામ

વિદ્યાલયમાં શિક્ષણની શરૂઆત કરી ત્યારે ખાદીકામ કરવું છે એવી અમારી કલ્પના ન હતી, પણ વિદ્યાર્થીઓ અને અમે બધા વર્ગમાં કાંતતા હતા. તે સૂતર વણાવવા જેટલું તૈયાર થયું એટલે થોડાં પોટલાં વણવા માટે એક ખાદીકાર્યાલયમાં આપ્યાં.

વિદ્યાર્થીઓ પોતાના હાથના સૂતરની ખાદી પહેરવા અધીરા થયા હતા. એક મહિનો વીત્યો. બે વીત્યા. પણ ખાદી આવી નહીં. એમ કરતાં છ માસ વીતી ગયા. બાદ હું જાતે તે ખાદીકાર્યાલયમાં ગયો, (તે દૂર હતું એટલે ખાસ પ્રસંગે જ જવાનું બને) ત્યારે ખાદી આવેલી જોઈ. પણ વણકરની અવ્યવસ્થાને કારણે બધું સૂતર ભેગું થઈ ગયું અને બધી ભેગી ખાદી વણાઈ છે એમ જાણવા મળ્યું. તેમાંય બધાં કિનારવાળાં ધોતિયાંના તાકા વણેલા જોયા. આમ બધી રીતે નિરાશા મળી. પછી વજન પ્રમાણે ખાદી વહેંચી આપી.

આ બનાવ પછી મને થયું કે અહીં તો હમેશ સૂતર ઉત્પન્ન થવાનું એટલે આપણે જાતે તે વણાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. અમારી આસપાસ બધાં ગામોમાં વણકરની વસ્તી ઘણી છે. તેમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ કોઈ પહેલાં ૧૯૨૦-૨૧માં ખાદી વણતા પણ હતા. મને એમ થતું કે આટલા બધા વણકરો અહીં છે એટલે વિદ્યાલયમાં વણાટના શિક્ષણની જરૂર શી? એટલે તે વખતે વણાટશિક્ષણનો વિચાર ન આવ્યો, પણ વણકરો પાસે વણાવી લેવાનો વિચાર આવ્યો. ત્યાર પછીના ચાર વર્ષના અનુભવે વિદ્યાલયમાં વણાટશિક્ષણ શરૂ કરવાનું નક્કી કર્યું, પણ એટલામાં લડત આવી.

હું નજીકનાં ગામોમાં વણકરોની તપાસ કરવા લાગ્યો. જે એક વખત ખાદી વણતા હતા તેમને મળ્યો. તેમાંના એક વણકર મારી વાત સાંભળવા તૈયાર થયા. પણ તેમણે કહ્યું કે 'ખાદી શી રીતે વણીએ! થોડો વખત સૂતર મળે ત્યાં સુધી વણીએ. પછી સૂતર થઈ રહે એટલે અમારે પેલા વાણિયા પાસે ફરી પાછા મિલના સૂતર માટે જવું પડે. એના કરતાં એનું જ હમેશ વણીએ તે સારું, કંઈ ખટખટ નહીં. વળી હાથસૂતર ફીસું આવે, આંખો ફોડવી પડે, મિલના સૂતરમાં કશું જોવું ન પડે.'

મેં જવાબ આપ્યો — 'હવે સૂતરમાં ઘણો સુધારો થયો છે. વળી તમને કદી સૂતરની તાણ નહીં પડે એની ખાતરી આપું છું.'

તેમને મારી વાતમાં કંઈક વિશ્વાસ બેઠો અને તે વણવા તૈયાર થયા. અને શરૂઆત કરી તે કરી. તેમને સૂતરની કદી તાણ પડી નહીં. પ્રથમ તે બાર આંકનું સૂતર જોઈ એકતારી ખાદી વણતાં અચકાતા હતા. હવે તે ૩૦ આંકના સૂતરની સુંદર ખાદી વણે છે. ત્યાર પછી બીજા વણકરો પણ તૈયાર થયા.

એ વખતે અમારે ત્યાં ખાંડવા, દળવા બોચાસણમાંથી બહેનો આવતી. તે અમારે ત્યાં નિયમિત કામે આવે, એટલે તેમની સાથે ઠીક પરિચય થયો હતો. પુરુષવર્ગ કડિયા કામ કરે અને અમારાં મકાનોનું કામ હોય ત્યારે તેમને બોલાવવામાં આવે. આમ પુરુષ અને સ્ત્રીવર્ગ બન્ને અમને ઓળખતો થયો. તે બહેનો બહુ મહેનતુ હતી. જરા વાર પણ નવરાં બેસવા ન ઇચ્છે. પણ ખેતીની મોસમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ખાસ કામ ન મળે. એવામાં અમારો એક વિદ્યાર્થી ત્રણ વર્ષનો અભ્યાસ પૂરો કરી રહ્યો. તેને પ્રત્યક્ષ તાલીમ મળે એ માટે પેલી બહેનોને કાંતવાનું શીખવવા અને એ રીતે રેંટિયા દાખલ કરવાનું નક્કી કર્યું. બહેનોને તેમના ફળિયામાં ભેગાં કરી વાત કરી. તેમને રોજી મળે તો કામ કરવા ખુશી હતાં. ગામમાંથી રેંટિયા ભેગા કર્યા અને તેમને આપ્યા.

બહેનો નવાં શિખાઉ, વિદ્યાર્થી શિખાઉ અને હું પણ લોકો સાથે પ્રત્યક્ષ કામ કરવા શિખાઉ. પણ અમારો એક બીજા પ્રત્યેનો વિશ્વાસ હતો તેથી અમારું કામ ચાલ્યું. બહેનો કાંતતાં શીખી ગઈ. થોડું કમાતી પણ થઈ. શરૂઆત પાંચ રેંટિયાથી થઈ. તે વધીને એ માસમાં ૧૨ થયા. કેટલીક બહેનોએ રેંટિયા પોતાના કર્યા અને કામ થાળે પડતું ગયું. અમે પણ ખાદીકામનો અનુભવ મેળવતા ગયા.

એટલામાં ડભાસી ગામના વિદ્યાર્થીઓમાં ત્યાંના શિક્ષકોના ઉત્સાહથી કાંતવાની લત લાગી અને ત્યાં બે ત્રણ માસમાં ૬૦ રેંટિયા શરૂ થયા. આમ એકદમ રેંટિયા વધ્યા.તેથી તે બરાબર શીખી લે એ માટે ત્યાં રોજ મોટા વિદ્યાર્થીઓને શીખવવા મોકલતા. ગામના લોકો ઇચ્છતા હતા કે એક ભાઈ સ્થિર રહે. તેથી અમે એક બીજા વિદ્યાર્થીને ત્યાં મૂકવાનો નિર્ણય કર્યો. ત્યાર બાદ તો ત્યાં ખાદીકાર્યાલય જ થયું અને કામને વેગ મળ્યો.

આ જ અરસામાં જિલ્લામાંથી ખાદીકેન્દ્રો ખોલવાની અને કાર્યકર્તાઓ મૂકવાની માગણી આવવા લાગી અને ગામલોકો આર્થિક મદદ આપવાની પણ તૈયારી બતાવવા લાગ્યા. જેમ જેમ વિદ્યાર્થીઓ તૈયાર થતા ગયા તેમ તેમ અમે નવાં કેન્દ્રો શરૂ કરતા ગયા. એ રીતે ત્રણ વર્ષમાં ૯ કેન્દ્રો શરૂ થયાં. બોરસદમાં એક ખાદીભંડાર શરૂ કર્યો. પછી તો ખેડા જિલ્લા ખાદીમંડળ થયું અને બાદ મહા-ગૂજરાત ખાદીમંડળ સાથે અમારું કેન્દ્ર જોડાઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

વિદ્યાર્થીઓ કાર્યક્ષેત્રમાં

૧

વિદ્યાલય શરૂ થયાને એકેક વર્ષ થયાં હશે. એટલામાં એ ત્રણ મોટા વિદ્યાર્થીઓને તેમના ઘેરથી દબાણ આવ્યું કે હવે કંઈક કામે લાગી જાઓ. તે વિદ્યાલયમાં દાખલ થયા ત્યારે પણ તેમની ઇચ્છા તો એવી જ હતી કે એકાદ વર્ષમાં કંઈક ધંધો શીખીને કામે ચઢી જઈશું. માબાપને પણ તેવો જ ખ્યાલ હતો.

તે વિદ્યાલયમાં એક વર્ષ રહ્યા. બે વર્ષ રહ્યા. પણ ભણતરનો કંઈ છેડો આવે એમ ન લાગ્યું. અને કમાણી કરાવી આપે એવા ઉદ્યોગની પણ આશા છોડી હતી. એટલે તેમની તીવ્ર ઇચ્છા થઈ કે હવે કોઈક ધંધે લાગી જવું જોઈએ. એમણે મને વાત કરી. પણ મને થયું કે શી મૂડી પર વેપાર શરૂ કરવો? એમનું જ્ઞાન જોતાં મને થતું કે તે વધુ વખત શિક્ષણ લે તો કંઈક રાષ્ટ્રીય ક્ષેત્રમાં મૂકી શકાય. બીજા કોઈ ક્ષેત્રમાં મૂકવાની તો કલ્પના જ ન હતી. પણ રાષ્ટ્રીય ક્ષેત્રમાં કામ કરવા માટે વિચારોની સ્થિરતા પણ જોઈએ. અને જો એક બે વર્ષ વધુ ટકી જાય તો તે રાષ્ટ્રીય કામને ઉપયોગી થાય એવા સારા નીવડવાની આશા હતી. પણ તેમનાં માબાપ તેમને ગમે તે ધંધામાં જોડી દેવા અધીરાં બનતાં હતાં. છોકરાઓની ઇચ્છા બને તો રાષ્ટ્રીય કામને પહેલી પસંદગી આપવાની હતી.

આથી ત્રણ વિદ્યાર્થીઓને સાબરમતી આશ્રમની ખાદી સંસ્થામાં મોકલવાનું નક્કી કર્યું. તે ત્યાં દાખલ થયા. ત્યાં બધું નવું નવું લાગે એ સ્વાભાવિક હતું. બાદ ત્યાંથી ઉત્તર ગૂજરાતના એક ગામમાં હરિજનશાળા હતી. ત્યાં તેમને ઉદ્યોગ શિક્ષક તરીકે મોકલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં તેમની ઠીકઠીક કસોટી થઈ. બારૈયાના છોકરા હરિજન વાસમાં રહે, તેમનાં છોકરાંને ભણાવે અને તેમની સાથે ભળે, એ ત્યાંના ઠાકોરોને ન સમજાયું. તેમને ધમકીઓ આપી. પણ એ ભાઈઓ પોતાના કામને વળગી રહ્યા. મારા પર તેમના સલાહ માગતા અનુભવોના પત્રો આવતા હતા. ત્યાંથી પછી તે પાછા આશ્રમમાં આવ્યા. ત્યાં ખાદીકામમાં તે વખતે જરૂર ન હતી. તેથી શહેરમાં ફેરી કરી સનાતન સાબુનો પ્રચાર કરવાનું કામ સોંપવામાં આવ્યું. સવારે તે સાબુ ઊંચકીને શહેરમાં લત્તે લત્તે ફરે અને સાંજે પાછા આશ્રમમાં આવે. આવે ત્યારે થાકી જાય અને કામ છોડી દેવાનું મન પણ થઈ જાય. મને થતું કે તેઓ જો આ કસોટીમાંથી પાર ઊતરશે તો જીવનમાં નિષ્ફળતા નહીં આવે. તેથી કામને વળગી રહેવાની સલાહ આપતો. તે તેમાં ટકી રહ્યા અને તે ઓજારૂપ થઈ પડશે એવો વ્યવસ્થાપકનો ભય નાબૂદ થયો. થોડા વખતમાં તેમના મહેનતુ સ્વભાવથી, તથા ચારિત્ર્યથી તેમણે વ્યવસ્થાપકનું દિલ જીતી લીધું અને તે સ્થિર થયા.

૨

સમિતિ તરફથી ચાલતું બોરસદનું ખાદીકાર્યાલય એ ત્રણ વર્ષની મહેનતથી સ્થિર થયું હતું અને ૬૦ જેટલા રેંટિયા ચાલતા હતા. પણ ત્યાંના કાર્યકર્તાઓ છૂટા થવા ઇચ્છતા હતા, તેથી કાર્યાલયના વ્યવસ્થાપકે મારી પાસે ઓછામાં ઓછા એક વિદ્યાર્થીની માગણી કરી. મારી નજર એક નાના હોશિયાર વિદ્યાર્થી પર પડી. તે હિસાબમાં ચોકસ અને મહેનતુ હતો. ગુજરાતી સાત ચોપડી ભણીને વિદ્યાલયમાં આવ્યો હતો અને દોઢ વર્ષ રહ્યો હતો. તે બધામાં નાનો હતો. મેં તેને મોકલવાનું નક્કી કર્યું. તેને મદદનીશ તરીકે પ્રથમ કામ કરવાનું હતું, તેથી માન્યું કે તેનું ઘડતર થશે અને જલદી તૈયાર થશે. તેના ઘરના સંજોગો જોતાં પણ તે વહેલો કામે ચઢી જાય એમ તેના પિતા ઇચ્છતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બોરસદ ગયો. થોડા દિવસ વીત્યા અને તે મારી પાસે એક સવારે આવ્યો અને થોડા પૈસા જોઈતા હતા તેથી કહ્યું, મારે કોટપાટલૂન કરાવવાં છે.

પ્ર૦ — કેમ? ચદ્દીઓ ફાટી ગઈ? ખમીશ તો હમણાં કરાવ્યાં હતાં.

ઉ૦ — ખમીશ અને ચદ્દીઓ છે; પણ મારી સાથે જે જવાબદાર કાર્યકર્તા છે તેમણે કહ્યું છે કે, અહીં મુસલ્લમાન બહેનોમાં કામ કરવાનું છે. તેમની પાસે તમે ચદ્દી અને ખમીશ પહેરીને જશો તો તમારો ભાવ પૂછશે નહીં. નાના છોકરામાં ગણી કાઢશે. તમે તો તદ્દન નવા છો. તેમના પર પહેલેથી જ પ્રભાવ પાડવો જોઈએ. માટે મારું માનીને કોટપાટલૂન કરાવો.

પ્ર૦ — તે બહેનો તારાં કોટપાટલૂન જોઈને કાંતશે કે તું મજૂરી આપીશ તેથી? તું જો મજૂરી ચૂકવવામાં પ્રામાણિક લાગીશ અને તેમને વહેલો મોડો જઈને શીખવીશ અને ભાવનાથી કામ કરીશ તો તે તારો ભાવ જરૂર પૂછશે. જા એવો નકામો ખર્ચ નથી કરવો. અને અનુભવ કર કે આ પોષાકથી ઉપરની સૂચના પ્રમાણે કામ કરતાં તારો ભાવ પૂછાય છે કે નહિ.

તે વિદ્યાર્થી પાછો ગયો.

બાદ થોડા વખતમાં કેન્દ્રની સ્થિરતા ટકી રહે એ દૃષ્ટિએ સમિતિએ તેની જવાબદારી અમને સોંપી. એટલે અમે ખાદીસંસ્થાના નિયમોનું પાલન કડકાઈથી કરવાનો નિશ્ચય કર્યો. કાંતનારી બહેનો ખાદી પહેરતી થઈ જાય એ માટે મજૂરીમાંથી રૂપિયે બે આનાની ખાદી લેવાનો અમે તેમને આગ્રહ કર્યો. ત્યાંના મૂળ કાર્યકર્તાએ આવો આગ્રહ ન રાખવા ભલામણ કરી અને ધીમે ધીમે સમજાવીને કરીશું એવી દલીલ કરી. પણ ગમે તે રીતે ઠરાવેલો નિયમ તોડીને રેંટિયા ચલાવવા અને ખાદી ઉત્પન્ન કરવી એવો ખાદી-કાર્યનો આશય ન હતો. તેથી ધીમે ધીમે એટલે ક્યારે? એ પ્રશ્ન ઊભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો. જ્યારે એ નિયમની શરૂઆત કરીશું ત્યારે કાંતનારને ગમવાનું તો નથી જ. ઊલટું જેટલું મોડું થાય તેટલું નિયમપાલન મુશ્કેલ બનતું જાય.

આ સંબંધી બહેનોને વાતો કરી. અમે સમજાવવાનું ચાલુ રાખ્યું અને નિયમ અમલમાં મૂક્યો. પેલા જૂના કાર્યકર્તા છૂટા થયા, અને કસોટીની પળે બધો ભાર પેલા વિદ્યાર્થી પર આવ્યો.

આ નિયમથી રેંટિયા કાંતનારની સંખ્યા ઘટતી ચાલી. એક સ્થાનિક ભાઈએ આ તકનો લાભ લઈ સ્વતંત્ર કંતાવવાનું શરૂ કર્યું. પણ અમે તેમને સમજાવ્યા.

અમે કેન્દ્રના વહીવટની જે જે ખામીઓ લાગી તે સુધારી લીધી. રેંટિયા ઘટતા ચાલ્યા. આથી સ્થાનિક કાર્યકર્તાઓને થયું કે ખૂબ મહેનત લઈને ઊભું કરેલું કેન્દ્ર તૂટી પડશે. છેવટે ૭૦ માંથી ૪૫ રેંટિયા ચાલુ રહ્યા.

આ વખતે વિદ્યાર્થીએ પ્રામાણિકતાથી અને ગમે ત્યારે જઈને શીખવવાની ભાવનાથી રાતદિવસ કામ કર્યું અને બહેનોમાં વિશ્વાસ આવ્યો. પછી તો જે બહેનોએ કાંતવાનું છોડયું હતું તે ફરીથી પૂણીઓ માગવા લાગી અને નવા રેંટિયાંની માગ શરૂ થઈ. અમે કાર્યાલયમાં જ બારડોલીચક્ર નવાં બનાવવા માંડયાં, અને રેંટિયા તૈયાર થાય તેમ તેમ તે તરત ઊપડી જવા લાગ્યા. આમ વર્ષ આખરે ૯૦ રેંટિયા થયા. વિદ્યાર્થીનો ઉત્સાહ વધતો ગયો. સ્થાનિક કાર્યકર્તાઓની પણ નિરાશા ખંખેરાઈ ગઈ.

આનું એક કારણ તે વિદ્યાર્થીની પ્રામાણિકતા, જાતમહેનત અને નિષ્કલંક ચારિત્ર્ય પણ હતાં. એ વિદ્યાર્થીને પોતાનામાં વિશ્વાસ આવ્યો કે કેન્દ્ર ચલાવવા માટે પોપાકની, કે બોલવાની કહેવાતા આવડતની જરૂર નથી, પણ ઉપરના ગુણો જોઈએ છીએ. એ ગુણો ખીલવવામાં આવે તો જે વાણી નીકળે તેમાંથી સામાના દિલમાંથી વિશ્વાસ અને પ્રેમ જ મળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

એક બારૈયા કોમનો વિદ્યાર્થી બે ચોપડી ભણીને વિદ્યાલયમાં આવેલો હતો અને ચાર વર્ષ રહ્યો હતો. તે મોટી ઉંમરનો હતો અને પરણેલો હતો. એક ગામમાં જ્યારે કાંતવાનો જુવાળ આવ્યો ત્યારે તેને ત્યાં મૂક્યો. તે પોતાની પત્ની સાથે રહેવા લાગ્યો. તેનું ઘર અને ખાદીકાર્યાલય એક હતાં. ઘરનું એક બારણું રસ્તા પર પડતું હતું અને બીજું એક પાટીદાર ફળિયામાં પડતું હતું.

એ ગામમાં જે ભાઈબહેનો કાંતતાં હતાં ત્યાં તેમને ઘેર રેંટિયા તપાસવા, શીખવવા તે જતો હતો. એમ પાટીદાર, બારૈયા, હરિજન વગેરે સર્વને ઘેર તેને જવાનું થતું અને નાના, મોટા, છોકરા, છોકરી, ડોસા – ડોસીને શીખવવાનું થતું.

ગામડામાં કાર્યકર્તાનો થોડો પણ ચારિત્ર્યમાં દોષ હોય તો જણાઈ આવ્યા વિના ન રહે, અને તે નકામો થઈ જાય. વળી તેથી વિદ્યાલયની પ્રતિષ્ઠાને પણ ધક્કો પહોંચે.

એક વખત સવારે હું ઊઠીને દાતણ કરતો હતો ત્યારે એક ભાઈએ મને સહેજ વાતચીતમાં જણાવ્યું કે . . . ભાઈ વિષે ગામમાં કંઈક વાત ચાલે છે અને કેન્દ્ર ચલાવવું મુશ્કેલ થશે. હું તેની વાત પરથી સમજ્યો કે તેના ચારિત્ર્ય બાબત કંઈક ગામમાં વાત ઊડી લાગે છે. તે વખતે તે એકલો હતો. મને તેના પર સંપૂર્ણ ભરોસો હતો. હું દાતણ કરી તરત તે ગામ ગયો. ત્યાંના એક આગેવાન ભાઈ ખાદીમાં ખૂબ રસ લેતા હતા અને અમને મદદ કરતા હતા, તેમને જઈને મળ્યો. તેમણે કહ્યું કે એ તો કોઈએ ખોટી ગપ ઉડાવી છે. આવો પવિત્ર છોકરો મેં હજી જોયો નથી. એ બારૈયાનો છે પણ મને તો કોઈ ઉચ્ચ બ્રાહ્મણ બાળક લાગે છે. બાદ થોડા દિવસમાં જ ખાતરી થઈ કે એ ગપ જ હતી. એ વિદ્યાર્થી ત્યાં એવી રીતે રહ્યો કે તે જે ફળિયામાં રહેતો ત્યાંના પાટીદારો સાથે તેનો ઘર જેવો સંબંધ થઈ ગયો. અને તે બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ભળી ગયો. ગામનો નાનો છોકરો પણ તેને ઓળખે અને હેતથી બોલાવે. તે હરિજનવાસમાં જાય કે બ્રાહ્મણવાસમાં – બધાં તેને બોલાવે અને નાતજાતનો ભેદ ભૂલી જાય.

આવી રીતે અમે જ્યાં જ્યાં કેન્દ્રો શરૂ કર્યાં ત્યાં મહેનત કરવાની ટેવ, પ્રામાણિકતા અને શુદ્ધ ચારિત્ર્યથી વિદ્યાર્થીઓએ લોકોમાં પોતાનું સ્થાન મેળવ્યું છે. અને બીજાં ગામોમાંથી નવાં કેન્દ્રો કરવાની તથા ખાદી કાર્યકર્તાઓ મોકલવાની માગણી થઈ છે.

આમ નવાં કેન્દ્રોમાં ગયેલા વિદ્યાર્થીઓનો વિદ્યાલય સાથેનો સંબંધ ચાલુ રહે એ માટે ખાસ લક્ષ આપવામાં આવે છે. તે તૈયાર થયેલા કાર્યકર્તા તરીકે જતા ન હતા, પણ વિદ્યાલયના વિદ્યાર્થી તરીકે કામની પ્રત્યક્ષ તાલીમ લેવા જાય છે એમ માનતા હતા. અને જ્યાં જાય ત્યાં તેમને ખર્ચ પૂરતી શિષ્યવૃત્તિ આપવામાં આવતી. પછી લાયકાત અને જરૂરિયાત પ્રમાણે તેમાં વધારો કરવામાં આવતો.

કેન્દ્રમાં ગયેલા વિદ્યાર્થીઓ સાથે અમે નીચેની રીતે સંબંધ જાળવી રાખતા હતા:

૧. માસિક સંમેલન ગોઠવતા. તે વખતે બધા ભેગા થતા, અને અનુભવની આપ લે કરતા. આમ દર મહિને વિદ્યાલયમાં બધાને આવવાનું મળતું તેથી જીવનમાં વિવિધતા મળતી, અને થાક ખંખેરી તાજા થઈને જતા હોય એમ એમને લાગતું. આ ઉપરાંત કોઈ આગેવાન કે એવા વિદ્યાલયમાં આવવાના હોય ત્યારે પણ સંમેલન ગોઠવતા, જેથી બહારની વ્યક્તિનો પણ લાભ મળે. ખાદીનું મુખ્ય કેન્દ્ર બોચાસણ રાખેલું તેથી તેમને કંઈક કંઈક લેવાનું હોય, હિસાબી કામ પણ હોય તો તે બધું એ આવે ત્યારે કરીને જ જતા. હિસાબી કામ ન આવડે તો એકાદ દિવસ રહીને શીખીને જાય.

૨. કેન્દ્રમાં તેનો અભ્યાસ ચાલુ રહે એ માટે સાપ્તાહિક હરિજનબંધુ, માસિક શિક્ષણ અને સાહિત્ય, ખાદીપત્રિકા તથા બીજાં આવશ્યક પુસ્તકો મળે એવી વ્યવસ્થા કરી હતી. વિદ્યાલયમાં એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે ત્યારે પુસ્તકોની બદલી કરી જાય. આથી વિદ્યાર્થીઓની સાથે લોકોને પણ તેનો લાભ મળતો.

૩. કેન્દ્રોમાં કામ કરનારાઓ પોતાને વિદ્યાર્થીઓ માનતા. એટલે વિદ્યાલયના વિદ્યાર્થીઓના પ્રવાસમાં તેમને પણ જોડાવાની અનુકૂળતા આપવામાં આવતી. તેમાં દરેક વખતે બધા જોડાઈ શકતા નહિ, છતાં કેટલાક આ લાભ ઉઠાવતા.

૪. ગામડાંનાં કેન્દ્રોમાં કોઈ કોઈ વખતે વિદ્યાર્થીઓને લઈને સંવાદો, સફાઈ ઇ૦ નો કાર્યક્રમ પણ રાખતા. ઉપરાંત અવારનવાર ગામલોકોને ભેગા કરવામાં આવતા અને એમની સાથેનો સંબંધ વધારવા પ્રયત્ન કરતા.

૫. વિદ્યાર્થી આળસમાં ન પડે, નિયમિત રહી શકે એ માટે દૈનિક નોંધ રાખે અને માસિક હેવાલ મોકલે. એમાં કામની તારીજ સાથે અનુભવની નોંધ પણ લખવાની હોય. આ નોંધ વાંચતાં તેમની ખામીઓ જણાઈ આવતી, તેની તેને જાણ કરવામાં આવતી. છતાં કોઈ વિદ્યાર્થીએ ખોટી નોંધ લખ્યાનું સ્મરણ નથી. જે સાચું હોય તે જ લખતા.

૬. એક તરફ અમારે ખાદીકામ સ્વાવલંબી કરવાનો પ્રયત્ન કરવાનો હતો. બીજી તરફ લોકો પીંજવા, કાંતવા કે વણવા તૈયાર ન હતા. તેથી તે તરફ તેમની અભિરુચિ પેદા કરવાની હતી. ત્રીજી તરફ વિદ્યાર્થીને તૈયાર થવાનું હતું. આવી પરિસ્થિતિમાં તે કામ ચાલતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

સને ૧૯૪૨ પછી

સન ૧૯૪૨માં દેશવ્યાપી સ્વરાજની લડત ઊપડી તેમાં સંસ્થાના કાર્યકર્તાઓ જોડાયા એટલે શિક્ષણકાર્ય મોકૂફ રહ્યું. ૧૯૩૨ની માફક સરકારે સંસ્થાને જપ્ત ન કરી એટલે ગૌશાળા, દવાખાનું અને ખાદીકામ ચાલુ રહ્યાં અને તે માટે જરૂરી માણસો કોઈ પણ વખતે જેલ ભેગા થવાની તૈયારી રાખીને રોકાયા. આ સ્થિતિ ૧૯૪૫ સુધી ચાલી. ૧૯૪૪માં પૂ. ગાંધીજી છૂટયા પછી એક વર્ષ વાતાવરણમાં અસ્થિરતા ચાલુ રહી. ૧૯૪૫માં સ્થિરતા આવતાં, વિદ્યાલય ફરીથી કેવી રીતે શરૂ કરવું એ પ્રશ્ન થઈ પડયો.

પહેલાંની જેમ ગુજરાતી ચાર ચોપડી પાસ કરેલા વિદ્યાર્થીઓને લઈને શાળા શરૂ કરવી જોઈએ એમ લાગતું હતું. પણ એ શાળામાં ભણવા કોણ આવશે એવો પ્રશ્ન થતો હતો. કેમકે તે વખતે અંગ્રેજી-વાળી શાળાનું મહત્ત્વ છેલ્લા ઝબકારા મારતું હતું. એટલે કેટલાકને એ વધુ મહત્ત્વનું લાગતું હતું.

ગ્રામસેવક તાલીમવર્ગ

આ વખતે ગ્રામસેવકો તૈયાર કરવાની યોજના ચરખાસંઘે બહાર પાડી. ગુજરાતમાં એવો વર્ગ અહીં કરવો એવો વિચાર આવ્યો. પણ એ કયારે બને? પૂ. રવિશંકર મહારાજ અહીં સ્થિર થાય તો આવો વર્ગ અહીં કાઢવો એમ લાગ્યું. બધાના આગ્રહને વશ થઈ પૂ. મહારાજ અહીં આવ્યા, અને ગ્રામસેવક તાલીમવર્ગ સન ૧૯૪૫ના ઑગસ્ટની ૧૫મી તારીખે મહાદેવ દિને શરૂ થયો. એ વર્ગનું ઉદ્‌ઘાટન શ્રી. નાનાભાઈ ભટ્ટને હસ્તે થયું. તેમાં ૧૫ વિદ્યાર્થીઓ દાખલ થયા. પણ ૮ વિદ્યાર્થીઓ સ્થિર રહ્યા. બીજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષે ૫ નવા આવ્યા. એ વર્ગને અ૦ ભા૦ ચરખાસંઘે આર્થિક મદદ કરી હતી. આ વર્ગ બે વર્ષ ચાલ્યો. તેમાં જે વિદ્યાર્થીઓ તાલીમ લઈ ગયા તેમાંના કેટલાક આજે ગ્રામસેવાકાર્યમાં પડ્યા છે અને કેટલાક ગ્રામસેવાની વિશેષ તાલીમ લઈ રહ્યા છે.

એક વિદ્યાર્થી શ્રી. નરસિંહભાઈ ભાવસારે તો શામળાજીમાં બેસીને એવું કામ કર્યું કે આજે તેમના કામનો વિસ્તાર વધી ગયો છે. તેમના પ્રયત્નથી તે પ્રદેશમાં ૩૦ શાળાઓ નવી શરૂ થઈ અને તેની દેખરેખ તે રાખે છે. ઉપરાંત ગ્રામજીવનના એક એક પ્રશ્નનો ઉકેલ કરવા પ્રયત્ન કરે છે. ત્યાંના ભીલ વિદ્યાર્થીઓને અહીં અને બીજે પણ મોકલવા લાગ્યા છે. તે નવા નવા સાથીઓ પણ તૈયાર કરતા જાય છે. આજે ત્યાંની ભીલ પ્રજામાં તે આશાનું કિરણ બની રહ્યા છે. બીજા પણ અહીંના તાલીમ લઈને ગયેલા વિદ્યાર્થીઓ પોત-પોતાને સ્થાને ઠીક ઠીક કામ કરી રહ્યા છે અને ત્યાંના લોકોમાં ઉપયોગી થઈ પડ્યા છે.

પ્રાથમિક શિક્ષક તાલીમવર્ગ

ગ્રામસેવક તાલીમવર્ગ ચાલુ થયા પછી હિંદમાં આપણી સરકાર રચાઈ ત્યારે પાયાની કેળવણીની વાતો થવા લાગી. મુંબઈ સરકારે એ માટે પ્રાથમિક શિક્ષકોને કાંતણ-વણાટની તાલીમ આપવાના ૩॥ માસના અભ્યાસક્રમવાળા વર્ગો શરૂ કરવાનું નક્કી કર્યું. અને એવો વર્ગ આ જિલ્લામાં અહીં ચલાવવાનું નક્કી કર્યું. એનો પ્રથમ વર્ગ સન ૧૯૪૭ના ફેબ્રુઆરીની ૧૬મીએ શરૂ કર્યો. તેથી પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે નિકટ પરિચયમાં આવવાની તક મળી. કેમકે તાલીમ લેનારા શિક્ષકો બધા અહીં જ રહે છે; રસોયા, નોકર, ચાકર વગેરે કોઈ રાખવામાં નથી આવતા અને બધાં કામ હાથોહાથ કરવામાં આવે છે. આ જીવન તેમને માટે તદ્દન નવું હોય છે, પણ થોડા દિવસમાં તે સ્વાભાવિક જેવું બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે લગભગ ૨૦૦ જેટલા ટ્રેન્ડ શિક્ષકો અહીં રહી ગયા. તેથી આ વિદ્યાલયનો જીવતો સંબંધ તેમની સાથે અને તે શાળાઓ સાથે જોડાયો છે.

પ્રાથમિક શાળાના ઉપરના વર્ગો

શિક્ષક તાલીમ વર્ગનું કામ શરૂ કર્યા પછી પૂ. સરદાર સાહેબ અહીં પધાર્યા અને તેમના આશીર્વાદ મેળવી ફરીથી પ્રાથમિક શાળાના ઉપરના વર્ગો શરૂ કરવાનું નક્કી કર્યું અને છાત્રાલય પણ શરૂ કર્યું.

જિલ્લામાં ચાર ધોરણની શાળાઓ બધે છે, પણ ઉપલાં ધોરણો બધે નથી. ત્યાંના પછાત ગણાતા વિદ્યાર્થીઓને પણ આગળ વધવાની તક મળે એ માટે છાત્રાલયની આવશ્યકતા જોઈને ૧૯૪૭ના જૂનની ૧૫મીએ પાંચમા ધોરણનો વર્ગ શરૂ કર્યો.

આજે ત્રણે ઉપલા વર્ગો શરૂ થયા છે. શાળામાં ગામના અને બહારના, નજીકના અને દૂરના, ઊંચા અને નીચા ગણાતા, બધા વિદ્યાર્થીઓ આવે છે. જેમ દિવસ જાય છે તેમ કામ વધતું જાય છે. આજે હવે વિદ્યાર્થી મેળવવાનો પ્રયત્ન કરવાનો નથી રહ્યો, પણ તેમને લેવામાં વિવેક કરવાનો સમય આવ્યો છે.

થોડા ફેરફારો

છાત્રાલયમાં જે નિયમો પહેલાં હતા તેમાં આજના સંજોગો પ્રમાણે કેટલાક ફેરફારો કર્યા છે : આજે કપડાં અને બિસ્તરામાં વિદ્યાર્થીઓને ખાદી આપતા નથી. તેમની પાસે મિલનાં કપડાં કે બિસ્તરો હોય તે લઈ આવે છે અને સૂતર કાંતીને ખાદી કરી લે છે. બિસ્તરામાં પણ એ જ રીતે ફેરફાર થઈ જાય છે. સામાન લોન તરીકે નથી આપતા પણ વિદ્યાર્થી ખરીદી લે છે. માસિક પત્રિકા પણ કાઢવાનું બન્યું નથી. હવે પત્રિકા કાઢવી હોય તો છાપવી રહી. પત્રિકાની માગણી વધતી જાય છે. પણ હજી તે શરૂ કરી શક્યા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ૧૦ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓ પણ આવ્યા છે અને સંખ્યા વધી છે. છતાં સ્વાવલંબી રસોડું વ્યવસ્થિત ચાલે છે. એ જૂના અનુભવનું પરિણામ છે.

વિદ્યાલયમાં મહાગૂજરાત ખાદી મંડળ તરફથી સરંજામ પ્રયોગ-કેન્દ્ર, બે વર્ષથી શરૂ થયું છે. તેની વ્યવસ્થા પૂ. મહારાજના બીજા દીકરા શ્રી. વિષ્ણુભાઈ કરે છે. ગોશાળા, દવાખાનાની જેમ તે સંસ્થા પણ વિદ્યાલયના કાર્યમાં મદદરૂપ બની છે.

પાયાનું કામ થયું છે

આમ આજ સુધી આ સંસ્થામાં જે કામ થયું તે પાયાનું થયું છે અને હવે સ્વરાજ્ય મળ્યા પછી ઇમારત ઊભી કરવાનું કામ ચાલે છે.

૧૭

વિદ્યાલયનાં સ્વજનો

૧. ગંગાબહેન

એક વિદ્યાર્થી — ગંગાબહેન, મારું માથું દુઃખે છે શું કરું?

બીજો વિદ્યાર્થી — ગંગાબહેન, મને રમતાં પગે વાગ્યું છે. દવા આપો.

ત્રીજો વિદ્યાર્થી — ગંગાબહેન, રસોડામાં છાશ જોઈએ છે.

એક કાર્યકર્તા બહેન — ગંગાબહેન, અમારે દૂધ મેળવવું છે. મેળવણ છે?

એક વિદ્યાર્થી — ગંગાબહેન, આ ગાય છૂટી છે. ક્યાં બાંધું?

એક કાર્યકર્તા — ગંગાબહેન, હું જરા ભીડમાં છું. એટલે તમારી પાસે આવ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામમાંથી એક ભાઈ — ગંગાબહેન, મારી ઘરવાળી બહુ બીમાર છે. ડર્માણયું લઈને આવ્યો છું. જરા આવોને!

આમ દિવસમાં ગંગાબહેનને બધા જ અનેક કામો માટે મળે, અને તેમને મદદ, આશ્વાસન — જે જરૂરનું હોય તે મળે. આજે સમૂહ-ભોજન છે, આજે બહારના મોટા મહેમાન છે, આજે વિદ્યાલયનો ઉત્સવ છે, આજે ધ્વજવંદન છે તો બધે ગંગાબહેન હોવાં જ જોઈએ. એમની હાજરી હોય એમ બધા ઇચ્છે જ.

આજે ખાદીકામમાં પૈસાની તાણ છે. આજે જવાહરલાલજી આવે છે અને કમલાસ્મારક માટે વિદ્યાર્થીઓ જાતમહેનત કરે છે. આજે ઠક્કરબાપાની જયંતી ઊજવાય છે. તે બધામાં ગંગાબહેનનો સાથ ખરો જ. ગંગાબહેન, ખૂબ કામમાં હોય કે માંદાં હોય, છતાંય છોકરાઓને છાશ આપવા જેવા કામની પણ એ ચિંતા કરે છે. સેવાનું કામ આપ્યું કે થાક જાણે ચાલ્યો જ જાય, મોંપર પ્રસન્નતા દેખાય અને દરદીને કે જે આવ્યો હોય તેને શાન્તિ મળે.

વિદ્યાલયમાં ઉત્સવ છે, રસોઈમાં સૂઝ નં પડે તો ગંગાબહેન કહેશે — ફિકર કરશો નહિ, હું સંભાળી લઈશ. વિદ્યાલયમાં મહેમાન છે. રસોડામાં કંઈ વધ્યું નહીં હોય એમ માનીને ગંગાબહેનનો સંદેશો આવે છે કે મહેમાનને મારે ત્યાં મોકલજો.

કાર્યકર્તા પત્નીની સુવાવડની ચિંતામાં છે. ગંગાબહેન કહે છે કે ભાઈ, તમે ફીકર કરશો નહિ, હું સંભાળી લઈશ. વિદ્યાલયના વણકરનાં છોકરાં માંદાં પડ્યાં તે ગંગાબહેને જાણ્યું, એટલે વણકરબાઈ કામમાં હશે માનીને તેને ઘેર જઈ છોકરાંને દવા આપી.

વણકરની સ્ત્રીને સુવાવડ આવી. તે પહોંચ્યાં. તેની સુવાવડ કરી રોજ શીરો બનાવી ખવરાવ્યો. તેનાં નાનાં છોકરાંને પણ પોતાને ત્યાં ખવડાવ્યું.

દવાખાનામાં દૂર ગામથી કોઈ બાઈ દવા કરાવવા આવી. તેને દવા આપી, પણ ગાડી નથી આવી. ગાડી તો સાંજના આવશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ જાણ્યું, એટલે તે બાઈ માટે ગંગાબહેનનું ઘર છે જ. તે તેને ખવરાવે, આરામ કરાવાની વ્યવસ્થા કરી આપે અને સમય થયે ભાવથી વિદાય આપે.

આજે એક દરદી દવા કરાવવા આવ્યો ત્યારે ખૂબ ભાવથી પોતાના ઝાડનાં ફળ લઈ આવ્યો. ગંગાબહેન કહેશે એ વિદ્યાર્થીઓને વહેંચી દો.

આજે રેંટિયાબારશનો ઉત્સવ છે. ગંગાબહેન કહેશે કે સાંજે બધાને ફળાહાર હું આપીશ. તેમાં પીંજનાર, વણકરો વગેરે બધા કારીગરોને નોતરજો.

આમ નાના મોટા સર્વ કામમાં, સર્વ સ્થળે, વિદ્યાર્થીઓમાં, કાર્યકર્તાઓમાં, આસપાસની ઝૂંપડીઓમાં, અને દૂરનાં દરદીઓમાં, ગાયોમાં અને વાછરડાંઓમાં પણ ગંગાબહેન છે જ. કોઈ દિવસ એવો નહીં હોય કે ગંગાબહેને ગાયોને હાથ ફેરવ્યો ન હોય. કોઈ દિવસ એવો નહીં હોય કે ગંગાબહેને વિદ્યાર્થીઓને 'બચ્ચા' કહ્યું ન હોય.

વિદ્યાર્થીઓને રજાઓ છે તેથી વિદ્યાલય બંધ હોય એમ બને. પણ ગંગાબહેનનું ઘર બારે માસ ખુલ્લું.

એ બહાર જાય તોય તેમના ઘરમાં પ્રવેશવાનો બધાને હક. ચાવીઓ સોંપીને જાય. તેમનું ખાનગી જીવન છે જ નહિ. બપોરના બાર વાગ્યા હોય કે અર્ધી રાત હોય, લડતનો સમય હોય કે શાન્તિનો સમય હોય — તેમનું ઘર ચોવીસે કલાક ખુલ્લું, અને બધાનો આદર સત્કાર થાય.

કોઈ મહેમાન, થોડા કલાક માટે આવ્યા હશે તોપણ ભાગ્યે એવા હશે જે તેમની ગાયોનું દૂધ પીધા સિવાય રહ્યા હોય, અને તેમના પ્રેમનો અનુભવ થયો ન હોય. આમ ગંગાબહેન, ગાંધીજીનો સત્યાગ્રહાશ્રમ બંધ થયા પછી અહીં આવીને રહ્યાં ત્યારનાં વિદ્યાલયનાં માતા બની ગયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પંડિતજી

ગંગાબહેન યાદ આવે તેની સાથે પંડિતજી પણ બધાને યાદ આવે જ. એ રવિશંકર મહારાજના મોટા પુત્ર. એમના પિતાએ એમનું નામ દેવદત્ત રાખ્યું. ગુરુકુળે મેધાવ્રત રાખ્યું. પણ લોકોએ 'પંડિતજી' નામ રાખ્યું. કોઈ અજાણ્યાએ તેમને જોઈને એક વખત પંડિતજી કહીને બોલાવ્યા, ત્યારથી તે નામ બધાને ગમી ગયું અને પ્રચલિત થઈ ગયું એમ લાગે છે. વૈદકીય જ્ઞાન તો તેમને વારસામાં મળ્યું છે. તે ધંધાદારી વૈદ નથી, પણ સહજ વૈદ છે અને પંડિત છે, એ જીવનકાર્યોની આવડતથી જણાય છે. દરેક કામમાં તેમની આવડતનો અનુભવ થાય, — પછી રસોઈ કરવાની હોય કે એંજિન સુધારવાનું હોય, ગાયોની માવજત કરવાની હોય કે રોગીનો રોગ પારખવાનો હોય. તેમની સમજશક્તિ એવી છે કે નવું જોતાં તે ઝટ ગ્રહણ કરી લે છે. તે વિદ્યાલયમાં આવ્યા ત્યારે તેમના પ્રિય વૈદકીય કામમાં ગંગાબહેનને મદદ કરવા લાગ્યા. તે ઝાઝું બોલે નહિ. પણ વિદ્યાર્થીઓ સાથે થોડા જ વખતમાં એવા ભળી ગયા કે વિદ્યાર્થીઓને આનંદ કરવાનું મન થાય તો તે મારી પાસે ન આવે, પણ તેમની પાસે જાય. તે શરીરે પડછંદ અને તન્દુરસ્ત છે. હુતુતુની રમત હોય ત્યારે તેમને પકડવા આવનાર બધાને ઊંચકીને પોતાના પાટમાં જતા રહે.

તેમની સેવાભાવના એટલી બધી કે દવાખાનામાંથી બાર એક વાગે આવે ત્યારે પણ પાસેના ગામનો કોઈ ગરીબ ભાઈ ઘરના કોઈ બીમારને જોવા લઈ જવા બોલાવવા આવે ત્યારે તે રસોઈનું કામ પડતું મૂકીને તેની સાથે જાય. આવું તો અનેકવાર બને, પણ તેમાં તેમને આનંદ થાય.

પડોશીને ત્યાં મહેમાન હોય અને એ જુએ કે તેમને જગાની સંકડાશ પડશે, એટલે તે પોતાનો બિસ્તરો લઈ દવાખાનાને ઓટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતા રહે અને પોતાની પાસેનું ગાદલું હોય તે પડોશી માટે બહાર મૂકતા જાય. બારણાને કદી તાળું મારે નહિ. તેમની શરમાળ પ્રકૃતિ એવી કે રખેને તેમનાથી કોઈને અગવડ થશે એમ વિચારી તે ખાવામાં, પીવામાં, બેસવામાં બધે બીજાને ત્યાં સંકોચથી વર્તે. ભૂખ્યા રહે પણ કદી ભૂખ્યો છું એમ જણાવે નહિ.

તેમની ઉદારતા એવી કે દરદી દવા કરાવવા આવ્યો હોય અને ગરીબ ભૂખ્યો જુએ તો પોતાની રસોઈ તેને આપી દે. તે પંદર વર્ષ ગુરુકુળમાં રહ્યા. ત્યાં હમેશ ઘઉંનો ખોરાક મળે. અહીં અમારે ત્યાં છાત્રાલયમાં બાજરીના રોટલા અને ખીચડી હોય. તે અમારી સાથે જમે ત્યારે કદી પૂછ્યું નથી કે આજે ખોરાક કયો છે. જે હોય તેનાથી નભાવી લે. કોઈને ખબર જ ન પડવા દે કે તેમને અમુક ચીજ નથી ફાવતી.

તેમને કદી ક્રોધ કરતા કોઈએ જોયા નથી. તેમનામાં બ્રહ્મચર્ય, અપરિગ્રહ વ્રતોનું પાલન સહજ લાગે છે.

તે જાહેરમાં આગળ આવવા પ્રયત્ન નથી કરતા એટલું જ નહિ, પણ કામ કરવા છતાં પાછળ રહેવાનો આગ્રહ રાખે છે. તેમનામાં પિતાના ઘણા ગુણોનો વારસો જણાઈ આવે છે. વિદ્યાલયમાં તેમની પવિત્રતા, મમતાભર્યો સ્વભાવ, અને કોઈ પણ વિષય સમજવાની વિદ્યાર્થી જેવી જિજ્ઞાસાવૃત્તિ વગેરેથી દરેકના દિલને તેમણે જીતી લીધાં છે. વિદ્યાલયનું વાતાવરણ ઘડવામાં તેમનો અચૂક ફાળો છે.

૩. બબલભાઈ

હું બબલભાઈ સાથે પહેલવહેલો રહેલો ત્યારનાં સ્મરણો યાદ કરું છું ત્યારે જણાય છે કે, અમે લડતમાં રહીને સાથે કામ કરતા, જમતા, લડતની વાતો કરતા, પણ અમે એકબીજાને ઓળખી શકેલા નહિ. તે મને ઓળખી ગયા હોય તો હું જાણતો નથી. પણ મને તો તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખાણ ન જ પડી. એટલે અમે દિલની ઓળખાણ ન કરી શકયા, એમ આજે સ્પષ્ટ ખ્યાલ આવે છે.

પણ ત્યાર પછી છ વર્ષે હું વિદ્યાલયમાં હતો ત્યારે મેં જાણ્યું કે બબલભાઈ માસરામાં બીમાર છે, એટલે મને તેમને મળવા જવાની અને આરામ માટે બોલાવી લાવવાની ઇચ્છા થઈ, પણ વિદ્યાલયમાંથી નીકળવાનું ન બન્યું. એટલે મેં આરામ માટે આમંત્રણનો પત્ર લખ્યો.

બીજે દિવસે બપોરે જમીને સ્ટેશન પર નજર નાખી તો ગાડીમાંથી ઊતરીને બબલભાઈને આવતા જોયા. કોણ જાણે મારા દિલનો સંદેશો તેમને મળી ગયો હોય એમ બન્યું. મારો કાગળ માસરા પહોંચ્યો અને તે વિદ્યાલયમાં પહોંચ્યા.

તેમને પણ અનેક ઠેકાણેથી આમંત્રણ આપતા પત્રો મળ્યા હતા. પણ તે વિદ્યાલયમાં આરામ કરવાની કલ્પના કરીને નીકળી પડયા.

તે આરામ માટે આવ્યા તે વર્ષમાં વિદ્યાલયમાં હરિજન વિદ્યાર્થી દાખલ થવાને કારણે વિદ્યાર્થીઓ થોડા હતા અને શિક્ષકમાં હું એકલો હતો. એટલે તે તો મદદ કરવા લાગી ગયા અને મારી ખામીઓ અને મુશ્કેલીઓ સમજી તેની ખોટ પૂરી દીધી. થોડા જ વખતમાં અમે બન્ને એકબીજાની વધુ નજીક આવી ગયા.

પછી તો હરિપુરાની મહાસભા આવી અને બાદ વર્ધાશિક્ષણના પ્રયોગ માટે તેમને થામણા જવાનું થયું. પણ ત્યારે તે છૂટા પડયા એમ ન લાગ્યું. તેમણે વિદ્યાલયને પોતાનું જ માન્યું અને જ્યારે જ્યારે જરૂર પડે અને બોલાવું ત્યારે તે આવ્યા જ હોય. મને તેમને બોલાવતાં સંકોચ ન થાય એવી સ્થિતિ થઈ.

વિદ્યાર્થીઓને પણ બબલભાઈ આવે ત્યારે જાણે સ્વજન બહાર ગયા હોય અને પાછા આવે એમ લાગે અને તે વચગાળાના સમયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી વાતો કરે, વર્ગો લે અને વિદ્યાર્થીઓ સાથે કામ કરવા પણ લાગી જાય.

ઉત્સવ હોય કે આનંદનો પ્રસંગ હોય; બબલભાઈ બધાને યાદ આવે જ. અને બબલભાઈ પણ બધાને નથી ભૂલતા. પ્રસંગ મળ્યો કે વગર ખબરે તે આવીને ઊભા રહે.

થામણામાં વર્ધાશિક્ષણના પ્રયોગની શરૂઆત કરવી હતી એટલે વિદ્યાલયના વિદ્યાર્થીઓને યાદ કર્યા અને સાત દિવસ વિદ્યાલય ત્યાં ચલાવવાનું આમંત્રણ આપ્યું.

શાળાના મકાનનું ઉદ્‌ઘાટન હોય કે ગામનો બીજો કાર્યક્રમ હોય, વિદ્યાલયને તે ભૂલે નહિ.

ઘણા વિદ્યાર્થીઓ તેમના માસરાના અને થામણાના રહેઠાણમાં જઈ એમની સાથે રહી આવ્યા છે.

આમ બબલભાઈ વિદ્યાલયના નાના મોટા બધા કામમાં અવાર-નવાર મદદ કરે જ છે. વિદ્યાલયમાં કાર્યક્રમ રાખવાના પ્રસંગ હોય કે વિદ્યાલયના શિક્ષણનો પ્રશ્ન હોય, એ બધામાં તેમની મદદ મળે જ. વિદ્યાલયની પ્રતિષ્ઠા અને કામ કેમ અને કેવી રીતે વધે એના વિચારમાં તેમનો ફાળો હોય જ. એટલે તે વિદ્યાલયમાં આજે ઓતપ્રોત થઈ ગયા છે.

શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમને પોતાના જ ગણે છે.

૪. રવિશંકર મહારાજ

વિદ્યાલયમાં અમે ચોપડીઓમાંથી ઇતિહાસ શીખવીએ. પણ ચાલુ જીવતો ઇતિહાસ અમને કોણ શીખવે? તો જવાબ એક જ કે મહારાજ. થોડા દિવસ વીતી જાય એટલે વિદ્યાર્થીઓને અને શિક્ષકોને મહારાજ યાદ આવે જ. અને કેટલીક વાર તો એવું બને કે તે ક્યાંકથી આવીને ઊભા જ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના આવવાનો સમય નક્કી નહીં. ગાડીમાં આવનારનો સમય નક્કી હોય એટલે તેની રાહ જોવાય. પણ મહારાજની ગાડી તેમના પગ. એટલે કોઈ વખત ખરે બપોરે આવે તો કોઈ વખત રાત્રે પણ આવે. તે આવે એટલે રહેશે એવી ખાતરી નહિ. કોઈ વખત બે કલાક રહે તો કોઈ વખત વેળા રહે. ઝાઝું રહેવાનું તો ખાસ પ્રસંગ વિના હોય નહીં. પણ આસપાસ ક્યાંક કાર્યક્રમ અંગે જવાનું થાય તો વિદ્યાલયમાં ડોકિયું કર્યા સિવાય ન જાય.

એ આવે એટલે અમારો અભ્યાસ બદલાય. ઉદ્યોગનો સમય હોય કે ગણિતનો સમય હોય તે બંધ રહે અને તેમના અનુભવો સાંભળવાનો કાર્યક્રમ ગોઠવાય.

એમને અમારે બોલાવવા હોય ત્યારે ક્યાં પત્ર લખવો અને પત્ર મળશે કે કેમ તેની ખબર ન પડે. પણ એવો પ્રસંગ નથી બન્યો કે તેમની જરૂર છે અને આવ્યા નથી. કેમકે તે જ્યારે આવે ત્યારે ભવિષ્યના કાર્યક્રમની વાત એમને જણાવી રાખીએ અને અચોક્કસ હોય તો તેમ જણાવીએ. એટલે તે ચોકસ જાણી લઈ ને આવે. નિશ્ચિત કાર્યક્રમ કોઈ પણ ભોગે સાચવવાનો પ્રયત્ન કરે અને એવો કાર્યક્રમ ભાગ્યે જ ચૂકે.

એ આવે ત્યારે નવા વિદ્યાર્થીઓને ઓળખી લે અને બધા સાથે પોતાના પુત્રો હોય તેવી રીતે વાતો કરે. જિલ્લાના કોઈ પણ ગામનો વિદ્યાર્થી હોય તે ગામનું નામ જાણી લે અને કહે કે ફલાણાને તું ઓળખે કે? એમ કહી તે ગામની અનેક વાતો પૂછે અને જણાવે. વિદ્યાર્થીઓ પણ તે આવે એટલે દોડીને તેમની પાસે પહોંચી જાય.

તે વિદ્યાલયના કાર્યમાં પૂરો રસ લે, નાની મોટી બધી વાતો ધીરજથી સાભળે, માહિતી મેળવી લે અને સૂચના આપવી ઘટે તે આપે.

અમે પ્રવાસમાં હોઈએ, કોઈ સ્થળે સભામાં હોઈએ કે જેલમાં હોઈએ, જ્યાં હોઈએ ત્યાં તે હોય, એટલે તે બધાની સંભાળ રાખે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ સંસ્થાના મુરબ્બીની માફક તેઓ સંસ્થાને સંભારે છે અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને દોરવણી આપે છે.

ગાંધીજી, સરદારશ્રી અને શ્રી. કાકાસાહેબની પ્રેરણા તો આ સંસ્થાના મૂળમાં પડેલી છે. શ્રી. નરહરિભાઈ તેના હંમેશના માર્ગદર્શક રહ્યા છે અને શ્રી. રવિશંકર મહારાજ અને જુગતરામભાઈ પણ આ સંસ્થાને પોતાની જ માને છે. સંસ્થાનું કલેવર ઘડનાર આ સર્વ મુરબ્બીઓ છે. અમે શિક્ષકો અને કાર્યકર્તાઓ તેમના બતાવેલા રસ્તે ચાલવાનો પ્રયત્ન કરીએ છીએ તેમાં ઉપરનાં સ્વજનો મહત્ત્વનો ફાળો આપે છે. તે સૌના પ્રત્યક્ષ-પરોક્ષ સહકાર અને પ્રેરણાથી આ વિદ્યાલયનું કામ ચાલ્યું છે. ભવિષ્યમાં એ જ રીતે સંસ્થાના નામને દીપાવે એવી રીતે કામ કરવાની ઈશ્વર અમને શક્તિ આપો એવી પ્રાર્થના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

૧. વિદ્યાલયની માહિતી

વર્ષ	કાર્યકર્તા સંખ્યા	સરેરાશ વિદ્યાર્થી	વિદ્યાર્થીઓની કમાણી	વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી	વિદ્યાલયનો કુલખર્ચ (શિષ્યવૃત્તિસાથે)
			રૂા આ. પા.	રૂા. આ. પા.	રૂા. આ. પા.
૧૯૩૫–૩૬	૫	૨૦	૪૦–૦–૦	૧૪૬૫–૬–૩	૩૫૪૦–૧૦–૦
૧૯૩૬–૩૭	૫	૧૮	૧૨૫–૪–૩	૧૪૦૦-૧૩-૦	૩૬૫૮–૧૧–૩
૧૯૩૭–૩૮	૨	૧૦	૧૯૫-૧૫-૩	૭૬૨–૮–૯	૨૧૨૧–૧૪–૯
૧૯૩૮–૩૯	૫	૧૭	૩૨૪–૦–૬	૭૯૮-૧૫-૦	૨૫૫૩—૬–૦
૧૯૩૯–૪૦	૫	૨૭	૫૨૯–૦–૯	૧૪૧૪–૪–૦	૩૯૧૭—૯–૬
૧૯૪૦–૪૧	૪	૧૩	૨૬૩–૩–૬	૫૫૧–૦–૯	૨૭૯૨—૧–૬
૧૯૪૧–૪૨*	૪	૧૪	૧૯૧–૯–૬	૭૪૯-૧૨-૩	૩૧૧૪—૧–૩
૧૯૪૫–૪૬ (દોઢ વરસ)	૩	૧૨	૪૧૪–૨–૯	૩,૦૧૨–૩–૩	૧૨,૦૩૭–૫–૬
૧૯૪૭–૪૮ (સવા વરસ)	૬	૪૫×	૩૧૯-૧૪-૩	૨,૪૫૫–૬–૬	૧૦,૨૫૪-૧૩-૩
૧૯૪૮–૪૯	૭	૮૧	૫૯૧–૯–૬	૨,૯૦૬–૪–૩	૧૫,૪૩૬–૭–૬

* ૧૯૪૨ના ઑગસ્ટથી '૪૫ના ઑગસ્ટ સુધી શિક્ષણવર્ગો બંધ રહ્યા હતા. (જુઓ પા. ૧૪૩.)

× '૪૭ પછીની સંખ્યા તાલીમ વર્ગ સાથેની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain, Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar